સાપ્તાહિક સૌરાષ્ટ્ર આવૃત્તિ

# મુંબઈ સમાચાર

૨૦૩ વર્ષ

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 22

■ વિક્રમ સંવત ૨૦૮૧ ■ જયેષ્ઠ સુદ - ૬ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ REGD.No. MCS/058/2018-20

R.N.I. No. GUJ GUJ /2013/58486

રવિવાર, ૧ જૂન, ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ ઉત્સવ પૂર્તિ LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ઑપરેશન શિલ્ડઃ ગુજરાત સહિત અનેક રાજ્યમાં મૉક ડ્રિલ યોજાઇ

**હૈ તૈયાર હમઃ** સૌરાષ્ટ્ર-કચ્છમાં શનિવારે સાંજે મૉક ડ્રિલ તથા બ્લેક આઉટનું કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારના આદેશથી આયોજન કરવામાં આવ્યું હતું. ત્યારે રાજકોટ શહેરમાં મૉક ડ્રિલનું આયોજન કરવામાં આવ્યું હતું. રાજકોટમાં જામનગર રોડ ઉપર માધાપર ગામ નજીક મૉક ડ્રિલ યોજાઈ હતી. (પ્રવીણ સેદાણી)



## સાયરન વગાડાઈ અને અંધારપટ પણ કરાયો

નવી દિલ્હીઃ દુશ્મનોના કોઇ પણ સંભવિત હુમલાનો સામનો કરવાની તૈયારીના ભાગરૂપે શનિવારે સરહદ પરના રાજ્યો - ગુજરાત, હરિયાણા, પંજાબ, રાજસ્થાન તેમ જ જમ્મુ અને કાશ્મીરમાં મૉક ડ્રિલ યોજાઇ હતી.

મૉક ડ્રિલ દરમિયાન હુમલાની ચેતવણી આપતી સાયરન વગાડાઇ હતી અને અંધારપટ પણ કરાયો હતો.

મૉક ડ્રિલમાં લશ્કરના જવાનો, પોલીસ, અર્ધલશ્કરી દળો, ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ, અગ્નિશામક દળ, સ્થાનિક વહીવટીતંત્ર અને સ્વયંસેવકોએ સક્રિય ભાગ લીધો હતો.

ગુજરાતના ગાંધીનગરની નર્મદા નહેરમાં શનિવારે યોજાયેલી મૉક ડ્રિલમાં ભારતીય લશ્કર, નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ અને સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સની ટીમે ભાગ લીધો હતો. ગુજરાત સહિત સૌરાષ્ટ્ર-કચ્છમાં શનિવારે સાંજે મૉક ડ્રિલ તથા બ્લેક આઉટનું કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારના આદેશથી આયોજન કરવામાં આવ્યું હતું. પાકિસ્તાન સાથેની સરહદ પર આવેલા ભારતના રાજ્યોમાં સુરક્ષા વ્યવસ્થા અને નાગરિક સંરક્ષણની તૈયારીઓ ચકાસવા માટે આયોજિત 'ઓપરેશન શિલ્ડ' મૉકડ્રિલ શનિવારે યોજાઈ હતી. ગુજરાત સહિત રાજસ્થાન, પંજાબ અને જમ્મુ-કાશ્મીર જેવા સરહદી રાજ્યોમાં આ મૉકડ્રિલનું આયોજન કરવામાં આવ્યું હતું. અગાઉ એરસ્ટ્રાઇકના જ દિવસે રાજ્યના ૧૮ જિલ્લામાં મૉકડ્રિલ-બ્લેકઆઉટ કરવામાં આવ્યાં હતાં. શનિવારે સાંજના સમયે ફરી (જુઓ પાનું ૨) ▶▶

# આસામ, મિઝોરમ, અરુણાચલ, ઉત્તરાખંડમાં આફતનો વરસાદ

## ત્રણનાં મોત

ગુવાહાટીઃ આસામના પશ્ચિમ અને દક્ષિણ ભાગોમાં ભારે વરસાદ પડી રહ્યો છે. જેના કારણે ગુવાહાટીમાં ભૂસ્ખલન થતાં ત્રણ લોકોનાં મોત થયાં હતાં. આ માહિતી અધિકારીઓએ શનિવારે આપી હતી.

લખીમપુર સહિત રાજ્યના ઘણા ભાગોમાંથી પૂરના અહેવાલો પ્રાપ્ત થયા છે. શહેરી બાબતોના પ્રધાન જયંતા મલ્લા હજારિકાએ જણાવ્યું કે શુક્રવારે સાંજે શહેરની બહારના બોંડા વિસ્તારમાં ભૂસ્ખલનમાં ત્રણ લોકોના મોત થયા હતા. સતત વરસાદને કારણે ભૂસ્ખલન થયું (જુઓ પાનું ૨) ▶▶

## ભૂસ્ખલનથી તબાહી

થઆઇઝોલઃ દક્ષિણ મિઝોરમના લોંગટલાઇ શહેરમાં ભારે વરસાદને પગલે ભૂસ્ખલન થયું હતું. જેમાં પાંચ ઘર અને એક હોટલ ધરાશાયી થતાં અનેક લોકોનાં મોતની આશંકા વ્યક્ત કરવામાં આવી છે. આ જાણકારી અધિકારીઓએ આપી હતી.

અધિકારીઓના જણાવ્યા અનુસાર આ દુર્ઘટના શુક્રવારે રાત્રે લગભગ ૧૦-૩૦ વાગ્યે લોંગટલાઇના સરહદી વિસ્તારો બજાર વેંગ અને ચાંદમારીમાં ભૂસ્ખલનમાં ઘરો અને હોટલ દટાઇ જતાં બની હતી. હોટલમાં રોકાયેલા મ્યાનમારના ઘણા લોકો કાટમાળ નીચે ફસાયેલા હોવાની (જુઓ પાનું ૨) ▶▶

## નવનાં મોત

ઇટાનગરઃ છેલ્લા કેટલાક દિવસોમાં પડેલાં ભારે વરસાદને કારણે અરુણાચલ પ્રદેશમાં અચાનક પૂર અને ભૂસ્ખલન થયું છે જેમાં નવ લોકોનાં મોત થયા હોવાનાં સમાચાર જાણવા મળ્યાં હતાં.

પૂર્વ કામેંગ પોલીસ અધિક્ષક (એસપી) કામદામ સિકોમે જણાવ્યું હતું કે, શુક્રવારે મોડી રાત્રે પૂર્વ કામેંગ જિલ્લામાં રાષ્ટ્રીય ધોરીમાર્ગ ૧૩ ના બાના-સેપ્પા પટ પર ભારે વરસાદને કારણે વાહન બિચોમ જિલ્લાના બાનાથી સેપ્પા જઈ રહ્યું હતું ત્યારે અચાનક ભૂસ્ખલન થતાં ઊંડી ખાડીમાં પડી જતાં બે પરિવારના સાત સભ્યએ જીવ ગુમાવ્યા હતા.

બચાવ કામગીરી તાત્કાલિક શરૂ થઈ હતી પરંતુ મુશળધાર વરસાદ, નવા ભૂસ્ખલન અને રાતભર અત્યંત નબળી દૃશ્યતાને કારણે ભારે અવરોધ ઊભો થયો હતો. આ પડકારો છતાં, (જુઓ પાનું ૨) ▶▶

## એકનું મોત

રુદ્રપ્રયાગઃ ઉત્તરાખંડના રુદ્રપ્રયાગ જિલ્લામાં કેદારનાથ રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર ભૂસ્ખલન થતાં એક વાહન દટાઇ ગયું હતું. જેમાં એક ૩૮ વર્ષીય વ્યક્તિનું મોત નીપજ્યું હતું. જ્યારે પાંચ ઘાયલ થયા હતા.

વહીવટીતંત્રના જણાવ્યા અનુસાર છત્તીસગઢથી શ્રદ્ધાળુઓને લઇ જતું એક વાહન ગુપ્તકાશી નજીક કુંડ પાસે ભૂસ્ખલનની ઝપટે ચઢી ગયું હતું. ભૂસ્ખલનની જાણ થતાં જ વહીવટીતંત્ર અને સ્ટેશન ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (એસડીઆરએફ)ની ટીમો ઘટનાસ્થળે પહોંચી હતી અને બચાવ અને રાહત કામગીરી હાથ ધરી હોવાનું અધિકારીઓએ જણાવ્યું હતું.

તેમણે જણાવ્યું કે ઘાયલોને વાહનમાંથી બહાર કાઢવામાં આવ્યા હતા અને નજીકની અગસ્તમુનિ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જેમાંથી બે લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા. જ્યારે (જુઓ પાનું ૨) ▶▶



**ભારે વરસાદઃ** આસામના ગુવાહાટીમાં ભારે વરસાદને લીધે રસ્તા પર ભરાયેલાં પાણીમાંથી પસાર થઈ રહેલા રાહદારીઓ. (પીટીઆઇ)

# શત્રુઓને ગોળીનો જવાબ તોપગોળાથી આપીશુંઃ મોદી

ભોપાળઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે અહીં જણાવ્યું હતું કે પહલગામમાંના ત્રાસવાદી હુમલા બાદ ભારતે દુશ્મનોની સામે હાથ ધરેલી લશ્કરી કાર્યવાહીથી 'સિંદૂર' હવે 'બહાદુરી'નું પ્રતીક બની ગયું છે. ભારત શત્રુઓને ગોળીનો જવાબ તોપગોળાથી આપશે.


તેમણે લોકમાતા દેવી અહિલ્યાબાઇ હોળકરની ૩૦૦મી જન્મ જયંતી નિમિત્તે યોજાયેલા 'મહિલા સશક્તીકરણ મહા-સંમેલન'ને સંબોધતા જણાવ્યું હતું કે 'ઑપરેશન સિંદૂર' દેશના ઇતિહાસમાં ત્રાસવાદ-સામેની સૌથી વધુ સફળ લશ્કરી કાર્યવાહીમાંનું એક હતું. ભારત સંસ્કૃતિ અને પરંપરાનો દેશ છે. ભારતમાં સિંદૂરને 'મહિલાશક્તિ'નું પ્રતીક ગણવામાં આવે છે. રામભક્ત હનુમાનજીને પણ સિંદૂર ચઢાવાય છે. આપણે શક્તિ-પૂજામાં પણ સિંદૂર ચઢાવીએ છીએ. (જુઓ પાનું ૨) ▶▶




**મહિલા સશક્તીકરણઃ** મધ્ય પ્રદેશના ભોપાળમાં યોજાયેલા 'મહિલા સશક્તીકરણ મહાસંમેલન'માં વડા પ્રધાન નરેન્દ્ર મોદીની સાથે મધ્ય પ્રદેશના રાજ્યપાલ મંગુભાઇ પટેલ, મુખ્ય પ્રધાન મોહન યાદવ અને અન્ય લોકો. (પીટીઆઇ)

# થાઈલૅન્ડની સુંદરી બની મિસ વર્લ્ડ

### ભારતની નંદિની ગુપ્તાએ નિરાશ કર્યા



હૈદરાબાદઃ અહીં હાઇટૅક્સ એક્ઝિબિશન સેન્ટર ખાતે શનિવારે રાતે યોજાયેલી ૭૨મી મિસ વર્લ્ડ ૨૦૨૫ની ગ્રૅન્ડ ફિનાલે થાઇલૅન્ડની ઓપલ સુચાતા ચુઆંગસરીએ જીતી લીધી હતી.

ઇથિયોપિયાની હાસેટ દેરેજે અદામાસુ બીજા સ્થાને આવી હતી.

મિસ વર્લ્ડની ભારતીય સ્પર્ધક નંદિની ગુપ્તા છેલ્લા આઠ સ્પર્ધકમાં પણ નહોતી આવી શકી.

જો નંદિની ગુપ્તાએ આ સ્પર્ધા જીતી હોત, તો તે મિસ વર્લ્ડ બનનારી સાતમી ભારતીય સુંદરી બનત. અગાઉ, માનુસી છિલ્લર ૨૦૧૭માં આ સ્પર્ધા જીતી હતી.

ભારતની સુંદરી રીટા ફડિયા ૧૯૬૬માં આ સ્પર્ધા જીતનારી પ્રથમ એશિયન હતી.

ઐશ્વર્યા રાયે ૧૯૯૪માં, ડાયના હેડને ૧૯૯૭માં, યુક્તા મુખીએ ૧૯૯૯માં અને પ્રિયંકા ચોપડાએ ૨૦૦૦માં આ સ્પર્ધા જીતી હતી.

મિસ વર્લ્ડ સ્પર્ધાના હૉસ્ટ ૨૦૧૬ની મિસ વર્લ્ડ સ્ટેફની ડેલ વેલે અને ભારતીય ટેલિવિઝન પ્રેઝન્ટર સચીન કુંભાર હતા. (એજન્સી)■

# મેં ભારત-પાક વચ્ચેનું સંભવિત અણુ-યુદ્ધ અટકાવ્યું હતુંઃ ટ્રમ્પ

ન્યૂ યોર્ક / વૉશિંગ્ટનઃ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે શુક્રવારે ફરી દાવો કર્યો હતો કે મેં ભારત અને પાકિસ્તાન વચ્ચેનું યુદ્ધ, ખાસ કરીને અણુશસ્ત્રોનો હુમલો અટકાવ્યો હતો. જે બે દેશના લોકો એકબીજા પર ગોળીબાર કરતા હોય, તેઓની સાથે મારી સરકાર વેપાર કરી ન શકે.

ટ્રમ્પે ઑવલ ઑફિસ ખાતે અમેરિકાના ડિપાર્ટમેન્ટ ઑફ ગવર્મેન્ટ એફિસિયન્સીના વડાપદેથી વિદાય લઇ રહેલા ટેસ્લાના અબજોપતિ સીઇઓ ઇલૉન મસ્કની હાજરીમાં પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે મેં ભારત અને પાકિસ્તાન વચ્ચેની લડાઇ અટકાવી હતી. જો આ યુદ્ધ અટકાવ્યું ન હોત તો અણુબૉમ્બનો હુમલો થઇ શક્યો હોત.

અમેરિકાના પ્રમુખે જણાવ્યું હતું કે હું ભારત અને પાકિસ્તાનના નેતાઓ તેમ જ અમેરિકાના લોકોનો આભાર માનું છું. અમે તો સ્પષ્ટ શબ્દોમાં સંભળાવી દીધું હતું કે અમે (અમેરિકાની સરકાર) એકબીજા પર ગોળીબાર કરતા અને અણુશસ્ત્રો વાપરવાની ધમકી આપતા દેશોની સાથે વેપાર ધંધા કરી ન શકીએ.

તેમણે જણાવ્યું હતું કે ભારત અને પાકિસ્તાનમાંના નેતાઓ 'મહાન' છે અને તેઓ મારી વાત સમજી ગયા હતા તેમ જ યુદ્ધ બંધ કરવા રાજી થઇ ગયા હતા.

ટ્રમ્પે જણાવ્યું હતું કે અમે બીજા લોકોને પણ લડતા અટકાવીએ છીએ, કારણ કે અમે અન્ય લોકો કરતાં વધુ સારી રીતે લડી શકીએ છીએ. અમેરિકા પાસે વિશ્વમાંના સૌથી વધુ મહાન નેતાઓ અને મહાન લશ્કર છે. જમ્મુ અને કાશ્મીરના પહલગામમાં (જુઓ પાનું ૨) ▶▶

# ડોનલ્ડ ટ્રમ્પનો મોટો નિર્ણયઃ સ્ટીલ અને એલ્યુમિનિયમની આયાત પર ટૅરિફ વધારી

વોશિંગ્ટન : અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પે ટેરિફ વોર વચ્ચે હવે બીજો મોટો નિર્ણય લીધો છે. જેમાં ડોનલ્ડ ટ્રમ્પે હવે વિદેશથી આવતા સ્ટીલ પર ટૅરિફ વધારવાની જાહેરાત કરી છે. તેમણે શુક્રવારે પેન્સિલવેનિયા સ્ટીલવર્કર્સને જણાવ્યું હતું કે તેઓ તેમના ઉદ્યોગને સુરક્ષિત રાખવા માટે સ્ટીલ આયાત પર ટેરિફ બમણું કરવા જઈ રહ્યા છે. હવે વિદેશી સ્ટીલ આયાત પર ટૅરિફ ૫૦ ટકા સુધી વધારવામાં આવશે. આ ટૅરિફ પહેલા ૨૫ ટકા હતો જે હવે ૫૦ ટકા સુધી વધારવામાં આવશે.

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્રુથ સોશિયલ પર એક પોસ્ટમાં આ માહિતી આપી હતી. તેમણે કહ્યું હતું કે સ્ટીલ સાથે એલ્યુમિનિયમ ટૅરિફ પણ બમણો કરીને ૫૦ ટકા કરવામાં આવશે અને બંને ટૅરિફ વધારો બુધવારથી અમલમાં આવશે.

આ ઉપરાંત, ટ્રમ્પે જાપાન સાથે પણ એક મોટો સોદો જાહેર કર્યો હતો. તેમણે કહ્યું હતું કે જાપાનની નિપ્પોન સ્ટીલ પ્રતિષ્ઠિત અમેરિકન સ્ટીલ ઉત્પાદન કંપનીમાં રોકાણ કરશે. જોકે ટ્રમ્પે શરૂઆતમાં પિટ્સબર્ગ સ્થિત (જુઓ પાનું ૨) ▶▶

# દેશમાં ઝડપથી ફેલાઈ રહ્યો છે કોરોનાઃ ૨૪ કલાકમાં ૬૮૫ નવા કેસ

નવી દિલ્હીઃ ગુજરાત સહિત ભારતમાં ફરી એકવાર કોરોનાએ દેખા દીધા છે. દેશમાં કોરોનાના કેસ સતત વધતા હોવાના આંકડા પ્રકાશમાં આવી રહ્યાં છે. ચીન, સિંગાપુર અને હોંગ કોંગ જેવા દેશોમાં તો કોરોનાના કેસ વધી રહ્યાં છે, પરંતુ સાથે સાથે ભારતમાં પણ કેસ વધતા લોકોમાં ડરનો માહોલ જોવા મળી રહ્યો છે. અત્યારે કોરોનાના એક બે નહીં પરંતુ ચાર વેરિયન્ટ એક્ટિવ હોવાનું જાણવા મળ્યું છે. જેથી કયો વેરિયન્ટ વધારે ઝડપથી ફેલાઈ રહ્યો છે? તેના વિશે કોઈ ચોક્કસ કહી શકાય નહીં પરંતુ નિષ્ણાતોના જણાવ્યા પ્રમાણે અત્યારે લોકોને વધારે ડરવાની કોઈ જ જરૂર નથી, માત્ર તકેદારી રાખવાની જરૂર છે.

દેશભરમાં કોરોનાના વધતા જતા કેસોને ધ્યાનમાં રાખતા કેન્દ્રીય આરોગ્ય મંત્રાલય દ્વારા દેશનાં દરેક રાજ્યો માટે સૂચના આપવામાં આવી છે. જેમાં રાજ્યોને નિવારક પગલાં લેવા, મોટા મેળાવડા અટકાવવા અને ફેસ માસ્કના ઉપયોગને પ્રોત્સાહન આપવા અપીલ કરવામાં આવી છે. ભારતમાં હાલમાં સૌથી વધુ ફેલાતો પ્રકાર જએન-વન છે. આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય હેઠળ સ્થાપિત ભારતીય એસએઆરએસ-સીઓવી-૨ જીનોમિક્સ કન્સોર્ટિયમ ના ડેટા અનુસાર, કોરોનાના એક કે બે નહીં પરંતુ ચાર પ્રકારો - જેએન-વન, (જુઓ પાનું ૨) ▶▶

# ભારતનાં છ વિમાન તોડી પાડ્યાં હોવાનો પાકિસ્તાનનો દાવો ખોટોઃ સીડીએસ

સિંગાપોરઃ તાજેતરમાં પાકિસ્તાન સાથેના સૈન્ય સંઘર્ષ દરમિયાન ભારતે ઍરક્રાફ્ટ ગુમાવ્યા હોવાના અહેવાલને ચીફ ઑફ ડિફેન્સ સ્ટાફ(સીડીએસ) જનરલ અનિલ ચૌહાણે શનિવારે સમર્થન આપ્યું હતું. ભારતે વિમાન ગુમાવ્યા હતાં, પરંતુ ભારતીય હવાઈ દળના તમામ પાઈલટ સુરક્ષિત રીતે ઘરે પાછા આવી ગયા હતા. એમ તેમણે કહ્યું હતું.

ઑપરેશન સિંદૂર દરમિયાન ભારતના છ વિમાન તોડી પાડ્યા હોવાના પાકિસ્તાને કરેલા દાવાને તેમણે ભારપૂર્વક નકારી કાઢ્યો હતો.

પાકિસ્તાન સાથેના ચાર દિવસના સૈન્ય સંઘર્ષ દરમિયાન ભારતે કોમ્બેટ જૅટ ગુમાવ્યા હોવા અંગે પુછાયેલા પ્રશ્નનો ઉત્તર આપતા ટીવી ચેનલને આપેલી મુલાકાતમાં તેમણે કહ્યું હતું કે શા કારણે ભારતે ઍરક્રાફ્ટ ગુમાવ્યા હતા તેનાં કરતાં ભારતીય સેના કઈ રીતે તેના વ્યૂહમાં સુધારો અને વળતો પ્રહાર કરી શકે તે શોધી કાઢવું વધુ મહત્ત્વની વાત હતી.

મને લાગે છે કે ઍરક્રાફ્ટ તોડી પાડવામાં આવ્યા તેનાં કરતાં વધુ મહત્ત્વનું એ છે કે શા માટે તે તોડી પાડવામાં આવ્યાં તે જાણવું વધુ મહત્ત્વનું છે, એમ તેમણે કહ્યું હતું. કઈ ભૂલ કરી હતી તે અમે સમજી શક્યા હતા અને તેમાં સુધારો કરી બે દિવસ બાદ ફરી કાર્યવાહી કરી. (એજન્સી) ■

# ટ્રમ્પના યુદ્ધવિરામના દાવાઓ પર 'પીએમ ક્યારે પોતાનું મૌન તોડશે?': કૉંગ્રેસ

નવી દિલ્હી : કૉંગ્રેસે શનિવારે સવાલ કર્યો હતો કે વડા પ્રધાન નરેન્દ્ર મોદી ક્યારે અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પને જવાબ આપશે, જેમણે વારંવાર એવા સંકેત આપ્યા છે કે તેમણે જ તાજેતરના સશસ્ત્ર સંઘર્ષ દરમિયાન ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધવિરામ કરાવ્યો હતો.

જોકે, સરકારે સ્પષ્ટ કહ્યું છે કે ભારત અને પાકિસ્તાન વચ્ચેના મુદ્દાઓ દ્વિપક્ષીય રીતે અને કોઈપણ તૃતીય પક્ષના હસ્તક્ષેપ વિના ઉકેલવામાં આવશે. એક્સ પર શ્રેણીબદ્ધ પોસ્ટ્સમાં, કૉંગ્રેસના મહાસચિવ જયરામ રમેશે ટ્રમ્પની એક વીડિયો ક્લિપ ટેગ કરીને કહ્યું હતું કે ૨૧ દિવસમાં ૧૧મી વખત મોદીના 'મહાન મિત્ર' એ દાવો કર્યો છે કે બંને પડોશીઓ વચ્ચે યુદ્ધવિરામમાં તેમની ભૂમિકા છે. તેમણે પૂછ્યું હતું કે 'પીએમ ક્યારે બોલશે?' રમેશે અગાઉ કહ્યું હતું કે, ''ત્રણ દેશ અને ત્રણ શહેરમાં, ૨૦ દિવસમાં આ ૯મી વખત છે. ડોનલ્ડભાઈ ૪ દિવસના ભારત-પાકિસ્તાન યુદ્ધને કેવી રીતે રોક્યું - યુએસ હસ્તક્ષેપ અને પરમાણુ વધારાને રોકવા માટે વેપાર સાધનનો ઉપયોગ - તે જ ઘટનાઓનો ક્રમ પુનરાવર્તન કરે છે. કૉંગ્રેસના નેતાએ જણાવ્યું હતું કે ટ્રમ્પના વાણિજ્ય સચિવે ૨૩ મેના રોજ ન્યૂયોર્ક સ્થિત કોર્ટ ઓફ ઇન્ટરનેશનલ ટ્રેડમાં રજૂ કરેલા પોતાના દાવામાં બરાબર આ જ દાવા કર્યા હતા. ■

## સાપ્તાહિક ભવિષ્ય - પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

### તા. ૧-૬-૨૦૨૫ થી તા. ૭-૬-૨૦૨૫

ગ્રહગોચરઃ સૂર્યનારાયણ આ સપ્તાહમાં વૃષભ રાશિમાં ભ્રમણ કરે છે. મંગળ કર્કમાંથી તા. ૭મીએ સિંહમાં પ્રવેશે છે. બુધ વૃષભમાંથી તા. ૬ઠ્ઠીએ મિથુનમાં પ્રવેશે છે. ગુરુ મિથુન રાશિમાં માર્ગીભ્રમણ કરે છે. શુક્ર મેષ રાશિમાં માર્ગીભ્રમણ કરે છે. શનિ મીન રાશિમાં ભ્રમણ કરે છે. રાહુ કુંભ રાશિમાં ભ્રમણ કરે છે. ચંદ્ર પ્રારંભે તા. ૧લીએ સિંહ રાશિમાં તા. ૪થીએ કન્યા રાશિમાં, તા. ૬ઠ્ઠીએ તુલા રાશિમાં પ્રવેશે છે.

મેષ (અ, લ, ઈ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં આ સપ્તાહમાં બેધ્યાનપણું, ભૂલ થઈ જાય તેમ છે. વેપાર માટે ગોચરફળ શુભ નથી. નોકરી માટે તા. ૪, ૫, ૬ લાભદાયી જણાશે. વાહનના નિર્ણયો લઈ શકશો. મિલકતના નિર્ણયો માટે અનુકૂળતા જણાશે. પ્રવાસ લાભદાયી થશે. અકારણ નાણાં ખર્ચ ટાળી શકશો. ભાઈ–બહેનોમાં મહિલાઓને સંપનો અનુભવ થાય. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નવા અભ્યાસ માટે અનુકૂળ તક પ્રાપ્ત થશે.

વૃષભ (બ, વ, ઉ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા નાણાં રોકાણની તક મેળવશો. નવા આવકનાં સાધનો મેળવશો. ધાર્યા મુજબનું નાણાંનું રોકાણ શક્ય જણાય છે. કુટુંબના સભ્યો કાર્યક્ષેત્રે ઉપયોગી થશે. પરિવારના સદસ્યોની પ્રગતિ જળવાય. મહિલાઓને મિત્ર સમુદાયનો સુખદ અનુભવ થશે. સાહસિકતાથી નોકરીની જવાબદારીઓ મેળવી શકશો. પૂર્ણ કરી શકશો. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં ઉચ્ચ પરીક્ષાનાં સફળ પરિણામો પ્રાપ્ત થતાં જણાશે.

મિથુન (ક, છ, ઘ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં કામકાજ સફળતાથી પૂર્ણ કરી શકશો. રાજકારણમાં સાવધાની દાખવવી જરૂરી છે. સામાજિક સંબંધોમાં અપયશનો ભય નિર્માણ થાય. નવા કારોબારનો પ્રારંભ શક્ય છે. નાણાંનાં ખર્ચના સાધનો ઉપર કાબૂ દાખવી શકશો. વડીલો સાથે મતભેદો ટાળી શકશો. મહિલાઓનો પરિવારમાં વ્યક્તિગત મૂંઝવણોનો ઉકેલ આવશે. અનારોગ્યમાં ઝડપી સુધારો થાય. વિદ્યાર્થીઓ નવા અભ્યાસ પ્રારંભમાં ઉત્સાહ અનુભવશે.

કર્ક (ડ, હ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા નાણાં રોકાણની તકો મેળવશો. નવા આવકનાં સાધનો મેળવશો. નોકરીમાં સ્થાન બદલી શક્ય છે. નોકરીના કામકાજ અર્થે લાંબા અંતરનો પ્રવાસ પણ શક્ય છે. સામાજિક, રાજકીય પ્રવૃત્તિઓમાં સંઘર્ષ અધિક જણાય છે. નાણાંના વચનોથી દૂર રહેવું જરૂરી છે. સ્વતંત્ર કારોબારમાં પ્રગતિ જળવાશે. અર્થવ્યવસ્થા સાનુકૂળ બની રહેશે. મહિલાઓને આ સપ્તાહમાં નોકરીના ક્ષેત્રે પ્રગતિ જણાશે. વિદ્યાર્થીઓને રમતગમત આદિ પ્રવૃત્તિઓમાં યશસ્વી અનુભવ થાય.

સિંહ (મ, ટ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારની પ્રવૃત્તિઓમાં પ્રગતિ જળવાશે. શેરબજારમાં લે–વેંચના વેપાર લાભદાયી પુરવાર થશે. નોકરીમાં યશ મેળવશો. નોકરીની પ્રવૃત્તિઓ એકંદરે નિયમિત જળવાઈ રહેશે. નાણાં આવકના સાધનો વધુ સક્ષમ પુરવાર થશે. આવક વિશેની મૂંઝવણોનો ઉકેલ આવશે. ભાગીદારીના પ્રશ્નોમાં રાહત જણાશે. મહિલાઓને પતિનો સહયોગ કાર્યક્ષેત્રે પ્રાપ્ત થતો જણાશે. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં પરિવારના સભ્યોનો સહયોગ પ્રાપ્ત કરશે.

કન્યા (પ, ઠ, ણ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં મિત્રો ભાગીદાર ઉપયોગી થશે. માર્ગદર્શક બનશે. નવું શીખવાની અપેક્ષા પૂર્ણ થાય. નોકરીમાં તા. ૧, ૨, ૫, ૬, ૭ અનુકૂળ જણાય છે. તા. ૬, ૭મીએ જૂના ઉઘરાણીના નાણાંની વસૂલી શક્ય જણાય છે. ભાગીદાર સાથે વ્યવહારુપણે મતભેદોનો ઉકેલ લાવવો જરૂરી છે. કુટુંબના મતભેદોમાં મહિલાઓને સાનુકૂળતાઓ પ્રાપ્ત થતી જણાશે. વિદ્યાર્થીઓ નવા અભ્યાસનો પ્રારંભ કરી શકશે.

તુલા (ર, ત)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા નાણાં રોકાણ, લે–વેંચનો વેપાર લાભદાયી પુરવાર થશે. નોકરીમાં સહકાર્યકરોની સલાહ મસલત ઉપયોગી થશે. પ્રવાસ દ્વારા નોકરીના કામકાજ પૂર્ણ થાય. વેપારની જૂની ઉઘરાણીના નાણાંની વસૂલી શક્ય છે. નવા કારોબારનો પ્રારંભ થાય. મહિલાઓનો તીર્થપ્રવાસ સફળ બનશે. કુટુંબના સભ્યોના મતભેદોનો ઉકેલ આવશે. વિદ્યાર્થીઓને સહઅધ્યાયીઓ અધ્યયનમાં ઉપયોગી થશે.

વૃશ્ચિક (ન, ય)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં લે–વેંચના વેપારમાં સાવધાની દાખવવી જરૂરી છે. બેધ્યાનપણું, ગેરદોરવણી આવી જાય તેમ છે. નોકરી માટે તા. ૨, ૪, ૫ શુભ છે. મદદનીશ મેળવશો. સંતાન પરિવારના કારોબારમાં જોડાઈ શકશે. ભાગીદાર, કારોબારમાં ઉપયોગી થશે. નાણાંની પ્રવાહિતા જળવાઈ રહેશે. મહિલાઓને આ સપ્તાહમાં કુટુંબના સદસ્યોનો સહયોગ પ્રાપ્ત થતો જણાશે. વિભાગીય પરીક્ષામાં વિદ્યાર્થીઓ સફળતા મેળવશે.

ધનુ (ભ, ધ, ફ, ઢ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા કામકાજનો પ્રારંભ જણાય છે. નોકરી માટે તા. ૩, ૫, ૬ શુભ જણાય છે. નોકરીમાં અધિકારી ઉપયોગી થશે. સાહસિક, કર્મઠ સ્વભાવ ઉપયોગી થશે. કારોબારમાં નવા વ્યવસાયના સંબંધો સાકાર થશે. અર્થવ્યવસ્થા વધુ મજબૂત પુરવાર થાય. મહિલાઓને સંતાનના મૂંઝવતા પ્રશ્નોમાં રાહત જણાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં યશસ્વી અનુભવ થશે.

મકર (ખ.જ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં અનુભવ, કાર્યદક્ષતા, નિર્ણયશક્તિનો પૂર્ણપણે ઉપયોગ કરી શકશો. ગોચરફળ શુભ પુરવાર થશે. નોકરી માટે તા. ૪, ૬, ૭ શુભ પુરવાર થશે. નોકરીના મિત્રોમાં યશ મેળવશો. કારોબાર માટે જરૂરી સગવડતાનાં સાધનો મેળવશો. કારોબારમાં નાણાં વ્યવસ્થા જળવાઈ રહેશે. ગૃહિણીઓને સંતાનની શૈક્ષણિક જવાબદારીમાં અનુકૂળતા જણાશે. વિદ્યાર્થીઓ અધ્યયન માટે અપેક્ષિત સાધનો પ્રાપ્ત કરશે.

કુંભ (ગ, શ, સ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવું રોકાણ અને દૈનિક સાપ્તાહિક વેપાર સફળ બની રહેશે. નોકરીમાં આ સપ્તાહમાં કુટુંબના સભ્યો તથા અધિકારી પ્રોત્સાહક બની રહેશે. નોકરીની જવાબદારીઓ પૂર્ણ કરી શકશો. ભાઈ–બહેનોમાં સંપ જળવાશે. નાણાંબચત માટેના પ્રયત્નમાં વ્યવહારુ વલણ દાખવવું પડે તેમ છે. નાણાં વ્યવસ્થા મહિલાઓને અનુકૂળ પુરવાર થતી જણાશે. પરિવાર માટે જરૂરી સાધનો સગવડતાઓ ચીજવસ્તુઓ મેળવી શકશો. વિદ્યાર્થીઓનો આત્મવિશ્વાસ જળવાઈ રહેશે.

મીન (દ, ચ, ઝ, થ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા નાણાં રોકાણ અને વાયદાના વેપાર માટે અનુકૂળતા જણાશે. નોકરીમાં સંઘર્ષ, પુરુષાર્થ અધિક જણાય છે. સમગ્ર સપ્તાહમાં અર્થવ્યવસ્થા અનુકૂળ બની રહેશે. પ્રવાસમાં યશ મેળવશો. પ્રવાસ દ્વારા કારોબારના કામકાજ સફળ પુરવાર થશે. ઉઘરાણીની આવક જળવાઈ રહેશે. મહિલાઓને તીર્થયાત્રાના આયોજનમાં સફળતા જણાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં વાંચન અભ્યાસમાં નિયમિતતાનો અનુભવ થશે. ■

## આજનું પંચાંગ

### ઉત્તરાયણ - સૌર ગ્રીષ્મઋતુ,

### રવિવાર, તા. ૧-૬-૨૦૨૫, અરણ્ય ષષ્ઠી, આરોગ્ય ષષ્ઠી,

ભારતીય દ્નિાંક ૧૧, માહે જયેષ્ઠ, શકે ૧૯૪૭
વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૭, જયેષ્ઠ સુદ–૬
જૈન વીર સંવત ૨૫૫૧, માહે જયેષ્ઠ, તિથિ સુદ–૬
પારસી શહેનશાહી રોજ ૨૧મો રામ,
માહે ૧૦મો દએ, સને ૧૩૯૪
પારસી કદમી રોજ ૨૧મો રામ,
માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૪
પારસી ફસલી રોજ ૧૩મો તીર,
માહે ૪થો તીર, સને ૧૩૯૪
મુસ્લિમ રોજ ૪થો,
માહે ૧૨મો જિલ્હજ, સને ૧૪૪૬
મીસરી રોજ ૫મો, માહે ૧૨મો જિલ્હજ,
સને ૧૪૪૬
નક્ષત્ર આશ્લેષા રાત્રે ક. ૨૧–૩૫ સુધી, પછી મઘા
ચંદ્ર કર્કમાં રાત્રે ક. ૨૧–૩૫ સુધી પછી સિંહમાં
ચંદ્ર રાશિ નામાક્ષરઃ કર્ક (ડ, હ), સિંહ (મ, ટ)
સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૦૨, અમદાવાદ ક. ૦૫ મિ. ૫૬, સ્ટા.ટા.,
સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૧૦, અમદાવાદ ક. ૧૯ મિ. ૧૯, સ્ટા. ટા.
: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :
ભરતીઃ સાંજે ક. ૧૬–૦૬, મધ્યરાત્રિ પછી ક. ૦૪–૧૧ (તા. ૨)
ઓટઃ સવારે ક. ૦૯–૨૦, રાત્રે ક. ૨૨–૧૫
વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, જયેષ્ઠ શુક્લ – ષષ્ઠી. સ્કંદ ષષ્ઠી, અરણ્ય ષષ્ઠી, આરોગ્ય ષષ્ઠી, વિંધ્યવાસિની પૂજા, જામાત્રા ષષ્ઠી. (બંગાલ), શીતલા ષષ્ઠી યાત્રા (ઓરિસ્સા), મહારાણી લક્ષ્મીબાઈ નિર્વાણ દિન (ઝાંસી).
શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
મુહૂર્ત વિશેષઃ લગ્ન, ઉપનયન આશ્લેષા જન્મનક્ષત્ર શાંતિ પૂજા, ભગવાન સૂર્યનારાયણનું પૂજન, બુધ ગ્રહદેવતાનું પૂજન, ગાયત્રી જાપ, પૂજા હવન, સર્પપૂજા, ઔષધ ઉપચાર, માલ વેંચવો. નિત્ય થતાં ઘર, ખેતર, જમીન, મકાન, સ્થાવર લેવડદેવડ, ખેતીવાડીના કામકાજ શ્રી વિષ્ણુ–લક્ષ્મી પૂજા.

જૂન–૨૦૨૫નાં સંક્ષપ્તિ ગ્રહ–રાશિ–નક્ષત્ર, ઉદય –અસ્તઃ તા. ૧ જૂન ૨૦૨૫ નાં સૂર્યાદિ ગ્રહનાં ઉદય અસ્તઃ તા.૧.મુંબઈ સૂર્યોદયઃ ક. ૦૬ મિ. ૦૨, સૂર્યાસ્તઃ ક. ૧૯ મિ. ૧૦, ચંદ્ર ઉદયઃ ક. ૧૧–૦૦, ચંદ્ર અસ્તઃ મધ્યરાત્રે ક. ૦૦–૧૨, બુધ અસ્તઃ ક. ૧૯–૧૫ (બુધ તા. ૭મીએ પશ્ચિમમાં ઉદય થશે), શુક્ર ઉદયઃ ક.૦૩–૨૨, અસ્તઃ ક. ૧૫–૪૩, મંગળ ઉદયઃ ક. ૧૨–૦૨, અસ્તઃ ક. ૨૩–૫૬, ગુરુ ઉદયઃ ક. ૦૭–૧૭, અસ્તઃ ક. ૨૦–૧૪, શનિ ઉદયઃ ક.૦૨–૦૬, અસ્તઃ બપોરે ક.૧૪–૦૩, તા. ૧ જૂન સૂર્યોદયના સમયે વૃષભ રાશિ લગ્ન ઉદિત થાય છે. સૂર્યાસ્તના સમયે વૃશ્ચિક રાશિ લગ્ન ઉદિત થાય છે. સૂર્ય તા. ૮મીએ મૃગશીર્ષ નક્ષત્ર, તા. ૨૨મીએ આર્દ્રા, તા.૧૫મીએ સૂર્ય મિથુન રાશિમાં પ્રવેશે છે. મંગળ તા. ૭મીએ મઘા નક્ષત્રમાં રહે છે. તા.૩૦મીએ પૂર્વા ફાલ્ગુની નક્ષત્રમાં આવે છે. મંગળ તા ૬ઠ્ઠીએ કર્ક રાશિમાંથી સિંહ રાશિમાં આવી માસાંત સુધી અહીં રહે છે.

બુધ તા. ૩જીએ મૃગશીર્ષમાં, તા. ૯મીએ આર્દ્રા, તા. ૧૬મીએ પુનર્વસુ, તા. ૨૫મીએ પુષ્ય નક્ષત્રમાં આવે છે. બુધ પ્રારંભે મિથુનમાં રહી તા. ૨૨મીએ કર્ક રાશિમાં પ્રવેશે છે. બુધની દૈનિક ગતિ માસારંભથી માસાંત સુધીમાં ઘટતી જાય છે.માર્ગી ગુરુ સમગ્ર માસ મિથુન રાશિમાં માર્ગીભ્રમણ કરે છે. તા. ૧૩મીએ ગુરુ આર્દ્રા નક્ષત્રમાં પ્રવેશે છે.

શુક્ર પ્રારંભે અશ્વિની નક્ષત્રમાં રહે છે. તા.૧૩મીએ ભરણી નક્ષત્રમાં, તા. ૨૬મીએ કૃત્તિકા નક્ષત્રમાં આવે છે. શુક્ર માસારંભથી મેષ રાશિમાં અતિચારી ગતિએ ભ્રમણ કરે છે. માસાન્તે શુક્ર તા. ૨૯મીએ વૃષભમાં આવે છે. સમગ્ર માસમાં માર્ગી શનિ મીન રાશિમાં ભ્રમણ કરે છે. શનિ ઉત્તરાભાદ્રપદા નક્ષત્રમાં ભ્રમણ કરે છે. રાહુ મીન રાશિમાં ભ્રમણ કરે છે. પૂર્વાભાદ્રપદા નક્ષત્રમાં ભ્રમણ કરે છે. તા. ૨૦મીએ કેતુ પૂર્વાફાલ્ગુની નક્ષત્રમાં પ્રવેશે છે.

આચમનઃ ચંદ્ર–મંગળ યુતિ સતત પ્રવૃત્તિશીલ
ખગોળ જ્યોતિષઃ ચંદ્ર–મંગળ યુતિ, શુક્ર પશ્ચિમમાં ખૂબ જ ઊંચે ૪૫ અંશ ૯ કળાના અંતરે દેખાશે.
ગ્રહગોચરઃ સૂર્ય–વૃષભ, મંગળ–કર્ક, બુધ– વૃષભ, ગુરુ–મિથુન, શુક્ર–મેષ શનિ–મીન, રાહુ–કુંભ, કેતુ–સિંહ, માર્ગી હર્ષલ–વૃષભ, માર્ગી નેપ્ચ્યુન–મીન, વક્રી પ્લુટો–મકર ■

## સાપ્તાહિક દૈનંદિની

### તા. ૧-૬-૨૦૨૫ થી તા. ૭-૬-૨૦૨૫

રવિવાર, જયેષ્ઠ સુદ–૬, વિ. સં. ૨૦૮૧, તા. ૧લી જૂન, ઈ. સ. ૨૦૨૫. નક્ષત્ર આશ્લેષા રાત્રે ક. ૨૧–૩૫ સુધી, પછી મઘા. ચંદ્ર કર્કમાં રાત્રે ક. ૨૧–૩૫ સુધી પછી સિંહ રાશિ પર જન્માક્ષર. સ્કંદ ષષ્ઠી, અરણ્ય ષષ્ઠી, આરોગ્ય ષષ્ઠી, વિંધ્યવાસિની પૂજા, જામાત્રા ષષ્ઠી. (બંગાલ), શીતલા ષષ્ઠી યાત્રા (ઓરિસ્સા), મહારાણી લક્ષ્મીબાઈ નિર્વાણ દિન (ઝાંસી). શુભ દિવસ.લગ્ન.

સોમવાર, જયેષ્ઠ સુદ–૭, તા. ૨જી નક્ષત્ર મઘા સવારે ક. ૨૨–૫૫ સુધી, પછી પૂર્વાફાલ્ગુની. ચંદ્ર સિંહ રાશિ પર જન્માક્ષર. ભદ્રા પ્રારંભ રાત્રે ક. ૨૦–૩૪. શુભ દિવસ. લગ્ન, વાસ્તુ–કળશ.

મંગળવાર, જયેષ્ઠ સુદ–૮, તા. ૩જી, નક્ષત્ર પૂર્વાફાલ્ગુની મધ્યરાત્રે ક. ૨૪–૫૮ સુધી, પછી ઉત્તરા ફાલ્ગુની. ચંદ્ર સિંહ રાશિ પર જન્માક્ષર. દુર્ગાષ્ટમી, મેલાક્ષીર ભવાની (કાશ્મીર), ભદ્રા સમાપ્તિ ક. ૦૯–૦૯,સામાન્ય દિવસ.

બુધવાર, જયેષ્ઠ સુદ–૯, તા. ૪થી, નક્ષત્ર ઉત્તરા ફાલ્ગુની મધ્યરાત્રિ પછી ક. ૨૭–૩૫ સુધી (તા. ૫) પછી હસ્ત. ચંદ્ર સિંહમાં સવારે ક. ૦૭–૩૪ સુધી પછી કન્યા રાશિ પર જન્માક્ષર. નવમી. શ્રી હરિ જયંતી. સામાન્ય દિવસ. લગ્ન.

ગુરુવાર, જયેષ્ઠ સુદ–૧૦, તા. ૫મી, નક્ષત્ર હસ્ત. ચંદ્ર કન્યા રાશિ પર જન્માક્ષર. ગંગા દશહરા સમાપ્તિ. શુભ દિવસ. લગ્ન, વાસ્તુ–કળશ.

શુક્રવાર, જયેષ્ઠ સુદ–૧૧, તા. ૬ઠ્ઠી, નક્ષત્ર હસ્ત સવારે ક. ૦૬–૩૩ સુધી, પછી ચિત્રા. ચંદ્ર કન્યામાં રાત્રે ક. ૨૦–૦૬ સુધી, પછી તુલા રાશિ પર જન્માક્ષર. નિર્જલા સ્માર્ત એકાદશી (કેરી), રુકિમણી વિવાહ (ઓરિસ્સા), ગાયત્રી જયંતી, બુધ મિથુનમાં ૦૯–૨૯, ભદ્રા બપોરે ક. ૧૫–૩૨થી મધ્યરાત્રિ પછી ક. ૨૮–૪૯, મંગળ સિંહમાં મધ્યરાત્રિ પછી ક. ૨૬–૧૨. શુભ દિવસ. લગ્ન, વાસ્તુ–કળશ.

શનિવાર, જયેષ્ઠ સુદ–૧૨, તા. ૭મી, નક્ષત્ર ચિત્રા સવારે ક.૯.૩૯ સુધી,પછી સ્વાતિ ,ચંદ્ર તુલા રાશિ પર જન્માક્ષર. નિર્જળા ભાગવત એકાદશી (કેરી), ભીમ એકાદશી, દ્વાદશ વૃદ્ધિતિથિ છે. ચંપક દ્વાદશી (બંગાલ), બકરી ઈદ (મુસ્લિમ), બુધ પશ્ચિમમાં ઉદય થાય છે. શુભ કાર્ય વર્જ્ય છે. ■

# પાકિસ્તાનના પંજાબમાં ૩૪ ત્રાસવાદીની ધરપકડ

લાહોર : પાકિસ્તાનના પંજાબમાં કાયદાનું રક્ષણ કરતી એજન્સીઓએ ઓછામાં ઓછા ૩૪ ત્રાસવાદીની ધરપકડ કરીને મોટા આતંકવાદી હુમલાને ટાળ્યો હતો એવો દાવો એક નિવેદનમાં કરવામાં આવ્યો હતો. કાઉન્ટર ટેરરિઝમ ડિપાર્ટમેન્ટે (સીટીડી) નિવેદનમાં વધુમાં કહ્યું હતું કે મોટા ભાગના ત્રાસવાદીઓ તેહરિક–એ–તાલિબાન ગ્રૂપના હતા અને આમાંના ત્રણને ખૂનખાર આતંકવાદી જાહેર કરવામાં આવ્યા હતા. અમે આ અઠવાડિયા દરમિયાન પ્રાંતના વિવિધ જિલ્લામાં બાતમીના આધારે ૪૧૫ ઑપરેશન કર્યા હતા અને ૩૪ આતંકવાદીની ધરપકડ કરી હતી. નિવેદનમાં દાવો કરવામાં આવ્યો હતો કે આતંકવાદીઓ જવાન અને પ્રાંતમાંના અગત્યના મકાનોને લક્ષ્ય બનાવવા માગતા હતાં ત્રાસવાદીને લાહોર, રાવલપિંડી, ગુજરાંવાલા, ઝેલમ, પાકપટ્ટન, બહાવલનગર, બુખારા, કૌસર અને નાનકાન સાહિબમાંથી પકડવામાં આવ્યા હતા. તેમનું કાવતરું વિફળ બનાવવામાં આવ્યું હતું. આમાં ત્રણ ખૂનખાર અને પોલીસ દ્વારા વોન્ટેડ ત્રાસવાદીનો સમાવેશ થાય છે. ૫,૮૪૧ ગ્રામ વિસ્ફોટક પદાર્થ, ૫૧ ફૂટ સેફ્ટી ફ્યુઝ વાયર અને પ્રતિબંધિત સાહિત્ય જપ્ત કરવામાં આવ્યું છે.સીટીડીએ કહ્યું હતું કે અમે આતંકવાદી સામે ૨૩ કેસ નોંધાવ્યા છે અને વધુ તપાસ કરી રહ્યા છીએ. (એજન્સી)■

## પહેલા પાનાનું ચાલુ

### ઑપરેશન શિલ્ડઃ

રાજ્યમાં સિવિલ ડિફેન્સ દ્વારા 'ઓપરેશન શિલ્ડ' અંતર્ગત મૉકડ્રિલના સાયરન વાગતા જ પ્રારંભ થયો હતો. તેમજ પંદર મિનિટનું બ્લેકઆઉટ કરવામાં આવ્યું હતું. નાગરિકોને સ્વયંભૂ જોડાવવા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અનુરોધ કરવામાં આવ્યો હતો. જેમાં 'ઓપરેશન શિલ્ડ' અંતર્ગત લોકોને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. મૉકડ્રિલ દ્વારા નાગરિક સંરક્ષણની તૈયારીઓ, દુશ્મન દેશો દ્વારા થતા ડ્રોન, મિસાઇલ, હવાઈ હુમલા સામે બચાવ માટેની તૈયારીઓ, સિવિલ તથા મિલિટરી ઓથોરિટી વચ્ચે તાલમેલ અંગેનો અભ્યાસ કરી ખામીઓને દૂર કરવામાં આવશે.

મળતી વિગતો અનુસાર અમદાવાદના શાહીબાગમાં આવેલા સદર બજાર કેન્ટોનમેન્ટ વિસ્તારમાં સિવિલ ડિફેન્સ મૉકડ્રિલ યોજાઈ હતી. જ્યારે રાજકોટ ફાયર વિભાગ દ્વારા ફાયર ઓફિસર મોઇન શેખના માર્ગદર્શન હેઠળ આગ લાગે ત્યારે બચાવ સલામતી અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. ગ્રામજનો, કેડેટ્સ અને વોલન્ટિયર્સને ફર્સ્ટએડ, ફાયર ફાઇટર ટ્રેનિંગ, આગના પ્રકારો, ફાયર એક્સ્ટિંગ્યુશરના પ્રકારો અને સર્ચ એન્ડ રેસ્ક્યૂ ટ્રેનિંગ આપવામાં આવી હતી. આ ઉપરાંત, એસઆરપીના ટ્રેનર જવાનો દ્વારા ડ્રોન અંગેની માહિતી, તેના પ્રકારો અને ખાસ કરીને યુદ્ધમાં વપરાતા ડ્રોનને કેવી રીતે ઓળખવા અને તેનાથી બચાવ કરવો તે અંગે માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

જામનગર જિલ્લામાં ઇન્ડિયન કોસ્ટ ગાર્ડ વાડીનારની રેસિડેન્શિયલ કોલોની ખાતે હવાઈ હુમલાની મૉકડ્રિલ યોજાઈ હતી. હવાઈ હુમલાની જાણકારી મળતા જ વહીવટી તંત્રએ ત્વરિત ધોરણે રાહત–બચાવ કામગીરી હાથ ધરી હતી અને અસરગ્રસ્ત સ્થળેથી ઘાયલ નાગરિકોને તાત્કાલિક હોસ્પિટલ ખસેડાયા હતા. આ સિવાય જિલ્લા વહીવટી તંત્ર તથા એરફોર્સ દ્વારા જામનગર એરફોર્સ સ્ટેશન ખાતે અને ભુજના સ્મૃતિવન ખાતે સાંજે ૫:૦૦ કલાકે 'ઓપરેશન શિલ્ડ' અંતર્ગત સિવિલ ડિફેન્સ મૉકડ્રિલ યોજાઈ હતી. આ મૉકડ્રિલના ભાગરૂપે રાત્રે ૮:૦૦ થી ૮:૩૦ કલાક દરમિયાન સમગ્ર જિલ્લામાં ફરજિયાત બ્લેક આઉટ રાખવામાં આવ્યો હતો. તે ઉપરાંત સરહદી જિલ્લા બનાસકાંઠાના નડાબેટ ખાતે ભારત–પાકિસ્તાન સરહદ પર પણ ''ઓપરેશન શિલ્ડ'' અંતર્ગત સિવિલ ડિફેન્સ તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તાલીમમાં સ્થાનિક લોકો, અધિકારીઓ અને બીએસએફના જવાનો પણ જોડાયા હતા.

ગુજરાતના સુરત, વલસાડ, અમદાવાદ, પાટણ, મહેસાણા, ગાંધીનગર, આણંદ, વડોદરા, ગોધરા, નવસારી, ભરૂચ શહેરોમાં તેમ જ સૌરાષ્ટ્રના રાજકોટ, જામનગર, દેવભૂમિ દ્વારકા, સુરેન્દ્રનગર, જૂનાગઢ, ગીર સોમનાથ, વેરાવળ, કેશોદ, કચ્છ, ભુજમાં મૉકડ્રિલનું આયોજન કરવામાં આવ્યું હતું. પંદર મિનિટનું અલગ–અલગ સ્થળો પર બ્લેકઆઉટ પણ રાત્રિના સમયે કરવામાં આવ્યું હતું. આ સિવાય ગુજરાત સહિત સૌરાષ્ટ્રના મોટાભાગના વિસ્તારોમાં અલગ–અલગ સ્થળો પર સ્વયંસેવકો, એન.સી.સી. કેડેટ્સ, હોમ ગાર્ડ્સ , બ્લેક આઉટ વોર્ડન દ્વારા કામગીરી કરવામાં આવી હતી. આ મૉકડ્રિલ દરમિયાન હવાઈ હુમલા સમયે સાયરન દ્વારા એલર્ટ, બ્લેક આઉટ પ્રોટોકોલ, કોમ્યુનિકેશન સિસ્ટમ, મેડિકલ રિસ્પોન્સીસ, ઇવેક્યુએશન, વહીવટી તંત્રની સુસજ્જતા, વોલિયન્ટિયર્સ, આરોગ્ય એ વિષયક બાબતો, ફાયર સેફ્ટી અને આપાતકાલીન વ્યવસ્થાઓ સહિતના પાસાઓને આવરી લઈ અને નાગરિકો અને તેમની જાનમાલની સુરક્ષા સુનિશ્ચિત કરવા અંગે લોકોને જાગૃત કરવામાં આવ્યા હતા. બ્લેક આઉટ સમયે જાહેર માર્ગો ઉપરની સ્ટ્રીટ લાઈટ સહિત તમામ લાઈટ્સવ બંધ કરવામાં આવી હતી તેમ જ આ સમય દરમિયાન રસ્તાસઓ ઉપરથી પસાર થતા વાહનોની લાઇટ બંધ કરી ગાડીઓ સલામતી પૂર્ણ રીતે રસ્તાની સાઇડમાં પાર્ક કરવા તંત્ર દ્વારા અનુરોધ કરવામાં આવ્યો હતો. આ સમયે ઈમરજન્સી સેવાઓ, હૉસ્પિટલ, મેડિકલ સેવાઓ વિના વિક્ષેપ યથાવત્ રીતે શરૂ રાખવામાં આવી હતી.

ચંડીગઢમાં પણ મૉક ડ્રિલ યોજાઇ હતી.

જમ્મુ અને કાશ્મીરના પહલગામમાં ત્રાસવાદીઓએ પર્યટકો સહિતના કેટલાક નિર્દોષ લોકોની કરેલી હત્યા બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે તંગદિલી ઊભી થઇ હતી. ભારતે પાકિસ્તાનમાંના ત્રાસવાદીઓની છાવણીઓ અને તેઓને સહાય કરતા પાકિસ્તાનના લશ્કરનાં મથકો પર હુમલા કરીને તેઓનો નાશ કર્યો હતો. આ ઉપરાંત, પાકિસ્તાનના લશ્કરે ભારતના અનેક શહેર પર ડ્રોન અને મિસાઇલોની મદદથી કરેલા હુમલા નિષ્ફળ બનાવાયા હતા. દુશ્મન પાડોશી દેશના ખરાબ ઇરાદાને ધ્યાનમાં રાખીને ભારતના અનેક શહેરમાં અંધારપટ સહિતની મૉક ડ્રિલનું આયોજન કરાયું હતું. અગાઉ, ભારતના ગૃહ મંત્રાલયે થોડા દિવસ પહેલાં મૉક ડ્રિલની જે તારીખ જાહેર કરી હતી, તે વહીવટીતંત્રની સુવિધા માટે મુલતવી રખાઇ હતી અને મૉક ડ્રિલ ૩૧ મેએ યોજવાનું નક્કી કરાયું હતું. ■

### આસામ

હતું અને ત્રણ લોકો(તમામ મહિલાઓ)ના મોત થયા હોવાનું તેમણે જણાવ્યું હતું.

શુક્રવારે મોડી રાત્રે શહેરમાં ભયંકર પાણી ભરાવાની સ્થિતિનું નિરીક્ષણ કર્યા બાદ પત્રકારો સાથે વાત કરતાં બરુઆએ જણાવ્યું કે અસરગ્રસ્ત લોકોને રાહત અને બચાવ કામગીરી પૂરી પાડવા માટે ઘણી એજન્સીઓ કામ કરી રહી છે. સરહદી અરૂણાચલ પ્રદેશમાં ભારે વરસાદ બાદ નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઇ જતાં લખીમપુર જિલ્લાનો મોટો ભાગ પાણીમાં ગરકાવ થયો છે.

અસરગ્રસ્ત વિસ્તારોમાં ફસાયેલા લોકોને બચાવવા માટે અનેક એજન્સીઓને તૈનાત કરવામાં આવી છે. જેમાંથી ઘણા લોકોએ તંબુઓમાં આશરો લીધો છે. શુક્રવારે પ્રાદેશિક હવામાન વિભાગના ડેટા અનુસાર ચિરાંગ, બક્સા, બરપેટા, બોંગાઇગાંવ, બજાલી, તામુલપુર, દરંગ અને ઉદલગુરીમાં શનિવાર માટે રેડ એલર્ટ જારી કરવામાં આવ્યું હતું.

મુખ્ય પ્રધાન હિમંતા બિસ્વા શરમાએ શુક્રવારે જણાવ્યું હતું કે શુક્રવારે ૧૮ જિલ્લાઓ માટે રેડ એલર્ટ જારી કરવામાં આવ્યું હતું. કારણ કે ઉત્તરપૂર્વના ઘણા ભાગોમાં ભારે વાદળછાયું વાતાવરણ રહેવાથી સતત વરસાદને કારણે રાજ્ય 'અસામાન્ય પરિસ્થિતિ'નો સામનો કરી રહ્યું છે. ■

### મિઝોરમ

આશંકા અધિકારીઓએ વ્યક્ત કરી હતી.

તેમણે જણાવ્યું કે લોંગટલાઇ જિલ્લાના સૌથી મોટા નાગરિક સમાજ સંગઠન યંગ લાઇ એસોસિએશન(વાયએલએ)ના સ્વયંસેવકો સાથે સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ(એસઆરડીએફ) અને ત્રીજી ઇન્ડિયન રિઝર્વ બટાલિયનના કર્મચારીઓ દ્વારા બચાવ કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. ઘટનાના વિગતવાર અહેવાલની રાહ જોવાઇ રહી હોવાનું તેમણે જણાવ્યું હતું. નોંધનીય છે કે ઉત્તર–પૂર્વીય રાજ્યમાં શુક્રવારથી મુશળધાર વરસાદ પડી રહ્યો છે. જેના કારણે અનેક સ્થળોએ ભૂસ્ખલન અને ખડકો ધસી પડવાની ઘટનાઓ બની છે. ■

### અરુણાચલ

પોલીસ અને બચાવ ટીમોએ તેમના પ્રયાસો ચાલુ રાખ્યા હતા.

''શનિવારે, સ્થાનિક ગ્રામજનોના મહત્ત્વપૂર્ણ સહયોગથી કામગીરી ફરી શરૂ થઈ. ઘણા કલાકોની મહેનત પછી, કાટમાળ હાઇવેથી લગભગ ૧૫૦ મીટર નીચે મળી આવ્યો,'' સિકોમે જણાવ્યું હતું, અને ઉમેર્યું હતું કે વાહનમાં સવાર તમામ સાત લોકો મૃત હાલતમાં મળી આવ્યા હતા.

મૃતકોની ઓળખ વાહનના માલિક ૩૫ વર્ષીય શંકર ઉર્ફે સાજુ બુડી અકા, તેમની પત્ની તસુમ બુડી અકા (૨૫), જે ચાર મહિનાની ગર્ભવતી હતી, તેમની પુત્રી કચુંગ બુડી અકા (૮) અને ચાર વર્ષનો પુત્ર નિચા બુડી, એક ગર્ભવતી મહિલા જાજુમ યામે (૩૩) પણ તેની પાંચ વર્ષની પુત્રી તુશુમ યામે અને સાત વર્ષના પુત્ર પટિયા યામે અકા તરીકે થઈ છે, એમ એસપીએ જણાવ્યું હતું.

લોઅર સુબાનસિરી જિલ્લામાં એક અલગ ઘટનામાં, ઝીરો–કમલે રોડ પર પાઈન ગ્રુવ વિસ્તાર નજીક કોબીના ખેતરમાં ભૂસ્ખલન થતાં બે મજૂરનાં મોત થયાં હતાં અને બે અન્ય લોકોને બચાવી લેવામાં આવ્યા હતા, એમ પોલીસે જણાવ્યું હતું.

લોઅર સુબાનસિરીના ડેપ્યુટી સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ પોલીસ (ડીએસપી) ઓજિંગ લેગોએ જણાવ્યું હતું કે, ગુરુવારે મોડી રાત્રે ઉપલા સુબાનસિરીમાં, સિગિન નદી ઓવરફ્લો થયા પછી, જિલ્લા મુખ્યાલય દાપોરીજોમાં અચાનક પૂરને કારણે વ્યાપક નુકસાન થયું હતું, જેના કારણે ઘણા નીચાણવાળા વિસ્તારો ડૂબી ગયા હતા.

પ્રતિકૂળ હવામાન પરિસ્થિતિઓને કારણે જિલ્લામાં ઓછામાં ઓછા ૧૧૭ ઘર અને અનેક મહત્ત્વપૂર્ણ માળખાકીય સુવિધાઓ પ્રભાવિત થઈ હતી.દરમિયાન, ભારતીય હવામાન વિભાગે બાંગ્લાદેશ પર દબાણને કારણે વ્યાપક વરસાદની આગાહી કરી છે. ■

### ઉત્તરાખંડ

અન્ય ત્રણને સામાન્ય ઇજા પહોંચી હતી. મૃતકની ઓળખ ટિહરી ગઢવાલ જિલ્લાના લંબગાંવના રહેવાસી ડ્રાઇવર રાજેશ સિંહ રાવત તરીકે થઇ છે. તે છત્તીસગઢથી તીર્થયાત્રીઓને કેદારનાથ લઇ જઇ રહ્યો હતો. તમામ ઘાયલોની ઉંમર ૧૯ થી ૨૫ વર્ષની વચ્ચે છે અને તેઓ છત્તીસગઢના દુર્ગ જિલ્લાના રહેવાસી છે. ■

### મેં ભારત-પાક

ત્રાસવાદીઓએ કરેલા હુમલા બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે શરૂ થયેલું યુદ્ધ બંધ કરવા ૧૦ મેએ સમજૂતી સધાઇ હતી. આ લડાઇ ચાર દિવસ ચાલી હતી. દરમિયાન, ભારતે દાવો કર્યો હતો કે પાકિસ્તાનના 'જનરલ ઑફ મિલિટરી ઑપરેશન'એ ભારતના લશ્કરના ઉચ્ચ અધિકારીને યુદ્ધ રોકવા વિનંતિ કરી હતી અને તેથી યુદ્ધવિરામ કરાયો હતો, તેમાં કોઇ ત્રીજા પક્ષ (દેશ)એ મધ્યસ્થી નહોતી કરી. બીજી બાજુ, અમેરિકાના પ્રમુખ ટ્રમ્પ અવારનવાર દાવો કરી રહ્યા છે કે મેં ભારત અને પાકિસ્તાનને યુદ્ધવિરામ માટે સમજાવ્યા હતા અને તેઓને બાંયધરી આપી હતી કે જો બન્ને પાડોશી દેશ લડાઇ અટકાવશે, તો અમેરિકા તેઓની સાથે ઘણો વધુ વેપાર - ધંધો કરશે. (એજન્સી) ■

### દેશમાં ઝડપથી

એનબી–વન ૮.૧, એલએફ ૭ આ દિવસોમાં સક્રિય છે. આ બધા ઓમિક્રોનના પેટા પ્રકારો છે. કોરોના પાછો આવ્યો જેના કારણે ચિંતાઓ વધી છે, પરંતુ નિષ્ણાતોના જણાવ્યાં પ્રમાણે વાઇરસથી ડરવાની જરૂર નથી.

દેશભરમાં કોરોનાના વધતા જતા કેસોને ધ્યાનમાં રાખીને કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે તમામ દરેક રાજ્યોને સૂચના આપી છે. આમાં, રાજ્યોને નિવારક પગલાં લેવા, મોટા મેળાવડા અટકાવવા અને ફેસ માસ્કના ઉપયોગને પ્રોત્સાહન આપવા અપીલ કરવામાં આવી છે. કેન્દ્ર સરકારે રાજસ્થાનને બે જૂન સુધીમાં તમામ જિલ્લા અને ઉપ–જિલ્લા હોસ્પિટલો, મેડિકલ કોલેજો અને આરોગ્ય સંસ્થાઓમાં બેડ, ઓક્સિજન, વેન્ટિલેટર, આઇસીયુ આવશ્યક દવાઓ અને કીટની ઉપલબ્ધતા અંગે વ્યાપક અહેવાલ રજૂ કરવા પણ કહ્યું છે. આરોગ્ય મંત્રાલયનું કહેવું છે કે પરિસ્થિતિ નિયંત્રણમાં છે અને ગભરાવાની જરૂર નથી, પરંતુ તકેદારી રાખવી જરૂરી છે.

ગુજરાતમાં કોરોનાના કેસમાં વધારો થઈ રહ્યો છે. ગઈ કાલે એક જ દિવસમાં ૬૮ પોઝિટિવ કેસ નોંધાયા હતાં. અત્યારે ગુજરાતમાં કુલ ૨૬૫ એક્ટિવ કેસ છે. જેમાંથી ૧૧ દર્દીઓ હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યાં છે. બાકીના ૨૫૪ દર્દીઓને હોમ આઈસોલેશનમાં રાખવામાં આવ્યા છે. ૨૬ દર્દીઓનો રિપોર્ટ નોર્મલ આવતા તેમને હોસ્પિટલમાંથી રજા આપી દેવામાં આવી છે.

ભારતમાં કોરોનાના કુલ ૨૭૧૦ સક્રિય કેસ છે, છેલ્લા ૨૪ કલાકમાં ૬૮૫ કેસ નોંધાયા છે. જ્યારે કુલ ૨૫૫ લોકો સ્વસ્થ પણ થયા છે. સાત લોકો મૃત્યુ થયું હોવાનું પણ જાણવા મળ્યું છે. મહારાષ્ટ્રમાં અત્યારે ગઈ કાલે ૮૪ કોરોના કેસ નોંધાયા હતા. અત્યારે મહારાષ્ટ્રમાં કુલ ૬૫૧ કેસ એક્ટિવ છે. રાજસ્થાનમાં કેસ સતત વધી રહ્યાં છે. છેલ્લા ૨૪ કલાકમાં ૧૫ નવા કેસ નોંધાયા છે. જયપુરમાં સાત, બિકાનેરમાં ત્રણ અને ઉદયપુરમાં બે કેસ મળી આવ્યા છે. ઉત્તર પ્રદેશમાં કોરોના કેસની સંખ્યા ૫૯ સુધી પહોંચી ગઈ છે. છેલ્લા ૨૪ કલાકમાં નોઈડામાં ૧૯ નવા કેસ નોંધાયા, જેનાથી જિલ્લામાં સક્રિય કેસની કુલ સંખ્યા ૪૩ થઈ ગઈ છે. યુપીમાં કોરોનાને કારણે બે લોકોના મોત પણ થયાં છે. ■

### શત્રુઓને

સિંદૂર બહાદુરીનું પ્રતીક બની ગયું છે.

મોદીએ જણાવ્યું હતું કે પહલગામમાં ત્રાસવાદીઓએ માત્ર ભારતીયોનું લોહી જ નહોતું વહેવડાયું, પરંતુ આપણી ધાર્મિક ભાવના (પરંપરા) પર પણ હુમલો કર્યો હતો. ત્રાસવાદીઓએ દેશના વિવિધ સમાજમાં ભાગલા પડાવવા પ્રયાસ કર્યો હતો. તેઓએ ભારતની નારીશક્તિને પડકાર ફેંક્યો હતો. આ પડકાર ત્રાસવાદીઓ અને તેઓને સહાય કરનારા લોકો માટે મૃત્યુ–ઘંટ બની ગયો હતો. ભારતીય લશ્કરે પાકિસ્તાનના સૈન્યની કલ્પનામાં પણ નહિ હોય એવા હુમલા કર્યા હતા અને ત્રાસવાદીઓના છુપાસ્થળોનો નાશ કર્યો હતો.

વડા પ્રધાને જણાવ્યું હતું કે હાલમાં ૭૫ મહિલા સાંસદ છે અને અમે સંસદમાં મહિલાઓની સંખ્યા હજી વધારીશું. નારીશક્તિ વંદન અધિનિયમ (મહિલા અનામત કાયદા) મુજબ લોકસભા અને રાજ્ય વિધાનસભાઓમાંની કુલ બેઠકોમાંની એક–તૃતીયાંશ બેઠકો મહિલાઓ માટે અનામત રખાઇ છે.

તેમણે જણાવ્યું હતું કે ભાજપ સરકાર આપણી બહેનો અને દીકરીઓને દરેક ક્ષેત્રે આગળ વધવાની તક પૂરી પાડી રહી છે. અમારી સરકારનો મુદ્રાલેખ 'નાગરિક દેવો ભવઃ' છે.

મોદીએ રાણી અહિલ્યાબાઇ હોળકરની ૩૦૦મી જન્મ જયંતી નિમિત્તે સ્મૃતિમાં રૂપિયા ૩૦૦નો સિક્કો અને ટપાલ ટિકિટ બહાર પાડ્યા હતા. (એજન્સી) ■

### ડોનલ્ડ ટ્રમ્પનો

યુએસ સ્ટીલ ખરીદવા માટે જાપાની સ્ટીલ ઉત્પાદકની બિડને રોકવાનું વચન આપ્યું હતું, પરંતુ તેમણે પોતાનું વલણ બદલ્યું અને ગયા અઠવાડિયે નિપ્પોન દ્વારા આંશિક માલિકી માટે કરારની જાહેરાત કરી. ટ્રમ્પે યુએસ સ્ટીલ વેરહાઉસમાં એક કાર્યક્રમનું ઉદ્ઘાટન કરતી વખતે કહ્યું કે, આજે અમે અહીં એક બ્લોકબસ્ટર કરારની ઉજવણી કરવા એકત્ર થયા છીએ જે ખાતરી કરશે કે આ પ્રખ્યાત અમેરિકન કંપની એક અમેરિકન કંપની જ રહેશે.

આ ઉપરાંત, ટ્રમ્પે ટૅરિફ વિશે કહ્યું હતું કે આયાતી સ્ટીલ પર ટૅરિફ બમણા કરવાથી અમેરિકામાં સ્ટીલ ઉદ્યોગ વધુ સુરક્ષિત બનશે. જો કે, આ રીતે ટેરિફ લાદવાથી સ્ટીલના ભાવમાં પણ વધારો થશે. સરકારના ઉત્પાદક ભાવ સૂચકાંક અનુસાર, જાન્યુઆરીના મધ્યમાં ટ્રમ્પ રાષ્ટ્રપતિ બન્યા ત્યારથી સ્ટીલના ભાવમાં ૧૬ ટકાનો વધારો થયો છે. યુએસ વાણિજ્ય વિભાગ અનુસાર, માર્ચ ૨૦૨૫ સુધીમાં, યુનાઇટેડ સ્ટેટ્સમાં સ્ટીલનો ભાવ પ્રતિ મેટ્રિક ટન ૯૮૪ યુએસ ડૉલર છે. જે યુરોપમાં ૬૯૦ યુએસ ડૉલર અને ચીનમાં ૩૯૨ યુએસ ડૉલરના ભાવ કરતાં ઘણો વધારે છે. ■

# ગુજરાતમાં સાયન્સના વિદ્યાર્થીઓમાં એન્જિનિયરિંગનું આકર્ષણ ઘટ્યું: બાયોલોજીનું વધ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં સાયન્સના વિદ્યાર્થીઓમાં એક નવી પેટર્ન જોવા મળી છે. ધો. ૧૨મા મેથ્સના બદલે બાયોલોજીને વધારે પ્રાધાન્ય આપી રહ્યા છે. જેના કારણે એન્જિનિયરિંગ કોર્સ માટે ઉમેદવારોની ટકાવારી ૨૦૧૫માં ૫૫ ટકા હતી તે ઘટીને ૨૦૨૫માં માત્ર ૩૦ ટકા થઈ હતી. આ સાયન્સના વિદ્યાર્થીઓમાં કારકિર્દી પસંદગીમાં આવેલા પરિવર્તનનો સંકેત આપે છે.

એડમિશન કમિટી ફોર પ્રોફેશનલ કોર્સિસ (એસીપીસી)ના આંકડાઓ મુજબ, ૨૦૧૫માં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના ૧,૧૬,૩૬૩ વિદ્યાર્થીઓમાંના ૫૫ ટકાએ ગણિત સાથે ગ્રુપ એ પસંદ કર્યું હતું. આ ટકાવારી ૨૦૨૫માં ૧,૧૨,૪૦૮ વિદ્યાર્થીઓમાં માત્ર ૩૦ ટકા હતી.

બીજા બોર્ડોમાં ગણિતના પ્રવેશમાં વધારો નોંધાયો હતો. સીબીએસઈ બોર્ડમાં ૪.૫ ટકાથી વધીને ૮.૫૯ ટકા અને આઈસીએસઈ બોર્ડમાં ૦.૪૫ ટકાથી વધીને ૦.૯ ટકા થયો હતો.

બાયોલોજી વિષય માટેની સ્થિતિ બિલકુલ વિપરીત છે. ગુજરાત બોર્ડના ગ્રુપ બી (બાયોલોજી)ના વિદ્યાર્થીઓની સંખ્યા ૨૦૧૫માં ૩૭.૪૨ ટકા હતી, જે ૨૦૨૫માં વધીને ૫૨.૮૩ ટકા થઈ હતી. સીબીએસઈ બોર્ડમાં પણ આવો જ ટ્રેન્ડ જોવા મળ્યો હતો.

આ પરિવર્તન એન્જિનિયરિંગ ક્ષેત્ર પ્રત્યે વિદ્યાર્થીઓનો રસ ઘટી રહ્યો હોવાનું દર્શાવે છે. એસીપીસીનાં સૂત્રોના જણાવ્યા પ્રમાણે, હાલ એન્જિનિયરિંગની ડિગ્રી મેળવ્યા બાદ સારા પગારની નોકરી મળતી નથી તેવી ધારણા છે. જોકે આવું નથી. જો વિદ્યાર્થીઓ સારી એન્જિનિયરિંગ કોલેજોમાં પ્રવેશ લે તો કેમ્પસ પ્લેસમેન્ટમાં જ આકર્ષક પેકેજ પણ મળે છે.

ડિગ્રી એન્જિનિયરિંગને બદલે હવે વિદ્યાર્થીઓ બીબીએ, બીસીએ જેવા કોર્સ તરફ પણ ધ્યાન આપી રહ્યા છે. આ ઉપરાંત હાલ ઝડપથી નોકરી મળી જાય તે માટે વિદ્યાર્થીઓમાં મેડિકલ અને પેરામેડિકલ કોર્સનું પ્રમાણ વધ્યું છે, જે પણ એન્જિનિયરિંગમાં રસ ઘટી રહ્યો હોવાનું એક કારણ છે.

આ ઉપરાંત એસીપીસીનાં સૂત્રોએ જણાવ્યું કે, ઘણા વિદ્યાર્થીઓ ગણિતના ભયના કારણે ગ્રુપ એ પસંદ કરતા નથી. જોકે કેટલાક વિદ્યાર્થીઓને બાદમાં તેમની ભૂલ સમજાતી હોય છે. દર વર્ષે ઓછામાં ઓછા ૧૦૦ વિદ્યાર્થીઓ પહેલા ગ્રુપ બી પસંદ કરે છે પરંતુ પસંદગીના કોર્સમાં પ્રવેશ ન મળતાં આગલા વર્ષે એન્જિનિયરિંગમાં પ્રવેશ લઈ શકાય તે માટે ધો.૧૨માં મેથ્સ સાથે ફરી પરીક્ષા આપે છે. ■

# ગુજરાતમાં આરટીઈની ૯,૦૦૦થી વધુ બેઠકો ખાલી

## અત્યાર સુધીમાં ૬.૭૦ લાખથી વધુ વિદ્યાર્થીઓએ લાભ લીધો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં આરટીઈ હેઠળ ૯,૦૦૦થી વધુ બેઠકો ખાલી છે, સૌથી વધુ ખાલી બેઠકો અંગ્રેજી માધ્યમની શાળાઓમાં છે. રાજ્ય શિક્ષણ વિભાગના રેકોર્ડ અનુસાર આરટીઈ હેઠળના બે પ્રવેશ રાઉન્ડ બાદ, રાજ્યભરમાં હજુ પણ ૯,૧૫૭ બેઠકો ખાલી છે, જેમાંથી ૫,૨૬૩ અંગ્રેજી માધ્યમની શાળાઓમાં છે.

આ વર્ષે આરટીઈ હેઠળ ૯,૮૧૪ નોન ગ્રાન્ટેડ ખાનગી શાળાઓમાં વિવિધ ભાષાઓના માધ્યમમાં કુલ ૯૪,૭૯૮ બેઠકો ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. પ્રથમ રાઉન્ડમાં ૮૬,૨૬૪ વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવાયો હતો, જેમાંથી ૮૦,૪૫૩ વિદ્યાર્થીઓએ ૮ મે સુધીમાં તેમનો પ્રવેશ પાક્કો કર્યો હતો. બીજા રાઉન્ડમાં ૭,૦૦૬ બેઠકો ફાળવવામાં આવી હતી, પણ માત્ર ૫,૨૪૦ પરિવારે પ્રવેશ કન્ફર્મ કર્યો હતો. ખાલી બેઠકોના વિતરણમાં શૈક્ષણિક માધ્યમ અનુસાર સ્પષ્ટ પેટર્ન જોવા મળે છે. અંગ્રેજી માધ્યમની શાળાઓમાં ૫,૨૬૩ બેઠકો ખાલી છે, જ્યારે હિન્દી માધ્યમમાં ૧,૯૨૦, ગુજરાતી માધ્યમમાં ૧,૮૦૦, ઓડિયા માધ્યમમાં ૧૦૫, ઉર્દૂમાં ૩૯ અને મરાઠી માધ્યમમાં ૩૦ બેઠકો ખાલી છે. આરટીઈ અંતર્ગત આર્થિક રીતે નબળા વર્ગના બાળકોને ખાનગી પ્રાથમિક શાળાઓમાં નિઃશુલ્ક પ્રવેશ આપવામાં આવે છે. શિક્ષણ વિભાગનાં સૂત્રોના કહેવા મુજબ, બચી ગયેલી બેઠકો ભરવા માટે ત્રીજો રાઉન્ડ હાથ ધરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે ગુજરાતના તત્કાલીન મુખ્ય પ્રધાન અને હાલના વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતમાં શાળા પ્રવેશોત્સવ, કન્યા કેળવણી તેમજ ગુણોત્સવ જેવા શિક્ષણલક્ષી કાર્યક્રમો થકી રાજ્યને વધુ શિક્ષિત બનાવવાનો યજ્ઞ આરંભ્યો હતો. તેના પરિણામ સ્વરૂપે ગુજરાતમાં વર્ષ-૨૦૧૩થી શરૂ કરાયેલા 'રાઈટ ટુ એજ્યુકેશન' આરટીઈ એક્ટ હેઠળ અત્યાર સુધીમાં એટલે કે, વર્ષ ૨૦૨૪-૨૫માં અંદાજિત ૬.૭૦ લાખથી વધુ વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવ્યો છે. આરટીઈ એક્ટ હેઠળ પ્રવેશ મેળવનાર નબળા અને વંચિત જૂથનાં બાળકોને પુસ્તકો, સ્કૂલ બેગ, ગણવેશ, બૂટ તથા પરિવહન ખર્ચ અને અભ્યાસને આનુસંગિક વસ્તુઓ ખરીદવા માટે પ્રતિવર્ષ વિદ્યાર્થીદીઠ રૂ.૩૦૦૦ ની સહાય ચુકવવામાં આવે છે. આમ રાજ્ય સરકાર દ્વારા ૧૦૫૭ કરોડથી વધુની સહાય અત્યાર સુધીમાં વિદ્યાર્થીઓને આપવામાં આવી છે. આ પ્રકારની વિદ્યાર્થી સહાય ચૂકવવાની શરૂઆત કરનાર સમગ્ર દેશમાં ગુજરાત પહેલું રાજ્ય છે. ■

# રાજ્યમાં ૮૫ ટકાથી વધારે એનએફએસએ રેશનકાર્ડ ધારકોનું ઈ-કેવાયસી પૂર્ણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજ્યના જરૂરિયાતમંદ નાગરિકને અનાજનો જથ્થો મળી રહે તે માટે શરૂ કરેલ ઈ-કેવાયસી એ એક સાચા લાભાર્થીની ઓળખ પ્રસ્થાપિત કરીને તેમને પૂરતો અનાજનો જથ્થો સમયસર મળી રહે તે માટેનું ક્રાંતિકારી પગલું છે. રાજ્ય સરકાર પાત્રતા ધરાવતા તમામ સાચા રેશનકાર્ડ ધારકોને લાભ આપવા સતત પ્રયત્નશીલ હોવાનું અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ દ્વારા જણાવાયું હતું. નેશનલ ફૂડ સિક્યુરિટી એક્ટ-એનએફએસએ કાર્ડ ધારકોએ ઈ-કેવાયસી કરાવવું જરૂરી છે.

અત્યાર સુધીમાં આ અંતર્ગત રાજ્યમાં ૮૫ ટકા કરતાં પણ વધારે એનએફએસએ રેશનકાર્ડ ધારકોનું ઈ-કેવાયસી પૂર્ણ કરવામાં આવ્યું છે. બાકીના સાચા એનએફએસએ રેશનકાર્ડ ધારકોને સમયસર પૂરતો અનાજનો જથ્થો મળી રહે તે માટે સત્વરે ઈ-કેવાયસી કરાવી લેવા રાજ્ય સરકાર દ્વારા ખાસ અનુરોધ કરવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે, કાર્ડધારકો હવે ઘરે બેઠા માય રાશન એપ ઉપરાંત નજીકની મામલતદાર કચેરી/ ઝોનલ કચેરી કે ગ્રામપંચાયતમાં જઈને પણ સત્વરે ઈ-કેવાયસી કરાવી શકે છે. ■

# પીએમ સ્વનિધિ યોજનાના અમલીકરણમાં ગુજરાત અગ્રેસર

## ૪.૭૯ લાખ વિક્રેતાઓને સશક્ત બનાવ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ભારત સરકારના આવાસ અને શહેરી બાબતોના મંત્રાલયની મહત્ત્વની પહેલ- પીએમ સ્વનિધિ યોજનાના અમલીકરણમાં ગુજરાત અગ્રેસર રાજ્ય બન્યું છે. પીએમ સ્વનિધિ યોજનાના અમલીકરણમાં ગુજરાતનું પ્રદર્શન નોંધપાત્ર રહ્યું છે. રાજ્યએ જુલાઈ ૨૦૨૩માં ત્રણ લાખ લોનનો પ્રથમ લક્ષ્યાંક હાંસલ કર્યા બાદ ઑક્ટોબર ૨૦૨૪માં ચાર લાખ લોનનો બીજો લક્ષ્યાંક પાર કરીને આ ઉત્કૃષ્ટ પ્રયાસો માટે રાષ્ટ્રીય સ્તરે બીજું સ્થાન પ્રાપ્ત કર્યું હતું.

ગુજરાતની અસાધારણ પ્રગતિને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકારે નવેમ્બર ૨૦૨૪માં લોનનો લક્ષ્યાંક વધારીને ૫.૨૦ લાખ કર્યો હતો. ગુજરાત આ સંશોધિત લક્ષ્યના ૯૨.૧૪% હાંસલ કરી ચૂક્યું છે અને આ બાબતમાં ચોથા ક્રમે છે. અત્યાર સુધીમાં, કુલ ૪,૭૯,૧૪૧ શેરી વિક્રેતાઓએ કાર્યકારી મૂડી લોન અને જરૂરી માર્ગદર્શન દ્વારા આ યોજનાનો લાભ મેળવ્યો છે, જેથી તેમની આજીવિકાની સાથે આર્થિક સ્થિરતામાં પણ વધારો થયો છે. આ નાણાંકીય સમાવેશ અને શેરી વિક્રેતાઓને સશક્ત બનાવવાની તેની મજબૂત પ્રતિબદ્ધતા દર્શાવે છે.

## શેરી વિક્રેતાઓ માટે ડિજિટલ અને નાણાકીય સમાવેશને પ્રોત્સાહન આપી રહ્યું છે ગુજરાત

ગુજરાતે પીએમ સ્વનિધિ યોજના હેઠળ શેરી વિક્રેતાઓ માટે ડિજિટલ સમાવેશ અને નાણાકીય સાક્ષરતા પર ભાર મૂક્યો છે. રાજ્ય નિયમિતપણે ડિજિટલ સાક્ષરતા શિબિરોનું આયોજન કરે છે, વિક્રેતાઓને રિઅલ-ટાઇમ ચૂકવણી પ્રણાલીઓથી પરિચિત કરાવવા માટે નાના વ્યવહારોનો ઉપયોગ કરે છે, અને વ્યાપક ભાગીદારીને પ્રોત્સાહન આપવા માટે વિતરણ શિબિરોનું આયોજન કરે છે. આ પહેલ સરળ ઓનબોર્ડિંગ અને લાભોની સમયસર પહોંચની ખાતરી આપે છે. આ ઉપરાંત, રાજ્ય સ્તરીય બૅન્કર્સ સમિતિ અને વિવિધ નાણાકીય સંસ્થાઓ સાથેના મજબૂત સહયોગથી ગુજરાતની સફળતાને સમર્થન મળ્યું છે. ઉલ્લેખનીય છે કે, શુક્રવાર અને શનિવારે લોન વિતરણ કરવામાં આવે છે, જે શેરી વિક્રેતાઓ માટે લોનની ઝડપી પહોંચ સુનિશ્ચિત કરે છે. તમામ શહેરી સ્થાનિક સંસ્થાઓમાં ખાસ ઝુંબેશ અને ઓનબોર્ડિંગ પ્રયાસો કોઈ વિક્રેતા પાછળ ન રહે, તેનું વ્યાપક કવરેજ મળે અને સમાવેશ સરળ બને એ સુનિશ્ચિત કરે છે. પરિણામે, અત્યારસુધીમાં વિક્રેતાઓને ડિજિટલ વ્યવહારો દ્વારા કુલ ₹૧૫.૮૭ કરોડનું કેશબેક પણ મળ્યું છે.

## શેરી વિક્રેતાઓનું સશક્તીકરણ: પીએમ સ્વનિધિ હેઠળ સમાવિષ્ટ વિકાસ માટે ગુજરાતનું મૉડેલ

પીએમ સ્વનિધિ યોજના હેઠળ ગુજરાતની અસાધારણ સફળતા એ શેરી વિક્રેતાઓ અને તેમના સશક્તીકરણ પ્રત્યે રાજ્યની અતૂટ પ્રતિબદ્ધતાનો પુરાવો છે. ગુજરાત સરકારે ડિજિટલ સાધનોનો ઉપયોગ કરીને, નાણાકીય સેવાઓની સુલભતામાં સુધારો કરીને અને મહત્ત્વપૂર્ણ સહયોગીઓ સાથે ભાગીદારી કરીને હજારો શેરી વિક્રેતાઓને સફળ થવામાં મદદ કરી છે. રાજ્ય આ પ્રતિબદ્ધતાને આગળ વધારતાં વધુ લોકો સુધી અસરકારક રીતે લાભો પહોંચાડવાનો અને દરેક વિક્રેતાને આર્થિક રીતે સ્થિર બનાવવાનો ઉદ્દેશ્ય ધરાવે છે. આ પ્રયાસો દ્વારા ગુજરાતે રાષ્ટ્રીય સ્તરે ઉદાહરણ સ્થાપિત કર્યું છે કે, રાજ્ય સ્તરના પ્રયાસો કેવી રીતે જીવનમાં પરિવર્તન લાવી શકે છે, સમુદાયોને ટેકો આપી શકે છે અને અર્થતંત્રને પાયાના સ્તરે વેગ આપી શકે છે.

ઉલ્લેખનીય છે કે, કેન્દ્ર સરકાર દ્વારા દેશભરના શેરી વિક્રેતાઓ અને નાના વ્યવસાયોને સશક્ત બનાવવા માટે ૧ જૂન, ૨૦૨૦ના રોજ પીએમ સ્વનિધિ યોજનાની શરૂઆત કરવામાં આવી હતી. જૂન ૨૦૨૫માં આ યોજનાને પાંચ વર્ષ પૂર્ણ થશે. આ પાંચ વર્ષ દરમિયાન ગુજરાતે શેરી વિક્રેતાઓના સશક્તીકરણ અને સમાવિષ્ટ આર્થિક વિકાસનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. ■

# દેશમાં કુલ દૂધ ઉત્પાદનમાં ગુજરાતનો ફાળો ૭.૫ ટકા

## દર વર્ષે ૯.૨૬ ટકાના દરે વધારો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: વૈશ્વિક ખોરાક તરીકે દૂધના મહત્ત્વને ઉજાગર કરવા તેમજ ડેરી ઉદ્યોગને ટેકો આપવાના ઉદ્દેશ્ય સાથે દર વર્ષે ૧લી જૂનને વિશ્વ દૂધ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. ભારતનું દૂધ ઉત્પાદન દર વર્ષે ૫.૭ ટકાના દરે તેજ ગતિએ વધી રહ્યું છે. ભારતની કુલ જીડીપીમાં લગભગ ૪.૫ ટકા જેટલો ફાળો ડેરી ઉદ્યોગ ક્ષેત્રનો છે. ગુજરાત વાર્ષિક ૧૮ મિલિયન ટન દૂધ ઉત્પાદન સાથે ભારતના કુલ દૂધ ઉત્પાદનમાં ૭.૫ ટકા જેટલો ફાળો આપી રહ્યું છે. રાજ્ય સરકારના સફળ પ્રયાસોથી છેલ્લા બે દાયકામાં ગુજરાત દૂધ ઉત્પાદનમાં ૧૧.૮ મિલિયન ટનના અભૂતપૂર્વ વધારા સાથે દેશમાં ચોથા સ્થાને પહોંચ્યું છે. આ બે દાયકા દરમિયાન રાજ્યના દૂધ ઉત્પાદનમાં સરેરાશ ૯.૨૬ ટકાનો વાર્ષિક વધારો નોંધાયો છે. આટલું જ નહિ, ગુજરાતમાં દૂધની માથાદીઠ ઉપલબ્ધતા પણ છેલ્લા એક દાયકામાં ૩૮ ટકા વધીને આજે ૭૦૦ ગ્રામ પ્રતિ દિન થઇ છે. ગુજરાતના મહામૂલા પશુધન માટે હાલ રાજ્યમાં ૯૨૯ પશુ દવાખાના, ૫૫૨ પ્રાથમિક પશુ સારવાર કેન્દ્ર, ૫૮૭ ફરતા પશુ દવાખાના, ૩૪ વિવિધલક્ષી પશુ ચિકિત્સાલય અને ૨૧ પશુ રોગ અન્વેષણ એકમો કાર્યરત છે. આ ઉપરાંત પશુઓને સારવાર-રસીકરણ સહિતની સેવાઓ પૂરી પાડવા માટે ગુજરાતમાં અત્યારે કુલ ૪,૨૭૬ પશુ ચિકિત્સકો (વેટરિનેરિયન) નોંધાયેલા છે. ગુજરાતમાં સારી નસલના પશુઓની સંખ્યા વધારવા માટે રાજ્ય સરકાર દ્વારા પશુપાલકોને નજીવા દરે પશુઓમાં સેક્સ્ડ સીમેન ડોઝ આપવાની સુવિધા પૂરી પાડવામાં આવી રહી છે, જેનો સફળતા દર ૯૦ ટકાથી વધુ છે. એટલે કે, સેક્સ્ડ સીમેન ડોઝ બાદ ૯૦ ટકા પશુઓ વાછરડીને જન્મ આપે છે. આ ઉપરાંત પશુઓમાં થતા આઈવીએફના ખર્ચને પહોંચી વળવા સરકાર દ્વારા પશુપાલકોને સબસિડી આપવામાં આવી રહી છે. ■

# અમદાવાદમાં ગેરકાયદે રહેતી પાકિસ્તાની મહિલા ઝડપાઈ

અમદાવાદ: શહેરમાં મિનિ બાંગ્લાદેશ તરીકે ઓળખાતા ચંડોળા તળાવના ડિમોલિશન વખતે ગેરકાયદે રહેતા ઘણા બાંગ્લાદેશીઓ ઝડપાયા હતા. પરંતુ આ વખતે પાકિસ્તાની મહિલા ઝડપાઈ હતી. શહેરના સરસપુર વિસ્તારમાં આવેલી શારદાબેન હોસ્પિટલમાં મહિલા ગર્ભપાત કરાવવા ગઈ હતી તે સમયે સમગ્ર ઘટનાનો ભાંડો ફૂટ્યો હતો. પોલીસે મહિલા અને તેના પરિવારની પૂછપરછ શરૂ કરી હતી. મળતી વિગત પ્રમાણે, અમદાવાદના સરસપુરની શારદાબેન હોસ્પિટલમાં એક મહિલા ગર્ભપાત માટે આવી હતી. હોસ્પિટલની પ્રોસેસ પૂરી કરવા માટે તેની પાસે ઓળખ પુરાવો માગવામાં આવ્યો હતો. આ સમયે મહિલાએ ઓળખના પુરાવા તરીકે પાસપોર્ટ આપ્યો હતો. જેના કારણે સ્ટાફને થોડી નવાઈ લાગી હતી. પાસપોર્ટ જોતાં મહિલા પાકિસ્તાની હોવાનું અને તેના વિઝા માર્ચ મહિનામાં જ પૂર્ણ થઈ ગયા હોવાનું સામે આવ્યું હતું. પાકિસ્તાની મહિલાને એડમિટ રૂમના બદલે અલગ વોર્ડમાં રાખીને પોલીસને જાણ કરવામાં આવી હતી. મહિલા અને તેનો પરિવાર માર્ચથી ગેરકાયદેસર વસવાટ કરતો હતો. ■

# વડોદરા ભાજપમાં એક જ વોર્ડના સાત કાર્યકર્તાની નિમણૂકથી વિવાદની શક્યતા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: વડોદરામાં ભાજપની વોર્ડ કક્ષાની આંતરિક જૂથબંધી સામે આવી હતી. વોર્ડ સમિતિમાં એક જ વિસ્તારમાં ૭ કાર્યકર્તાની નિમણૂક કરવામાં આવતા વિવાદ વકરે તેવી શક્યતા છે. આ ઉપરાંત જે કાર્યકર્તા સામે પોલીસ ફરિયાદ થઈ છે તેવા કાર્યકર્તાની નિમણૂક કરવામાં આવી છે. તેમજ જ્યાં કોંગ્રેસનું વર્ચસ્વ છે ત્યાં ભાજપના એક પણ કાર્યકર્તાનો વોર્ડ સમિતિમાં સમાવેશ ન કરવામાં આવતો આ મુદ્દો સમગ્ર શહેરમાં ચર્ચાનો વિષય બન્યો હતો.

મળતી વિગત પ્રમાણે, વોર્ડ નંબર-૧માં છેલ્લા ત્રણ ચાર ટર્મથી કોંગ્રેસના ઉમેદવારોની પેનલ આવે છે. તેમાં કેટલાક વિસ્તારો કોંગ્રેસ તરફી મતદાન કરે છે. અગાઉ ભાજપની વોર્ડ કક્ષાની આંતરિક જૂથબંધીને કારણે ભાજપના ઉમેદવારને બહારથી મૂકવામાં આવતા કોર્પોરેશનની ચૂંટણીમાં વિરુદ્ધમાં કામગીરી કરી હરાવ્યા હતા. તે જ રીતે કોર્પોરેશનની ગત ચૂંટણીમાં પણ પૂર્વ સ્થાયી સમિતિ અધ્યક્ષને પણ ભાજપના જ કાર્યકર્તાઓએ હરાવ્યા હતા. જે અંગે પૂર્વ અધ્યક્ષે પક્ષના પ્રમુખને લેખિતમાં જાણ કરી હતી. છતાં આજદિન સુધી કોઇ પગલાં ભરાયાં નથી.

ભાજપના મહિલા કાર્યકર્તાને બે વખત ટિકીટ આપી હતી અને તેઓ હારી ગયાં છતાં તેમના પરિવારમાંથી વોર્ડ સમિતિમાં નિમણૂક આપવામાં આવી છે. તાજેતરમાં વોર્ડ નંબર-૨ થી ૧૯ની રચના થઇ તેમાં વોર્ડ નંબર-૧ બાકાત રાખવામાં આવ્યો હતો અને નવા શહેર પ્રમુખે કાર્યકર્તાઓની યાદી તૈયાર કરી હતી. તેમાંથી કેટલાક કાર્યકર્તાઓને ફોન કરી તમને મળવા આવીશ તેવી ખાતરી આપી હતી, પરંતુ આજદિન સુધી તે કાર્યકર્તાઓને મળવા ગયા નહીં. એટલું જ નહીં નવા પ્રમુખે તેઓને હોદ્દો નહીં આપી અન્યાય કર્યો હોવાનું કાર્યકર્તાઓમાં ચર્ચાઇ રહ્યું છે. ■

# ભરૂચ જિલ્લામાં ૭.30 કરોડના મનરેગા કૌભાંડની ફરિયાદ નોંધાઈ

અમદાવાદ: દાહોદ બાદ ભરૂચ જિલ્લામાં પણ મનરેગા કૌભાંડ સામે આવ્યું હતું. જિલ્લાના ૫૬ ગામોમાં ૭.૩૦ કરોડનો ભ્રષ્ટાચાર થયો હોવાની પોલીસ ફરિયાદ નોંધાઈ હતી. ભરૂચ ખાતે મદદનીશ પ્રાયોજના અધિકારી તરીકે ફરજ બજાવતા પ્રતિક ઉદેસિંહ ચૌધરીએ મનરેગા યોજનામાં આમોદ, જંબુસર, હાંસોટમાં કરોડોનું કૌભાંડ થયું હોવાની ફરિયાદ નોંધાવી હતી. જેમાં જલારામ એન્ટરપ્રાઈઝ એજન્સી (પિયુષભાઇ નુકાણી), મુરલીધર એન્ટરપ્રાઈઝ (જોધાભાઇ સભાડ) અને કરાર આધારિત આઉટસોર્સ કર્મચારી સામે ફરિયાદ નોંધાઈ છે. જેમાં ભ્રષ્ટાચાર કરવા માટે ૬૦- ૪૦નો રેશિયો તોડીને મટીરિયલની ખરીદી કરવામાં આવી હતી. સરકારી એસઓપી અને ક્રાઇટ એરિયા મુજબ કામ થયું અને કામ પૈસા ચૂકવી દીધા હોવાનું તેમજ વધારે મટિરિયલ બતાવીને તેના ખોટાં બિલ બનાવવામાં આવ્યા હોવાનો ફરિયાદમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. મુરલી એન્ટરપ્રાઇઝને ૧૩,૦૫,૬૭૬ તથા જલારામ એન્ટરપ્રાઇઝને ૬,૫૮,૮૯૮ એમ કુલ ૧૯,૬૪,૫૭૪ લાખ રૂપિયા ચૂકવવામાં આવ્યા હોવાનો ફરિયાદમાં ઉલ્લેખ છે. તેમજ ભરૂચ જિલ્લાના ૫૬ ગામોમાં અંદાજે ૭,૩૦,૦૦,૦૦૦ કરોડની નાણાકીય ગેરરિતિ આચરવામાં આવી હોવાનો ફરિયાદમાં ઉલ્લેખ છે. ■

## ગુજરાત હાઇ કોર્ટ

# પાંચ વર્ષથી નાના બાળકની કસ્ટડી માતા સિવાય કોઈને નહીં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત હાઈ કોર્ટે મહત્ત્વનો ચુકાદો આપ્યો હતો. કોર્ટે કહ્યું, વાજબી કારણો સિવાય પાંચ વર્ષથી નાના બાળકની કસ્ટડી માતા સિવાય કોઈને આપી ન શકાય. દાંપત્યજીવનના ડખામાં એક મહિનાથી લાપતા બનેલી પત્ની અને પુત્રીનો કબ્જો મેળવવા અરજદાર પતિએ ગુજરાત હાઈ કોર્ટ સમક્ષ કરેલી હેબિયર્સ કોપર્સ અરજીની સુનાવણીમાં પોલીસે પુત્રી અને પત્નીને કોર્ટ સમક્ષ હાજર કર્યા હતા.

પુત્રીની ઉંમર પાંચ વર્ષથી ઓછી હોવાથી ન્યાયાધીશે જણાવ્યું કે, જ્યાં સુધી પૂરતા કે વાજબી કારણો ન હોય ત્યાં સુધી બાળકીની કસ્ટડી માતા સિવાય અન્ય કોઈને આપી શકાય નહીં. આમ ઠરાવી હાઇ કોર્ટે બાળકીની કસ્ટડી માતા પાસે જ રહેવા દીધી હતી.

હાઇ કોર્ટે વધુમાં જણાવ્યું હતું કે, આ કેસમાં બાળકીની ઉંમર ત્રણ વર્ષની છે અને તેથી કોર્ટ માટે બાળકના કલ્યાણને જ પ્રાધાન્યતા આપવાનું હોય છે. કોર્ટનો અભિપ્રાય છે કે, આ ઉંમરમાં તેની માતા જ તેની પૂરતી કાળજી લઇ શકે તેમ છે, તેથી અરજદાર પિતાને પુત્રીની કસ્ટડી સોંપવાની માગણી હાલના તબક્કે સ્વીકારી શકાય તેમ નથી.

હાઇ કોર્ટે પત્નીની ઇચ્છા અને બાળકીની ઉંમર જાણ્યા બાદ જણાવ્યું હતું કે, કાયદાના સિદ્ધાંતો મુજબ, જ્યાં સુધી કોઇ વાજબી કે પૂરતા કારણો ના હોય તેમજ પાંચ વર્ષથી નાની ઉંમરનું સંતાન હોય તો તેની કસ્ટડી માતા સિવાય અન્ય કોઇને સોંપી શકાતી નથી. કારણ કે, માતા જ તેનો સારી રીતે ઉછેર કરી શકે છે. આ કિસ્સામાં પણ બાળકીની ઉંમર ત્રણ વર્ષની એટલે કે પાંચ વર્ષની નાની છે, તેથી તેની માતા જ પૂરતી કાળજી લઇ શકે એમ હોઈ પુત્રીની કસ્ટડી માતાને સોંપવામાં આવે છે. ■

# ચિલોડામાંથી ₹ ૨.૩૮ કરોડના ગાંજા સાથે મુંબઈનું દંપતી ઝડપાયું

અમદાવાદ: ગાંધીનગરના ચિલોડા ખાતે દિલ્હીથી બેંગ્લૂરુ લઈ જવામાં આવતો ૨.૩૮ કરોડના ગાંજા સાથે મુંબઈના દંપતીની ધરપકડ કરવામાં આવી હતી. પોલીસના જણાવ્યા મુજબ, ચિલોડા પોલીસ સ્ટેશન દ્વારા અમદાવાદ હિંમતનગર હાઈ વે પર એક બસનું ચેકિંગ કરવામાં આવ્યું હતું. જેમાં લક્ઝરી બસમાં પાછળ બેઠેલ એક દંપતીની બેગમાંથી હાઈબ્રીડ ગાંજો મળી આવ્યો હતો, જેની કિંમત ₹૨.૩૮ કરોડ હોવાની માહિતી મળી છે. આ કેસમાં એક મહિલા સહિત બે આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી. તેઓ બેંગ્લુરુમાં ગાંજાની ડિલિવરી કરવાના હતા. પોલીસ દ્વારા ચંદ્રાલા નાકા પોઇન્ટ ખાતે વાહન ચેકિંગ દરમિયાન એક લક્ઝરી બસને તપાસ અર્થે રોકવામાં આવી હતી. પોલીસ દ્વારા લક્ઝરી બસનું ચેકીગ કરતા લક્ઝરી બસની છેલ્લી સીટમાં એક ઇસમ તથા એક મહિલા બેઠા હતા. તેમની પૂછપરછ કરતાં પતિ- પત્નિ હોવાનું જણાવ્યું હતું. જેઓની પાસેના થેલાઓ ચેક કરતાં કાળા જેવા કલરના થેલાની અંદર કાળા તથા પારદર્શક પ્લાસ્ટિકની બેગો મળી આવી હતી. જેની અંદર હાઈબ્રીડ ગાંજો મળી આવ્યો હતો. પોલીસે ગાંજો, બે મોબાઇલ ફોન, રોકડા ૪૩૦ તથા ફ્લાઇટની બે ટિકિટ મળી કુલ રૂપિયા ૨,૩૭,૪૦,૪૩૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. ■

# વલસાડના જંગલમાં બે સગીર બહેનપણીની ઝાડ પર લટકતી લાશ મળતાં ચકચાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: વલસાડ જિલ્લાના કપરાડા તાલુકાના છેવાડે આવેલા વરણા ગામના જંગલમાં બે સગીર બહેનપણીના એક સાથે ગળાફાંસો ખાઈ લેતા મૃતદેહ મળતા ચકચાર મચી ગઈ હતી. એક સાથે બે લાશ લટકતી હોવાના વાત વાયુવેગે ફેલાતાં જંગલની તળેટીમાં મોટા પ્રમાણમાં ગામ લોકો એકત્ર થયા હતા.

જંગલ વિસ્તારમાં ગામના કેટલાક યુવાનો પશુ ચરાવવા આવ્યા હતા. તેમણે સૌ પહેલા આ નજારો જોયો હતો. તાત્કાલિક ગામના સરપંચને જાણ કરવામાં આવી હતી અને ગામના સરપંચે તાત્કાલિક કપરાડા પોલીસને જાણ કરી હતી. કપરાડા પોલીસ પણ ઘટનાની ગંભીરતાને લઈને અંતરિયાળ વિસ્તારમાં આવેલા આ સ્થળ પર પહોંચી ગઈ હતી અને તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો.

પોલીસે જણાવ્યું કે, પ્રાથમિક તપાસમાં બંને સગીરાઓ બહેનપણી હોવાનું સામે આવ્યું હતું. સૌ પહેલા તેમની ઓળખ વિધિ કરવી ખૂબ જરૂરી હતી. તેમના શરીર પર કેટલાક ટેટુ ચીતરેલા હતા, જેના પરથી પોલીસે તપાસ શરૂ કરી હતી. બંનેની ઓળખ થતા જ પોલીસે બંને મૃતક યુવતીઓના પરિવારજનોને જાણ કરી હતી. સ્થાનિક લોકોની હાજરીમાં બંનેના મુદ્દે નીચે ઉતારી મૃતદેહનો કબજો લઈ પોસ્ટમોર્ટમ કરાવવા સહિતની કાર્યવાહી હાથ ધરી હતી.

જંગલ વિસ્તારના ઝાડની ડાળીએ એક જ દોરીથી બંને યુવતીઓ એકસાથે ગળે ફાંસો ખાધેલી હાલતમાં મળી આવતા અનેક તર્ક વિતર્ક શરૂ થયા હતા. પોલીસે આ મામલે મૃતકના પરિવારજનો અને સાથે કામ કરતા અન્ય સહકર્મીઓની સાથે આસપાસના લોકોની પણ પૂછપરછ હાથ ધરી બંનેના મોતનું સાચું કારણ જાણવા તપાસ શરૂ કરી હતી. ■

# સુરતમાં પોલીસે ૭૦થી વધુ અસામાજિક તત્ત્વોને કડક સૂચના આપી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સુરતમાં વધી રહેલી ગુનાખોરીને લઈ પોલીસે ૭૦થી વધારે અસામાજિક તત્ત્વોને રૂબરૂ બોલાવી તેમની જ ભાષામાં સમજાવ્યા હતા. ઘરફોડ ચોરી તથા મિલકત સંબંધિત ગુનાઓમાં સંડોવાયેલા અને હાલમાં જામીન પર છે તેવા ૭૩ અસામાજિક તત્ત્વોને બોલાવીને કડક ચેતવણી આપી હતી કે, જો ભવિષ્યમાં કોઈ ગુનામાં પકડાશો તો તડીપાર કે પાસા હેઠળની કાર્યવાહી કરાશે. આ અગાઉ પણ સુરત પોલીસ દ્વારા આવાં અસામાજિક તત્ત્વો સામે આ રીતે કાર્યવાહી કરવામાં આવી હતી. ભવિષ્યમાં પણ આવાં પગલાં સતત લેવામાં આવશે તેમ પોલીસે જણાવ્યું હતું. ■

# ભાવનગરના નેસડા ગામમાં શ્રમિક દંપતીની કુહાડીના ઘા ઝીંકી હત્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: ભાવનગર જિલ્લાના સિહોર તાલુકાના નેસડા ગામમાં કનીવાવ રોડ પર આવેલ ખીજડાવાળી વાડીમાં ઝઘડો કરતા દંપતીને ઝઘડો ન કરવા સમજાવવા ગયેલા યુવાન સાથે પણ દંપતીએ ઝઘડો કર્યો હતો. ઉશ્કેરાઈ ગયેલા શ્રમિક યુવાને કુહાડીના ઘા ઝીંકી પતિ પત્નીની હત્યા કરી ફરાર થઈ ગયો હતો. આ બનાવ અંગે સિહોર પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. બેવડી હત્યા અંગે મળતી વિગત મુજબ સિહોર તાલુકાના નેસડા ગામમાં રહેતા વિજયભાઈ ઉર્ફે લાલાભાઈ વાઘાભાઈ ખમળની વાડી ગામની કનીવાવ રોડ પર આવેલી છે. ખીજડાવાળી વાડીમાં ખેતીકામ અને ઇંટના ભઠ્ઠાના કામ માટે મજૂરો માટે વાડીમાં આઠ ઓરડીઓ પણ બનાવી હતી. ગુરુવારે રાત્રે સાત નંબરની ઓરડીમાં રહેતા શ્રમિક રામુભાઇ નટુભાઈ હળપતિ તેમની સાથે રહેતા અને પત્ની લક્ષ્મીબેન ( મૂળ રહે.બન્ને નવસારી ) વચ્ચે ઝઘડો કરતા હોવાથી બાજુની ઓરડીમાં રહેતા અમિતભાઈ નાયકા ( રહે.મૂળ નવસારી ) એ ઝઘડો કરવાની ના કહેતા રામુભાઈ ઉશ્કેરાઈ ગયા હતા. પતિ પત્નીના ઝઘડામાં વચ્ચે પડતા સામસામે બોલાચાલીમાં અમિતભાઈ ઉશ્કેરાઈ ગયા હતા અને ઓરડી પાસે પડેલ કુહાડી લઈને રામુભાઈના ગળાના ભાગે કુહાડીનો એક ઘા ઝીંકી દેતા રામુભાઇ ઢળી પડ્યા હતા,દરમિયાન લક્ષ્મીબેન વચ્ચે પડતા અમિતે લક્ષ્મીબેનને પણ ગળાના ભાગે કુહાડીનો એક ઘા ઝીંકી દેતા તેઓ પણ નીચે પડી ગયા હતા. દંપતનાં ઘટનાસ્થળ પર જ મોત થયાં હતાં.આ ઘટનાની જાણ થતા વાડીના માલિક વિજયભાઈ વાડીએ દોડી આવ્યા હતા અને ૧૦૮ એમ્બ્યુલન્સ તેમજ પોલીસને જાણ કરી હતી.સિહોર પોલીસે ઘટનાસ્થળે પહોંચી કાર્યવાહી કરી બંનેના મૃતદેહને સિહોરના સરકારી દવાખાને ખસેડાયા હતા. આ બનાવ અંગે વાડી માલિક વિજયભાઈ ઉર્ફે લાલાભાઈ ખમળે દંપતીની હત્યા કરી ફરાર થઈ ગયેલ અમિત નાયકા વિરુદ્ધ સિહોર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. ■

# સંસ્થા સમાચાર

## અમદાવાદમાં નવનિર્મિત ધર્મનાથ જૈન ઉપાશ્રયે ધીરગુરુદેવનો ૨૨ જૂનના ચાતુર્માસ પ્રવેશ અને ઉદ્‌ઘાટન સમારોહ




શ્રી કાઠિયાવાડ સ્થાનકવાસી જૈન સમાજ - અમદાવાદની સ્થાપના ૨૦૧૦માં ગોંડલ સંપ્રદાયના ગાદીપતિ પૂ. ગિરીશચંદ્રજી મ.સા.ની પ્રેરણાથી કરાયા બાદ તેઓશ્રીની ભાવનાનુસાર બિનસાંપ્રદાયિક ધર્મસ્થાનક બને તે માટે શતાધિક ઉપાશ્રય નિર્માણ પ્રણેતા પૂ.શ્રી ધીરગુરુદેવની નિશ્રામાં તા. ૩૧-૩-૨૦૧૯ના શિલારોપણ વિધિ (દિનેશ હોલ) પ્રસંગે માતબર અનુદાન પ્રાપ્ત થયા બાદ બોપલમાં આશરે ૯૭૦ વાર જમીન સંપાદન કરવામાં આવેલ.

૬ મંજિલા નિર્માણમાં સહુ પ્રથમ વીણાબેન ભૂપતલાલ ખેતાણી - ધર્મનાથ ઉપાશ્રયમાં માતબર દાન મનીષા દિનેશ ખેતાણી તરફથી ઘોષિત થયા બાદ ધર્મ સંકુલ નામકરણમાં તા. ૮-૮-૨૧ના લાભુબેન હિંમતલાલ કપાસી હ. વિનુભાઈ કપાસી (આફ્રિકા) તરફથી રાજકોટ ખાતે મોટી રકમ જાહેર કરાતાં ઉમંગ છવાયો હતો. ત્યારબાદ મેડિકલ સેન્ટર નામકરણમાં કુમુદબેન ન્યાલચંદ વોરા હ. જગદીશ વોરા તરફથી સંપૂર્ણ સેન્ટરનો લાભ જાહેર કરાતાં તા. ૫-૨-૨૩ના નામકરણવિધિ સંપન્ન થયેલ.

નવ્ય સંકુલમાં ગ્રાઉન્ડ ફ્લોરમાં વૈયાવચ્ચ ગૃહ, પ્રથમ માળે ઉપાશ્રય, બીજા માળે આયંબિલ ભવન, ત્રીજા માળે વિવિધલક્ષી હોલ, ચોથા માળે મેડિકલ સેન્ટર, પાંચમા માળે જૈન સેન્ટર હોલ, છઠ્ઠા માળે અતિથિ ભવનમાં ૯ એસી રૂમની સુવિધા છે.

આગામી ૨૨ જૂનના રવિવારે કાઠિયાવાડ ભવનની ઉદ્‌ઘાટનવિધિ અને પૂ.શ્રી ધીરગુરુદેવનો પ્રથમ ચાતુર્માસ પ્રવેશ સમારોહ સવારે ૯થી ૧૨ કલાકે યોજાશે. આ પ્રસંગે ગોંડલ, બોટાદ, ગોપાલ, અજરામર વગેરે સંપ્રદાયના સાધુ-સાધ્વીજી બિરાજશે. અમદાવાદમાં આવું નવ્ય-દિવ્ય ધર્મસંકુલ નજરાણું બનવા પામ્યું છે જે આંબલી-બોપલ ક્રોસ રોડ, વકીલ સાહેબ બ્રીજ પાસે, શિવાલિક સત્યમેવ પાછળ, અમદાવાદ-૫૮ ખાતે છે.

# દેવનારના કચરાનો નિકાલ કરવો એ કૉન્ટ્રેક્ટર માટે પણ માથાનો દુખાવો

## પાલિકા બિડ લંબાવે એવી શકયતા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: દેવનાર ડમ્પિંગ ગ્રાઉન્ડમાં વર્ષોથી જમા થયેલા કચરાનો નિકાલ કરવો કૉન્ટ્રેક્રો માટે પણ માથાનો દુખાવો સાબિત થવાનો છે. પાલિકાએ બહાર પાડેલા ટેન્ડર માટે અનેક બિડરો આગળ આવ્યા છે પણ ઓછા સમયમાં કચરાના ઢગલાનો નિકાલ કરવામાં અનેક અડચણોને આવવાની હોવાથી બીડ કરનારા કૉન્ટ્રેક્ટરોને પાલિકા સમક્ષ અનેક સવાલો ઉપસ્થિત કર્યા છે. તેથી પાલિકા હવે બિડ સબમિટ કરવાની અંતિમ તારીખ લંબાવે એવી શક્યતા છે.

દેવનાર ડમ્પિંગ ગ્રાઉન્ડના કચરા નિકાલ માટે પાલિકાએ ૨૩મેના ૨,૩૬૮ કરોડ રૂપિયાના ટેન્ડર માટે યોજેલી પ્રી-બિડ મીટિંગમાં લગભગ ૨૧ કંપનીઓ અને કન્સલન્ટ દ્વારા ભાગ લેવામાં આવ્યો હતો.

બિડ પહેલાની બેઠક દરમ્યાન સંભવિત બિડરોએ અનેક ચિંતાઓ વ્યક્ત કરી હતી, જેમાં મુખ્યત્વે તેમને પ્રક્રિયા કરેલા કચરાને જમા કરવા માટે વધારાની જમીન ઉપલબ્ધ થવા બાબતે ચિંતા થઈ રહી છે. અનેક બિડરોએ ત્રણ વર્ષની સમયમર્યાદામાં આટલો મોટો કચરાનો જથ્થો સાફ કરવું પ્રત્યક્ષ રીતે શક્ય ન હોવાની રજૂઆત પણ કરી હોવાનું કહેવાય છે. તેમ જ રાજ્ય સરકાર પાસેથી પર્યાવરણીય મંજૂરીઓ અને કોસ્ટર રેગ્યુલેશન ઝોનની મંજૂરીઓ મેળવવા માટેની પ્રક્રિયાઓ બાબતે પણ બિડરોને સ્પષ્ટતા માગી હતી.

આ પ્રોજેક્ટમાં રહેલી જટિલતાને ધ્યાનમાં રાખીને બિડરોએ ટેન્ડરના દસ્તાવેજોનો સંપૂર્ણ અભ્યાસ કરવા માટે વધારાનો સમય પણ માંગ્યો છે. બીડ સબમીટ કરવા માટે ૩ જૂનની મુદત છે, પણ તે હવે લંબાવવામાં આવે એવી શક્યતા હોવાનું પાલિકાના ઉચ્ચ અધિકારીએ જણાવ્યું હતું.

મુંબઈના સૌથી જૂના અને સૌથી મોટા ડમ્પિંગ ગ્રાઉન્ડમાનું એક દેવનાર ડમ્પિંગ ગ્રાઉન્ડ ૧૯૨૭થી કાર્યરત છે અને કચરાના ઢગલાથી ભરેલું છે. ૧૨૦ હેકટરમાં ફેલાયેલા ડમ્પિંગની જમીનમાં રહેલા કચરાને હટાવવામાં અનેક પર્યાવરણીય પડકારો છે. પાલિકાએ ૧૪ મેના રોજ દેવનાર ખાતે કચરાના કિનાલ માટે ટેન્ડર બહાર પાડયું હતું. આ યોજનામાં લગભગ ૧૮૫ લાખ ટન કચરો સાફ કરવાનો છે, જેમાં દરરોજ ૨,૩૦૦ ટન કચરો દૂર કરવા માટે ૧,૨૦૦ વાહનોનો ઉપયોગ કરવામાં આવવાનો છે. આ પ્રોજેક્ટ ત્રણ વર્ષમાં પૂરો કરવાની સમયમર્યાદા છે.

# બદનક્ષી કેસઃ કોર્ટે રાહુલની સાવરકરના પૌત્ર-ભત્રીજા વિશે માહિતી માગતી અરજી ફગાવી

પુણેઃ પુણેની એક કોર્ટે શનિવારે રાહુલ ગાંધીની હિન્દુત્વ વિચારધારા ધરાવતા વી.ડી. સાવરકરના પૌત્ર-ભત્રીજા સત્યકી સાવરકર સામે કથિત વાંધાજનક ટિપ્પણી કરવા બદલ કોંગ્રેસ નેતા વિરુદ્ધ દાખલ કરાયેલી બદનક્ષીની ફરિયાદ પર તેમના માતૃત્વ વંશની વિગતો માંગતી અરજીને ફગાવી દીધી હતી.

ન્યાયિક મેજિસ્ટ્રેટ (પ્રથમ વર્ગ) અમોલ શિંદેએ અરજી ફગાવી દીધી, અને અવલોકન કર્યું કે આ કેસ લંડનમાં ગાંધીજી દ્વારા કરવામાં આવેલા કથિત બદનક્ષીભર્યા ભાષણ સાથે સંબંધિત છે અને સત્યકી સાવરકરની માતા સ્વર્ગસ્થ હિમાની અશોક સાવરકરના વંશાવળી સાથે સંબંધિત નથી.

હિમાની સાવરકર મહાત્મા ગાંધીના હત્યારા નાથુરામ ગોડસેના નાના ભાઈ ગોપાલ વિનાયક ગોડસેની પુત્રી હતી.

ગાંધીએ તેમના વકીલ મિલિંદ પવાર દ્વારા રજૂઆત કરી હતી કે ફરિયાદ દાખલ કરતી વખતે ફરિયાદીએ તેમના પિતૃ વંશની વિગતો આપી હતી, પરંતુ તેમના માતૃત્વ વંશનો ખુલાસો કરવામાં આવ્યો ન હતો. બચાવ પક્ષે દલીલ કરી હતી કે આ માહિતી સુનાવણી માટે મહત્વપૂર્ણ છે.

આ કેસ સ્વર્ગસ્થ હિમાની અશોક સાવરકરના વંશાવળી સાથે સંબંધિત નથી કે તેના પર વિવાદિત નથી. તેથી, આ કોર્ટને આરોપીની અરજીમાં કોઈ યોગ્યતા જણાતી નથી. આ મામલાને વધુ તપાસ માટે મોકલવાની પણ કોઈ જરૂર નથી, કોર્ટે તેના આદેશમાં જણાવ્યું હતું.

# બે સગીરાને દેહવ્યાપારમાં ધકેલવા બદલ મહિલાને ૧૪ વર્ષની જેલ

થાણેઃ થાણેની વિશેષ અદાલતે બે સગીરાને દેહવ્યાપારમાં ધકેલવા બદલ ૪૦ વર્ષની મહિલાને ૧૪ વર્ષની સખત કેદ ફટકારી હતી.

વિશેષ પોક્સો એક્ટ જજ ડી.એસ.એ. દેશમુખે ૩૦ મેના રોજ આપેલા આદેશમાં મહિલાને સજા ઉપરાંત ૧૪ હજાર રૂપિયાનો દંડ પણ ફટકાર્યો હતો.

વિશેષ સરકારી વકીલ રેખા હિવરાળેએ જણાવ્યું હતું કે કેસની સુનાવણી દરમિયાન સાત સાક્ષીની જુબાની નોંધવામાં આવી હતી.

ગોરેગામ વિસ્તારમાં રહેતી મહિલાને ૫ એપ્રિલ, ૨૦૨૧ના રોજ થાણેના વાગલે એસ્ટેટ વિસ્તારમાં પાસપોર્ટ ઓફિસ નજીક હોટેલમાંથી બે સગીરા સાથે તાબામાં લેવાઇ હતી.

કોર્ટને જણાવવામાં આવ્યું હતું કે મહિલાની પુત્રી અને એક સગીરા બંને બહેનપણી હતી. ગરીબ પરિવારમાંથી આવતી સગીરાને મહિલાએ કહ્યું હતું કે દેહવ્યાપાર દ્વારા તેને સારા પૈસા મળશે. બાદમાં મહિલા તેને ગ્રાહકો પાસે મોકલવા લાગી હતી. બીજી સગીરાએ આ વાતને સમર્થન આપ્યું હતું.

ગુનાની ગંભીરતાને ધ્યાનમાં લેતાં જજે જણાવ્યું હતું કે આ આરોપી પ્રત્યે દયા દાખવવાનો કેસ નથી. કોર્ટે બાદમાં આરોપીને ૧૪ વર્ષની સજા ફટકારી હતી. (પીટીઆઇ)

# પુણેમાં શિવસૃષ્ટિ સાઇનબોર્ડ પર લઘુશંકાઃ પ્રૌઢ વિરુદ્ધ ગુનો

પુણેઃ પુણેના આંબેગાવ બુદ્રુક ખાતે છત્રપતિ શિવાજી મહારાજને સમર્પિત શિવસૃષ્ટિ થીમ પાર્કના પ્રવેશદ્વાર પર ગોઠવવામાં આવેલા સાઇનબોર્ડ પર લઘુશંકા કરવા બદલ ૫૯ વર્ષના પ્રૌઢ વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

નવનાથ અમરાળેની ફરિયાદને આધારે ભારતી વિદ્યાપીઠ પોલીસે અમોલ અરુણ કુલકર્ણી (૫૯) વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો.

ફરિયાદી શનિવારે મળસકે તેના મિત્ર સાથે ઘરે પાછો જઇ રહ્યો હતો ત્યારે તેણે એક શખસને શિવસૃષ્ટિના પ્રવેશદ્વાર પર ગોઠવાયેલા સાઇનબોર્ડ પર લઘુશંકા કરતા જોયો હતો. તેણે આ વિશે શખસને પૂછતાં તેણે તોછડાઇથી કહ્યું હતું કે તને જે કાંઇ કરવું હોય તે કરી લે. એ શખસની પત્ની પણ ઘટનાસ્થળે હાજર હતી, એવું ફરિયાદમાં જણાવાયું હતું.

દરમિયાન ફરિયાદી તથા અન્યો કુલકર્ણીને પોલીસ સ્ટેશનમાં લઇ આવ્યા હતા, જ્યાં મરાઠા સંગઠનના કાર્યકરો પણ આવી પહોંચ્યા હતા અને આરોપી સામે પગલાં લેવાની માગણી તેમણે કરી હતી.

કુલકર્ણી અને તેની પત્ની વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૨૯૯ (ધાર્મિક લાગણી દુભવતું કૃત્ય) અને ૩ (૫) (સમાન હેતુ) હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો. (પીટીઆઇ)

# મિત્રોના ફોટો પાડવા ગયેલા યુવકનું જુહુના દરિયામાં ડૂબીને મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મિત્રો સાથે જુહુ ચોપાટી ફરવા ગયેલા ૨૦વર્ષ ના યુવકનું ફોટો પાડવા દરમિયાન દરિયા માં પડીને ડુબી જવાંથી મૃત્યુ થયું હતુ.

ફાયર બ્રિગેડના જણાવ્યા મુજબ શનિવારે રાતના લગભગ ૮.૦વાગ્યાં ની આસપાસ જુહુ જેટી, જુહુ કોલીવાડા પાસે આ બનાવ બન્યો હતો, જેમાં મિત્રોના ફોટા લેતી વખતે યુવક દરિયામાં પડી ગયો, જેને લાઇફગાર્ડ્સ દ્વારા બચાવી લેવામાં આવ્યો અને કૂપર હોસ્પિટલમાં મોકલવામાં આવ્યો, જ્યાં ૩૦ વર્ષના અર્જુન રાજપૂતને કૂપર હોસ્પિટલ દ્વારા મૃત જાહેર કરવામાં આવ્યો હતો.

# અકસ્માતમાં પગ ગુમાવનારને ૫૮.૨૬ લાખનું વળતર

થાણેઃ ચાર વર્ષ પૂર્વે અકસ્માત બાદ પગ ગુમાવનારા ભૂતપૂર્વ અકાઉન્ટન્ટને મોટર એક્સિડન્ટ ક્લેઇમ્સ ટ્રિબ્યુનલે (એમએસીટી) ૫૮.૨૬ લાખ રૂપિયાનું વળતર ચૂકવવાનો આદેશ આપ્યો છે. ટ્રિબ્યુનલના અધ્યક્ષસ્થાને એસ. એન. શાહ હતા અને તેમણે ૨૩ મેના રોજ આ આદેશ આપ્યો હતો.

૨૪ ફેબ્રુઆરી, ૨૦૨૧ના રોજ મુંબઈમાં અરવિંદ ભીખાલાલ પરમાર ટૂ-વ્હીલર પર જઇ રહ્યો હતો ત્યારે બેસ્ટની બસે તેને અડફેટમાં લીધો હતો, જેને તેને ગંભીર ઇજા થઇ હતી.

પરમારને સારવાર માટે હોસ્પિટલમાં લઇ જવામાં આવ્યો હતો, જ્યાં ડોક્ટરોએ તપાસ્યા બાદ તેનો ડાબો પગ કાપવો પડશે, એવી સલાહ આપી હતી. બાદમાં પરિવારજનોની પરવાનગીથી તેનો પગ કાપી નાખવામાં આવ્યો હતો.

પરમાર વતી હાજર રહેલા વકીલ એ.આર. યાદવે ટ્રિબ્યુનલને કહ્યું હતું કે તેનો અસીલ અકસ્માત પૂર્વે માસિક પચીસ હજાર રૂપિયા કમાતો હતો. જોકે અકસ્માત બાદ તેને ૮૦ ટકા અપંગત્વ આવ્યું છે, જેને કારણે હવે તે કામ કરી શકે એવી સ્થિતિમાં નથી. (પીટીઆઇ)

# હિન્દુ મરણ

**મોચી**

ગામ જેતપુર હાલ બોરીવલી નિવાસી નારાયણભાઇ મૂળજીભાઇ ચૌહાણ (ઉં. વ. ૮૫) તા. ૩૦-૫-૨૫ શુક્રવારના શ્રીજીચરણ પામ્યા છે. તે પ્રભાબહેન ચૌહાણના પતિ. કેતન, બીનાના પિતા. છાયા તથા ભરતભાઇના સસરા. દિશા, નિધિના દાદા સસરા. શ્રેયા, કેયુર, કુણાલના દાદા. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

સ્વ. નર્મદાબેન દામજી કતિરાના પુત્ર વિનોદ દામજી કતિરા (ઉં. વ. ૭૧) કચ્છ ગામ રામપર-નેત્રા હાલ મુંબઇ-મુલુંડ તે ઉષાબેનના પતિ. મિતેશ અને દિપેશના પિતાશ્રી. સ્વ. યોગેશભાઇ તથા ગં. સ્વ. કુસુમબેન જયંતિલાલ ઠક્કરના ભાઇ. સ્વ. હરિરામ પ્રેમજી ચંદન (નેત્રા)ના જમાઇ. અર્ચના તથા જાહ્નવીના સસરા તે શુક્રવાર, તા. ૩૦-૫-૨૫ના રામશરણ પામ્યા છે. પ્રાર્થનાસભા રવિવાર, તા. ૧-૬-૨૫ના સાંજે ૫થી ૭, કાલિદાસ બેન્કવેટ હોલ ખાતે રાખવામાં આવેલ છે. ઠે. કાલિદાસ બેન્કવેટ હોલ, પુરુષોતમ ખેરાજ રોડ, મુલુંડ (પશ્ચિમ).

**કચ્છી લોહાણા**

ગામ લોડાઇ હાલ મુલુંડ સ્થિત ગં. સ્વ. મીનાબેન (હીરાબેન) અને સ્વ. મોહનલાલ મુરજી ગોપાલજી પોપટના પુત્ર બીપીન (ઉં. વ. ૫૬) તા. ૨૯-૫-૨૫ને ગુરુવારના શ્રીજીચરણ પામેલ છે. તે શ્વેતાબેન જીજ્ઞેશભાઇ, ઠક્કર (અમરાવતી), મીતેશ, યોગેશ, મહેન્દ્ર ઓધવજી, ગીરીશ ઓધવજી, સ્વ. જયોતિબેન હરીશ, કુસુમબેન કીર્તીભાઇ અનમ, કિશોર, સ્વ. દિનેશ, પ્રતાપ, નીતાના ભાઇ. તે અમીતા અને વૈશાલીના જેઠ. કામાશ્રીના મામા અને ધ્રુવ અને વ્યોમના મોટા કાકા. પ્રાર્થનાસભા તા. ૧-૬-૨૫ના ૫.૩૦થી ૭. ઠે. પદમાવતી હોલ, પાંચમે માળે, પ્રણવ કોમર્શિયલ પ્લાઝા, એમ. જી. રોડ, મુલુંડ (પ). લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

સ્વ. નર્મદાબેન વાઘજી ટોકરશી ઠક્કર પૌઆના સુપુત્ર મહેશ (ઉં. વ. ૭૩) ગામ વાડાપદ્ધર વાળા હાલ મુલુંડ તા. ૨૯-૫-૨૫ના રામશરણ પામેલ છે. તે સ્વ. નયનાબેનના પતિ. તે ચિ.હિમાંશુ તથ કુમારી રચનાના પિતાશ્રી. તે મનિષા હિમાંશુના સસરા. તે શાંતાબેનના ગંગારામ શિવજી પલણ ગામ જડોધર કોટડા હાલ પૂનાના મોટા જમાઇ. તે રાજેશ, નિતીન, વનીતા તથા પ્રીતીબેનના બનેવી. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧-૬-૨૫ના ૫.૩૦થી ૭. ઠે. ગૌપુરમ હોલ આર. પી. રોડ, ગ્યાન સરીતા સ્કૂલની બાજુમાં, મુલુંડ (વેસ્ટ), લૌકિક વ્યવહાર બંધ છે.

**હાલાઇ લોહાણા**

સ્વ. જગજીવનભાઇ લાલજી રાયઠઠ્ઠા (ખીમાણી) (ઉં. વ. ૭૧) તે જામનગર બેડ નિવાસી હાલ ઘાટકોપર તા. ૩૦-૫-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે લાલજી શામજી રાયઠઠ્ઠા, તથા કાશીબેન લાલજી રાયઠઠ્ઠાના સુપુત્ર. છાયાબેનના પતિ. ધર્મેશભાઇ, દિપેશભાઇ, ભૈરવીબેન નિકુંજભાઇ યાજ્ઞીકના પિતાશ્રી. નેહલ, પૂર્વીના સસરા. હંસાબેન રતીલાલ નથવાણી, કુસુમબેન બીપીનભાઇ કાનાણીના ભાઇ. સ્વ. ડાયાલાલ વિશ્રામભાઇ પતાણીના જમાઇ. બન્ને પક્ષની પ્રાર્થનાસભા સોમવાર, તા. ૨-૬-૨૫ના ૪થી ૬. ઠે. ઉથોપીયા બેન્કવેટ, સહકાર પ્લાઝાની બાજુમાં, વિંદાવન કોલોની, તિલક નગર, ચેમ્બુર, મુંબઇ-૮૯.

**ઔદિચ્ય સહસ્ત્ર બસિયા બ્રાહ્મણ જ્ઞાતિ**

સ્વ. રેવાશંકર જેઠાલાલ પંડ્યાના પુત્ર,ગડાદર નિવાસી હાલ નાલાસોપારા અતુલભાઈ પંડ્યા (ઉં. વ. ૫૯) તે ઈંદુબેનના પતિ. યશના પિતા અને અમરાભાઈના જમાઈ અને ચંદ્રકાન્તભાઈ, દેવકીબેન, ઉષાબેન, સ્વ. વિનોદભાઈ, સ્વ. રમણભાઈ, સ્વ. સુભાષભાઈ, સ્વ. હરેશભાઈ, સ્વ. કમલભાઈના ભાઈ. તેમની પ્રાર્થનાસભા તા. ૦૧/૦૬/૨૫ રવિવારના સાંજે ૪ થી ૬ વાગે રાખેલ છે. બંને પક્ષની સાદડી સાથે રાખેલ છે. લૌકિક પ્રથા બંધ રાખેલ છે. સરનામું : શ્રી હરીબાગ બેન્કવેટ હોલ, શ્રી એપાટેમેન્ટ, ટાંકી રોડ, સર્વોદય વસાહત, નગરપાલિકા હોસ્પિટલની સામે, નાલાસોપારા (પૂર્વ).

**હાલાઈ લોહાણા**

મૂળ ગામ કરાંચી, હાલ મુલુંડ - મુંબઈ નિવાસી હરીશ દામજી ઠક્કર (ઉં. વ. ૭૨). તે સ્વ. ચંપાબેન દામજી ઠક્કરના પુત્ર. તે સ્વ. પ્રભાબેન મણીલાલ ઠકરારના જમાઈ. તે દક્ષાબેનના પતિ. તે દીપ અને કુશના પિતા. તે રિદ્ધિ અને દિશાના સસરા. તે મહેન્દ્રભાઈ, કિશોરભાઈ અને કનુભાઈના બનેવી. તા. ૩૦/૫/૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તેમની પ્રાર્થના સભાઃ ગોલ્ડન સેલિબ્રેશન બેન્કવેટ, પહેલે માળે, ફ્લાઈંગ કલર્સ કો. ઓપ. સોસાયટી, પ્લેટિનમ હોસ્પિટલ, મુલુંડ ચેકનાકા બસ ડેપો પાસે, મુલુંડ (વેસ્ટ) ખાતે તા. ૧/૬/૨૫, રવિવારે સવારે ૧૧ થી ૧ રાખેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**હાલાઇ-નવગામ ભાટીયા**

અ.સૌ. કોકિલા (હાલ અમેરિકા-ડલાસ) (ઉં. વ. ૮૩) તે ભૂપેન્દ્ર વલ્લભદાસ વેદના પત્ની. સ્વ. શાંતીબેન દામોદરદાસ વેદના પુત્રી. રવિન્દ્ર, નીના રાજેન્દ્ર ઉદેશી તથા મીનાક્ષી ત્રિભુવન તિવારીના મોટી બહેન. નલિનીના નણંદ. નીકિતા-નીરવ તથા રૂપેશ-આશિષના ફઇ-માસી અમેરિકા-ડલાસ મધ્યે બુધવારે તા. ૨૮-૫-૨૫ના શ્રીજીચરણ પામેલ છે.

**ધરણગામ ભાટીયા**

પ્રવીણ રણછોડદાસ વેદ તે સ્વ. રણછોડદાસ ચત્રભુજ વેદના સુપુત્ર. તે સ્વ. કિશોર રણછોડદાસ વેદ. સ્વ. તરૂલતાબેન, નલીનીબેન અને સત્યવતીબેનના નાનાભાઇ. તે સ્વ. રતનલાલ કનૈયાલાલ આશર (વૈજાપુર)ના જમાઇ. તે વૈશાલી અને અલ્પેશના પિતાશ્રી. જીજ્ઞેશભાઇ અને નેહાબેનના સસરાજી તા. ૩૧-૫-૨૫ના શ્રીજીના ચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૨-૬-૨૫ના ગ્રેન્ડસ્કેવર સોસાયટી, આનંદનગર સિગ્નલ પાસે, ઘોડબંદર રોડ, થાણે (પશ્ચિમ).

# પારસી મરણ

થ્રીતી હોમી શરોફ તે હોમીના ધનિયાની. તે મરહુમ તેહમીન તથા મરહુમ હોરમસજી તાદીવાલાના દીકરી. તે મરહુમ મેહરામાય તથા મરહુમ શાવકશાના વહુ. તે પ્રોચીના માતાજી. તે દાઇના ને નેવીલ દારા એલાવીયાના મમઇજી. (ઉં. વ. ૮૭) રે. ઠે. ટી-૪૦ ગોદરેજ બાગ, સીમલા હાઉસ નજીક, ઓફ નેપીયન્સી રોડ, મુંબઇ-૪૦૦૦૨૬. ઉઠમણાંની ક્રિયા : તા. ૨-૬-૨૫ને દિને બપોરે ૩.૪૦ વાગે જોખી અગિયારીમાં છેજી.

# જૈન મરણ

લાખાપાદર હાલ વડોદરા સ્વ. રસીલાબેન ધીરજલાલ રામાણીના પુત્રવધૂ આશાબેન બિપીનભાઇ રામાણી (ઉં. વ. ૭૦) ગુરુવાર, તા. ૨૯-૫-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે નિશાંત તથા કપિલના માતુશ્રી. સ્નેહા તથા યેશાના સાસુ. લલિતભાઇ, મહેશભાઇ, ગીતાબેન-ભૂપતરાય, મીનાબેન-સંજયભાઇના ભાભી. સ્મિતાબેનના જેઠાણી, પરાગ, કેજલ, રાધિકાના ભાભુ. પિયરપક્ષે મોરબી નિવાસી નરોત્તમદાસ ચુનીલાલ મહેતાના સુપુત્રી પ્રાર્થનાસભા તા. ૧-૬-૨૫ના વડોદરા મુકામે રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

મીનાક્ષીબેન મનસુખલાલ કોઠારી (ઉં. વ. ૮૬) તા. ૩૦/૦૫/૨૫ના અરિહંતશરણ પામ્યા છે. તે સ્વ.સૂરજબેન દલપતરામ વોરાના સુપુત્રી. ચેતન- પ્રીતિ અને ચેતના -હેમંત દેસાઇ માતૃશ્રી. પ્રિયલ, વિનીત, પૂજા અને ઉદીતના દાદી. સ્વ. ઉત્તમચંદભાઈ, સ્વ. અમીચંદભાઈ, સ્વ. પ્રાણભાઈ, સ્વ. મનહરભાઈ કોઠારી, સ્વ. વિજયાબેન, સ્વ. જયાબેન અને મધુબેનના ભાભી. સ્વ. મનસુખભાઈ, સ્વ. કાકુભાઈ. સ્વ. મધુભાઈ, સ્વ. મહેન્દ્રભાઈ વોરા અને આશીતાબેન શેઠના બેન. તેઓની પ્રાર્થનાસભા તા. ૦૧/૦૬/૨૫ ના ૧૦:૩૦થી ૧૨:૦૦ના એમ.કે. સંઘવી શાંતિપ્રભા હોલ, ઋતુંભરા કોલેજ, ઋતુંભરા બેન્કવેટ ગેટ નં. ૬, એન.એ. આહુજા માર્ગ, ચંદન સિનેમા પાસે, જુહુ, મુંબઈ ૪૦૦૦૪૯ ખાતે રાખેલ છે.

**ઝાલાવાડી વિશા શ્રીમાળી જૈન**

તળાજા નિવાસી જયંતીભાઈ પાતાણીના પુત્રવધૂ તથા વઢવાણ નિવાસી સ્વ. શારદાબેન અમૂલખભાઈ શાહના પુત્રી ભારતીબેન (રંજનબેન) (ઉં. વ. ૭૦) તે હાલ ભાયંદર ૩૦/૫/૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. ભદ્રેશભાઈ જયંતીભાઈ પાતાણીના ધર્મપત્ની. સ્વ. કનુભાઈ, જયસુખભાઇ, બકુલભાઈ, રાજેન્દ્રભાઇ, રસીલાબેન ભરતકુમાર શાહ તથા ચંદ્રિકાબેન વિનોદકુમાર દોશીના બહેન. ઉષાબેન, બીનાબેન, ભાવનાબેન તથા હંસાબેનના નણંદ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

બગસરા નિવાસી હાલ આઈસલેન્ડ (સિંગાપૂર) અરમાન જોહનસન ઉર્ફે ખુશેન્દ્રભાઈ જયંતીભાઈ દેસાઈ (ઝાટકીયા) (ઉં. વ. ૮૪) તે સ્વ. વસંતબેન જયંતીલાલ દેસાઈના પુત્ર. સ્વ. થોરનના પતિ. ગુણવંત તથા એડાના પિતા. પ્રફુલભાઇ, સુધીરભાઈ, સ્વ. મંજુલાબેન છોટાલાલ કામદાર, સ્વ. રમાબેન ધનેશકુમાર મહેતા, જસ્મીનબેન પંકજભાઈ સંઘવીના મોટાભાઈ તે ૩૦/૫/૨૫ ના રોજ લોનાવાલા મુકામે અવસાન પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

દેશલપુર (કંઠી)ના શીલા અશોક વીરા (ઉં. વ. ૫૬) તા. ૩૦-૫-૨૫ના અરીહંતશરણ પામેલ છે. અશોકના ધર્મપત્ની. નાનજી રામજી વીરાના પુત્રવધૂ. કીંજલ, દિપાના માતુશ્રી. કસ્તુરબેન કલ્યાણજી ગાલાના સુપુત્રી. જયેશ, પ્રજ્ઞાના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિવાસસ્થાન : અશોક વીરા, એ/૨૦૪, મયુરી કો.ઓપ. હાઉસીંગ સોસાયટી, દિવાનમાન સર્વિસ સ્ટેશનની સામે, નવયુગ નગર, વસઇ (વેસ્ટ).

બિદડા (ઓતરા ફરિયા)ના ઉમરબેન રામજી ફુરિયા (ઉં. વ. ૯૫) તા. ૩૦-૫-૨૫ના અવસાન પામ્યા છે. રામજી દેવશીના ધર્મપત્ની. જેઠીબાઈ દેવશીના પુત્રવધૂ. મણીલાલભાઈના માતુશ્રી. નાના આસંબીયા ભાણબાઈ/પરમાબાઈ જીવણ કાનજીના સુપુત્રી. ગોવિંદજી, જાદવજી, રમણીક, રાજેન્દ્ર, તુંબડી બુધ્ધીબાઈ શીવજી, કોડાય તેજબાઈ વિસનજી, બિદડા લક્ષ્મીબેન ભુપેન્દ્રના બેન. પ્રાર્થના સભા રાખેલ નથી. નિ. મણીલાલ રામજી : ૪૦૪, જાગૃતિ એપા., સાંઇનાથ રોડ, મલાડ (વેસ્ટ).

**શ્રી ઘોઘારી વીશા ઓસવાલ જૈન**

શિહોર નિવાસી હાલ ગોરેગાંવ સ્વ વિનોદરાય કેસરીચંદ શાહના ધર્મપત્ની જ્યોત્સનાબેન (ઉં. વ. ૭૯) શનિવાર તા ૩૧.૫.૨૫ના અરિહંત શરણ પામેલ છે. તે જીગ્નેશ, લીના, બીના, હિના અને ધીના (પિંકી)ના માતુશ્રી. સેજલ તથા અવનિશકુમાર, કુંજલકુમાર, પરાગકુમાર અને સંજયકુમારના સાસુમા. કૈવન અને કેવલ.ના દાદીમા. ક્રિનાના મોટા સાસુ. પિયરપક્ષે મહુવાવાળા પ્રતાપરાય શંકરલાલ શાહના દિકરી. સાદડી તથા લૌકિક વ્યવહાર પ્રથા બંધ છે. સરનામું : જીગ્નેશ વિનોદરાય શાહ ૫૦૪, લક્ષ્મી સંસ્કૃતિ, જવાહર નગર, રોડ નં ૧૭, ગોરેગાંવ (વેસ્ટ). મુંબઈ - ૪૦૦૦૬૪

**ઘોઘારી વિશાશ્રીમાળી જૈન**

અમરેલી નિવાસી હાલ મુલુંડ પ્રતાપરાય તારાચંદ કોરડીયાના સુપુત્ર હરેશભાઈ (ઉં. વ. ૭૪) તા. ૩૧/૦૫/૨૫ને શનિવારના અવસાન પામેલ છે તે હર્ષાબેનના પતિ. મૌલિકા તથા પુજીન્તા ના પિતાશ્રી. સ્વ જવાહરભાઈ, રાજેશભાઈ, ચંદ્રીકાબેન રશ્મિભાઈ, જયશ્રીબેન ધનવંતરાય,ભારતીબેન, વર્ષાબેન ભરતકુમારના ભાઇ. વેલચંદ ભગવાન શાહ ઉનાવાળાના જમાઈ સ્વ. હસમુખરાય, વીનુભાઈ, ભદ્રેશ, ભાવનાબેન દિલીપકુમાર,મીતાબેન સુનિલભાઈ (ભાવનગર)ના બનેવી તેમની પ્રાર્થનાસભા સોમવાર તા. ૨/૬/૨૫ સમ્રુધી હોલ, માલવીયા રોડ , ટેલીફોન એક્સચેન્જ પાસે, મુલુંડ (વેસ્ટ) ટાઈમ સવારે ૧૦ થી ૧૨.

## પાંચમા પાનાનું ચાલુ

### આરે જેવીએલઆર

થઈ ગયું હતું. પાણી ભરાઈ જવાને કારણે સાવચેતીના પગલાં તરીકે ઓટોમેટિક એસ્કેલેટર પણ બંધ કરવામાં આવ્યા હતા. ઉપરાંત મેટ્રો સ્ટેશન પર ગટરના પાણી સાથે કચરો આવવાને કારણે મેટ્રો સ્ટેશનમાં દુર્ગંધ અને અસ્વચ્છતા ફેલાઈ ગઈ હતી.

### મુંબઈના રસ્તા પર

ચાલુ કરવામાં આવ્યું છે. સેકેન્ડ શિફ્ટની સફાઈમાં મુખ્યત્વે મહત્ત્વના રસ્તાઓ પર ધ્યાન આપવામાં આવી રહ્યું છે. એ સિવાય રેલવે સ્ટેશનો, મુખ્ય રોડ, ભીડભાડવાળા સ્થળો, મોટી કન્સ્ટ્રકશન સાઈટ જેવા પરિસરમાં આ ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. તે માટે અત્યાધુનિક મશીનોનો પણ ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.

‘પિંક આર્મી ’ની આ ઝુંબેશમાં ૭૦ ટકા કરતા વધુ એટલે કે કુલ ૧૩,૫૦૦ કર્મચારીમાંથી ૯,૬૦૦ મહિલા સ્વચ્છતા કર્મચારીઓ છે. ‘પિંક આર્મી ’એ પાંચથી ૨૮ મે,૨૦૨૫ના સમયગાળામાં ૧૫૦ ટન કાટમાળ સહિત ૫૪૦ ટન જેટલો અન્ય કચરો જમા કરીને તેનો નિકાલ કર્યો છે. તેથી મુંબઈના રસ્તા વધુ સ્વચ્છ થવાની સાથે જ વાયુ પ્રદૂષણમાં ઘટાડો જણાઈ રહ્યો છે.

### સરકારી નોકરી કરતી

આવી હતી. સરકારી નોકરી કરતી મહિલાઓ આ યોજનાનો લાભ લઈ શકશે નહીં તે સ્પષ્ટ જણાવાયું હતું. તો પણ સરકારી નોકરીમાં કામ કરતી ૨૬૫૨ મહિલાઓએ આ યોજનાનો લાભ લીધો. યોજનાના પૈસા એ જ બેંક ખાતામાં જમા કરવામાં આવ્યા હતા જ્યાં તેમના પગાર જમા થાય છે, તેમ છતાં સરકારને અત્યાર સુધી તેનો ખ્યાલ નહોતો. ચકાસણી બાદ તે પ્રકારનો ખુલાસો થયો. આ મહિલાઓ વર્ગ-૩ અને વર્ગ-૪ શ્રેણીઓમાં સરકારી કર્મચારી છે.

### વિક્રોલી બ્રિજનું

૧૮ ગર્ડર નાખવામાં આવ્યા છે. આ પુલના કુલ ૧૯ પીલરમાંથી પૂર્વમાં ૧૨ તો પશ્ચિમમાં સાત પીલર ઊભા કરવામાં આવ્યા છે. પુલની બંને બાજુએ અપ્રોચ રોડ, રોડ પર કૉંક્રિટ, ડામર, નોઈસ બેરિયર, એન્ટી ક્રેશ બેરિયર્સ જેવા કામ ૩૧ મે, ૨૦૨૫ સુધી પૂરા કરવામાં આવ્યા છે. આ પૂલને કારણે વિક્રોલી પૂર્વ-પશ્ચિમની કનેક્ટિવિટીમાં સુધારો થશે અને પ્રવાસનાં સમયમાં ૩૦ મિનિટની બચત થશે.

નોંધનીય છે કે આ ભારતનો સૌથી લાંબો રેલવે ઓવરબ્રિજ હશે, જેમાં સક્રિય રેલવે ટ્રેક પર ઓપન-વેબ ગર્ડર સિસ્ટમ હશે.

વિક્રોલીમાં આ પુલ બાંધવા માટે ૧૯૯૭ની સાલથી યોજના બનાવવામાં આવી રહી છે પણ હકીકતમાં પુલનું બાંધકામ છેક ૨૦૧૮ની સાલથી શરૂ થયું હતું. શરૂઆતમાં પુલનો અંદાજિત ખર્ચ ૭૦ કરોડ રૂપિયા હતો પણ કામ સતત વિલંબમાં મૂકાવાને કારણે તેનો ખર્ચ વધીને ૧૮૦ કરોડ રૂપિયા સુધી પહોંચી ગયો હતો.

### મ.રે.માં મેગા બ્લોકની

પ્રવાસીઓને મેન લાઈન અને પશ્ચિમ રેલવેમાં પ્રવાસ કરવાની પરવાનગી આપવામાં આવી છે. બ્લોકને કારણે મધ્ય રેલવે અને હાર્બર લાઈન પર ટ્રેનવ્યવહાર ૧૦થી ૧૫ મિનિટ મોડો પડી શકે છે.

### રાણી અહિલ્યાબાઈ

સામાજિક કલ્યાણ પ્રત્યેની પ્રતિબદ્ધતા અને સંસ્કૃતિ અને આધ્યાત્મિકતામાં યોગદાન માટે યાદ કરવામાં આવે છે.

અહિલ્યાબાઈએ રાષ્ટ્રવાદ અને આધ્યાત્મિકતાનું મિશ્રણ કર્યું. તેમણે પોતાનું આખું જીવન દેશ અને ધર્મની જાળવણીમાં વિતાવ્યું. વ્યક્તિગત નુકસાન સહન કરવા છતાં તેમણે પોતાની પ્રજાને પોતાનો પરિવાર માન્યો અને દેશભરના મંદિરો અને ઘાટોના પુનઃસ્થાપન માટે પોતાનું જીવન સમર્પિત કર્યું, એમ ફડણવીસે કહ્યું હતું.

ફડણવીસે કહ્યું હતું કે તેમની સરકારે ચૌંડીમાં યોજાનારા કાર્યક્રમ માટે વડા પ્રધાન નરેન્દ્ર મોદીને આમંત્રણ આપ્યું હતું, પરંતુ વડા પ્રધાન મોદીએ કહ્યું કે તેમણે તેમના જન્મસ્થળ અને કર્મસ્થળ વચ્ચે પસંદગી કરવાની રહેશે અને તેમણે પહેલાથી જ કર્મસ્થળ (મધ્ય પ્રદેશ) પસંદ કરી દીધું છે.

આ પ્રસંગે મોદીએ મધ્ય પ્રદેશની રાજધાની ભોપાલમાં એક કાર્યક્રમમાં અહિલ્યાબાઈ હોળકરને શ્રદ્ધાંજલિ આપી, જ્યાં તેમણે તેમના ગુણોની પ્રશંસા કરી હતી.

ફડણવીસે કહ્યું કે અહલ્યાબાઈના જીવન અને સમય પર એક બહુભાષી વ્યાપારી ફિલ્મ બનાવવામાં આવશે. તેમણે કહ્યું કે ‘છાવા’ ફિલ્મને કારણે છત્રપતિ સંભાજી મહારાજની બહાદુરી અને બહાદુરી યુવા પેઢી સુધી પહોંચી છે.

મોદીજીએ વચન આપ્યું છે કે તેઓ ટૂંક સમયમાં ચૌંડીની મુલાકાત લેશે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ પણ આવી જ ખાતરી આપી છે, એમ તેમણે કહ્યું હતું.

### નેશનલ હાઈ-વે પરના

બનાવવાની માગ કરી રહ્યા હતા. ફ્લાયઓવરના નિર્માણમાં વિલંબ સામે રાજકીય પક્ષો અને ગુસ્સે ભરાયેલા નાગરિકોએ જવાહર ફાટા ખાતે વિરોધ પ્રદર્શન કર્યું હતું.

ચાર ફ્લાયઓવરમાંથી, ત્રણ ફ્લાયઓવર - જવાહર ફાટા, નંદગાંવ અને તલાસરી - લગભગ પૂર્ણ થઈ ગયા છે અને એક ફ્લાયઓવરનું કામ અંતિમ તબક્કામાં છે. જોકે, ફ્લાયઓવરની બાજુમાં આવેલા સર્વિસ રોડ પર ટ્રાફિક જામ અને વરસાદથી સર્જાયેલા કાદવને કારણે ફ્લાયઓવર પર વાહનવ્યવહાર ફરી શરૂ કરવામાં આવ્યો છે, જેના કારણે વાહનચાલકોને રાહત મળી છે.

### મીઠી નદીની

માટે કૉન્ટ્રેક્ટર નીમવામાં આવ્યો હતો, જેમાં ૨૦૨૩માં માર્ચ મહિનામાં કામ ચાલુ કરીને છ જૂન સુધી સફાઈનું કામ પૂરું કરવામાં આવ્યું હતું અને બીજા વર્ષે ૩૧ મેના કામ પૂરું કરવામાં આવ્યું હતું પણ આ વર્ષે બૂમ પોકલેન મશીનનો ઉપયોગ કરવાનું ફરજિયાત કરવાને કારણે ટેન્ડર પ્રક્રિયામાં વિલંબ થયો હતો અને પ્રત્યક્ષમાં મંજૂરી મળીને કામ પાંચ એપ્રિલથી ચાલુ કરવામાં આવ્યું હતું. તેથી ડેડલાઈનને પહોંચી નહીં વળવાને કારણે મીઠીની સફાઈ માટે મુદત લંબાવવાનો વિચાર પાલિકા પ્રશાસન કરી રહી હોવાનું જાણવા મળ્યું છે.

### પાકિસ્તાન માટે જાસૂસી

સપડાયેલા રવિ વર્માએ સાત મહિનામાં પાંચ જેટ્ટી, ૧૪ યુદ્ધજહાજ તથા સબમરીન અને મોટાં જહાજોની માહિતી તો આપી હતી, પણ હવે એવું જાણવા મળ્યું છે કે તેણે ભારતીય સેનાનાં શસ્ત્ર સંગ્રહ કરવાનાં ઠેકાણાં તથા બેકઅપ પ્લાન શું છે તેની પણ માહિતી પાક એજન્ટને આપી હતી. એ સિવાય નૌકાદળના ગોદામમાં કયા પ્રકારના શસ્ત્રનો સંગ્રહ છે, જેના સંરક્ષણ માટે કેટલા સૈનિકો તહેનાત હોય છે, મનુષ્યબળ વિગેરે માહિતી પણ તેણે આપી હોવાથી તેની ઊંડાણથી તપાસ કરવામાં આવી રહી છે.

દરમિયાન શનિવારે રવિ વર્માને વધુ તપાસ માટે મુબંઇ લાવવામાં આવ્યો હતો અને તેણે જણાવેલા ઠેકાણાંઓ પર તેને લઇ જવામાં આવ્યો હતો. એ અગાઉ રવિ વર્માને તેની માતા સાથે મળવા દેવાયો હતો.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# સવલત સમસ્યા



# વિક્રોલી બ્રિજનું કામ પૂર્ણ

## ટ્રાફિક પોલીસની મંજૂરી સાથે જ વાહનવ્યવહાર માટે ખુલ્લો મુકાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: આખરે લાંબા સમયથી રાહ જોવાતી હતી તે બહુપ્રતિક્ષિત વિક્રોલી પૂર્વ અને પશ્ચિમને જોડનારો બ્રિજ બાંધકામ ચાલુ થવાના સાત વર્ષ બાદ તૈયાર થઈ ગયો છે. પાલિકાએ પૂલના બાંધકામની ૩૧મે, ૨૦૨૫ની સમયમર્યાદાને પૂરી કરીને હવે લેન માર્કિંગ, ટ્રાફિક આઈલેન્ડ અને સિગ્નલ ઈન્સ્ટોલેશનને ફાઈનલ ટચ આપવામાં આવી રહ્યો છે, જે બે દિવસમાં પૂરું થવાની અપેક્ષા છે. મુંબઈ ટ્રાફિક પોલીસની મંજૂરી મળવાની સાથે જ આ બ્રિજ વાહનવ્યવહાર માટે ખુલ્લો મૂકવામાં આવશે.

નવો બાંધવામાં આવેલો પૂલ વિક્રોલી પૂર્વમાં રહેલા ઈસ્ટર્ન એક્સપ્રેસ હાઈવેને પશ્ચિમમાં લાલ બહાદુર શાસ્ત્રી માર્ગ(એલબીએસ) સાથે જોડે છે. વિક્રોલી રેલવે સ્ટેશન પાસે રેલવે પાટા પર બાંધવામાં આવેલા પુલની પહોળાઈ ૧૨ મીટર તો લંબાઈ ૬૧૫ મીટર જેટલી છે, તેમાથી ૫૬૫ મીટરનો પુલનો હિસ્સો પાલિકાએ બાંધ્યો છે. તો બાકીનો ૫૦ મીટર લંબાઈ સુધીનો ભાગ મધ્ય રેલવેએ બાંધ્યો છે. પૂલ પર ચાર લેન અને ફૂટપાથ હશે. રેલવે તરફથી કુલ સાત ગર્ડર બેસાડવામાં આવ્યા હતા, તેના કુલ વજન ૬૫૫ ટન છે. આ પુલ પર પાલિકાએ નાખેલા ગર્ડર લગભગ ૨,૧૪૨ ટન જેટલા વજનના છે. તેમ જ ગર્ડરની લંબાઈ ૨૫થી ૩૦ મીટરની છે.

પુલ માટે ત્રણ તબક્કામાં કુલ (જુઓ પાનું ૪) ▸▸

# આરે જેવીએલઆર - આચાર્ય અત્રે ચોક વચ્ચે મેટ્રો સેવા પૂર્વવત્

મુંબઈ: ૨૬ મેના મુંબઈમાં ભારે વરસાદને કારણે ગટરના ગંદા પાણીનો પ્રવાહ અચાનક વધી જતા વરલીના આચાર્ય અત્રે ચોક ભૂગર્ભ મેટ્રો સ્ટેશનમાં પાણી ઘૂસી ગયું. ત્યારબાદ, વરલીના અને આચાર્ય અત્રે ચોક સ્ટેશનો વચ્ચે મેટ્રો સેવા સ્થગિત કરવામાં આવી હતી. જોકે, તમામ જરૂરી સમારકામ અને જાળવણી કાર્ય પૂર્ણ કર્યા પછી આરે જેવીએલઆર અને આચાર્ય અત્રે ચોક સ્ટેશન વચ્ચેની સેવા શનિવારે બપોરે એક વાગ્યાથી ફરી શરૂ કરવામાં આવી છે.

મુંબઈ મેટ્રો રેલ કોર્પોરેશન એ માહિતી આપી છે કે મેટ્રો નિયમિત સમયપત્રક મુજબ કાર્યરત રહેશે. વરસાદમાં આચાર્ય અત્રે ચોક ભૂગર્ભ મેટ્રો સ્ટેશન પર પાણી જમા (જુઓ પાનું ૪) ▸▸

# મ.રે.માં મેગા બ્લોકની મગજમારી

મુંબઈ: મધ્ય રેલવે પર દર રવિવારની જેમ આ રવિવારે પણ સિગ્નલ, ટ્રેક મેઈન્ટેનન્સ સહિતના અનેક મહત્ત્વના કામકાજ માટે મેગા બ્લોક હાથ ધરવામાં આવનાર છે.

મધ્ય રેલવેના વરિષ્ઠ અધિકારીના જણાવ્યા અનુસાર પહેલી જૂનના રવિવારે સીએસએમટી-વિદ્યાવિહાર વચ્ચે અપ-ડાઉન સ્લો લાઈન પર સવારે ૧૧થી સાંજે ચાર વાગ્યા સુધી મેગા બ્લોક હાથ ધરવામાં આવશે. બ્લોકના સમયે અપ-ડાઉન સ્લો લોકલ સીએસએમટી-વિદ્યાવિહાર વચ્ચે અપ-ડાઉન ફાસ્ટ લાઈન પર દોડાવવામાં આવશે. આ લોકલ ટ્રેનો ભાયખલા, પરેલ, દાદર, માટુંગા, સાયન અને કુર્લા સ્ટેશન પર ઊભી રહેશે.

હાર્બર લાઈન પર સવારે ૧૧.૩૦ કલાકથી સાંજે ૪.૪૦ કલાક સુધી સીએસએમટી-ચુનાભટ્ટી, બાન્દ્રા વચ્ચે અપ-ડાઉન લાઈન પર મેગા બ્લોક હાથ ધરવામાં આવશે. બ્લોકના સમય દરમિયાન સીએસએમટી વડાલા રોડથી વાશી, બેલાપુર, પનવેલ વચ્ચે અપ-ડાઉન લાઈન પર ટ્રેનવ્યવહાર બંધ રહેશે.

જોકે બ્લોકના સમય દરમિયાન પનવેલ-કુર્લા વચ્ચે ૨૦-૨૦ મિનિટે સ્પેશિયલ ટ્રેન દોડાવવામાં આવશે. રેલવે દ્વારા બ્લોકના સમય દરમિયાન હાર્બર લાઈનના (જુઓ પાનું ૪) ▸▸

# મીઠી નદીની સફાઈમાં વિલંબ

## સફાઈ માટે કૉન્ટ્રેક્ટરને મુદત વધારી આપવાનો સુધરાઈનો વિચાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મે મહિનો પૂરો થઈ ગયો છતાં મીઠી નદીની સફાઈનું કામ માત્ર પંચાવન ટકા પૂરું થયું છે. અચાનક પડેલા મુશળધાર વરસાદને કારણે નદીમાંથી કાઢેલો ગાળ ફરી નદીમાં વરસાદની પાણીની સાથે વહી ગયો છે. તો જે ડમ્પિંગ ગ્રાઉન્ડમાં નદીનો ગાળ ઠાલવવામાં આવ્યો હતો ત્યાં વરસાદને કારણે કાદવ થઈ ગયું હોવાથી ત્યાં ગાળ ઠાલવવાનું કામ તાત્પૂરતા સમય માટે બંધ થઈ ગયું હતું. મીઠી નદીની સફાઈને માત્ર ૫૬ દિવસ મળવાને કારણે હવે પાલિકાએ સફાઈ માટે એક મહિનાની મુદત વધારી આપવાનો વિચાર કરી રહી હોવાનું જાણવા મળ્યું છે.

મુંબઈમાં મીઠી નદીની સફાઈ ત્રણ તબક્કામાં કરવા માટે કૉન્ટ્રેક્ટર નીમવામાં આવ્યો હતો. પાંચ એપ્રિલથી નદીની સફાઈ ચાલુ કરવામાં આવી હતી. અત્યાર સુધી ગાળ કાઢવાનુ કામ ૫૫.૨૭ ટકા થયું છે. મીઠી નદીમાંથી ૨,૧૪,૩૧૫ મેટ્રિક ટન જેટલો ગાળ કાઢવાનો અપેક્ષિત હતો તેમાંથી અત્યાર સુધી ૧,૧૧૮,૪૪૯ મેટ્રિક ટન જેટલો જ ગાળ કાઢવામાં આવ્યો છે. આ ગાળનો નિકાલ મ્હાપેમાં આવેલા ડમ્પિંગ ગ્રાઉન્ડમાં કરવામાં આવતો હતો પણ ગયા અઠવાડિયે પડેલા મુશળધાર વરસાદને કારણે ડમ્પિંગ ગ્રાઉન્ડ પરિસરમાં પાણી ભરાઈની કીચડ થઈ જવાથી ગાળ લઈને જનારા ડમ્પર તૈયાર થતા નહોતા. તેથી ગાળને ઠાલવવાનું કામ બંધ થઈ ગયું હતું.

આ દરમ્યાન આ વખતે મીઠી નદીની સફાઈ માટે માંડ ૫૬ દિવસ મળ્યા હતા, તેમાં એઆઈ સોફટવેર પર રજિસ્ટ્રેશન અને ત્યારબાદ ડમ્પર ભરીને ગાળને લઈ જવામાં થઈ રહેલા વિલંબ તથા વરસાદ અને ડમ્પિંગમાં ભરાઈ ગયેલા પાણી જેવી સમસ્યાઓને કારણે સફાઈનું કામ અટવાઈ ગયું હતું. પહેલાથી ઓછો સમય મળ્યો હતો. મીઠી નદીની સફાઈનું લક્ષ્યાંક અગાઉ ૩૧ મે અને બાદમાં પાંચથી છ જૂન સુધીનું રાખવામાં આવ્યું હતું પણ તે હવે પૂરું થવાનું લગભગ અશક્ય છે.

મીઠી નદીની આ અગાઉ ૨૦૨૩થી ૨૦૨૪ આ બે વર્ષ માટે ગાળ કાઢવા (જુઓ પાનું ૪) ▸▸

# નેશનલ હાઈ-વે પરના ત્રણ ફ્લાયઓવર ખુલ્લા મુકાયા

બોઈસર: મુંબઈ-અમદાવાદ નેશનલ હાઇ-વે પરના ત્રણ ફ્લાયઓવર ટ્રાફિક માટે ખુલ્લા મૂકવામાં આવ્યા છે, જેના લીધે વાહનચાલકોને ટ્રાફિકમાં થોડી રાહત મળી છે.

મુંબઈ-અમદાવાદ નેશનલ હાઇ-વે પર સાતિવલી, જવાહર ફાટા, નંદગાંવ અને તલાસરી વિસ્તારોમાં ચાર અકસ્માત-સંભવિત સ્થળોએ ફ્લાયઓવરનું કામ એકથી દોઢ વર્ષ પહેલાં નેશનલ હાઇવે ઓથોરિટી ઓફ ઇન્ડિયા દ્વારા શરૂ કરવામાં આવ્યું હતું. આ ચાર સ્થળોએ વધુ ઝડપે મુસાફરી કરતા વાહનોની અણધારી ગતિને કારણે, ખાસ કરીને રાતના સમયે, હાઇવે ક્રોસ કરતી વખતે, વારંવાર અકસ્માતો સર્જાતા રહે છે અને ઘણાના મોત પણ થયા છે. વધતા જતા અકસ્માતોને ધ્યાનમાં રાખીને, સ્થાનિક લોકો ઘણા વર્ષોથી આ અકસ્માત-સંભવિત સ્થળે ફ્લાયઓવર (જુઓ પાનું ૪) ▸▸

# આજે ઘોડબંદર રોડ પર થશે ટ્રાફિક જૅમ

થાણે: ઘોડબંદર રોડ પર કાપુરબાવડી અને માજીવાડા વિસ્તારોમાં મેટ્રોના ગર્ડર લગાવવાનું કામ હાથ ધરાશે. આ કાર્ય રવિવારે બપોરે ૧૨ વાગ્યા સુધી ચાલુ રહે તેવી શક્યતા છે. તેથી, રવિવારે ઘોડબંદર રૂટ પર ટ્રાફિક જામ થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

ઘોડબંદર રૂટ પર વડાલા-ઘાટકોપર-કાસરવડવલી, ચાર મેટ્રો લાઇનનું બાંધકામ ચાલી રહ્યું છે. આ કાર્યને કારણે ઘોડબંદર વિસ્તારમાં મુખ્ય રસ્તાઓ અને સર્વિસ રોડ પર વિવિધ સ્થળોએ કલ્વર્ટ બનાવવામાં આવ્યા છે. આ રસ્તો બંધ થવાથી મુખ્ય રસ્તો સાંકડો થઈ ગયો છે, જેના કારણે ટ્રાફિક વ્યવસ્થા પર અસર પડી રહી છે.

કાપુરબાવડી મેટ્રો સ્ટેશનનું બાંધકામ, જે મેટ્રો કાર્યનો એક ભાગ છે, તે કાપુરબાવડી ફ્લાયઓવર નીચે ચાલી રહ્યું છે. આ કામ માટે મેટ્રોના ગર્ડર બેસાડવામાં આવશે. આ કાર્ય રવિવારે બપોરે ૧૨ વાગ્યા સુધી ચાલુ રહેશે. આ કાર્ય દરમિયાન, કાપુરબાવડી જંક્શન, ફિલોસોફી યુનિવર્સિટી વિસ્તારમાં ટ્રાફિકને વિરુદ્ધ દિશામાં વાળવામાં આવશે અને કેટલીક જગ્યાએ, સર્વિસ રોડ પર ટ્રાફિક ચાલુ રહેશે. ■

# મુંબઈના રસ્તા પર હવે 'પિંક આર્મી'

## ૯,૬૦૦થી વધુ મહિલા કર્મચારીઓ શહેરની સફાઈ કરશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈ શહેર તેમ જ ઉપનગરને સ્વચ્છ રાખવા માટે મુંબઈ મહાનગરપાલિકાની 'પિંક આર્મી' હવે રસ્તા પર ઊતરી છે. પાલિકાના ઘનકચરા વિભાગની પિંક આર્મીમાં ૯,૬૦૦ કરતા વધુ મહિલા સ્વચ્છતા કર્મચારીઓ મુંબઈમાં બીજા સત્રમાં (સેકેન્ડ સ્વિપીંગ) વિશેષ સફાઈનું કામ કરી રહી છે, જે અંતર્ગત પાંચ મેથી ૨૮ મે,૨૦૨૫ દરમ્યાન ૧૫૦ ટન કાટમાળ સહિત ૫૪૦ ટનથી પણ વધુ અન્ય કચરો જમા કર્યો છે.

મુંબઈમાં સ્વચ્છતા માટે અનેક ઉપક્રમો અમલમાં મૂકવામાં આવ્યા છે, જે અંતર્ગત મુંબઈમાં હાલ મોટા પ્રમાણમાં ચાલી રહેલા બાંધકામને કારણે થઈ રહેલા વાયુ પ્રદૂષણને નિયંત્રણમાં લાવવા માટે પાંચ મે, ૨૦૨૫થી મુંબઈના મુખ્ય રસ્તાઓ પર બપોરની શિફ્ટમાં સફાઈ કરવાનું (જુઓ પાનું ૪) ▸▸

# 'હિન્દી મુંબઈની બોલી': શિંદેસેનાના પ્રધાન

મુંબઇ: છેલ્લા કેટલાક દિવસોથી રાજ્યમાં ભાષા અંગે વિવાદ ચાલી રહ્યો છે. સ્થળાંતરિત લોકો દ્વારા મરાઠી ભાષાનો વિરોધ કરવામાં આવી રહ્યો છે, ત્યારે જ્યાં સ્થળાંતરિત મતવિસ્તાર છે ત્યાં હિન્દી જ મરાઠી ભાષાની એકમાત્ર બોલી છે, એવું વિવાદાસ્પદ નિવેદન એકનાથ શિંદેના વિધાનસભ્ય અને પરિવહન પ્રધાન પ્રતાપ સરનાઈકે આપ્યું હતું.

પ્રતાપ સરનાઈકે કહ્યું કે, થાણે અને મીરા ભાયંદરમાં મારો મતવિસ્તાર છે. જ્યારે હું થાણેના લોકો સાથે વાત કરું છું, ત્યારે હું શુદ્ધ મરાઠીમાં બોલું છું. મીરા ભાયંદરમાં પ્રવેશતાની સાથે જ મારા મોંમાંથી ફક્ત હિન્દી જ નીકળે છે. મરાઠી આપણી માતૃભાષા છે, આપણી માતા છે પણ હિન્દી એ આપણી પ્રિય બહેન છે. આ પ્રિય બહેનોના કારણે આપણે ૨૩૭ બેઠકો પર પહોંચ્યા છીએ. હિન્દી આપણી મુંબઈની બોલી બની ગઈ છે, મુંબઈ જેવી શુદ્ધ હિન્દી કોઈ જગ્યાએ બોલાતી નથી. આમ હિન્દી આપણી બોલી બની ગઈ છે, તેમણે કહ્યું. ■

# સરકારી નોકરી કરતી ૨૫૦૦ મહિલા 'લાડકી બહિણ'ની લાભાર્થી

## હવે તેમના પગારમાંથી વસૂલી કરવામાં આવશે

મુંબઈ: લાખો મહિલાઓએ 'લાડકી બહિણ' યોજનાનો લાભ લીધો છે, તેમાંની ઘણી મહિલાઓ અપાત્ર હોવા છતાં આ યોજનાનો લાભ લઈ રહી હતી તેને સરકારે ગેરલાયક ઠેરવી છે. હવે બીજી એક નવી ચોંકાવનારી હકીકત સામે આવી છે. અત્યાર સુધી હાથ ધરવામાં આવેલી તપાસમાં ૨૫૦૦ મહિલાઓ સરકારી કર્મચારી આ યોજનાનો લાભ લઈ રહી હોવાનું બહાર આવ્યું છે. છેલ્લા નવ મહિનામાં આ યોજના દ્વારા તેમને ૩.૫ કરોડ રૂપિયા ચૂકવવામાં આવ્યા છે. આ રકમ હવે તેમના પગારમાંથી વસૂલ કરવામાં આવશે, એમ સૂત્રોએ જણાવ્યું હતું.

છેલ્લા નવ મહિનામાં, આ મહિલાઓને 'લાડકી બહિણ યોજના'માંથી ૧૩,૫૦૦ રૂપિયા મળ્યા છે. આમ ૨,૫૦૦ મહિલાઓને કુલ રકમ ત્રણ કરોડ ૫૮ લાખ રૂપિયા આપવામાં આવ્યા છે. આ મહિલાઓ જે વિભાગોમાં કામ કરે છે તેમને આ અંગે જાણ કરવામાં આવી છે. એવું કહેવાય છે કે સામાન્ય વહીવટ વિભાગ તેમની પાસેથી પૈસા વસૂલવા ઉપરાંત સરકાર સાથે છેતરપિંડી કરવા બદલ તેમની સામે કાર્યવાહી કરવાનું વિચારી રહ્યું છે.

લાડકી બહિણ યોજના ગરીબ અને જરૂરિયાતમંદ મહિલાઓ માટે શરૂ કરવામાં (જુઓ પાનું ૪) ▸▸

# બોરીવલીમાં કાર પાર્કિંગ લિફ્ટ સાત મીટરના ખાડામાં તૂટી પડી: એકનું મોત, એક જખમી



(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: બોરીવલી (પશ્ચિમ)માં ગ્રાઉન્ડ પ્લસ ૨૧ માળની બહુમાળીય રહેણાંક બિલ્ડિંગની કાર પાર્કિંગ લિફ્ટ શનિવારે સવારના સાત મીટર ઊંડા ખાડામાં તૂટી પડતા ૩૦ વર્ષનાં યુવકનું મૃત્યુ થયું હતું અને તેનો સહકારી ગંભીર રીતે જખમી થયો હતો.

મુંબઈ ફાયરબ્રિગેડના જણાવ્યા મુજબ બોરીવલી લિંક રોડ પર પ્રથમેશ બિલ્ડિંગ આવેલી છે, જેમાં શનિવારે સવારના ૧૧ વાગે આ દુર્ઘટના બની હતી.

બિલ્ડિંગની કાર પાર્કિંગની લિફ્ટ બગડી ગઈ હોવાથી કંપનીના બે માણસો તેનું સમારકામ કરવા આવ્યા હતા. એ દરમ્યાન કાર ઉપરથી નીચે સાત મીટર ઊંડા ખાડામાં પડી હતી, જેમાં બંને માણસો ફસાઈ ગયા હતા.

ફાયરબ્રિગેડે ઘટના સ્થળે પહોંચીને બંનેને બહાર કાઢ્યા હતા અને તેમને પાલિકા સંચાલિત શતાબ્દી હૉસ્પિટલમાં સારવાર માટે દાખલ કર્યા હતા.

હૉસ્પિટલમાં ફરજ પર રહેલા ડૉકટરે ૩૦ વર્ષના શુભમ ધુરીને મૃત જાહેર કર્યો હતો. તો ૪૫ વર્ષના સુજીત યાદવને માથા પર ગંભીર ઈજા પહોંચી હતી અને તેની સારવાર ચાલી રહી છે. પોલીસે આ દુર્ઘટના સંદર્ભમાં કેસ નોંધીને તપાસ હાથ ધરી હતી. ■

# ચર્ચગેટ સ્ટેશનને અહિલ્યાબાઈ હોળકરનું નામ આપવાની માગણી

મુંબઈ: ધનગર સમુદાયના એક નેતાએ શનિવારે દક્ષિણ મુંબઈના ચર્ચગેટ રેલવે સ્ટેશનનું નામ બદલીને મરાઠા શાસિત માલવા રાજ્યની આદરણીય રાણી અહિલ્યાબાઈ હોળકરના નામ પર રાખવાની માગણી કરી હતી.

પત્રકારો સાથે વાત કરતા ધનગર નેતા પ્રકાશ શેંડગેએ પણ ભાજપ પર તેમના સમુદાયને અનુસૂચિત જનજાતિ (એસટી) દરજ્જો આપવાના વચનને પૂર્ણ કરવામાં કથિત નિષ્ફળતા બદલ આકરા પ્રહારો કર્યા.

રાજ્યમાં ભરવાડ સમુદાય, ધનગર, હાલમાં વિચરતી જનજાતિ (એનટી) યાદીમાં છે. તેના સભ્યો છેલ્લા ઘણા વર્ષોથી એસટી ક્વોટા હેઠળ અનામત લાભોની માગ કરી રહ્યા છે.

ચર્ચગેટ સ્ટેશનનું નામ બદલવાની માગ વિશે વાત કરતા, શેંડગેએ પૂછ્યું, અહીં કોઈ ચર્ચ કે ગેટ નથી, તો ચર્ચગેટ નામ શા માટે રાખવું?

તેની નજીકના એક આંતરછેદનું નામ અહિલ્યાબાઈ હોળકરના નામ પરથી રાખવામાં આવ્યું છે. હવે સમય આવી ગયો છે કે સ્ટેશન પણ તેમનો વારસો જાળવી રાખે, એમ તેમણે કહ્યું હતું.

શાસક ભાજપ પર પ્રહાર કરતા તેમણે કહ્યું કે પાર્ટી ધનગરોને અનામત આપવાનું વચન પૂર્ણ કરવામાં નિષ્ફળ ગઈ છે.

જે માણસે ધનગરોને એસટી દરજ્જો આપવાનું વચન આપ્યું હતું તે હવે મુખ્ય પ્રધાન છે. તેમણે અગાઉ બે વાર આ પદ સંભાળ્યું છે, છતાં સમુદાયને કંઈ મળ્યું નથી, શેંડગેએ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસનું નામ લીધા વિના કહ્યું. ■

## રાણી અહિલ્યાબાઈ મહારાષ્ટ્રનાં પુત્રી હતાં એ ગર્વની વાત: ફડણવીસ

ચૌંડી (મહારાષ્ટ્ર): મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે શનિવારે કહ્યું હતું કે એ ગર્વની વાત છે કે રાણી અહિલ્યાબાઈ હોળકર મહારાષ્ટ્રનાં પુત્રી હતાં. મહારાષ્ટ્ર સરકાર તેમના જીવન અને પરોપકારી શાસક તરીકેના યોગદાનથી પ્રેરિત છે અને સમાજના વંચિત વર્ગના કલ્યાણ માટે કામ કરવા માટે પ્રતિબદ્ધ છે. ફડણવીસ ૧૮મી સદીના ઇન્દોરના શાસક અહિલ્યાબાઈ હોળકરના ૩૦૦મી જન્મજયંતિ નિમિત્તે તેમના જન્મસ્થળ ચોંડીમાં બોલી રહ્યા હતા. રાણીને તેમના અસાધારણ (જુઓ પાનું ૪) ▸▸

# સાંતાક્રુઝની પંચતારક હૉટેલમાં બોમ્બબ્લાસ્ટની ધમકી: ગુનો દાખલ

મુંબઈ: સાંતાક્રુઝ વિસ્તારમાં આવેલી પંચતારક હૉટેલમાં શુક્રવારે મોડી રાતે બોમ્બબ્લાસ્ટની ધમકી આપતો કૉલ આવતાં ગભરાટ ફેલાયો હતો. ઇન્ટરનેશનલ નંબર પરથી આ કૉલ કરવામાં આવ્યો હોઇ વાકોલા પોલીસે આ પ્રકરણે અજાણી વ્યક્તિ વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો. તપાસમાં જાણવા મળ્યું હતું કે જે નંબર પરથી કૉલ કરાયો હતો, તે જર્મનીમાં રજિસ્ટર્ડ છે. પોલીસ હવે કૉલ કરનારી વ્યક્તિની શોધ ચલાવી રહી છે. પંચતારક હોટેલના રિસેપ્શન પર શુક્રવારે મોડી રાતે કૉલ આવ્યો હતો. કૉલ કરનારી વ્યક્તિએ દાવો કર્યો હતો કે હોટેલ પરિસરમાં બોમ્બ પ્લાન્ટ કર્યો હોઇ ૧૦ મિનિટમાં બ્લાસ્ટ થશે. દરમિયાન હોટેલ મેનેજમેન્ટ દ્વારા આની જાણ પોલીસને કરવામાં આવી હતી, જેને પગલે પોલીસ અધિકારીઓ તથા બોમ્બ ડિટેક્શન એન્ડ ડિસ્પોઝલ સ્કવોડ (બીડીડીએસ)ની ટીમે ઘટનાસ્થળે આવી પહોંચી હતી. હોટેલના આખા પરિસરમાં શોધ ચલાવવામાં આવી હતી. ■

# પાકિસ્તાન માટે જાસૂસી

# વર્માએ સેનાના શસ્ત્ર સંગ્રહનાં ઠેકાણાંની માહિતી પણ પહોંચાડી

થાણે: પાકિસ્તાન માટે જાસૂસીના આરોપસર મહારાષ્ટ્ર એન્ટિ-ટેરરિઝમ સ્કવોડ (એટીએસ) દ્વારા ધરપકડ કરાયેલા થાણેના જુનિયર એન્જિનિયર રવિ વર્માની પૂછપરછમાં એવું સામે આવ્યું હતું કે પાકિસ્તાની એજન્ટોએ મહિલાઓના સ્વાંગમાં હની-ટ્રેપમાં ફસાવીને તેની પાસેથી ભારતીય સેના વિશે પણ અત્યંત સંવેદનશીલ માહિતી કઢાવી લીધી હતી.

૨૭ વર્ષનો રવિ વર્મા નવેમ્બર, ૨૦૨૪માં સોશિયલ મીડિયા દ્વારા પાયલ શર્મા નામની મહિલાના સંપર્કમાં આવ્યો હતો અને મિત્રતા બાદમાં તેના પ્રેમમાં પડીને રવિ વર્માએ તેને માહિતી આપવાનું શરૂ કર્યું હતું. માર્ચ, ૨૦૨૫ સુધી તે માહિતી આપતો હતો.

પાક એજન્ટના હની-ટ્રેપમાં (જુઓ પાનું ૪) ▸▸




**તમાકુમુક્ત જીવન:** 'વર્લ્ડ નો-ટોબેકો ડે' નિમિત્તે શનિવારે શિવાજી પાર્ક ખાતે સિગારેટની પ્રતિકૃતિ બનાવીને વ્યસનથી દૂર રહેવાની લોકોને અપીલ કરવામાં આવી હતી. (અમય ખરાડે)




# મુંબઈનું છઠ્ઠું ટાઇટલ અથવા આઇપીએલને મળશે નવું ચૅમ્પિયન

## આખા ક્રિકેટજગતની નજર અમદાવાદ પરઃ આજે મુંબઈ-પંજાબનો જંગઃ ફાઇનલમાં બેંગલૂરુ રાહ જોઈને જ બેઠું છે

અમદાવાદઃ મુંબઈ ઇન્ડિયન્સ (એમઆઇ) અને પંજાબ કિંગ્સ (પીબીકેએસ) વચ્ચે અમદાવાદમાં આજે પહેલી જૂને (સાંજે ૭.૩૦ વાગ્યાથી) આઇપીએલ-૨૦૨૫માં સેમિ ફાઇનલ સમાન નૉકઆઉટ મુકાબલો (ક્વૉલિફાયર-ટૂ) છે જેમાં જીતનારી ટીમ મંગળવાર, ત્રીજી જૂને અમદાવાદમાં જ રૉયલ ચૅલેન્જર્સ બેંગલૂરુ (આરસીબી) સામે ફાઇનલમાં રમશે. ટૂંકમાં, આખી ક્રિકેટ દુનિયાની નજર ત્રણ દિવસ સુધી અમદાવાદ પર મંડાયેલી રહેશે.

આ ત્રણ ટીમ વિશેની સૌથી વિશેષ બાબત એ છે કે મુંબઈ પાંચ વખત ટાઇટલ જીત્યું છે અને આજે જો પંજાબ સામેની ક્વૉલિફાયર-ટૂ જીતશે તો ફાઇનલમાં પહોંચશે અને ફાઇનલમાં બેંગલૂરુને હરાવશે તો મુંબઈના નામે વિક્રમજનક છઠ્ઠું આઇપીએલ-ટાઇટલ લખાઈ જશે.

મુંબઈ જો આજે હારશે તો પંજાબ ફાઇનલમાં જશે અને મંગળવારે પંજાબ-બેંગલૂરુ વચ્ચે નિર્ણાયક મુકાબલો થશે અને એ સાથે, આઇપીએલને નવી ચૅમ્પિયન ટીમ મળશે. બેંગલૂરુ કે પંજાબ, બેમાંથી કોઈ પણ ટીમ હજી સુધી એક પણ ટાઇટલ નથી જીતી શકી એટલે એમને આ વખતે ટ્રોફી પર કબજો કરવાનો સુવર્ણ મોકો છે.

મુંબઈની ટીમ એક પછી એક વિજય મેળવીને પૂરપાટ અમદાવાદ પહોંચી છે જ્યાં ક્રિકેટ જગતના સૌથી મોટા નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં આજે પંજાબની ટીમે મુંબઈના ખેલાડીઓના જોશ અને જુસ્સાનો સામનો કરવાનો છે. હાર્દિક પંડ્યાની ટીમનો દરેક ખેલાડી (બૅટ્સમૅન કે બોલર) બહુ જ સારા ફૉર્મમાં છે અને ઑલરાઉન્ડ પર્ફોર્મન્સથી જેમ શુક્રવારે ગુજરાત ટાઇટન્સને સ્પર્ધાની બહાર કરી દીધું એમ આજે શ્રેયસ ઐયરના પંજાબને પણ આઉટ કરી શકે. જોકે મુંબઈએ ઈજામુક્ત થયેલા પંજાબના સ્પિન-સમ્રાટ યુઝવેન્દ્ર ચહલથી ચેતવું પડશે.

ત્રણેય ટીમમાં પ્લે-ઑફમાં રમવાનો-જીતવાનો સૌથી સારો અનુભવ મુંબઈને છે. કોચિંગના કાફલામાં માહેલા જયવર્દને (મુંબઈ) અને રિકી પૉન્ટિંગ (પંજાબ) વચ્ચે ચડિયાતા પુરવાર થવાની હરીફાઈ જામશે. ■

### ચડિયાતા પુરવાર થવા કયા હરીફ ખેલાડીઓ વચ્ચે ટક્કર

- હાર્દિક પંડ્યા વિરુદ્ધ શ્રેયસ ઐયર
- રોહિત શર્મા વિરુદ્ધ પ્રિયાંશ આર્ય/પ્રભસિમરન સિંહ
- જસપ્રીત બુમરાહ વિરુદ્ધ અર્શદીપ સિંહ
- સૂર્યકુમાર યાદવ વિરુદ્ધ જૉશ ઇંગ્લિસ
- ટ્રેન્ટ બૉલ્ટ વિરુદ્ધ કાઇલ જૅમીસન

### બન્ને ટીમની સંભવિત પ્લેઇંગ-ઇલેવન

**મુંબઈઃ** હાર્દિક પંડ્યા (કૅપ્ટન), રોહિત શર્મા, જૉની બેરસ્ટૉ (વિકેટકીપર), સૂર્યકુમાર યાદવ, તિલક વર્મા, નમન ધીર, મિચલ સૅન્ટનર, રાજ બાવા, રિચર્ડ ગ્લીસન, જસપ્રીત બુમરાહ, ટ્રેન્ટ બૉલ્ટ. ૧૨મો પ્લેયરઃ અશ્વની કુમાર.

**પંજાબઃ** શ્રેયસ ઐયર (કૅપ્ટન), પ્રિયાંશ આર્ય, પ્રભસિમરન સિંહ, જૉશ ઇંગ્લિસ (વિકેટકીપર), નેહલ વઢેરા, શશાંક સિંહ, માર્કસ સ્ટોઇનિસ, અઝમતુલ્લા ઓમરઝાઈ, હરપ્રીત બ્રાર, કાઇલ જૅમીસન, યુઝવેન્દ્ર ચહલ. ૧૨મો પ્લેયરઃ વિજયકુમાર વૈશાક.

# ત્રણ-ત્રણ આસાન કૅચ છોડો પછી ક્યાંથી જીતાયઃ ગિલ

મુલ્લાંપુર (ન્યૂ ચંડીગઢ): ભૂતકાળમાં મુંબઈ ઇન્ડિયન્સ (એમઆઇ) વતી રમી ચૂકેલા અને આઇપીએલની આ સીઝન માટે ગુજરાત ટાઇટન્સ (જીટી)ના ફ્રૅન્ચાઇઝીએ ૨.૪૦ કરોડ રૂપિયામાં ખરીદેલા સાઉથ આફ્રિકન ફાસ્ટ બોલર જેરાલ્ડ કૉએટ્ઝી પહેલાં તો એમઆઇની ઇનિંગ્સમાં ખર્ચાળ બન્યો અને પછી શ્રીલંકન વિકેટકીપર કુસાલ મેન્ડિસ ઉપરાંત તેણે પણ કૅચ છોડ્યા એટલે કૅપ્ટન શુભમન ગિલ બન્નેથી ખૂબ નારાજ હતો અને ગિલે શુક્રવારે અહીં આઇપીએલના એલિમિનેટર મુકાબલામાં એમઆઇ સામેના પરાજય પછી કહ્યું, 'અમારા ફીલ્ડર્સ ત્રણ-ત્રણ સાવ સહેલા કૅચ છોડે પછી ક્યાંથી જીતી શકાય.'

મુંબઈએ પાંચ વિકેટે ૨૨૮ રન કર્યા હતા. ૨૦મી ઓવર કૉએટ્ઝીને અપાઈ હતી જેમાં બાવીસ રન બન્યા હતા. ગુજરાતનો ૨૦ રનથી પરાજય થયો અને કૉએટ્ઝીની એ ખર્ચાળ ઓવર છેવટે ગુજરાતને નડી એવું કહી શકાય. એ પહેલાં, રોહિત શર્મા (૮૧ રન) ત્રણ રન અને બાર રન પર હતો ત્યારે



તેનો કૅચ છૂટ્યો હતો. ખુદ રોહિતે પોતાને શુક્રવારે નસીબવાન ગણાવ્યો હતો.

શુભમન ગિલે મૅચ પછીની હતાશામાં કહ્યું, 'અમે આ મૅચ જીતી શક્યા હોત. છેલ્લી ત્રણ-ચાર ઓવર અમારી તરફેણમાં નહોતી. અમારા ફીલ્ડર્સ જો ત્રણ-ત્રણ કૅચ છોડે પછી બોલર્સ શું કરે! સ્થિતિ સંપૂર્ણપણે બોલર્સના હાથમાં હતી જ નહીં.'

ગુજરાતે ૨૨૯ રનના લક્ષ્યાંકના જવાબમાં છ વિકેટે ૨૦૮ રન કર્યા હતા. સાઇ સુદર્શને ૮૧ રન અને વૉશિંગ્ટન સુંદરે ૪૮ રન કર્યા હતા, પણ ખુદ ગિલ (૧ રન) પહેલી જ ઓવરમાં ટ્રેન્ટ બૉલ્ટના બૉલમાં એલબીડબ્લ્યૂ થયો હતો. ■

# અચાનક જાગેલા રાજ કુન્દ્રાએ ફૂંફાડો માર્યો, સોમવારે આરઆરના પ્રમોટરને ઉઘાડા પાડશે

### અભિનેત્રી શિલ્પા શેટ્ટીના પતિનો મહત્ત્વના દસ્તાવેજો પોતાની પાસે હોવાનો દાવો

નવી દિલ્હીઃ બૉલિવૂડની અભિનેત્રી શિલ્પા શેટ્ટીના બિઝનેસમૅન-પતિ અને આઇપીએલના ફ્રૅન્ચાઇઝી રાજસ્થાન રૉયલ્સ (આરઆર)ના ભૂતપૂર્વ સહ-માલિક રાજ કુન્દ્રા અચાનક ન્યૂઝમાં ચમકી ગયા છે. કુન્દ્રાએ એવો દાવો કર્યો છે કે તેઓ બે જ દિવસમાં એક સનસનાટીભરી વાત જાહેરમાં લાવશે.

કુન્દ્રાએ સોશિયલ મીડિયા પ્લૅટફૉર્મ લિન્ક્ડઇન પરના પોતાના સત્તાવાર અકાઉન્ટ પર દાવો કર્યો છે કે તેમની પાસે એવા મહત્ત્વના અને ચાવીરૂપ દસ્તાવેજો છે જેના પરથી તેઓ આરઆરના એક મહત્ત્વના પ્રમોટરની ગંભીર નાણાકીય ગેરરીતિઓ ઉઘાડી પાડશે.



### સોમવારે ભાંડો ફોડવાની તૈયારી

કુન્દ્રાએ બીજી એક પોસ્ટમાં જણાવ્યું છે કે તેઓ સોમવાર, બીજી જૂને પત્રકાર પરિષદ રાખશે અને એમાં આ પ્રમોટરનો ભાંડો ફોડશે. જોકે આ પ્રેસ કૉન્ફરન્સ ક્યાં રાખવામાં આવશે એ તેઓ સોમવારે સવારે જ જાહેર કરશે.

એક અહેવાલ મુજબ કુન્દ્રનો એવો આક્ષેપ પણ છે કે વિદેશી અકાઉન્ટ મારફત બ્લૅક મની વાઇટ કરવાની ગેરરીતિ અમુક ગુપ્ત ટ્રાન્ઝેકશનો મારફત થઈ છે અને એમાં આરઆરના એક મોટા પ્રમોટરની સંડોવણી હોવાનું તેણે કહ્યું છે.

### કુન્દ્રાના પ્રાથમિક આક્ષેપો કયા છે

આરઆરના સાથી પ્રમોટરોના અધિકારોને ખોટા શૅરહૉલ્ડિંગ સોદા દ્વારા કચડી નાખવાનો આક્ષેપ પણ કુન્દ્રા કરી રહ્યા છે.

કુન્દ્રાએ લિન્ક્ડઇન પરના અકાઉન્ટમાં જણાવ્યું છે કે ' થોડા જ દિવસમાં સત્ય બહાર આવી જશે. એ સત્ય હું નહીં જણાવું, દસ્તાવેજો જ બધુ કહી દેશે.'

### સુપ્રીમ કોર્ટે કુન્દ્રા પર પ્રતિબંધ મૂકેલો

ઉલ્લેખનીય છે કે ૨૦૦૯માં શિલ્પા શેટ્ટી અને તેના પતિ રાજ કુન્દ્રાએ રાજસ્થાન રૉયલ્સના ફ્રૅન્ચાઇઝીનો ૧૧.૭ ટકા ઇક્વિટી હિસ્સો ખરીદ્યો હતો. આ ફ્રૅન્ચાઇઝીમાંના આ ઇક્વિટી હિસ્સા પાછળ તેમણે કુલ ૧૫.૪ મિલ્યન ડૉલરનો ખર્ચ કર્યો હોવાનું મનાય છે. જોકે ૨૦૧૫માં સુપ્રીમ કોર્ટે ક્રિકેટને લગતી કંઈ પણ પ્રવૃત્તિ કરવાની બાબતમાં કુન્દ્રા પર પ્રતિબંધ મૂક્યો હતો. ૨૦૧૩ની આઇપીએલ દરમ્યાન આઇપીએલમાં જે સટ્ટા-કાંડ બહાર આવ્યો હતો એમાં કુન્દ્રાની ગુનાહિત ભૂમિકા હોવાનું અદાલતને જણાયું હતું.

### આરઆરના માલિકોમાં કોણ-કોણ છે

હાલમાં ગૂગલ પરની માહિતી મુજબ રાજસ્થાન રૉયલ્સના માલિકોમાં મનોજ બેદાળે (૬૫ ટકા ઇક્વિટી), રેડબર્ડ (૧૫ ટકા) અને લાચલન મુર્ડોક (૧૩ ટકા)નો સમાવેશ છે. ■

# મંગળવારે બેંગલૂરુ ફાઈનલ નહીં જીતે તો છૂટાછેડાઃ આ મહિલા હવે ખૂબ મક્કમ છે!

મુલ્લાંપુર (ન્યૂ ચંડીગઢ): રોયલ ચેલેન્જર્સ બેંગલૂરુ (આરસીબી)ની ટીમ આઈપીએલના ૧૮ વર્ષના ઇતિહાસમાં અગાઉ ત્રણ વખત (૨૦૦૯, ૨૦૧૧, ૨૦૧૬) ફાઈનલમાં આવ્યા પછી પણ હારી ગઈ હતી અને હજી સુધી એક પણ ટ્રૉફી નથી જીતી શકી, પરંતુ આ વખતે આ ટીમ ચોથી વખત ફાઈનલમાં પ્રવેશી એટલે એ ચેમ્પિયન બનવાની શક્યતા ફરી એક વાર વધી ગઈ છે. કરોડો ચાહકો આરસીબીને આ વખતે તો વિજેતા જોવા માગે જ છે અને એમાં પણ એક મહિલાએ તો એવી હઠ પકડી છે કે જો આરસીબી આ વખતે ફાઈનલ નહીં જીતે તો તે પતિને ડિવૉર્સ આપી દેશે.

ગુરુવારે બેંગલૂરુની પંજાબ કિંગ્સ (પીબીકેએસ) સામેની ક્વૉલિફાયર-વન મૅચ વખતે મુલ્લાંપુરના સ્ટેડિયમમાં બૅનર સાથે ઊભેલી મહિલાનું




છૂટાછેડાનું સ્ટન્ટ છે કે પછી પતિથી ખરેખર કંટાળી ગઈ છે એ તો જાણવા નથી મળ્યું, પરંતુ તેના આ બૅનરે સ્ટેન્ડમાં આસપાસ બેઠેલા અનેક લોકોને તેમ જ ટીવી દર્શકોને આકર્ષિત જરૂર કર્યા હતા.

બેંગલૂરુની મંગળવાર, ત્રીજી જૂને અમદાવાદમાં ફાઈનલ રમાશે. એમાં બેંગલૂરુ સામે કઈ ટીમ આવશે એ રવિવારે મુંબઈ અને પંજાબ વચ્ચેની મૅચના વિજેતા પરથી નક્કી થઈ જશે.

બેંગલૂરુની ટીમે ગુરુવારે પંજાબને ક્વૉલિફાયર-વનમાં ૮ વિકેટે હરાવીને સીધા ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો. માત્ર ૧૭ રનમાં પંજાબની ત્રણ વિકેટ લેનાર સ્પિનર સુયશ શર્માને મૅન ઑફ ધ મૅચનો અવૉર્ડ મળ્યો હતો. એ દિવસે સ્ટેડિયમમાં બૅનર સાથે ઊભેલી મહિલાએ આસપાસના ક્રિકેટપ્રેમીઓને એવું કહ્યું હતું કે તે આરસીબીની ડાઈ-હાર્ડ ફેન છે અને જો આ વખતે આ ટીમ ફાઈનલ નહીં જીતે તો તે તેના પતિને છૂટાછેડા આપી દેશે એવું પ્રણ તેણે લીધું છે. ■

# ગુજરાતની હાર પછી નેહરાનો દીકરો રડ્યો, ગિલની બહેનની આંખમાં પણ આંસુ



મુલ્લાંપુર (ન્યૂ ચંડીગઢ): શુક્રવારે અહીં મુંબઇ ઇન્ડિયન્સ (એમઆઇ)એ ગુજરાત ટાઇટન્સ (જીટી)ને આઈપીએલના રોમાંચક એલિમિનેટર મુકાબલામાં ૨૦ રનથી હરાવી દીધું ત્યારે મુંબઈની ટીમની છાવણીમાં સેલિબ્રેશન ટાઈમ ચાલી રહ્યું હતું, પણ બીજી બાજુ ગુજરાતના ફૅન્સ હતાશ હતા અને કેટલાક તો ભાવુક થઈને રડ્યા હતા. ગુજરાતની ટીમના હેડ-કોચ આશિષ નેહરાનો પુત્ર રડી પડ્યો હતો અને ટીમના કેપ્ટન શુભમન ગિલની બહેન શહનીલથી પણ આંખમાં આંસુ આવતા રોકી શકાયા નહોતા.

૨૦૨૨ના ચેમ્પિયન ગુજરાતની આ હારને લીધે અનેક ચાહકોના દિલ તૂટ્યા હતા. નવાઈની વાત એ છે કે ગુજરાતને હરાવનાર મુંબઈનો કેપ્ટન હાર્દિક પંડ્યા હજી ૨૦૨૩ની સાલ સુધી ગુજરાતનો સુકાની હતો અને હવે તેની જ કેપ્ટન્સીમાં મુંબઈએ ગુજરાતને હરાવીને સ્પર્ધાની બહાર કરી દીધું.

શુક્રવારે મૅચનો છેલ્લો બૉલ ફેંકવામાં આવ્યો અને એ સાથે મુંબઈના ખેલાડીઓએ વિજયની ઉજવણી શરૂ કરી ત્યારે બીજી બાજુ ગુજરાત તરફી ચાહકોના સ્ટેન્ડ તરફ કૅમેરા તાકવામાં આવ્યો ત્યારે નેહરાનો પુત્ર રડી રહેલો જોવા મળ્યો હતો. આસપાસના લોકો તેને શાંત રાખી રહ્યા હતા. ખાસ તો તેના પિતા આશિષ નેહરા આ ટીમના હેડ-કોચ હોવા છતાં તેની ટીમ આખી સ્પર્ધામાં સારું રમ્યા પછી હારી ગઈ એ આ બાળકથી જોઈ નહોતું શકાયું અને હતાશામાં તે રડી પડ્યો હતો.

ગુજરાતની ટીમ ઘણા દિવસો સુધી પોઇન્ટ્સ-ટેબલમાં નંબર વન પર રહી અને છેવટે ફાઈનલ સુધી ન પહોંચી શકી એને લીધે એના અનેક ફેન્સ હતાશ હતા.

### રોહિત શર્મા મૅન ઑફ ધ મૅચ

મુંબઈએ મૅન ઑફ ધ મૅચ બનેલા રોહિત શર્માના ૮૧ રન અને મુંબઈ વતી પહેલી જ વખત રમી રહેલા જૉની બેરસ્ટૉના ૪૭ રનની મદદથી ૨૦ ઓવરમાં પાંચ વિકેટે ૨૨૮ રન કર્યા હતા. ગુજરાતના ઓપનર સાઇ સુદર્શનના ૮૦ રન તથા વૉશિંગ્ટન સુંદરના ૪૮ રન છતાં ૨૦ ઓવરમાં છ વિકેટે ૨૦૮ રન બનાવી શકી હતી અને મુંબઈનો ૨૦ રનથી રોમાંચક વિજય થયો હતો.

# સિક્સરથી માંડીને ૭,૦૦૦ રનનો વિક્રમઃ રોહિત બે દિગ્ગજો પછી નંબર-ટૂ થઈ ગયો

મુલ્લાંપુરઃ શુક્રવારે આઇપીએલના પ્લે-ઑફ રાઉન્ડના એલિમિનેટરમાં મુંબઈ ઇન્ડિયન્સ (એમઆઇ)ના ઓપનર રોહિત શર્માએ એક ઝાટકે બે મોટા વિક્રમમાં પોતાનું નામ બીજા નંબર તરીકે લખાવી દીધું હતું. ૧૮ વર્ષ જૂની આઇપીએલમાં સૌથી વધુ ૩૫૭ સિક્સર વેસ્ટ ઇન્ડિઝના ક્રિસ ગેઇલના નામે છે અને રોહિત શર્માના ખાતે ૩૦૨ છગ્ગા છે. મુદ્દાની વાત એ છે કે આ વિશ્વ વિખ્યાત ભારતીય ટૂર્નામેન્ટમાં અત્યાર સુધી એકમાત્ર ગેઇલ ૩૦૦ સિક્સર ફટકારનાર ખેલાડી હતો, પણ હવે રોહિત પણ તેની સાથે એ જાદુઈ યાદીમાં બીજા નંબર તરીકે જોડાઈ ગયો છે.

રોહિતે શુક્રવારે ગુજરાત ટાઇટન્સ (જીટી) સામેની મૅચમાં ૫૦ બૉલમાં ચાર સિક્સર અને નવ ફોરની મદદથી ૮૧ રન કર્યા હતા. એ ઇનિંગ્સ પહેલાં રોહિતના ખાતે ૨૯૮ સિક્સર હતી અને તે વિરાટ કોહલી (૨૯૧ સિક્સર)થી સાત ડગલાં આગળ હતો. જોકે રોહિતે ગુજરાતના બોલર્સની ખબર લઈ નાખી અને ચાર તોતિંગ છગ્ગા ફટકારીને ૩૦૦-પ્લસ સિક્સરવાળા લિસ્ટમાં ગેઇલની હરોળમાં થઈ ગયો હતો. ગેઇલે ૧૪૧ ઇનિંગ્સમાં ૩૫૭ છગ્ગા ફટકાર્યા હતા, જ્યારે રોહિતની ૩૦૨ સિક્સર ૨૬૬ દાવમાં છે.

ગેઇલ આઇપીએલમાં રૉયલ ચૅલેન્જર્સ બેંગલૂરુ ઉપરાંત કિંગ્સ ઇલેવન પંજાબ અને કોલકાતા નાઇટ રાઇડર્સ વતી પણ રમ્યો હતો.




રોહિતે ૩૦૨માંથી ૨૫૧ છગ્ગા મુંબઈ ઇન્ડિન્સ વતી અને બાકીના ૫૧ છગ્ગા અન્ય ટીમ (ડેક્કન ચાર્જર્સ) વતી ફટકાર્યા છે.

આરસીબી વતી રમનાર કોહલીના ૨૯૧ છગ્ગા ૨૫૮ ઇનિંગ્સમાં છે. આઇપીએલમાં એક જ ટીમ વતી રમીને સૌથી વધુ સિક્સર ફટકારનારાઓમાં કોહલી મોખરે છે. આઇપીએલમાં કુલ ૭,૦૦૦ રન કરનારાઓમાં અત્યાર સુધી ફક્ત વિરાટ કોહલી હતો, પણ હવે રોહિત બીજા નંબર તરીકે તેની બરાબરીમાં થઈ ગયો છે. રોહિતના નામે હવે કુલ ૭,૦૩૮ રન છે. કોહલી ૮,૬૧૮ રન સાથે મોખરે છે. શિખર ધવન હવે નિવૃત્ત થઈ ગયો છે અને આ યાદીમાં તે ૬,૭૬૯ રન સાથે ત્રીજા નંબરે છે. બીજા બે નિવૃત્ત ખેલાડી વૉર્નર (૬,૫૬૫) ચોથા ક્રમે અને સુરેશ રૈના (૫,૫૨૮) પાંચમે છે.

# જય શાહ ફૂટબૉલ-ફાઈનલના પ્રસંગે યુઇફાના પ્રમુખને મળ્યા



મ્યૂનિકઃ યુરોપના મ્યૂનિક શહેરમાં યુરોપિયન ફૂટબૉલનું સંચાલન કરતી સંસ્થા યુઇફાના પ્રમુખ ઍલેક્ઝાંડર સેફરિનને ઇન્ટરનૅશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઇસીસી)ના ચૅરમૅન અને બીસીસીઆઇના ભૂતપૂર્વ સેક્રેટરી જય શાહ મળ્યા હતા. આ મુલાકાત શનિવારે ચૅમ્પિયન્સ લીગ નામની પ્રતિષ્ઠિત ફૂટબૉલ સ્પર્ધાની પીએસજી તથા ઇન્ટર મિલાન વચ્ચેની ફાઇનલ પહેલાં યોજાઈ હતી.

'એક્સ' પર જય શાહે જણાવ્યું હતું કે 'ફૂટબૉલની પ્રતિષ્ઠિત સ્પર્ધા ચૅમ્પિયન્સ લીગની ફાઇનલ પહેલાં મ્યૂનિક શહેરમાં ક્રિકેટનું પ્રતિનિધિત્વ કરવાનો મને અવસર મળ્યો એ બદલ આનંદ અને ગૌરવ અનુભવું છું. મેં મ્યૂનિકમાં યુઇફાના પ્રમુખ ઍલેક્ઝાંડર સેફરિન સાથે ઘણી ચર્ચા કરી હતી. હંમેશાં આઇસીસીનો આશય વિશ્વમાં ક્રિકેટનો ફેલાવો કરવાનો રહ્યો છે અને અન્ય રમતની અગ્રણી હસ્તી સાથેની મુલાકાત હંમેશાં યાદગાર બની રહેતી હોય છે.' ■

# બુમરાહ એટલે મુંબઈના રહેઠાણોના ભાવ જેવોઃ કૅપ્ટન હાર્દિક પંડ્યા

મુલ્લાંપુરઃ મુંબઈ ઇન્ડિયન્સ (એમઆઇ)ની ટીમ પાંચ ટાઇટલ જીત્યા પછી હવે છઠ્ઠા ટાઇટલની લગોલગ પહોંચી ગઈ એને પગલે કૅપ્ટન હાર્દિક પંડ્યાએ ટીમના દરેક ખેલાડીને બિરદાવ્યો છે. ખાસ કરીને તેણે ટેસ્ટના વર્લ્ડ નંબર-વન બોલર જસપ્રીત બુમરાહ પર પ્રશંસાની વર્ષા વરસાવી છે.

મુંબઈએ પાંચ વિકેટે ૨૨૮ રન કર્યા પછી ગુજરાતની ટીમ ૨૦ ઓવરમાં છ વિકેટે ૨૦૮ રન બનાવી શકતા મુંબઈનો ૨૦ રનથી વિજય થયો હતો. ગુજરાતના સાઇ સુદર્શન (૮૦ રન, ૪૯ બૉલ, એક સિક્સર, દસ ફોર) અને વૉશિંગ્ટન સુંદર (૪૮ રન, ૨૪ બૉલ, ત્રણ સિક્સર, પાંચ ફોર) વચ્ચે ત્રીજી વિકેટ માટે ૪૪ બૉલમાં ૮૪ રનની ભાગીદારી થઈ હતી. તેમણે ટીમનો સ્કોર ૬૭ રન પરથી ૧૫૧ રન પર પહોંચાડ્યો હતો, પણ એ તબક્કે (૧૪મી ઓવરમાં) બુમરાહ ત્રાટક્યો હતો. તેણે ગજબના યૉર્કરમાં વૉશિંગ્ટનને ક્લીન બોલ્ડ કર્યો હતો. તેનું સ્ટમ્પ ઊખડી ગયું હતું. વૉશિંગ્ટન સમતોલપણું ગુમાવી બેઠો હતો અને ક્રીઝમાં નીચે પડ્યો હતો. તેના પછી રિચર્ડ ગ્લીસને સુદર્શનને ક્લીન બોલ્ડ કર્યો હતો.

મુંબઈ વતી પહેલી જ મૅચ રમેલા બ્રિટિશ પેસ બોલર રિચર્ડ ગ્લીસને ગુજરાતની ટીમે ૨૦મી ઓવરમાં જ્યારે જીતવા ૨૪ રન કરવાના હતા ત્યારે ઓવરની બહુ સારી શરૂઆત કરી હતી. પહેલા ત્રણ બૉલમાં ફક્ત ત્રણ રન થયા અને મુંબઈની જીત નક્કી થઈ ગઈ હતી. જોકે ગ્લીસન ઈજાને કારણે પાછો જતો રહ્યો અને અશ્વની કુમારે



એક વિકેટ લેવાની સાથે ઓવર સફળ રીતે પૂરી કરી હતી. એ પહેલાં, બુમરાહની ૧૮મી ઓવરમાં ફક્ત નવ રન થયા હતા.

હાર્દિકને મૅચ પછી કહ્યું, 'ગ્લીસને બહુ સારી બોલિંગ કરી. જસ્સી (જસપ્રીત બુમરાહ) એટલે જસ્સી. તેના જેવો કોઈ નહીં. અશ્વનીએ પણ સરસ બોલિંગ કરી. બુમરાહની વાત કરું તો તેના વિશે મારા મનમાં બહુ સરળ સમજ છે. જ્યારે પણ મને લાગે કે બાજી હાથમાંથી જઈ રહી છે ત્યારે હું તેને મોરચા પર લાવું છું અને તે વિકેટ અપાવે જ છે. મારી દૃષ્ટિએ તે મુંબઈના રહેઠાણોનાં ભાવ જેવો છે. ખરેખર, તે ખૂબ મૂલ્યવાન છે.'

હાર્દિકનો કહેવાનો ભાવાર્થ એવો હતો કે જેમ મુંબઈમાં હાઉસિંગ પ્રાઇસીસ કાબૂ બહાર થઈ જાય ત્યારે એક એવું પરિબળ હોય છે જે એ ભાવ પર અંકુશ અપાવી દે છે. ■



# પુત્રના ‘પરાક્રમ’થી લાલુ પ્રસાદના પરિવારમાં યાદવાસ્થળી...!

**આમ તો પોતાની વિચક્ષણ ટકોર સાથે હસતાં હસાવતાં રાજકીય ડ્રામાબાજી કરવામાં લાલુ પ્રસાદને કોઈ ન પહોંચે, પણ પુત્ર તેજ પ્રકાશના લગ્નબાહ્ય સંબંધને લીધે એમના યાદવ પરિવારમાં અફડાતફડી મચી ગઈ છે. આ કિસ્સામાં તેજની પત્ની ઐશ્વર્યા- એની પ્રેમિકા અનુષ્કા તથા લાલુ પણ છે... આ ત્રણેય પાત્રો એવાં છે જે આ ‘કહાની મેં ટિવસ્ટ’ આપી શકે !**

કવર સ્ટોરી
વિજય વ્યાસ
feedback@bombaysamachar.com

‘રાષ્ટ્રીય જનતા દળ’ (આરજેડી)ના સુપ્રીમો લાલુ પ્રસાદ યાદવ પરિવારમાં પાછી નવી ભવાઈ શરૂ થઈ છે. લાલુના મોટા પુત્ર તેજ પ્રતાપે પોતાને અનુષ્કા યાદવ નામની યુવતી સાથે ૧૨ વર્ષથી સંબંધ હોવાની જાહેરાત કરી તેના પગલે ધૂંઆ પૂંઆ થયેલા લાલુપ્રસાદે દીકરાને પોતાના ‘આરજેડી પક્ષ અને પરિવાર’માંથી હાંકી કાઢવાની જાહેરાત કરી ...

લાલુજીનો આ નિર્ણય જાહેર થતાં જ અનુષ્કાનો ભાઈ મેદાનમાં આવી ગયો. અનુષ્કાના ભાઈએ લાલુના પરિવારને ‘જોઈ લેવાની’ ખુલ્લી ધમકી આપતાં બિહારમાં નવેમ્બરમાં યોજાનારી વિધાનસભાની ચૂંટણી પહેલાં જ ઘમાસાણ મચ્યું છે.

આ ‘તોફાન’ની શરૂઆત તેજપ્રતાપે પોતાના ‘ફેસબુક’ એકાઉન્ટ પર પોસ્ટ કરેલી એક તસવીરથી થઈ હતી. એ તસવીર સાથે તેજ પ્રતાપે લખ્યું હતું કે, ‘હું આ અનુષ્કા યાદવ સાથે ૧૨ વર્ષથી રિલેશનશિપમાં છું...!’

થોડા સમય પછી આ પોસ્ટ ડિલીટ કરી દેવામાં આવી એના થોડા કલાક પછી તેજ પ્રતાપે પોતાના એક્સ (X) એકાઉન્ટ પરથી પોસ્ટ કરીને પોતાનું એકાઉન્ટ હેક થઈ ગયું હોવાનો દાવો કર્યો. તેજ પ્રતાપે અનુષ્કા સાથેની પોતાની તસવીર અને એની સાથે અનુષ્કાના રિલેશનની પોસ્ટને પણ નકલી ગણાવીને દાવો કર્યો કે, અનુષ્કા સાથેના પોતાના ફોટા સાથે ચેડા કરવામાં આવ્યા છે.

જોકે, તેજ પ્રતાપે આ ખુલાસો કર્યો ત્યાં સુધીમાં સોશિયલ મીડિયા પર તેજ પ્રતાપની લવ સ્ટોરી છવાઈ ચૂકી હતી. તેજ-અનુષ્કાના ફોટા અને વીડિયો વાયરલ થઈ ગયા હતા. બંનેનાં લગ્નથી માંડીને કરવા ચોથની ઉજવણી સુધીના કહેવાતા આ ફોટો-વીડિયોના કારણે તેજ અને અનુષ્કા મીડિયામાં છવાઈ ગયા હતાં. આ કાંડથી ભડકેલા લાલુએ તેજ પ્રતાપને પાર્ટી-પરિવારમાંથી તો તગેડ્યો જ પણ પોસ્ટમાં વ્યક્તિગત જીવનમાં નૈતિક મૂલ્યો વિશે લાંબુંલચક ભાષણ પણ પિરસી દીધું.



તેજ-ઐશ્વર્યાઃ ધામધૂમથી સગાઈ-લગ્ન ને પછી કોર્ટમાં ડિવોર્સની અરજી!



તેજનો ધડાકોઃ અનુષ્કા સાથે તો મારા જૂના ઘનિષ્ઠ સંબંધ છે!

લાલુના આ અણધાર્યા પ્રકોપને કારણે તેજપ્રતાપ તો મૂંગો થઈ ગયો પણ મીડિયાએ ખણખોદ કરીને અનુષ્કા યાદવ કોણ છે એ શોધી કાઢ્યું.

અનુષ્કા પટણામાં જ રહે છે અને મધ્યમ વર્ગીય પરિવારની છે. અનુષ્કાનો ભાઈ આકાશ ગૌરવ વિદ્યાર્થી નેતા છે. આકાશ પહેલાં ‘આરજેડી’માં હતો. આ કારણે તેજ પ્રતાપ અને અનુષ્કા પરિચયમાં આવ્યાં ને બંને વચ્ચે સંબંધ વધુ ગાઢ થયા એવું મનાય છે.

અનુષ્કા સાથેના સંબંધોના કારણે તેજ પ્રતાપે આકાશને ‘આરજેડી’ના છાત્ર સંઘનો પ્રમુખ બનાવી દીધેલો. ૨૦૨૧માં :‘આરજેડી’ના બિહાર પ્રમુખ જગનંદાસિંહે આકાશને છાત્ર સંઘના પ્રમુખપદેથી દૂર કર્યો ત્યારે તેજ પ્રતાપે ભારે ઉધામો મચાવી દીધેલો. એ વખતે કોઈને અનુષ્કા-તેજના સંબંધ વિશે ખબર નહોતી. તેથી નાના ભાઈ તેજસ્વી સાથેના ઝગડાના કારણે તેજે બબાલ કરી હોવાનું મનાતું હતું, પણ હવે અસલિયત બહાર આવી છે. આ બબાલ પછી આકાશ ‘રાષ્ટ્રીય લોકજનશક્તિ પાર્ટી’માં જતો રહેલો, પણ હમણાં ત્યાંથી પણ એને તગેડી મૂકવામાં આવ્યો છે.

તેજ પ્રતાપ-અનુષ્કાના સંબંધની વાતો બહાર આવી પછી લાલુ ભડકી ગયા તેના કારણે ઘણાંને આશ્ચર્ય થયું છે. લાલુએ એના અન્ય એક પુત્ર તેજસ્વીને ખ્રિસ્તી યુવતી રાશેલ ગોડિન્હો (હવે રાજશ્રી યાદવ) સાથે પરણવાની મંજૂરી આપી છે, જ્યારે અનુષ્કા તો યાદવ છે તો પછી લાલુને શું વાંધો છે એ સવાલ થઈ રહ્યો છે. લાલુનો બળાપો તેજ પ્રતાપનાં છાનગપતિયાં અને તેના કારણે ખાસ સાથી ચંદ્રિકા રાય સાથેના સંબંધો સાવ બગડી ગયા તેની સામે છે.

તેજ પ્રતાપ યાદવનાં લગ્ન૨૦૧૮માં ઐશ્વર્યા રાય સાથે થયેલાં. ઐશ્વર્યા બિહારના ભૂતપૂર્વ મુખ્યમંત્રી દરોગા પ્રસાદ રાયની પૌત્રી અને ચંદ્રિકા રાયની પુત્રી છે. ચંદ્રિકા રાય તો વળી લાલુના વિદ્યાર્થી કાળના મિત્ર હતા. લાલુએ આ મિત્રતાને સંબંધોનું સ્વરૂપ આપ્યું કે જેથી યાદવ સમુદાય પર પોતાની પકડ મજબૂત કરે પણ તેજ પ્રતાપે બધો ખેલ બગાડી નાખ્યો. તેજ પ્રતાપને ઐશ્વર્યા સાથે ના ફાવ્યું ને લગ્નના એક વરસમાં તો ડખો થઈ ગયો.

તેજ પ્રતાપ લોચાવાળો કેસ છે ને કૃષ્ણભક્તિમાં રચ્યોપચ્યો રહે છે તેમાં એને પત્ની અશ્વૈયા સાથે જામ્યું નહીં હોય એવું મનાતું હતું, પણ તેજ તો કૃષ્ણ નહીં, પણ અનુષ્કાની ભક્તિમાં લીન હતો!

તેજે પોતે જ અનુષ્કા સાથે ૧૨ વર્ષથી રિલેશનશિપમાં હોવાનું સ્વીકાર્યું છે. તેનો મતલબ એ થયો કે, ઐશ્વર્યા સાથે ૨૦૧૮માં લગ્ન વખતે જ તેજ પ્રતાપ અનુષ્કા સાથે ‘સંબંધ’ ધરાવતો હતો. તેજ પ્રતાપે આ વાત પરિવારને કરી હશે કે નહીં તેની ખબર નથી, પણ લગ્ન કરી લીધા પછી વરસમાં જ છૂટા પડ્યા પછી તેજે બહુ ભવાડા કરેલા. ઐશ્વર્યા ખાનદાના હોવાથી કશું નહોતી બોલી પણ તેજ પ્રતાપે ઘણા આક્ષેપો કર્યા હતા. હા, લાલુનો આખો પરિવાર પુત્રવધૂ ઐશ્વર્યાની પડખે હતો પણ તેજ જ ઐશ્વર્યા સાથે રહેવા તૈયાર નહોતો.

લાલુના બીજા પુત્ર તેજસ્વીએ તો ઐશ્વર્યાના પરિવારને સાચવવા માટે ૨૦૧૯ની લોકસભાની ચૂંટણીમાં તેજના સસરા ચંદ્રિકા રાયને સરન લોકસભા બેઠકની ટિકિટ પણ આપી હતી. તેના કારણે તેજસ્વી અને તેજ એમ બન્ને ભાઈ સામસામે આવી ગયા હતા. તેજે પરિવારને બતાવી દેવા માટે પરિવારની ઉપરવટ જઈને કોર્ટમાં ડિવોર્સનો કેસ પણ માંડી દીધો. આ કેસ હજુ ચાલે છે. તેના કારણે લાલુના પરિવારની આબરૂનો ફાલુદો થઈ રહ્યો છે.

ઐશ્વર્યા સાથે તેજ પ્રતાપને ના જામ્યું ત્યારે ઘણાંને લાગેલું કે, તેજ વધારે પડતો આધ્યાત્મિક છે તેથી સમસ્યા છે. લાલુ યાદવના પરિવારની ભારાડી ઈમેજથી બિલકુલ વિપરિત તેજ પ્રતાપ ગોકુળ-મથુરા જઈને કૃષ્ણભક્તિ કરતો, ગૌશાળામાં વ્યસ્ત રહેતો તેથી કૃષ્ણ ભગવાનના ભક્ત તરીકેની ઈમેજ બની હતી.

જો કે બીજી તરફ, તેજ મોંઘી કારોમાં ફરતો, સ્ટાઈલિશ બાઈક્સ ફેરવતો, બ્રાન્ડેડ ડ્રેસ પહેરતો...આવા વિરોધાભાસને લીધે ખરેખર એની અસલિયત શું છે એ વિશે સવાલ થતા, પણ હવે બધા સવાલના જવાબ મળી ગયા છે.

લાલુએ પરિવારમાંથી કાઢી મૂક્યો પછી તેજ પ્રતાપ શું કરશે એ સવાલ છે. આ પહેલાં ૨૦૧૯માં ડખો થયેલો ત્યારે તેજ પ્રતાપે ‘રાષ્ટ્રીય જનતા દળ’ (આરજેડી)થી નોખા થઈને અલગ પક્ષ રચવાનું ત્રાગું કરેલું. લાલુ પ્રસાદે એ વખતે એને ધમકાવીને બેસાડી દીધો હતો. આમ છતાં, એણે પોતાનું અલગ વિદ્યાર્થી સંગઠન બનાવ્યું હતું. આ સંગઠનને એ સક્રિય કરશે એવું મનાય છે, પણ રાજકીય વિશ્લેષકોના મતે, લાલુ પરિવારનો ડ્રામા વિધાનસભાની ચૂંટણી પૂરતો મર્યાદિત છે. તેજની લીલાઓના કારણે રાજકીય નુકસાન ના થાય એટલે લાલુએ તેજ પ્રતાપને તગેડ્યો છે પણ ચૂંટણી પતતાં જ પાછું ઘીના ઠામમાં ઘી પડી જશે ને તેજ યાદવ પરિવાર અને આરજેડીમાં પાછો આવી જશે... ■



# પ્રતિકૂળતામાંથી રસ્તો કાઢો તેનું નામ જ સફળતા છે...

મોર્નિંગ મ્યૂસિંગ
રાજ ગોસ્વામી
feedback@bombaysamachar.com

થોડા સમય પહેલાં મુંબઈમાં ‘વર્લ્ડ ઓડિયો વિઝ્યુલ એન્ટરટેઇનમેન્ટ’ એટલે કે ‘વેવ્સ’ સમિટ યોજાઈ ગઈ. તેનું ઉદ્ઘાટન વડાપ્રધાન મોદીએ કર્યું હતું. સમિટમાં હિન્દી સિનેમા જગતની અનેક હસ્તીઓએ ભાગ લીધો હતો. તેમાં એક સેશન શાહરુખ ખાન પર હતું. એનું સંચાલન નિર્માતા-નિર્દેશક કરણ જોહરે કર્યું હતું. વિષય હતો, ‘ધ જર્નીઃ ફ્રોમ આઉટસાઈડર ટુ રૂલર.’ બીજા શબ્દોમાં કહીએ તો બહારથી આવીને બાદશાહ બની જવાની યાત્રા....

શાહરુખ ખાને અને દીપિકા પાદુકોણે તે સેશનમાં ભાગ લીધો હતો અને શાહરુખે એના વક્તવ્યમાં મહત્ત્વની વાત કરી હતી. એના વિચાર સૌના માટે અને ખાસ કરીને યુવાન પેઢી માટે કામના છે. એણે કહ્યું કે મને આ ‘આઉટસાઈડર’ અને ‘ઇનસાઈડર’ વિભાજન સામે વાંધો છે. ઉલ્લેખનીય છે કે થોડા વખત પહેલાં હિન્દી સિનેમામાં નેપોટિઝમ (એટલે કે વહાલાં-દવલાં)ની ચર્ચા બહુ ચાલી હતી કે અહીં એ લોકોને જ વધુ અવસરો મળે છે જે ફિલ્મી પરિવારના હોય.




**મહેનત કદી પણ એળે નથી જતી. માત્ર દિલમાં હામ હોવી જોઈએ તો સફળતાનાં શિખરે પહોંચી શકાય છે.**

શાહરુખ ખાને આ વિષયને એક વ્યાપક દ્રષ્ટિકોણ આપતાં કહ્યું હતું, ‘મારે એક વાત કહેવી છે કે એ મહત્ત્વનું નથી કે તમે કઈ જગ્યાએથી આવ્યા છો અને આ દુનિયામાં વસવા માગો છો. મહત્ત્વનું એ છે કે તમે જે પણ દુનિયા (વ્યવસાય) પસંદ કરો, તેમાં તમારી જગ્યા કેવી રીતે બનાવો છો. મોટાભાગના લોકો એવું વિચારતા હોય છે કે હું તો બહારનો છું અને અહીં તો ખાલી વગદાર લોકોને જ તક મળશે, મારું કોઈ વિશેષ બેકગ્રાઉન્ડ નથી એટલે મારો મેળ નહીં પડે.’

શાહરુખની દ્રષ્ટિએ આવી માનસિકતા સાથે આવેલો માણસ પહેલેથી જ હાર માની લે છે અને બાહ્ય સંજોગો કે લોકોને એની નિષ્ફળતા માટે દોષિત માને છે. શાહરુખે આ માનસિકતાને સમજાવતાં આગળ કહ્યું હતું, ‘એટલે તમે જો જાત પર તરસ ખાવાનું શરૂ કરશો તો તમે જે દુનિયામાં તમારા માટે જગ્યા બનાવવા માગો છો તેમાં પૂરી તાકાત નહીં લગાવી શકો.’

આ ‘બાદશાહ’ ખાને ત્રીજી મહત્ત્વની વાત એ કરી :

‘તમે જે પણ દુનિયામાં હો, તેને તમારી કોઈ પરવા નથી, તેના માટે તમે તુચ્છ છો, તેને કોઈ ફરક નથી પડતો કે દીપિકા ક્યાંથી આવી છે, શાહરુખ ક્યાંથી આવ્યો છે, કરણ ક્યાંથી આવ્યો છે, એ ફિલ્મી છે કે બિન-ફિલ્મી છે, ગરીબ છે કે અમીર છે, પણ એ તમારા હાથમાં છે કે તમારે એ દુનિયામાં જગ્યા કરવાની છે. તમારે સખત મહેનત કરવાની છે અને એ શોધી કાઢવાનું છે કે આ દુનિયા કેવી રીતે કામ કરે છે, જેથી તમે તમારું શ્રેષ્ઠ આપી શકો. તમારે એટલું જ નક્કી કરવાનું છે કે આ જ મારી દુનિયા છે અને મારી અહીં રહીને જ કામ કરવું છે.’

શાહરુખ ખાને જે વાત કરી છે તે નવી નથી. દુનિયામાં કોઈ પણ ક્ષેત્રમાં જે પણ લોકોએ સફળતા મેળવી છે એમની વચ્ચે એક જ સામ્ય છે : એ સૌએ ખૂબ મહેનત કરી છે. મહેનત કરવાનો અર્થ ગધ્ધાવૈતરું નથી. તેનો અર્થ છે, શાહરુખે કહ્યું તેમ, દુનિયા કેવી રીતે કામ કરે છે તે શીખી લેવાનું અને પછી એ મુજબ કામ કરવાનું. એમાં બે જ ચીજની જરૂર પડે છે - ખૂબ બધી ધીરજ સાથે પ્રતિભાની સતત ધાર કાઢતા રહેવું.

એક ટુચકો છે. એક ગામમાં રામ અને શ્યામ નામના બે મિત્ર રહેતા હતા. બંનેને જંગલમાં વૃક્ષો કાપવાનું કામ મળ્યું. બંનેએ એક સાથે કામની શરૂઆત કરી. પહેલા દિવસે રામે ૧૦ ઝાડ કાપ્યાં જ્યારે શ્યામે ૧૫ કાપ્યાં. બીજા દિવસે પણ રામે એટલાં જ ઝાડ કાપ્યાં પણ શ્યામે ૧૮નો આંકડો પાર કર્યો. થોડા દિવસ આવું જ ચાલ્યું. રામ વચ્ચે વચ્ચે કામ રોકતો હતો અને શ્યામ સતત કાપવામાં વ્યસ્ત રહેતો હતો. અમુક અઠવાડિયાં વીતી ગયાં અને સ્થિતિ ઊલટી થઇ ગઈ. રામ દિવસનાં ૧૦ ઝાડ કાપવા લાગ્યો અને શ્યામ ૬પર આવી ગયો.

શ્યામને આશ્ચર્ય થયું કે હું તો આરામ પણ કરતો નથી અને તેમ છતાં રામ અચનાક કેમ એના કરતાં આગળ નીકળી

ગયો. રામને તેનું કારણ પૂછ્યું.

રામે કહ્યું : ‘તને લાગતું હશે કે હું ઝાડની છાયામાં બેસીને આરામ કરું છું અને તું બહુ પરસેવો પાડે છે, પણ હકીકત એ છે કે હું નિયમિતપણે મારી કુહાડીને વધુને વધુ ધારદાર બનાવું છું. એટલે એટલી જ તાકાતથી મહત્તમ ઝાડને કાપવા માટે સક્ષમ બનું છું, જ્યારે તું બુઠ્ઠી થઇ ગયેલી કુહાડીના કારણે વહેલો થાકી જાય છે.’

અભિષેક બચ્ચનથી વધારે નસીબદાર બેકગ્રાઉન્ડ કોનું હોય? પિતા અમિતાભને એમના જમાનામાં દીવો લઈને તકો શોધવી પડતી હતી અને અભિષેકને તો તકો સામેથી શોધતી આવતી હતી અને તેમ છતાં એને એવી સફળતા ન મળી જે શાહરુખ જેવા ‘બહારના’ એક્ટરને મળી. ફરક એ હતો કે અમિતાભ અને શાહરુખ ખાનને સિનેમા જગતમાં પોતાનું સ્થાન બનાવવા માટે જેટલી મહેનત કરવી પડી હતી તેટલી મહેનત અભિષેકને કરવી પડી નહોતી.

એક સામાન્ય ખેડૂતથી લઈને એક અમીર ઉદ્યોગપતિ સુધી એવાં ઘણાં ઉદાહરણો છે, જે એક યા બીજી રીતે એ વાતને સાબિત કરે છે કે તમે કોણ છો અને ક્યાંથી આવો છો તેનાથી બહુ ફરક નથી પડતો, ફરક પડે છે તમે શું કરો છો તેનાથી. આધુનિક ઉદ્યોગ જગત પર જબરદસ્ત છાપ છોડનારા ૧૯મી સદીના સૌથી મહેનતુ શોધક થોમસ અલ્વા એડિસન સ્કૂલ પણ પૂરી કરી શક્યા નહોતા. બાર વર્ષની વયે એમનું સાંભળવાનું બંધ થઇ ગયું હતું તેમ છતાં, મહેનત અને જિજ્ઞાસાના બળે એ જમાનામાં એમણે એક હજારથી વધુ શોધખોળોની પેટન્ટ કરાવી હતી જ્યારે નવું કરવા માટે સંસાધનો કે સુવિધાઓ ઉપલબ્ધ નહોતી.

એડિસને એકવાર કહ્યું હતું કે, ‘પરિશ્રમનો કોઈ પર્યાય નથી. કશું પણ સાર્થક હાંસલ કરવા માટે ત્રણ બાબત અનિવાર્ય છે : પરિશ્રમ- સાતત્ય અને કોમન સેન્સ. હું નિષ્ફળ નથી ગયો, મેં કઈ રીતે કામ નહીં થાય તેના ૧૦,૦૦૦ અનુભવ કર્યા છે.’

જે લોકો જીવનમાં સફળ થાય છે અને જે લોકો સફળ નથી થતા એમની વચ્ચે એક બુનિયાદી ફરક જવાબદારીની ભાવનાનો હોય છે. સફળ લોકો પોતાની નિષ્ફળતા કે અવરોધ માટે બીજા લોકો કે સંજોગોનો દોષ નથી કાઢતા. એ દરેક મુશ્કેલીમાં પોતાની અંદર જુવે છે અને ‘હું આમાં શું કરી શકું તેમ છું?’ તેનો ઉત્તર શોધતા હોય છે.

જે લોકો એમના મન- વચન -કર્મની જવાબદારી લેવામાંથી બચે છે, એ પીડિત માનસિકતાના શિકાર બની જાય છે. એમને એવું માનવાનું ગમે છે કે એમની સફળતાની જવાબદારી બીજા લોકોની છે અથવા અનુકૂળ સંજોગોની છે. આવી માનસિકતા એમને સફળ થવા માટે જરૂરી પ્રયાસો કરતાં રોકે છે.

પ્રતિકૂળતામાંથી રસ્તો કાઢો તેનું નામ જ તો સફળતા છે. બાકી, મોસાળમાં જમણ હોય અને મા પીરસનારી હોય તો એમાં શું મીર માર્યો! ■

સન્ડે ધારાવાહિક

અનિલ રાવલ
feedback@bombaysamachar.com




'શિંદે, હીરો કે ખૂની તક પહોંચને કે લિયે હમેં હીરો કે ચાલચલન કો સમજના જરૂરી હૈ.' મોરેના મગજમાં શીલાએ વર્ણવેલો આખો સીન ચક્રાવાતની જેમ ઘૂમી રહ્યો હતો...એમાંય મેકમોહને કહેલા અને સીમાએ વાપરેલા સમાન શબ્દોએ રહસ્યનાં નવાં વમળો સર્જ્યા હતાં. જોકે શિંદે તર્કનો નહીં...પુરાવાનો માણસ હતો. શિંદેને શીલાની વાતમાં બહુ દમ લાગ્યો નહતો.

'અબ શીલા જૈસી કઇ લડકિયાં આ કર બોલેગી. મરને કે બાદ સબ બોલતે હૈ. ફિલમ લાઇનમેં યે સબ હોતા રહેતા હૈ. સર, મુઝે લગતા હૈ કેરેક્ટરલેસ એક્ટર હી ફિલ્મો મેં અચ્છા કેરેક્ટર કર સકતા હૈ. સર, બસ્તા ઔર મોતી કો ખૂની ઠહેરા કે કિસ્સા ખતમ કરતે હૈ.'

'ખુદ કા કેરેક્ટર ભલે હી ખરાબ થા, મગર વો એક કલાકાર થા...જિસકા મર્ડર હુઆ હૈ. હમ અપ્પા સાહેબ બોલે ઉસકો ખૂની નહીં ઠહેરાયેંગેં.' મોરેએ કહ્યું.

'સર, તો અબ આગે ક્યા કરના હૈ.?' શિંદેએ પૂછ્યું.

'તૂમ બહાદુર કો લેકર પોલીસ સ્ટેશન પહોંચો.' મોરેએ કહ્યું.

મોરે તપાસ કઇ દિશામાં લઇ જશે એ જ સમજાતું નથી...હવે બહાદુરની ઊલટતપાસ. ગૂંચવાયેલા શિંદેએ કોઇ દલીલ ન કરી. એક્ટર્સ અડ્ડામાંથી નીકળીને મોરે જુહુ પોલીસ સ્ટેશન જવા રવાના થયા ને શિંદે બહાદુરને લેવા અભિના બંગલે ગયો.

*****************

એસીપી મોરેએ પોલીસ સ્ટેશન પહોંચીને અકબર પીઆરને ફોન લગાવ્યો.

'અકબર, મુઝે માલુમ હૈ....અભિ કી અંદર કી સબ બાત તૂ હી બતા સકતા હૈ.'

'મૈં અભિ કી અંદર કી બાતેં કમ જાનતા હું.' અકબરે કહ્યું.

'ક્યા અભિ અપને સાથ કામ કરનેવાલી હિરોઇનો.... એક્સ્ટ્રા લડકિયોં કો ઘર પે લાતા થા યે સચ હૈ.?'

'હાં સાહબ.'

'ક્યા ઉસમેં સે કોઇ લડકી અભિ સે શાદી કરનેવાલી થી?'

'પ્રિયા થી...જિસકો અભિને શાદી કા વાદા કિયા થા....વો બાત મૈં આપકો બતા ચૂકા હું. દુસરી કોઇ હોગી તો માલુમ નહીં.' અકબરે કહ્યું.

'સીમાદેવી કો અભિ કી યે સબ બાતોં કા પતા થા.?'

'હાં, ઐસી બાતોં કો લેકર દોનોં કે બીચ ઝઘડે ભી હોતે થે.'

'શીલા કે સાથ ક્યા ચક્કર થા...?' મોરેએ પૂછ્યું.

'મેરે ખયાલ સે બિસ્તર તક કા રિશ્તા થા. શીલા ઔર અભિ કો એક બાર સીમાને ઘર મેં હી પકડ લિયા થા...ફિર બાત બઢ ગઇ થી.' અકબરે કહ્યું.

'પહેલે તુમને સિર્ફ પ્રિયા કે બારે મેં બતાયા શીલા કે બારે મેં ક્યું નહીં બતાયા.?'

'ક્યું કી પ્રિયા કે સાથ વો શાદી કરનેવાલા થા યે બાત મુઝે પતા થી....શીલા ઔર દુસરી લડકિયાં અભિ કે લિયે સિર્ફ બિસ્તર તક.' અકબર અટકી ગયો.

'યે સબ બાતેં તુમકો સીમાને બતાઇ હોગી...'

'હાં સાહબ....કૂછ બાતેં બાહર સે ભી પતા ચલી થી.'

'સીમા કા રિએક્શન કેસા થા...'

'સીમાને કહા. મૈં કંટાલ ગઇ હું. અભિ સે શાદી કરકે મૈંને ગલતી કર દી હૈ....મેરા બીપી બઢ ગયા હૈ.'

'સીમાને કભી કોઇ ટ્રીટમેન્ટ કે બારે મેં બતાયા થા.?'

'હાં..વો હપ્તે મેં એકાદ બાર ટ્રીટમેન્ટ કે લિયે જાતી થી.'

એસીપી મોરેને બીજો એક ટ્રીગર પોઇન્ટ મળી ગયો. મેકમોહને પણ સીમા ટ્રીટમેન્ટ માટે જતી હોવાની વાત કરી હતી....પરંતુ લગ્ન પછી પણ એણે ટ્રીટમેન્ટ ચાલુ રાખી હોવાની વાતનો ફોડ અકબરે પાડ્યો.

'થેન્ક યુ અકબર કહીને મોરેએ ફોન મૂક્યો ને શિંદેની બહાદુર સાથે એન્ટ્રી થઇ. બહાદુરને બહાર બેસાડીને શિંદે કેબિનમાં ગયો.

'સીમાદેવી કો મિલા...ઉસકા ક્યા રિએક્શન થા?' મોરેએ પૂછ્યું.

'નારાજ થી. બોલી, મોરે સાહબ કો બોલો...વોચમેન કો નહીં, ખૂની કો પકડે.'

'બહાદુર કો અંદર બુલાઓ.' શિંદેએ એને અંદર લાવીને બેસાડ્યો.

'બહાદુર, પોલીસ સચ બોલને કા ઇનામ નહીં દેતી, લેકિન ઝુઠ બોલને કી સઝા ઝરૂર દેતી હૈ. અભિ લડકી કો ઘર લાતા થા યે તુમને હમસે છુપાયા ક્યું.?'

'નહીં શાબજી, મૈંને કભી લડકી કો ઘર આતે નહીં દેખા.' બહાદુરે ઢીલો જવાબ આપ્યો.

'અભિ તુમ્હે ખામોશ રહેના કા કિતના પૈસા દેતા થા?' મોરેએ પૂછ્યું.

'શાબજી, વો મુઝે સિર્ફ દો હજાર પગાર દેતે થે બસ.'

'તો ફિર તુ અપને ગાંવ, મહિને મેં દો તીન બાર મની ઓર્ડર કૈસે ભેજતા થા?' મોરેએ ખાનામાંથી રિસિવ થયેલી મની ઓર્ડરની રશીદો કાઢીને એક પછી એક ટેબલ પર મૂકતા કહ્યું: 'મહિને મેં કભી એક હજાર...કભી પાંચસો...કભી પંદરા સો' બહાદુર નીચું જોઇ ગયો.

'અભિ દેતા થા ના યે પૈસે....સામને દેખ કર બોલ' મોરેનો અવાજ મોટો થયો. બહાદુરે ઊંચું ન જોયું એટલે મોરેએ તાડુકીને કહ્યું: 'શિંદે લોક અપ મેં ડાલો ઇનકો.'

સર, મુઝે લગતા હૈ કેરેક્ટરલેસ એક્ટર હી ફિલ્મો મેં અચ્છા કેરેક્ટર કર સકતા હૈ.

'નહીં શાબજી......બોલતા હું.....બોલતા હું..'

'જલ્દી બોલ. 'અભિ શાબ પૈસે દેતે રહેતે થે...ખુશ હો કે.'

'તુમ પર ઇતના ખુશ ક્યું હોતે થે'

'જબ વો કોઇ લડકી કો ઘર પે લાતે થે....યા મેડમ બહાર જાયે તબ ઉનકો ખબર કરને કે બદલે મેં'

'બાકી સબ નૌકરો કો ભી દેતે થે.?' મોરેએ પૂછ્યું.

'માલુમ નહીં શાબ.' મોરેએ શિંદેની સામે જોયું.....શિંદે સમજી ગયો કે બાકીના નોકરોની પણ પૂછપરછ કરવાની છે. શિંદેએ આંખને ઇશારે જણાવ્યું કે મૈં સબ કો પૂછુંગાં...

'અભિ ઔર મેડમ કે બીચ ઝઘડા હોતા થા?' મોરેએ પૂછ્યું.

'હાં શાબજી....હોતે થે ફિર અચાનક દોનોં કી હંસને કી આવાઝ આતી થી.'

મોરે અને શિંદે બંને એકબીજાની સામે જોવા લાગ્યા.

'બહાદુર તુમ જા સકતે હો.' મોરેએ કહ્યું. બહાદુરે સલામ મારીને કહ્યું: 'શાબજી, મુઝે છોડને કે લિયે પુલીસ કા જીપ ભેજો ના.'

'તુમ્હારે શાબજીને તુમ્હારી આદત બીગાડી હૈ. લો, યે પૈસા. ટેક્સી મેં જાના. ઔર હાં, સીમામેડમ કો બોલના બહુત જલ્દ ખૂની કો તુમ્હારે સામને લાયેગા.' બહાદુરના ગયા પછી શિંદેએ કહ્યું: 'સર, દોનોં લડતેઝઘડતે થે.....ફિર પ્યાર કરતે થે....યે તો હર હસબન્ડ વાઇફ મેં હોતા હૈ.'

'શિંદે, રાઝ ઇસ પ્યારભરે ઝઘડે કે પીછે છૂપા હૈ'

ફોનની રીંગ વાગી. મોરેએ ઉપાડ્યો સામેથી વાગલેનો અવાજ આવ્યો.

'હેલો મોરે, અપને પ્લાન કે હિસાબ સે સબ સેટિંગ હો ગયા હૈ.'

'ગુડ, કબ, ક્યું ઔર કહાં બોલતા હું.' મોરેએ કહીને ફોન મુકી દીધો.

*****************

'શિંદે, લગતા હૈ મુઝે મેરે દિમાગ કા ઇલાજ કરવાના પડેગા. ચલો સાયકોલોજિસ્ટ નીલમ શાહ કે પાસ.' શિંદે મોરેની રમૂજવૃત્તિ સમજતો. એણે હસતા કહ્યું: 'દોનોં કી ટ્રીટમેન્ટ કરવાતે હૈ...કૂછ કન્સેશન મિલેગા.'

બંને નીલમ શાહની પોશ ક્લિનિકના રિસેપ્શન કાઉન્ટર પર પહોંચ્યા.

'મેડમ, મૈં એસીપી મોરે...જુહુ પોલીસ સ્ટેશન....મુઝે નીલમ શાહ સે મિલના હૈ.'

'સર, અપોઇન્ટમેન્ટ હૈ.?' રિસેપ્શનિસ્ટે આદતવશ પૂછ્યું.

'નહીં હૈ. બોલો ઉનકો એક મર્ડર કેસ કે બારે મેં અરજન્ટ મિલના હૈ.'

'રિસેપ્શનિસ્ટ સટ્ટાક દઇને ઊભી થઇને અંદર દોડી ગઇ. દરમિયાન મોરે ટીપોઇ પર પડેલું મેન્ટલ હેલ્થનું ગ્લોસી મેગેઝિન જોવા લાગ્યા. પછી શિંદેને બતાવતાં બોલ્યા: 'મેન્ટલ હેલ્થ...દિમાગ કા દહીં.'

'સર, આઇએ.' આગળ જઇને એણે દરવાજો ખોલી આપ્યો.

'બૈઠિયે સર' નીલમ શાહે ખુરસી બતાવતા કહ્યું.

'સોરી મેડમ, આપકો તકલીફ દે રહે હૈં.' મોરેએ શરૂઆત કરી કે તરત જ નીલમ શાહે કહ્યું: 'સર, મૈંને શિંદે સાહબ કો એલરેડી સબકૂછ બતા દિયા હૈ....અબ ક્યા કર સકતી હું.?'

'મદદ...આપ મદદ કર સકતી હો. હમેં પ્રોફેશનલ એથિક્સ ઔર કોર્ટ કે ચક્કર મેં પડના નહીં હૈ. આપ મુઝે સીમા કે બારે મેં સબ સચસચ બતા દે.'

નીલમ શાહે પહેલાં તો જરા ખચકાટ અનુભવ્યો, પણ મોરેએ સરળ ભાષામાં કેસની ગંભીરતા અને પોતાની અહેમિયત બતાવી દીધી હતી. તેથી એમણે એક તબીબ અને દર્દી વચ્ચે જળવાતી ગુપ્તતાની પ્રોફેશનલ પ્રથાને અવગણીને શાલીનતા બતાવવા સિવાય છુટકો નહતો.

'સીમા ઇન્સિક્યોરિટી કા એક્સ્ટ્રીમ કેસ હૈ....ડિપ્રેશનને ઉસ કો ઘેર લિયા હૈ. શી ઇઝ ઓલમોસ્ટ પાગલ.'

આઘાત પામેલા મોરે અને સ્તબ્ધ શિંદેએ એકબીજા સામે નજર મિલાવી.

'શાદી સે પહેલે ઔર શાદી કે બાદ સીમા કી ટ્રીટમેન્ટ ચલ રહી થી. શાદી સે પહેલે કી ટ્રીટમેન્ટ સે વો ઠીક હો રહી થી...લેકિન શાદી કે બાદ ઉનકી તકલીફ ઔર બઢ ગઇ થી...કેસ બીગડને લગા થા.'

'એસા ક્યું હુઆ હોગા.?' મોરેએ પૂછ્યું.

'ઉનકી પહેલી શાદી બીલકુલ ડિઝાસ્ટર થી...ક્યું કી ઉસકા હસબન્ડ ચંદન નપુંસક થા. ચંદન ઉસે વો સુખ કભી ન દે સકા જો એક પત્ની અપને પતિ સે ચાહતી હૈ.'

'લેકિન અભિ કે સાથ તો વો ખુશ થી.' મોરેએ કહ્યું.

'અભિને ઉસે વો સુખ તો દિયા જો ચંદન દે નહીં પાયા...મગર અભિને સીમા કે દિમાગ મેં પહેલે સે હી દબી હુઇ ઇન્સિક્યોરિટી કા ટ્રીગર દબાયા'.

'ટ્રીગર દબાયા મતલબ?' મોરેએ પૂછ્યું.

'પિતા કે ઘર મેં ઉસને જો દેખા થા ઉસકા પુનરાવર્તન પતિ કે ઘરમેં હો રહા થા.'

'યે આપકો આપકી પેશન્ટ સીમાને બતાયા..?' શિંદેએ પૂછ્યું.

'જી. ઇસ ટ્રીટમેન્ટ મેં પેશન્ટ કો હમેં સબકૂછ ખુલ કર બતાના પડતા હૈ.'

નીલમ શાહે માથું ધુણાવતાં ઉમેર્યું: 'નેમ-ફેમ, પોઝિશન, પાવર ઔર પૈસા આને કે બાદ ૯૫ % પુરૂષ સબસે પહેલે મહિલાઓં કા જાતીય શોષન કરતા હૈ. અભિ ઉનમેં સે એક થા.'

'ક્યા એસી કોઇ બીમાર ઔરત કિસી કા ખૂન કર સકતી હૈ.?' મોરેએ પૂછ્યું.

'નહીં...બીલકુલ નહીં એસે કેસ મેં વો ઝયાદા સે ઝયાદા આત્મહત્યા કા સોચતી હૈ.' નીલમ શાહે કહ્યું.

'સીમા લાસ્ટ કબ આઇ થી આપકે પાસ..?' મોરેએ પૂછ્યું.

'અભિ કે મર્ડર કે તીન દિન બાદ...' નીલમ શાહે કહ્યું.

મોરે અને શિંદે બંને એકીસાથે બોલ્યા: 'પક્કા.....મર્ડર કે તીન દિન બાદ.?'

'હાં, પક્કા...ડેટ મેરી ડાયરી મે લિખી હુઇ હૈ. યે હાઇ પ્રોફાઇલ કેસ મેરી પેશન્ટ કે હસબન્ડ કા હૈ.' નીલમ શાહે કહ્યું.

'સીમા કી ઉસ દિન કી અપોઇન્ટમેન્ટ થી..? મોરેએ પૂછ્યું.'

'નહીં, વો અચાનક આ ગઇ થી....બુરખા પહેનકર..' મોરે અને શિંદેએ ફરી નજર મિલાવી. (ક્રમશઃ)■

આકાશ મારી પાંખમાં

ડૉ. કલ્પના દવે
feedback@bombaysamachar.com

# મેરા દર્દ ના જાને કોઈ



**બેડરૂમમાં** ડીમ લાઈટ કરીને સોનિયા આજે મનને શાંત કરવા મીરાંબાઈનાં ભજનોની કેસેટ સાંભળી રહી હતી. આજે ૧૬ જૂન,આ જ દિવસે તો એને મોહિત મળ્યો હતો. અંધેરી ભવન્સના ઑડિટોરિયમમાં જ તો એણે મોહિત દેસાઈને જોયો હતો.એની શું ડેશિંગ પર્સાનાલિટી હતી. સમારંભના અતિથિ તરીકે એનું સ્ટેજ પર જવું, ઓડિયંસમાંથી કેટલાકે સીટી મારી, તો કેટલાકે તાળીઓથી વધાવી લીધો. ત્યાં જ આયોજકે કહ્યું કે આપણી વચ્ચે બિઝનેસમેન મોહિત સાથે અભિનેત્રી સોનિયા સિંગને પણ સ્ટેજ પર આવવા આમંત્રણ આપું છું. હોલમાં ફરી તાળીઓનો ગડગડાટ- કેટલાકે વેલકમ સોનિયા કહીને આનંદ બતાવ્યો. કોઈ કે કહ્યું કે સોનિયામેડમ તમે બંબઈ કી ગુડીયામાં શું બેસ્ટ અભિનય કર્યો છે, ગ્રેટ!

તે દિવસે મોહિતની સાથે સ્ટેજ પરના સમારંભને સોનિયાએ આજે પણ હૈયે અકબંધ રાખ્યો છે. મોહિતે તે દિવસે સ્ટેજ પર એના કોસ્ચ્યુમને જાળવીને ચાલવામાં મદદ કરીને સ્ત્રીદાક્ષિણ્ય તો બતાવ્યું હતું,પણ નાજુક હાથને હળવેથી ઝાલીને તેની બાજુની ખુરશી પર હળવેથી બેસાડી ત્યારનો રોમાંચ અને એ મોહક નજર આજે પણ હૈયે અકબંધ છે.

હા, બિઝનેસમેન મોહિત સાથે ફર્સ્ટસાઈટનો પ્રેમ એ લગ્નમાં પરિણમ્યો, અભિનય જગતમાં સફળતાને માર્ગે આગળ વધતી સોનિયા અને ડાયમંડ કીંગ ગણાતા મોહિતે વરલી સીફેસ પાસે ચાર બેડરૂમવાળો આલીશાન ફ્લેટ લીધો.

વિરારમાં રહેતી સોનિયાની જીવનશૈલી જ બદલાઈ ગઈ. એના પિતા એક સામાન્ય વેપારીની દીકરી, સોનિયાને બારમા ધોરણ પછી પૂનાની ફિલ્મ ઈન્સ્ટિટયુટમાં ભણાવી. ટી.વીના નાના પડદે કામણ પાથરનારી સોનિયાને પિતા કહેતા- બેટા, મને તારી મા ગણે કે પિતા, મેં જ તને ઉછેરી છે. બેટા. ઘરમાં સુખ-શાંતિ જાળવવી એ સ્ત્રીનું કર્તવ્ય છે. ધનસમૃદ્ધિ સાથે પ્રેમની સમૃદ્ધિ પણ હોવી જોઈએ. આજે ૧૬ જૂને જ મોહિત મળ્યો હતો, ૧૬ નવેબરે લગ્ન થયાં અને પાંચ વર્ષ પછી ૧૬ માર્ચે જ અમારું બ્રેકઅપ થયું.

સોનિયાનું મન આજે ખૂબ અજંપો અનુભવી રહ્યું છે. મોહિત સાથેના એ આત્મીય સંબંધોમાં આગ કેમ લાગી? આજે હું અને મોહિત એક જ ફ્લેટમાં રહીએ છીએ, પણ સાથે નથી. જેને જોઈને હું પ્રસન્ન થતાં આખું ગીત ગાતી હતી-

સાંવરિયો રે, મારો સાંવરિયો હું તો ખોબો માગુંને દઈ દે દરિયો.

એ ખુશ થઈને મને ભેટે- ત્યારનો એ રોમાંચ આજે પણ મીઠી સંવેદના જગાડે છે.

એ રાત્રે મોહિતને બે-અઢી જેટલો તાવ હતો, હું મીઠાના પાણીના પોતા મૂકતી હતી. ત્યાં જ પ્રોડક્ષન ઈનચાર્જ મુનિરનો ફોન આવ્યો.

સોનિયા. ઈટ્સ અરજંટ કલ સુબહ આઠ બજે કા ફ્લાઈટ હૈ, દો દિન કે બાદ દુબઈમેં હમારા શો હૈ- સુબહ છે બજે એરપોર્ટ પહોંચના હૈ.

સર, મૈં નહીં આ સકતી- મેરે મિસ્ટર કો તેજ બુખાર હૈ.

તો, કયા હમ શો કેન્સલ કરે? તુમ્હારા લીડ રોલ હૈ. દુબઈમેં ઐસા ચાન્સ મિલા હૈ. તુમ કુછ ભી કરો- આના હી પડેગા. કહેતા મુનિરે ફોન પટકાવી દીધો.

સોનિયાએ મોહિતને કહ્યું- હું તને આવી હાલતમાં મૂકીને કેવી રીતે જઉં?

જો, મારી ચિંતા ન કર. હું મારી કઝીનને કે પછી ઓફિસ સ્ટાફમાંથી કોઈને બોલાવીશ. તું જા. મારું મન નથી માનતું, પણ ગયા વગર નહીં ચાલે.

ત્રણેક મહિના પછી એક વખત લંચના સમયે સોનિયા મોહિતની ઓફિસે અચાનક પહોંચી. મોહિતની કેબિનમાં નોક કરીને એ જેવી પ્રવેશી તો એણે જોયું કે મોહિત ડિનર કોરનર પાસે મૂકેલા સોફા પર એની સેક્રેટરી માધુરી સાથે કઢંગી હાલતમાં હતો.

સોરી, હું ખોટા સમયે સરપ્રાઈઝ આપવા આવી, પણ હું જ સરપ્રાઈઝ થઈ ગઈ.

મેડમ, એવું કંઈ નથી- સરને જરા ચક્કર આવી ગયા હતા, એટલે હું એમને મદદ કરતી હતી.

અરે, તમારું ચક્કર જોઈને મને ચક્કર આવી ગયા. તમે આવા ધંધા કરવા આવો છો-

જો, સોનિયા તું જેવું વિચારે છે, એવું કંઈ નથી. માધુરી ઈઝ ફેસિંગ સિરિયસ પ્રોબલેમ- હું એને જરા રિલેક્સ કરતો હતો.

મોહિત, આને બેવફાઈ કહેવાય. હવે હું તારી સાથે રહી જ ન શકું. તારી માધુરી તને મુબારક.

(કહેતા સોનિયા વીજળીની જેમ ઓફિસની બહાર નીકળી ગઈ )

ઉપરની ઘટનાને ત્રણ દિવસ થઈ ગયા. સોનિયા અને મોહિત બંનેમાંથી કોઈ સુલેહ કરવા તૈયાર ન હતું. પ્રેમના આલાપ કે સહભોજનના આનંદને સ્થાને એક ભેદીમૌન- કાળમીંઢ એકલતા છવાયેલી હતી.

સોનિયાની એક સહેલી સુપ્રિયા કાળે જે ફેમિલી કાઉન્સિલર તરીકે કામ કરતી હતી. એણે સોનિયાને કહ્યું- હું સુલેહ કરાવવા પ્રયત્ન કરું? ગેરસમજને કારણે આવા મધુર સંબંધોને શા માટે તોડો છો- તમે તમારા કાર્યક્ષેત્રે સફળ છો. ભગવાને ખોબલે ખોબલે વૈભવ આપ્યો છે. તો માણતા કેમ નથી?

પણ, હવે મારો એના પર શું અધિકાર- મૂળમાં જો પ્રેમ જ ન હોય તો એની સાથે કેમ રહેવાય? સોનિયાએ કહ્યું. પણ,સોનિયા ગીવ વન ચાન્સ- યાર, આય નો, યુ બોથ લવ ઈચ અધર- સુખને એક અવસર આપ.

રાત્રે સાડા આઠ વાગે સુપ્રિયા સોનિયાના ઘરે આવી. અને ચર્ચા શરૂ કરી.

મારે આ લવબર્ડના માળાને મહેકતો કરવો છે. તમે બંને એ લવમેરેજ કર્યા. તમે બંને તમારા ફિલ્ડમાં સફળતાથી કામ કરો છો. કેવો સરસ તમારો ફ્લેટ છે. પછી શું પ્રોબ્લેમ છે?

બંને ચૂપ- મોહિત સુપ્રિયા સામે જોઈ શકતો ન હતો, એની આંખો જમીનમાં જ ગુડાયેલી હતી. બીજી તરફ સોનિયાની આંખો પણ દદડતી હતી.

જુઓ, આવી કોઈ સમસ્યામાં ચૂપ જ રહેવું, અકળાઈ જવું કે માનસિક સ્ટ્રેસ લેવો એ ઉપાય નથી. તમે મુક્ત મને વાત કરો.

હું મોહિત જેટલી જ સફળ વર્કિંગ વુમન છું. મારા શો મુંબઈમાં, દેશ-વિદેશમાં હીટ જાય છે. એટલે એને મારી ઈર્ષા થાય છે. એ મને પ્રેમ કરતો હતો પણ--- (એ ડૂસકાં દઈને રડવા લાગી.)

મોહિત તરત ઊભો થઈ સોનિયાની પીઠ પસવારવા લાગ્યો.

તેં મને દરેક રીતે સુખ આપ્યું જ છે. પણ, તારો ઈગો અને તારી જોહુકમી મારાથી સહન ન થાય.

જો, મોહિત તું જાણે છે કે માધુરી સાથેના તારા લગ્નેતર સંબંધ હું સ્વીકારી શકું નહીં. મારામાં તને શી ખોટ લાગી કે તારે માધુરી પાસે-

જો, મેં માધવીને ફક્ત મોરલ સપોર્ટ આપ્યો છે. એના પતિના મૃત્યુ પછી એ ઘણી વાર ડિપ્રેશનમાં આવી જાય છે. ફક્ત મિત્ર ભાવે અમે રહીએ છીએ, મને ખબર છે, હું દુબઈ ગઈ ત્યારે એ ત્રણ દિવસ અહીં જ રહી હતી. ત્યારથી જ મને શંકા ગઈ કે તમારા આડા સંબંધો છે. હું આવી અને મેં એ જ જોયું.

જો, તને મારામાં વિશ્વાસ ન હોય તો મારે કોઈ ચર્ચા કરવી જ નથી.

તું શટિંગ માટે આઉટ ઓફ મુંબઈ કે વિદેશ જાય, રાત્રે મોડી આવે તો હું તારા પર ખોટી શંકા કરું છું ?

તું મારી કેટલી મોટી અગ્નિપરીક્ષા લે છે, એ તને ખબર છે?

લગ્ન બાદ દોઢ વર્ષ પછી આપણે આ સરસ ફ્લેટ લીધો હતો, આ ઘરની પહેલી રાત્રિએ જ મેં તને કહ્યું હતું-લેટ અસ પ્લાન ફોર ફેમિલી.

ત્યારે તેં શું કહ્યું હતું- આય વોન્ટ ફ્રી લાઈફ- હું તો પ્રોફેશનલ અને સકસેસફુલ સ્ત્રી તરીકે જીવવા માગું છું. હું મારી કરિયર છોડવા માગતી નથી. મેં તને દરેક સુખ આપ્યું છે. પણ, આપણું એક બાળક પણ હોય એ માગ મારી ખોટી છે? ખોટી સ્પર્ધા કે ઈગોમાં રહેવાને બદલે આપણે આ ઘરમાં એક બાળકને ન આવકારીએ.?

સુપ્રિયાએ કહ્યું- આજે આટલી વાત થઈ શકી છે- હવે તમે બંને વિચારો કે તમને કેવું જીવન જોઈએ છે. બે અઠવાડિયા પછી આપણે ફરી મળીશું. નાવ લેટ અસ હેવ કોફી.

આજે રાત્રે પોતાના બેડરૂમમાં પાસાં બદલી રહેલી સોનિયાનું હૈયું વલોવાઈ રહ્યું હતું. મારી પ્રેમની પીડા કોણ સમજી શકે? એક તરફ દોમદોમ સાયબી છે. સેટ પર મેડમ-મેડમ કહીને ઝીલતા ટીમ સાથીઓ છે. પૈસો, શોહરત, કલાવૈભવ છે. કદાચ મોહિત સાચો હોય- પણ મારા અંતરના ખૂણામાં જે શૂન્યાવકાશ છે- તેનું શું?

એરી,મૈ તો પ્રેમદિવાની, મેરા દરદ ન જાને કોઈ! ■

વિશેષ પ્લસ

રશ્મિ શુક્લ
feedback@bombaysamachar.com

# આ દાદી ૫૭ની ઉંમરે બન્યાં રોડીઝ હીરો


આશુ જૈન

કહેવાય છે કે 'એજ ઈઝ જસ્ટ અ નંબર.' આપણાં સપનાંઓ પૂરા કરવામાં કે પછી કોઈ કામ કરવામાં ઉંમર નડતર નથી હોતી. બસ આપણાં દિલમાં હામ હોવી જોઈએ. આ જ વાતને સાર્થક કરી દેખાડી છે દેહરાદૂનમાં રહેતાં ૫૭ વર્ષનાં આશુ જૈને. આજે તેઓ સોશ્યલ મીડિયા સેન્સેશન, ફિટ્નેસ આઇકન અને રિયાલિટી ટીવી કોન્ટેસ્ટન્ટ તરીકે લોકોમાં જાણીતા થયા છે.

એમટીવીના રોડીઝમાં આવતા પહેલા આશુએ ૪૪ની વયે બાળકોના કહેવા પર દિલ્હીની જામિયા મિલિયા ઈસ્લામિયાથી એમ.ટેક પૂરું કર્યું હતું. ત્યાર બાદ ૫૭ની ઉંમરે તેમણે દિલ્હીની આઈઆઈટીથી પીએચડી કર્યું. એ વિશે આશુએ કહ્યું કે, 'મોટભાગે મમ્મીઓ અને દાદીઓ ઘર-પરિવારની જવાબદારીમાં વ્યસ્ત થઈ જાય છે અને પોતાનાં સપનાઓ પૂરા નથી કરી શકતી. જોકે હું લકી છું કે મને પીઠબળ મળ્યું. મારી સ્ટડી પૂરી ન કરવાનો મને હંમેશાં વસવસો રહેતો હતો. એથી મારાં બાળકોએ મને પોતાના માટે કાંઈક કરવાની સલાહ આપી. તેમણે મારા દિલને સાંભળવાની હિંમત આપી.'

મોટી ઉંમરે ભણવાનો નિર્ણય લીધા બાદ અનેક તકલીફોનો પણ તેમને સામનો કરવો પડ્યો હતો. જેમ કે, ઘણી વખત સમયસર રસોઈ નહોતી બનતી, ઘર અસ્તવ્યસ્ત દેખાતું, તો ક્યારેક પરિવારના પ્લાન્સ સાથે પોતાની એક્ઝામની તારીખો ટકરાતી હતી. એ બધામાં કુટુંબે ખૂબ સાથ-સહકાર આપ્યો હતો એવું આશુ કહે છે. એથી તેઓ સતત આગળ વધતા રહ્યાં.

૨૦૨૨માં અચાનક તેમની તબિયત બગડી. ડૉક્ટરે તેમને આજીવન દવાઓ ચાલુ રાખવાની સલાહ આપી હતી. એથી તેમણે સતત ચાલવાનું શરૂ કર્યું. સાથે સાથે તેમણે ૫૦ની ઉંમર બાદ સ્ટ્રેન્ગ્થ વધારવા પર રિસર્ચ શરૂ કર્યું હતું. એ સમય તેમની લાઈફનો ટર્નિંગ પોઈન્ટ બની ગયો.

આશુ કહે છે, 'મારી ફિટ્નેસની જર્નીની શરૂઆત થઈ. ઑનલાઇન ક્લાસિસ બાદ મેં જિમ જોઈન કર્યું. મારા ફિઝિકલ અને મેન્ટલ હેલ્થ પર એની સકારાત્મક અસર પડી. મેં રનિંગની પણ શરૂઆત કરી હતી. હવે આ બધું મારા રોજિંદા જીવનનો અવિભાજ્ય ભાગ બની ગયો છે. જો યોગ્ય માવજત અને પ્રયાસ કરવામાં આવે તો આપણું શરીર કેટલું બદલી શકે છે. મારું એવું માનવું છે કે જીવનને ભરપૂર જીવવા, પોતાની કાળજી લેવા અને સકારાત્મક પરિવર્તન લાવવા માટે યોગ્ય સમયની રાહ ન જોવી જોઈએ.'

તેમના દિવસની શરૂઆત સવારે ચાર વાગ્યાથી થાય છે. સવારે એક ગ્લાસ પાણી અને ભીંજવેલા સૂકામેવા ખાધા બાદ તેઓ જિમમાં પહોંચી જાય છે. આખા અઠવાડિયા દરમ્યાન આશુ ઝુમ્બા, રનિંગ અને ફિટ્નેસની પૂરતી કાળજી લે છે. એમટીવી રોડિઝમાં ભાગ લેવાનું કઈ રીતે શક્ય બન્યું એ વિશે આશુ કહે છે, 'મારા કૉચે મને એક વખત કહ્યું કે હું રોડિઝમાં ઑડિશન કેમ નથી આપતી. ત્યારે મને પણ વિચાર આવ્યો કે હા કેમ નહીં?'

દિલ્હીમાં તેમનું પહેલું ઑડિશન હતું એ ફેઈલ ગયું. ત્યારબાદ તેમણે હૈદરાબાદમાં ઑડિશન આપ્યું અને તેમને રોડિઝની વીસમી સિઝનમાં એન્ટ્રી મળી ગઈ. એ વિશે આશુ કહે છે, 'રોડિઝ માટે જ્યારે મારું સિલેક્શન થયું ત્યારે તો હું સાતમા આસમાને પહોંચી ગઈ હતી.'

રોડિઝમાં આશુને એલિમિનેટ કરવામાં આવતા તેમનાં અનેક ફૅન્સ નારાજ થયા હતાં. તેમનું કહેવું છે કે આશુને વાઇલ્ડકાર્ડથી પાછા શોમાં બોલાવવા જોઈએ. આશુનું પણ માનવું છે કે તેમને પોતાને સાબિત કરવા માટે પૂરતો સમય અને તક નથી મળ્યાં.

તેમનાં પરિવારમાં હઝબન્ડ, બે દીકરી, એક દીકરો અને દોહિત્રી છે.

અન્ય મહિલાઓને સલાહ આપતાં આશુ કહે છે, 'તમારી જે ઈચ્છા હોય એ કરો. તમારી ફરજ અને સપનાઓને પૂરા કરવા વચ્ચે સમતોલ જાળવતા શીખો. તમારી ઉંમર મોટી છે એમ વિચારીને બેસી ન જાઓ. પરિવારની સાથે પોતાની જાતની પણ કાળજી લો. જો તમે સ્વસ્થ હશો તો તમારા પ્રિયજનો પણ ખુશ રહેશે.' ■

સ્પોટ લાઈટ

મહેશ્ર્વરી
feedback@bombaysamachar.com

# કસીનોની કમાલથી 'અફલાતૂન' નાટક મળ્યું



કસીનો... લાસ વેગસ... જેમ્સ બોન્ડ... શોખીન માણસની આંખો આંજી દેનારા, એ જ આંખો ચકળવકળ કરી દેનારા પરિબળ. કસીનો એટલે સાદી ગુજરાતી ભાષામાં કહીએ તો જુગારનો અડ્ડો, પણ વિદેશમાં 'ગેમ્બલિંગ ફેસિલિટી' એવું રૂપાળું - સોફિસ્ટિકેટેડ નામ હોય છે. આમ જનતા માટે જુગાર રમવો એ અપલખણ કે બૂરી લત કહેવાય, જ્યારે ગેમ્બલિંગ એ ધનાઢ્ય લોકોનો શોખ, એમની હોબી, મનોરંજન મેળવવાનું ટાઈમપાસ સ્થળ કહેવાય. નરસિંહ મહેતાની પંક્તિ જેવુંઃ 'નામરૂપ જૂજવા, અંતે તો હેમનું હેમ હોય'. જેમ્સ બોન્ડની એકાદ ફિલ્મ મુંબઈમાં જોઈ હતી - 'ડાયમંડ્સ આર ફોરએવર' પણ બહુ કંઈ સમજાયું નહોતું. જોકે, બોન્ડ ફિલ્મમાં સમજવાનું કશું ન હોય, માત્ર જોઈને આંખો ઠારવાની હોય એવું મને કહેવામાં આવ્યું હતું. યુએસએમાં લાસ વેગસ વર્લ્ડ કેપિટલ ઓફ ગેમ્બલિંગ તરીકે પ્રખ્યાત છે અને એની તો ફક્ત વાતો સાંભળેલી. જોકે, એક દિવસ હું પોતે કસીનોના સ્લોટ મશીનમાં નસીબ અજમાવતી હોઈશ એવું મેં સપનેય નહોતું વિચાર્યું.

હું જુગાર ક્યારેય નથી રમી, એના માટે રુચિ પણ નહીં. હા, જિંદગી પણ એક જુગાર જ છે અને બધા એમાં દાવ લગાવે છે એ વાત જુદી છે. કોઈના પાસા ક્યારેક અવળા પડે તો ક્યારેક સવળા. આ અવળા - સવળાનો ખેલ મેં ખૂબ અનુભવ્યો છે. અલબત્ત અહીં તો સ્થૂળ જુગારની વાત હતી. સન સિટીના કસીનોમાં દાખલ થતાં જ સ્લોટ મશીનોમાંથી થતા પૈસાનો ખણખણાટ સાંભળી અવિનાશ વ્યાસના પેલા મજેદાર ગીત 'તને જાતા જોઈ પનઘટની વાટે, મારું મન મોહી ગયું'ની જેમ મારું મન પણ નસીબ અજમાવવા લલચાઈ ગયું.

કસીનોમાં ગેમ્બલિંગ કેમ કરાય એ સમજતા મને વાર ન લાગી અને મેં સ્લોટ મશીનમાં સિક્કા નાખવાનું શરૂ કર્યું. હું જે દાવ અજમાવતી ગઈ એ બધા સવળા પડી રહ્યા હતા અને થોડીવારમાં તો મને બહુ બધા સિક્કા મળી ગયા. મારી આંખો તો આશ્ર્ચર્યથી પહોળી થઈ ગઈ. કાંતિ મડિયાનાં પત્ની નીતિન બહેને ભાગ્ય દેવીનું મારા પર કેવું વહાલ ઉભરાયું હતું એ જોયું અને એમની આંખો પણ પહોળી થઈ ગઈ. 'મહેશ્ર્વરી, આ તો મિડાસ ટચ જેવું થઈ રહ્યું છે તારી સાથે' તેમણે મને કહ્યું. ગ્રીક દંતકથામાં મિડાસ નામના રાજાની વાર્તા હતી. એ જેને પણ સ્પર્શ કરે એ બધું સોનું બની જાય એવું વરદાન તેને મળ્યું હતું. એના પરથી કોઈ વ્યક્તિના દરેક પ્રયાસે સફળતા મળે એને માટે 'મિડાસ ટચ' એવો શબ્દપ્રયોગ વપરાય છે.

નસીબના ખેલનો આનંદ હું ઉઠાવી રહી હતી ત્યાં મને નીતિન બહેનનો અવાજ સંભળાયો કે 'આ વખતે તમે મહેશ્ર્વરી બહેનને જ લો, કારણ કે એમના નસીબ હમણાં પાધરા ચાલી રહ્યા છે.' વાત તો મારી જ થઈ રહી હતી, પણ કોની સાથે એ મને ખબર ન પડી. કસીનોના ખેલ પત્યા પછી નીતિન બહેને મને કહ્યું કે 'આશિષ ત્રિવેદીનો ફોન આવ્યો હતો. નીરજ વોરા, મિહિર ભુતા, મનોજ જોશી અને બીજા કેટલાક લોકો ભેગા મળી નાટકનું આયોજન કરી રહ્યા હતા.' નીતિન બહેનનું કહેવું હતું કે આ વખતે મને લેવી જોઈએ કારણ કે મારું લક સારું ચાલી રહ્યું છે. ફિલ્મ દુનિયાની જેમ નાટકની દુનિયામાં પણ પુરુષાર્થ સાથે પ્રારબ્ધમાં લોકો માનતા હોય છે.

કાંતિ મડિયા સાથે આશરે ત્રણેક મહિનાનો નાટ્ય પ્રવાસ ખેડી અમારો કાફલો મુંબઈ પાછો ફર્યો. આ પ્રવાસ જીવનનું એક સંભારણું છે. લોકોના પ્રેમ - લાગણી, આફ્રિકાની ભૂમિનું સૌંદર્ય, કસીનોની કમાલની સાથે સાથે અન્ય કલાકારોનો સહવાસ અને કાંતિ ભાઈના માર્ગદર્શનમાં બીજું પણ ઘણું શીખવા મળ્યું. આવી નાટ્ય સફરમાં આર્થિક મૂડીની સાથે સાથે અનુભવની મૂડી પણ બંધાય છે. આર્થિક મૂડી તો ખર્ચાઈ જાય, પણ પેલી અનુભવની મૂડી આજીવન સાથે રહે ને જીવન વિકાસમાં કાયમ મદદરૂપ થાય.

મુંબઈ પહોંચી એટલે આશિષે તરત મારો કોન્ટેક્ટ કર્યો. 'નીતિન બહેને કહ્યું છે કે આ વખતે તમારી સાથે નાટક કરવાનું છે' એમ તેણે મને કહ્યું. હું હસી પડી. નસીબ, ભાગ્ય, લક કેવા કેવા ખેલ બતાવે છે. કસીનોમાં સ્લોટ મશીનમાં થોડાક સમય માટે તકદીરે મારા પર હેત વરસાવ્યું અને એને કારણે મને એક નવા નાટકમાં કામ કરવાનો ચાન્સ મળ્યો. એ નાટકનું નામ હતું 'અફલાતૂન'. મિહિર ભુતા અને નીરજ વોરાએ સાથે મળી એ નાટક લખ્યું હતું એવું મને યાદ છે. આ જ નાટક પરથી રોહિત શેટ્ટીએ 'ગોલમાલ' ફિલ્મ બનાવી હતી એવું પણ સાંભળવા મળ્યું હતું. નાટકનો ડિરેક્ટર હતો નીરજ વોરા જેણે સરસ મજાની કોમેડી ફિલ્મ 'ફિર હેર ફેર' ડિરેક્ટ કરી હતી. એના રિહર્સલમાં હું વ્યસ્ત થઈ ગઈ.

નાટકની વાત આગળ કહેવા પહેલા આફ્રિકાના એક સ્મરણપટ પર અંકિત થઈ ગયેલા પ્રસંગની વાત તમારી સાથે શેર કરવી છે. સાઉથ આફ્રિકામાં કિમ્બર્લી નામનું એક શહેર છે. દુનિયાભરના વેપારી વર્ગમાં અને વિશેષ કરી ગુજરાતી વેપારીઓમાં આ શહેર જાણીતું છે, કારણ કે ડાયમંડ માઇનિંગ સેન્ટર - હીરાની ખાણના પ્રદેશ તરીકે પ્રચલિત હતું. હરવા ફરવા દરમિયાન કિમ્બર્લી જવાનો મોકો પણ મળ્યો. અહીં એક મશીન હતું જેમાં એક તરફથી ધાતુ સ્વરૂપમાં સોનું નાખવામાં આવે અને અંદર એના પર પ્રક્રિયા થઈ એ જ સોનું ઈંટ સ્વરૂપે - બ્રિક ફોર્મમાં બહાર આવે. દરેક ઈંટ ૧૬ કિલોની. ઘણા લોકો આ જોવા આવતા અને મહિલાઓની સંખ્યા વધુ કેમ રહેતી એ મારે સમજાવવાની જરૂર ખરી? એક આશ્ચર્યજનક વાત એ જાણવા મળી કે જોવા આવનારા લોકોમાંથી જે વ્યક્તિ એ સોનાની ઈંટ ઉપાડી બતાવે એ ઈંટ એને આપી દેવામાં આવે. ફ્રીમાં ઈંટ મળવાનું ગાજર દેખાડ્યું હોવાથી મોટાભાગના સહેલાણીઓ એ ઈંટ ઉપાડવાની કોશિશ કરતા, પણ કોઈને સફળતા નહોતી મળતી. મને સુધ્ધાં ઈચ્છા થઈ. મેં કોશિશ કરી, ઈંટ થોડી ઊંચકાઈ પણ પાછી જમીન પર પડી ગઈ. આવું કેમ થયું એના અનેક તર્કવિતર્ક કરવામાં આવ્યા, પણ સોનું ભાવમાં મોંઘું એમ વજનદાર ધાતુ તરીકે પણ જાણીતી છે. કિમ્બર્લીનો આ સોનેરી અનુભવ યાદગાર રહ્યો. ■

## ત્રિકમ નટનાં મશહૂર સ્ત્રી પાત્રોઃ સુરભિ-સંયુક્તા ને લુત્ફુન્નિસા

નંદશંકર તુળજાશંકર મહેતાની 'કરણઘેલો' (૧૮૬૬)થી નવલકથા પ્રકારનો ગુજરાતીમાં વિસ્તાર થયો એવું માનવામાં આવે છે. એના બીજા જ વર્ષે એટલે કે ૧૮૭૭માં ગોવર્ધનરામ ત્રિપાઠીની 'સરસ્વતીચંદ્ર' પ્રકાશિત થઈ હતી. નવલકથાનો આશય કેવળ પ્રેમકથા ન રહેતા સંસ્કૃતિ કથા બની એનો ચાર ભાગમાં વિસ્તાર થયો હતો. આ આવકારદાયક નવલકથાનું નાટ્ય સંસ્કરણ બનતા બીજા ૩૫ વર્ષ લાગી ગયા. અમદાવાદ ગુજરાતી નાટક કંપની માટેના 'માધવ વિલાસ'થી નાટ્ય લેખનનો પ્રારંભ કરનારા રંગભૂમિના પ્રસિદ્ધ નાટ્યકાર છોટાલાલ રૂખદેવ શર્માએ ૧૯૧૨માં 'સરસ્વતીચંદ્ર'ને નાટ્યદેહ આપ્યો હતો. એ જ વર્ષે સુરતમાં ભજવાયું હતું. નવા નવા વિષય લઈ નાટક લખવાનો ચીલો પડ્યો અને માત્ર ૪૦ વર્ષના અલ્પ આયુષ્યમાં નૃસિંહ વિભાકર નામના લેખકે એમાં માતબર યોગદાન આપ્યું હોવાનું માનવામાં આવે છે. તેમનું પહેલું નાટક હતું 'સિદ્ધાર્થ બુદ્ધ'. ૧૯૧૪માં આર્ય નૈતિક નાટક મંડળીએ એ ભજવ્યું હતું. જોકે, નાટકમાં વ્યક્ત થયેલા પ્રગતિશીલ વિચારો જનતાએ સ્વીકાર્યા નહીં. ત્યારબાદ 'મધુબંસરી', 'મેઘમાલિની' અને 'સ્નેહ સરિતા' જેવા નાટકોમાં પ્રયોગો કર્યા પણ રંગભૂમિની કાયાપલટ કરવાનો તેમનો મનસૂબો પાર ન પડ્યો. એ સમયે પ્રભુલાલ દ્વિવેદીના 'માલવપતિ મુંજ' નાટકમાં ત્રિકમ નામના નટએ સુરભિ નામનું પાત્ર ભજવ્યું હતું. આ પાત્રને અફાટ લોકપ્રિયતા મળી અને અન્ય ઉદાહરણની જેમ 'સુરભિ' એમનું બિરુદ, એમની ઓળખાણ બની ગયું. ત્યારબાદ 'પૃથ્વીરાજ' નાટકમાં 'સંયુક્તા' 'સિરાજુદૌલા' માં 'લુત્ફુન્નિસા' ત્રિકમ નટએ બે નારી પાત્ર ભજવ્યાં. પ્રભુલાલ દ્વિવેદીના 'સંસાર સાગર'ના ગીત 'જવાની રાતે રિસાઈ બેઠા, મળવા ગઈ તો કહે કે ઊંહું. પૂછ્યું મેંઃ 'છે કંઈ ગુનો અમારો?' કહો ને કંઈ ? તો કહે કે ઊંહું!' ને નાટ્ય રસિકોએ ગળે વળગાડ્યું અને એમના અભિનયની પ્રશંસા થઈ. ■

કેનવાસ

અભિમન્યુ મોદી
feedback@bombaysamachar.com

# ટીનેજરના સંબંધ ઉપર આપણે ક્યાં સુધી ચોકીપહેરો ભરીશું ?

### એક સશક્ત- તંદુરસ્ત સમાજનું નિર્માણ કરવા માટે છોકરા-છોકરીને ડેટિંગ કરવાનો ને પોતાની મરજી મુજબના લગ્ન કરવાની સ્વતંત્રતા હોવી જોઈએ કે નહીં?

આપણાં દેશના કાયદાઓ વખતોવખત બદલાતા તો રહે છે પણ તેના મૂળ તો બહુ જૂનાં-પુરાણાં જ છે. ભારતના કાયદાની વાત કરીએ એ પહેલાં એક ટ્રેજીક કિસ્સો હેરી પોટર વિશે ખબર છે ને?

રોલિંગ સાહિબાની હેરી પોટર સિરીઝની વાર્તાકડી ઉપરથી ફિલ્મોની સિરીઝ બની ગઈ. આ ફિલ્મોમાં જે બાળ કલાકારોએ કિરદાર ભજવ્યા એ બહુ જ નાની ઉંમરથી કરોડપતિ થઈ ગયેલા. આખી દુનિયાની લોકચાહના આ બાળકોને મળી રહી હતી. ડેનિયલ રેડક્લીફ અને એમા વોટ્સન સુપરસ્ટાર બની ગયા. મોટા ભાગની કાસ્ટ નાના બાળકોની બનેલી. એમાં પણ આખી દુનિયાનું એક્સપોઝર અને અઢળક પૈસો. આવી અભૂતપૂર્વ સફળતાનાં ફાયદા પણ હોય અને ગેરફાયદા પણ. એમને શું ગેરફાયદો થયો?

આજથી થોડા વર્ષ પહેલાંની વાત છે. એક્ઝેટ તારીખ કહીએ તો ૧૫ એપ્રિલ, ૨૦૦૮. એમા વોટ્સનની જન્મ તારીખ. આ દિવસે એમા વોટ્સનને અઢાર વર્ષ પૂરા થવાના હતા. એ છોકરી પોતાના મિત્રો સાથે રાતે બાર વાગે જ્યાં પાર્ટી કરવાની હતી ત્યાં પહેલેથી ઢગલાબંધ પેપેરાઝી ફોટોગ્રાફર્સ ગોઠવાઈ ગયેલા. રાતના બાર વાગી ગયા હતા અર્થાત એમા વોટ્સન અઢાર વર્ષની થઈ ચૂકી હતી. જેવી એમા બહાર નીકળી એવા તરત જ બધા ફોટોગ્રાફર્સ નીચા નમી નમીને ને એના ફોટોઝ લેવા માંડ્યા. એક ફોટોગ્રાફર તો આખો પીઠભેર સૂઈ ગયો ને એમાના સ્કર્ટ નીચેથી ફોટોઝ લેવા મંડ્યો. કેમ? અમેરિકન કાયદા પ્રમાણે કોઈ પણ મીડિયા બાળકોને સેક્સ્યુલાઈઝ કરે એવી તસવીર છાપી શકે નહીં. એમાં હજુ કલાક પહેલા બાળક હતી અને હવે એ અચાનક એડલ્ટ થઈ ગઈ એટલે એના ગમે તેવા ફોટોઝ પાડીને છાપવામાં આવે તો કોઈ કાયદાકીય અડચણ નડે નહીં ...! બર્થ- ડે ઉજવીને પાછી ફરી રહેલી એ નાની કિશોરી તરુણી ઉપર કેવી અસર થઈ હશે તેની કલ્પના આપણે કરી શકીએ.

ઉંમર બડી અટપટી ચીજ છે.શું છે એ કોઈ સમજી શક્યું નથી. બરાબર કઈ ક્ષણ પછી બાળક બાળક મટીને વયસ્ક બની જાય છે? જિંદગીમાં એવી કોઈ ક્ષણ આવતી હોય છે ખરી જે પાર કર્યા પછી મોટા હોવાનું લેબલ વાગી જાય?

હા, સરકારે અમુક કામ માટે અઢાર વર્ષ અને અમુક હક્કો માટે એકવીસ વર્ષ જેવી વય મર્યાદા બાંધી છે, પણ એ તો કરોડોની જનતા માટે એકસરખો નિયમ રાખવો પડે. કાયદો તો એકસમાન હોય, પણ એના કારણે ઘણા કિસ્સામાં કે મોટેભાગે તર્ક ચુકી જવાય છે, અન્યાય થાય છે અને કોમન સેન્સને કોરાણે મૂકી દેવાય છે.

હમણાં સુપ્રીમ કોર્ટે સરકારને કહ્યું કે 'પોસ્કો'ના કાયદાની ફેરવિચારણા કરો. 'પોસ્કો' એટલે 'પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઓફેન્સ એક્ટ' આ કાયદા મુજબ અઢાર વર્ષથી નાના છોકરાં એકબીજાની સહમતી=- સંમતિ સાથે રતિક્રીડા કરે અને પછી છોકરીના મા-બાપ ફરિયાદ કરે તો કસૂરવાર છોકરો ઠરે. અમુક કેસમાં તો છોકરીના આગ્રહથી જ સેક્સ સંબંધો બંધાયા હોય પણ છોકરાને બળાત્કારી ઘોષિત કરવામાં આવ્યો હોય - કેમ? કારણ કે



બન્ને નાબાલીગ છે. છોકરી કોર્ટમાં એવું કહે કે મારી મરજીથી અમે બંને સેક્સ્યુઅલ એક્ટીવિટીમાં જોડાયા હતા તો પણ છોકરીના વાલીઓની ફરિયાદના બેઝ ઉપર આ કાયદા મુજબ છોકરાને સજા થઈ શકે. આવી રીતે છોકરાને સજા કરવામાં આવી પણ છે. આ તે ક્યાંનો ન્યાય? છોકરાના વાલી છોકરી ઉપર ફરિયાદ કરી શકે છે ખરા?

આ કાયદો વર્ષો જૂનો તો છે જ પણ એની અંદર રહેલું કહેવાતું લોજીક સદીઓ જૂનું છે. રોમિયો અને જુલિયેટની ઉંમર શું હતી? ચૌદ અને તેર વર્ષ. ચાલો, આ તો ફિક્શનલ પાત્રો થયાં. અસલી જિંદગીમાં સિનારિયો શું છે? અસલ જિંદગીમાં એ સ્થિતિ છે કે હવે પાંચમા કે છઠ્ઠા ધોરણમાં ભણતી છોકરીઓને પણ મેન્સ્ટ્રુએશન સાયકલ શરૂ થઈ જાય છે. દસમા ધોરણમાં આવે એ પહેલાં છોકરાઓને મૂછનો દોરો ફૂટી જાય છે. (છોકરા કે છોકરીઓ પ્યુબર્ટીમાં આવે કે નહીં પણ એમના માથાના વાળ સફેદબહુ પહેલાથી થવા માંડે છે. આ હકીકત છે ને અલગ સમસ્યા પણ છે.)

મેડિકલ સાયન્સ મુજબ પાંચ કે સાત વર્ષની ઉંમર ધરાવતા છોકરાને ઉત્થાન થાય એમાં કોઈ જ નવાઈ નથી. આપણે ત્યાં બાળ લગ્નોની સદીઓ જૂની (કુ) પ્રથા હતી. સારું થયું કે એ બંધ થઈ પણ તેનો બેઝ-આધાર એ જ હતો કે બાળક તે અવસ્થાથી સેક્સ્યુઅલી એક્ટિવ થઈ જતા હોય છે. (શારીરિક આવેગો અનુભવતા બાળકને બાળકો નહીં પણ મોટા કહેવાય આ પણ જડસુ માન્યતા છે.) આપણે ત્યાં ડાલામથ્થા સિંહને ભગાડતી બહાદુર ચારણકન્યા પણ ચૌદ વર્ષની છે. ટૂંકમાં, પરાક્રમો કરવા માટે કે યુદ્ધે લડવા માટે અઢાર વર્ષ સુધીની રાહ જોવી પડતી નથી તો આ જ પ્રવૃત્તિમાં કેમ એવો દુરાગ્રહ?

એનો અર્થ એ હરગીઝ એ નથી કે લગ્ન પહેલાં અને સ્કૂલ દરમિયાન કે કોલેજમાં આવતાંવેંત સેક્સ કરવું જોઈએ કે આપણે એને પ્રોત્સાહન આપીએ છીએ. ના. પણ બાળકને રિલેશનશીપ માટે પાર્ટનર શોધવાનો હક્ક છે. કાયદો (કે સમાજ) એને એની મરજી વિરુદ્ધ બાંધી નહીં શકે. ફાર્મસી ચલાવતા કોઈ મિત્રને પૂછી શકો કે એની દુકાનમાં કોન્ડોમ લેવા કેવડા ટેણિયા આવતા હોય છે. આપણને બધાને ખબર છે કે લગભગ બધા કેસમાં પહેલો પ્રેમ નિષ્ફળ પુરવાર થાય છે. છોકરો આખી જિંદગી એનો પહેલો પ્રેમ કે પહેલો ક્રશ ભૂલી શકવાનો નથી. છોકરી ચપટી વગાડીને મુવ ઓન કરી શકે છે. ઘણા કેસમાં દિલ પર પથ્થર રાખવાની પણ જરૂર પડતી નથી, પણ 'પોસ્કો' જેવા કાયદાના દુરુપયોગ મોટેરાઓ બહુ કરે છે. ખાસ કરીને આંતરજ્ઞાતિય લગ્ન જેવા કેસમાં. મા-બાપની જે તે છોકરામાં આગળ વધવાની ઈચ્છા ન હોય એટલે પોતાની પોયરી પાસે ધરાર ખોટું બોલાવડાવે અને પછી પેલા છોકરાની કેરિયર કે શિક્ષણ જ નહીં, પણ આખી જિંદગી બગડી જાય.

દિલ્હીના બસમાં થયેલા નિર્ભયા બળાત્કાર અને હત્યા કેસમાં જે છોકરો સૌથી વધુ ઘાતકી હતો એ તો થોડા મહિનામાં છૂટી જ ગયો ને, કારણ કે એ અઢારથી નાનો હતો. હવે આવા કાયદાનો કોઈ અર્થ ખરો? આવા જઘન્ય અપરાધ માફ, કારણ કે કોઈને હજુ અઢારનું થવામાં ચંદ મહિનાઓની વાર છે. ત્યાં સુધી એ કંઈ પણ કરી શકે?

બાળકોને છૂટા મુકો.... સેક્સ એજ્યુકેશન આપો. એના શરીરમાં અનુભવાતા ફેરફારો વિશે ફક્ત ઘરમાં જ નહીં, પણ આખા ક્લાસમાં પણ ચર્ચા થાય તે ઇચ્છનીય છે. જાગૃતિ વધશે તો ગુનાઓનું પ્રમાણ ઘટશે કે વધતું અટકશે. કાયદાની આડ લઈને થતા અન્યાય ઘટશે. ગમે તેવાં બંધનો લાદવામાં આવશે, બાળકોને જે કરવું છે તે છુપા રસ્તે પણ કરશે જ, પણ એના મિત્ર બનીને આવી બધી વાત એની સાથે કરવામાં આવશે તો એને પોતાને એકલું નહીં લાગે. એક સશક્ત- તંદુરસ્ત સમાજનું નિર્માણ કરવા માટે સમાજના છોકરાઓને ડેટિંગ કરવાનો ને પોતાની મરજી મુજબના લગ્ન કરવાની સ્વતંત્રતા હોવી જોઈએ કે નહીં? ■

બ્રાન્ડ બનશે બિઝનેસ વધશે

સમીર જોશી
feedback@bombaysamachar.com

# ૮૦/૨૦ નો સિદ્ધાંત આપી શકે છે સકારાત્મક પરિણામ




હરેક વેપારીના પોતાના અમુક નિશ્ચિત ગ્રાહકો હશે, જેમની સાથે એ વધારેમાં વધારે વેપાર કરતા હશે. આવા ગ્રાહક માટે એ કંઈ પણ કરવા તૈયાર થશે અને ક્યારેય એમને નારાજ નહિં કરે. બસ, આજ છે ૮૦/૨૦ નો સિદ્ધાંત. આ ૮૦/૨૦ નિયમ 'પેરેટો સિદ્ધાંત' તરીકે ઓળખવામાં આવે છે, ૨૦મી સદીની શરૂઆતમાં ઇટાલિયન એન્જિનિયર અને અર્થશાસ્ત્રી વિલ્ફ્રેડો પેરેટોને એ આભારી છે. આ નિયમ વ્યવસાયમાં શ્રેષ્ઠ પરિણામો મેળવવા કયા કાર્યોને પ્રાથમિકતા આપવી તે નક્કી કરવામાં મદદ કરે છે.

તમારા વ્યવસાય માટે મહત્તમ મૂલ્ય ઉત્પન્ન કરનારા ૨૦% પરિબળને પ્રાથમિકતા આપીને, ૮૦/૨૦ નિયમ તમને મહત્ત્વપૂર્ણ બાબતો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં મદદ કરી શકે છે.

આને વધુ સારી રીતે સમજીએ, કારણ કે આ વાત ફક્ત વ્યવસાય માટે નહિ પરંતુ તમારા વ્યક્તિગત જીવનમાં પણ ઉપયોગી થઇ શકે. આ સિદ્ધાંત મુજબ, ૮૦% પરિણામ ૨૦% પ્રયત્નમાંથી આવે છે.

ઉદાહરણ તરીકે, કંપનીના નફાનો ૮૦% ભાગ ૨૦% ગ્રાહકોમાંથી આવી શકે છે. ૮૦% ફરિયાદો ૨૦%

ગ્રાહકો તરફથી આવે છે. ૮૦% વેચાણ ૨૦% સેલ્સ સ્ટાફના સહારે આવે છે. ૮૦% ગ્રાહકો તમારા ૨૦%

ઉત્પાદનો અથવા સેવામાં રસ ધરાવે છે (આનો વિચાર કરશો તો જણાશે કે તમારી પાસે જે ઘણા બધા ઉત્પાદન છે, પણ એમાંથી અમુક જ ઉત્પાદન વધુ વેચાતા હશે જેને ઘણીવાર આપણે અંગ્રેજીમાં 'ફ્લેગશિપ' પ્રોડક્ટ કહીયે છીએ).

આ સિદ્ધાંતનો ઉપયોગ વ્યવસાયમાં આ રીતે કરી શકાય. જેમ ૮૦% વેચાણ જે ૨૦% ગ્રાહકો પાસેથી આવે છે એ ૨૦% ગ્રાહકોને જો તમે ઓળખી કાઢો તો સમાન વિચારધારા ધરાવતા ગ્રાહકોને આકર્ષવા માટે યોગ્ય માર્કેટિંગ વ્યૂહરચના વિકસાવી શકાય. આને ડિજિટલ માર્કેટિંગમાં 'લુક-અ-લાઈક ટાર્ગેટિંગ' તરીકે ઓળખવામાં આવે છે. તમારા સેલ્સ ડેટા પરથી આવા ગ્રાહકો જાણી શકાય અને એમને સમજી એમને માર્કેટિંગના મેસેજો મોકલવાથી તમારી પ્રોડક્ટ્સ વધુ ખરીદવાની શક્યતા વધી જાય છે. આ ઉપરાંત આ ગ્રાહકો કયા પ્લેટફોર્મ પરથી અથવા ચેનલથી તમારી પાસે આવ્યા



ગ્રાહકને લાગે છે કે આ સ્કીમ એમના માટે જ બનાવવામાં આવી છે

તેનો અભ્યાસ તમને એના જેવા બીજા ગ્રાહકો શોધવામાં મદદ કરશે.

એકવાર તમે તમારા ટોચના ૨૦% ગ્રાહકોને ઓળખી લો, પછી તમે તમારા પ્રયત્નો અને સંસાધનોનો ૮૦% કેવી રીતે ફાળવી શકો છો તે શોધો જેથી તે ગ્રાહકો વધુ અસરકારક રીતે ખર્ચ કરી શકે. આમાંથી સૌથી વધુ અસરકારક રીત એટલે 'કસ્ટમર લોયલટી પ્રોગ્રામ' આને ડેવલપ કરી તમારા મોટાભાગના માર્કેટિંગ પ્રયાસો આ ૨૦% ગ્રાહકો સાથે સંબંધ બનાવવા અને વધારવા પર લગાડો. માનવ સ્વભાવ છે કે કોઈને મહત્ત્વ આપે તો એ એને ગમે. આજ કારણ છે એમને ફ્રી ગિફ્ટ ગમે છે. એમને લાગે છે કે 'મારા માટે જ આ સ્કીમ યોજવામાં આવી છે'.

તમારાં ઉત્પાદનો અને સેવાઓનું વિશ્લેષણ કરો તો તમને જણાશે કે અમુક ઉત્પાદનો વધુ વેચાય છે તો તમારા માર્કેટિંગનો મોટો હિસ્સો આ ઉત્પાદનો - સેવાઓને પ્રમોટ કરવા માટે વાપરો. આજ સિદ્ધાંત તમારા કર્મચારીઓની માટે પણ લાગુ પડે છે. જે વધુ નફો કમાવી આપે અથવા વધુ પ્રોડક્ટિવ હોય એને સારી રીતે સાચવો.

ટૂંકમાં એવાં લક્ષ્યો સેટ કરો જે મહત્ત્વપૂર્ણ ૨૦% પર ભાર મૂકે. ખાતરી કરો કે તમારા ઉદ્દેશ્યો ખરેખર શું છે, આની સાથે સાથે તમારા ૨૦% ની અંદર આવતા નિશ્ચિત કરેલા વ્યવસાયિક અને વ્યક્તિગત ધ્યેય માટે જરૂરી સ્કિલ વિકસાવવા પર ધ્યાન કેન્દ્રિત કરો. આ વાત તમને તમારો કેટલો સમય, શક્તિ અને પૈસાનું કઈ દિશામાં કેટલું રોકાણ કરવું તેની સ્પષ્ટતા આપશે.

મુદ્દો છે કે જો આપણે આ મહત્ત્વના ૨૦% જાણી લઈશું અને તેના પર કામ કરશું તો ૮૦% પરિણામો મેળવવા આસાન છે. ■

સર્જકના સથવારે
રમેશ પુરોહિત
feedback@bombaysamachar.com

# કલાપી

(જન્મ: ૨૬-૧-૧૮૭૪ મૃત્યુ: ૯-૬-૧૯૦૦)

**કલાપીએ ૧૯ વર્ષની વયે શરૂ કરેલી કાવ્યયાત્રા ૨૬મે વરસે સમાપ્ત થઈ ગઈ એટલે આપણે એમની કવિતાનું મૂલ્યાંકન કર્યું, પણ કવિ તરીકેના એમના પ્રદાન વિશે શું?**


સુરસિંહજી તખ્તસિંહજી ગોહિલ

કવિતામાં વ્યક્ત થતી ભાવનામાં સંવેદનનો આવેગ ધોધમાર વહેતો હોય ત્યારે પ્રસાદ ઓછો અને વિષાદ વધારે ઘૂંટાયેલો હોય છે. અત્યારની કવિતામાં અને ખાસ કરીને પ્રણયકવિતામાં પ્રણયભાવની વિડંબનાનો સૂર સંભળાય છે ત્યારે આ કવિતાની સામે પંડિતયુગના કવિ કલાપીની કવિતામાં તો આ લાગણી વધારે ઉત્કટતાથી નિરૂપાયેલી જોવા મળે છે. સૌન્દર્યલક્ષી વલણ દાખવતી ન્હાનાલાલ કે ઠાકોરની પ્રણયકવિતામાં પ્રણયતત્ત્વનું ઠરેલું અને મસ્ત નિરૂપણ દેખાય છે. જ્યારે કલાપીની કલમે લખાયેલાં પ્રેમકાવ્યોમાં પ્રેમનો રોમૅન્ટિક અભિગમ વધુ વાસ્તવદર્શી હતો.

સુરસિંહજી તખ્તસિંહજી ગોહિલ લાઠીના ઠાકોર હતા. રાજા હોવાના નાતે રાજવીપણું હતું પણ એમની કવિતાનું રાજ્યારોહણ ખૂબ જ લોકપ્રિય નીવડવાને કારણે આ કવિએ વાસ્તવમાં પોતાના દિલમાં કવિતાનો રાજ્યાભિષેક કર્યો હતો. હરીન્દ્ર દવેએ નોંધ્યું છે કે, 'કલાપીની લોકપ્રિયતા અપૂર્વ છે. આટલી હદે લોકોના હૃદયમાં સ્થાન પામેલા બીજા કોઈ આધુનિક કવિનું નામ યાદ કરતાં તકલીફ પડે.'

કલાપીએ ૧૯ વર્ષની વયે શરૂ કરેલી કાવ્યયાત્રા ૨૬મે વરસે સમાપ્ત થઈ ગઈ એટલે આપણે એમની કવિતાનું મૂલ્યાંકન કર્યું, પણ કવિ તરીકેના એમના પ્રદાન વિશે ખૂબ જ ઓછી વિચારણા થઈ છે.

કલાપી એટલે પ્રેમકાવ્યોનો જ કવિ નહીં. પ્રેમકાવ્યોમાં ઊછળતી લાગણીઓનો પ્રવાહ એમના અંગત જીવન, એ વખતની રાજકીય પરિસ્થિતિ અને દંભ વગરની ઉત્કટ પ્રેમની અભિવ્યક્તિને લીધે ઉપરછલ્લા અભ્યાસથી સમજી શકાય નહીં. કલાપીએ ઉત્તમ પ્રકૃતિકાવ્યો પણ આપ્યાં છે. એમના મિત્ર કાન્તની જેમ એમણે ખંડકાવ્યો પણ લખ્યાં છે. પંડિતયુગના કવિની જેમ સંસ્કૃત વૃત્તોમાં કાવ્યો લખ્યાં, ભરપૂર. ફારસી-અરબી શબ્દો વાપરીને ગઝલમાં પોતાની ઊર્મિઓને અવતારવાનો પ્રયત્ન કર્યો. તત્કાલિન કવિઓની સરખામણીમાં સરળ ભાષા અને સામાન્ય પાત્રો લઈને રચનાઓ કરી. 'હમીરજી ગોહેલ' મહાકાવ્ય લખવાની નેમ સાથે લખ્યું પણ એ મહાકાવ્ય બની શક્યું નહીં. કલાપી આમ વિવિધ સ્વરૂપોમાં સ્વૈરવિહાર કરે છે અને વિવેચકો કહે છે તેમ એમણે આપેલા આ બધા કાવ્યપ્રકારોમાં ક્યાંક વધારે પડતાં વર્ણનો, બિનજરૂરી વિગતો, અકલાત્મકતા ક્યારેક કાવ્યતત્ત્વને હાનિ પહોંચાડે છે. પણ આપણે કલાપીની વય, પ્રણયવિભાવના, સંઘર્ષ અને માનસિક અને આંતરિક ખેંચતાણને ધ્યાનમાં રાખીએ તો સમજી શકીએ કે એમની પર્વતમાંથી ફૂટતાં ઊછળતાં-કૂદતાં ઝરણાં જેવી કવિતાને ઠરીઠામ થઈને નદીની જેમ ધીરગંભીર પ્રવાહે વહેવાનો વખત જ ક્યાં મળ્યો હતો.

કલાપીનું જીવન એમના સર્જનમાં શ્વાસ લે છે. પ્રેમને લોકો સમજી શકે એ રીતે નિરૂપનાર કવિ લોકોમાં સ્થાન પામે જ અને સાથે સાથે અંગત જીવનના બનાવો પણ રોચક અને રોમાંચક હોય તો લોકોના મનમાં એમની રચનાઓ કરતાં કવિનું નામ જલદીથી વસી જતું હોય છે. કલાપીને વાસ્તવિકતાની ભૂમિ પર રમા સાથે સંસાર હતો અને શોભના સાથે પ્યાર હતો. પ્રણયત્રિકોણની વ્યથાઓ કદાચ ત્રણેય પાત્રોએ અને વધારે કલાપીએ અનુભવી અને પ્રણયગાનની રસલ્હાણ લોકોને મળી. પ્રણય દૈહિક નહીં પણ વધારે આધિદૈહિક સ્વરૂપે નીતરે છે અને સૂફીરંગની ગઝલોમાં આ કવિ પ્રિયતમ અને પરમ પ્રિયતમ બંનેને હૃદયમાં વસાવીને કાવ્યની સરવાણીઓ વહેતી કરે છે. જેમ કે:

*હવે જોવા ચાલ્યું જિગર મુજ સાક્ષાત હરિને,*
*તહીં તેની કોઈ પ્રતિકૃતિ કશો શો રસ પૂરે?*

'પ્રણયરસ' શબ્દ સાથે કલાપી 'દૈવી' વિશેષણ વાપરીને મૂર્ત અને અમૂર્ત બંનેને મુખરિત કરે છે:

*હતું તેનું હૈયું કમલસરખું કોમલ અને,*
*હતો તેમાં દૈવી પ્રણયરસ મીઠો ટપકતો.*

કલાપી એમના મિત્ર કાન્ત પરના પાત્રોમાં પોતાના જીવનની રૂપરેખા આપે છે. શોભનાની સ્વીકૃતિ પહેલાંની અને પછીની મનોવ્યથાને બળબળતા હૈયે અભિવ્યક્ત કરે છે, પરંતુ ક્યાંય કોઈ દયાયાચના નથી દેખાતી. માફામાફીની વાત નથી અને કારણોમાં પડ્યા વગર હૃદય કારણની વાત કરે છે. પ્રેમ એટલે શું? પ્રેમ ક્યારે અને કેમ થાય? ફલાણા સાથે પ્રેમ કેમ થયો હશે? આવા પ્રશ્નો આપણે વારંવાર સાંભળીએ છીએ ત્યારે કલાપીની બે પંક્તિઓનું સ્મરણ અવશ્ય થાય છે:

*પ્રેમને કારણો સાથે સંબંધ કાંઈએ નથી,*
*કારણ પ્રીતિનું પ્રીતિ! પ્રેમની લક્ષ્મી તે બધી.*

'પ્રેમનો મારગ છે શૂરાનો નહીં કાયરનું કામ' એ વાતનો કલાપીને સતત ખ્યાલ છે. એમના પ્રેમગાનનાં રોદણાં નથી પણ પ્રેમના પંથે નીકળેલા હમસફર કોણ છે અને કોણ કોણ હોઈ શકે એનો પણ એમને પૂરતો અંદાજ છે. જેમ કે:

*મલે ઘેલો કહીં લોકો! હજારો નામ આપો છો!*
*હમો મનસૂરના ચેલા ખુદાથી ખેલ કરનારા!*
*તમારા કૃષ્ણ ને મોહમદ, તમારા માઘ, કાલિદાસ,*
*બિરાદર એ બધા મારા! હમારા રાહ છે ન્યારા.*
*હતાં મ્હેતો અને મીરાં, ખરાં ઈલ્મી, ખરાં શૂરાં,*
*હમારા કાફલામાં એ મુસાફર બે હતાં પૂરાં!*

ભક્તિનો ઈલ્મ, પ્રેમલક્ષણા ભક્તિનો મંત્ર જીવનમાં ઉતારનારનો માર્ગ ગુલાબોથી લથબથ નથી હોતો પણ કંટકોથી છવાયેલો હોય છે અને મંજિલ પર પહોંચનાર કાફલામાં આવા હમસફરોની સંખ્યા હજારોમાં નથી હોતી. નરસિંહ હોય કે મીરાં તેઓના જેવાં એકાદ બે હોય તો એ મુસાફર પૂરતાં છે. કવિની બિરાદરી કોની સાથે છે તો કૃષ્ણથી લઈને કાલિદાસ સાથેની. કલાપીમાં પ્રેમલક્ષણા ભક્તિના, સૂફીરંગના તાણાવાણા શ્વાસની જેમ વણાયેલા એટલે જ એમની કવિતા કે ગઝલ માત્ર પ્રેમના ઉદ્ગારો કે પ્રેમની વિફળતાનાં રોદણાં નહીં રહેતાં લોકહૃદયમાં સ્થાન પામે છે.

કલાપી બાલાશંકર અને મણિલાલના પગલે પગલે ગઝલને પોતાના ભાવોને ઉત્કટતાથી વ્યક્ત કરવાનું માધ્યમ બનાવે છે ખરા પણ ગઝલના છંદશાસ્ત્રની મર્યાદામાં રહી શકતા નથી. કાફિયા-રદીફનાં બંધનો કે અરૂજની માપબંધી નિબંધ વહેતી લાગણીઓને ફાવી નથી. પોતાના આવેગને કે આવેશને માધ્યમ ફાવી જાય છે પણ ગઝલના બંધારણમાં રહીને એમણે ગઝલપ્રકારને ખેડયો નથી એમ કહી શકાય. વિચાર છે અને વિચારતત્ત્વને વ્યક્ત કરવા માટે અનુરૂપ ભાષા છે પણ આટલું જ પૂરતું નથી. ગઝલના આંતરસ્વરૂપની ઓળખ એમને થઈ હોય એમ લાગે છે પણ બાહ્યતત્ત્વની ઉપેક્ષા એ ઓળખને ઓળખાણ બનવા દેતી નથી. કલાપી મુગ્ધ પ્રેમના કવિ છે પણ એમને ખુમારીનો એહસાસ છે અને ખુવારીનો ખ્યાલ છે:

*અજાયબ સ્નેહના રસ્તા! અજાયબ ગાંઠ પ્રેમની,*
*ખુમારી ને ખુવારી છે: અજાયબ પ્રેમની મસ્તી.*

કલાપીની પ્રેમની મસ્તી છે એવી જ એમની પ્રકૃતિપ્રેમની મસ્તી છે. શંકર-પાર્વતીના જેવું સાયુજ્ય હોય તો હિમાલયની શાંતિ હૈયામાં પણ વાસ કરતી હોય છે. આ વાતને કલાપી આ રીતે મૂકે છે:

*બગીચા, મ્હેલોમાં, ઘટ વન અને જંગલ વિશે,*
*રહે શાન્તિ હૈયે, પ્રિયતમ પ્રિયા એક જ રહે.*

પ્રણયભાવના ગાયક કલાપીના પ્રકૃતિના વર્ણનમાં પણ આ સ્થાયી ભાવરૂપે પ્રકટે છે. 'કમલિની' કાવ્ય હરિગીત છંદમાં લખે છે. વાત છે કમલિનીની પણ 'પ્રેમધબકારા' સંભળાયા કરે છે:

*લાડથી હું શ્વેતવરણી ઝૂલતી રહું જલ પરે,*
*મકરન્દ છાંટું ભૃંગ પર તે ગૂંજતો મુજ પર રહે;*
*તેને સુવાડું રાત્રિએ મમ હૂંફવાળા હૃદયમાં,*
*ત્યાં પ્રેમધબકારા ઝીલે બંને દિલો આનંદમાં.*

ભમરો કમળના મોહપાશમાં એવો તો ચકચૂર બને છે કે સૂરજ આથમે ત્યારે કમળમાં બિડાઈ જાય છે. આ વાતને કવિએ ત્રીજી પંક્તિમાં કેટલી ઋજુતાથી નિરૂપી છે કે આ બિડાવું આનંદમાં પરિણમે છે. જોકે આવા પ્રેમની નિયતી શું હોઈ શકે એનો ખ્યાલ તો આપણને ખૂબ જ પ્રસિદ્ધ સંસ્કૃત સુભાષિત પરથી આવી શકે છે કે, 'રાત્રિ ગમિષ્યતિ ભવિષ્યતિ સુપ્રભાતમ્... હા! હન્ત હન્ત નલિની ગજ ઉજ્જહાર.'

કવિને મૃત્યુના અધિપતિપણાંની ખબર છે. એ મૃત્યુને, 'રે ભાઈ મૃત્યુ' અમે કહીને લાડ લડાવે છે. સંસાર અસારની વાત આ કવિ કરતો નથી પણ દાર્શનિક અદાથી સંસારના માયાવીપણાંની વાત સરળ શબ્દોમાં કરી શકે છે:

*તે માર્ગનાં પથિક તોય બધાં દિસે છે,*
*છે મૃત્યુ, જન્મ, જીવવું, સહુ ભાસ માત્ર,*
*તો મૃત્યુથી રુદન, જન્મથી હાસ્ય શાને?*
*વૈરાગ્યમગ્ન રહી આયુ ન ગાળ શાને?*

વિપુલ સર્જન કરનાર સર્જક પાસેથી દરેક રચના સર્વાંગસંપૂર્ણ કે સર્વગુણસંપન્ન ન મળે તો પણ એકાદ પંક્તિ હંમેશને માટે જીવતી રહે તેવી મળે તો એ સર્જન સાર્થક થાય છે. જેમ કે: 'દુ:ખો સંસારીના પરમ સુખના સાધન નકી.' 'તમારા રાજ્યદ્વારોના ખૂની ભપકા નથી ગમતા.' 'જીવવું જીવ લેઈને આહી એવી દિસે રીતિ.' 'હતી જ્યાં વસ્લની ખ્વાહિશ મળ્યું ત્યાં ઝેરનું પ્યાલું!' 'રસહીન ધરા થૈ છે, દયાહીન થયો નૃપ.'

અને

*હર્ષ શું ઝિન્દગીમાં ને હર્ષ શું હોત મૃત્યુમાં,*
*પ્રેમના રંગથી જો ના રંગાયું વિશ્વ હોત આ!*

કલાપી વ્યક્તિલક્ષી કાવ્યો લખે છે ત્યારે વિગતોનો વિસ્તાર સપાટી પરથી સરકતો રહે છે. જેમ કે, 'વૃદ્ધ ટેલિયો,' 'વૃદ્ધ માતા', 'મૂળદાસ', 'ભરત' વગેરે કાવ્યો આ પ્રકારમાં આવે છે.

'ગ્રામ્ય માતા'માં સામાજિક સ્થિતિનો ખેદ છે તેમ 'એક ઘા' કાવ્યમાં જીવદયા અને વન્યસૃષ્ટિની જાળવણીની અને આધુનિક ઈકૉલૉજીની વાતનો પડઘો પડે છે. 'તે પંખીની ઉપર પથરો ફેંકતો ફેંકી દીધો' એમ કહેતી વખતે કવિના કાળજે ઘા પડે છે.'

કવિને પંખીઓ પોતાનાથી ડરીને ઊડી જાય છે એ ગમતું નથી એટલે કહે છે કે:

*રે પંખીડાં, સુખથી ચણજો, ગીત વા કાંઈ ગાજો,*
*શાને આવાં મુજથી ડરીને ખેલ છોડી ઊડો છો?*

કવિની સૂક્ષ્મ દૃષ્ટિ પ્રકૃતિને માણે છે, જાણે છે અને શબ્દ દ્વારા પોતાના અનુભવનું કાવ્યમાં રૂપાંતર કરે છે. આગિયાની વાત કરતાં કરતાં માનવી જીવનની દાસ્તાનને ભૂલતા નથી. સંસારીઓનો પ્રેમ અને સંસાર કોયડાની કલાપીએ કરેલી વાત પોતાની આગવી છે.

*આ પ્રેમ સંસારી તણો તુજ તેજ જેવો છે નકી,*
*એ અમૃતે શું ઝેરનાં બિન્દુ ભર્યાં વિધિએ નથી?*
*અમ એ જ જીવિત, એ જ મૃત્યુ, એ જ અશ્રુ ને અમી;*
*જે પોષતું તે મારતું, શું એ નથી ક્રમ કુદરતી?*

કવિએ પૂછેલો પ્રશ્ન શાશ્વત છે અને એ જેટલો સાચો છે એટલી જ સાચકલી કવિની પોતાની વાણી છે. એક જ વાક્યમાં કહી શકાય કે નાસ્તિ યેષાં યશઃ કાયે જરામરણંજ ભયમ્. ■

સુખનો પાસવર્ડ
આશુ પટેલ
feedback@bombaysamachar.com

# યાદ રાખો, એક દિવસ આપણે પણ અહીંથી જવાનું છે...

થોડા સમય અગાઉ એક ઓડિયો ખૂબ વાયરલ થયો હતો, જેમાં બે જૂના મિત્રો વચ્ચેની વાત હતી. એક માણસે એના જૂના મિત્ર એવા સરકારી અધિકારીને કોલ કર્યો. પૂછ્યું: 'કેમ છે તું?'

એ સાથે પેલો સરકારી અધિકારી ભડકી ગયો હતો. એણે કહ્યું :

'મોં સંભાળીને વાત કરજે! હવે તારે મને સાહેબ કહીને બોલાવવો પડે! હવે હું સરકારી અધિકારી છું. હવે હું કોઈ નાનો માણસ નથી એટલે તું મને તુંકારે ન બોલાવી શકે.'

એના જૂના મિત્રએ જવાબ આપ્યો : 'યાર, તું હવે સરકારી અધિકારી ખરો છે, પણ આપણે જૂના મિત્રો તો છીએ ને! એટલે મેં તને તુંકારે બોલાવ્યો. તને વર્ષોથી તુંકારે બોલાવવાની આદત છે.' એના જવાબથી તો સરકારી અધિકારી વધુ રોષે ભરાયો. એણે કહ્યું : 'મારી સાથે વાત કરવી હોય તો તારે મને 'સાહેબ' કહીને સંબોધન કરવું પડશે.'

આવા લોકો વિશે જાણીને મનમાં ગુસ્સો ન જાગે, પરંતુ કરુણા જન્મે છે કે કોઈ માણસ જે પણ બને એણે ધરતી પર પગ રાખવાનું ન ભૂલવું જોઈએ. માણસ નેતા બને, અભિનેતા બને, પોલીસ અધિકારી બને કે મુખ્ય પ્રધાન બને કે ઊઠીને વડા પ્રધાન સુધ્ધાં બની પણ જાય તોય એણે એ યાદ રાખવું જોઈએ કે છેવટે હું એક માણસ જ છું અને થોડા દાયકાઓ માટે જ અહીં આવ્યો છું અને મારે એક દિવસ અહીંથી વિદાય થવાનું છે.

જેની પાસે સત્તા, સંપત્તિ, શક્તિ, સૌંદર્ય, જ્ઞાન, ફેન ફોલોઈંગ (કે ભક્તો) હોય એવી લગભગ દરેક વ્યક્તિના મનમાં પોતે બીજાઓથી કોઈક રીતે મોટો છે એનો નશો હોય છે. આ મોટા હોવાનો નશો માણસને ભુલાવી દેતો હોય છે કે આ સૃષ્ટિમાં એનું અસ્તિત્વ એક રજકણ સમાન પણ નથી. વિરાટ સૃષ્ટિને સમજવા માટે માણસે સ્પેસ- અંતરિક્ષનો થોડો અભ્યાસ કરવો જોઈએ. ખરેખર તો આખી પૃથ્વીની તમામ સરકારોએ વિદ્યાર્થીઓ શિક્ષણના એક તબક્કે સ્પેસ વિશે ભણે એ નિશ્ચિત કરવું જોઈએ. અખિલ બ્રહ્માંડમાં આપણે કશું જ નથી એ વાત ભાવિ પેઢીના મગજમાં ઉતારવી જોઈએ. બ્રહ્માંડ વિશે વધારે કંઈ નહીં તો એટલું તો ભણાવવું જ જોઈએ કે કોઈ શહેરનો ઉદ્યોગપતિ કે કોઈ દેશનો બિઝનેસ ટાઇકુન કે કોઈ પ્રધાન કે સંસદસભ્ય કે વિધાનસભ્ય કે મેયર કે મ્યુનિસિપલ કમિશનર કે પોલીસ કમિશનર કે કોન્સ્ટેબલ હોય તો તે અખિલ બ્રહ્માંડનો રણધણી નથી થઈ જતો. (ક્યારેક કોઈ ટ્રાફિક પોલીસ કોન્સ્ટેબલ કોઈ વાહનચાલકને અટકાવે ત્યારે લાઈસન્સની માગણી એવી રીતે કરતો હોય છે કે જાણે આખી સૃષ્ટિનો કર્તાહર્તા એ પોતે જ હોય).



જો લોકોને એવું શીખવવામાં આવે કે આ બ્રહ્માંડમાં તમારું અસ્તિત્વ તણખલાના પણ કરોડોમાં ભાગ સમું છે તો આવી વ્યક્તિઓના મન પર કોઈ પણ પ્રકારનો અહંકાર કે નશો સવાર થવાની શક્યતા ઘટી જાય.

ગઈ સદીના ચિંતક અને લેખક બર્ટ્રાન્ડ રસેલની એક વાર્તા યાદ આવે છે. એમાં એક ધર્મગુરુ સપનામાં મૃત્યુ પામે છે અને સ્વર્ગના દરવાજે જાય છે. એણે સ્વર્ગના દરવાજાની બહાર રાહ જોવી પડે છે. બહુ લાંબા સમય સુધી તે દરવાજો ખખડાવે છે એ પછી એ વિશાળ દરવાજાની એક નાનકડી બારી ખૂલે છે અને એ દરવાજામાંથી એક ચહેરો દેખાય છે. સપનામાં મૃત્યુ પામેલો ધર્મગુરુ એને કહે છે કે 'જા, જલદી જઈને ઈશ્વરને જાણ કર કે પૃથ્વીના સર્વોચ્ચ ધર્મગુરુ આવ્યા છે.'

ત્યારે એ દરવાજાની નાનકડી બારી ખોલનારો જીવ એને પૂછે છે કે 'તમે કઈ પૃથ્વી પરથી આવો છો?'

ધર્મગુરુ કહે છે કે 'પૃથ્વી તો એક જ હોય ને, બેવકૂફ!'

પેલો કહે છે કે 'ના. બ્રહ્માંડમાં તો કરોડો પૃથ્વી છે એમાંથી કેટલા નંબરની પૃથ્વી પરથી તમે આવો છો?'

ધર્મગુરુ : 'શું ગાંડાઘેલા જેવી વાતો કરે છે તું!'

બારી ખોલનારો જીવ જવાબ આપે છે :

'ઠીક છે, પૃથ્વીનો નંબર ખબર ન હોય તો તમે કહો કે તમે કેટલા નંબરની સૂર્યમાળામાંથી આવો છો?'

ત્યારે તે ધર્મગુરુને પોતાની ઓકાતનું ભાન થાય છે. અને તેની આંખ ઊઘડી જાય છે. સાચા અર્થમાં એની આંખ ઊઘડી જાય છે.

જેના મનમાં કોઈ પણ પ્રકારનો અહંકાર હોય એવા લોકોને આવી જ અન્ય એક વાર્તા પણ ભણાવવી જોઈએ.

એ વાર્તા વોલ્ટેરની છે, જેમાં સિરિયસ નામના એક ગ્રહનો દસ લાખ ફૂટ ઊંચો જીવ બીજા ગ્રહની સફરે નીકળી પડે છે. પ્રવાસમાં કંપની મળી રહે એ માટે વચ્ચે આવતા એક ગ્રહના વામન જીવને સાથે લે છે. એ વામન જીવની ઊંચાઈ 'માત્ર' પંદર હજાર ફૂટ જ છે. તે બંને ફરતા-ફરતા પૃથ્વી પર આવે છે અને એક જગ્યાએ દરિયામાં ઊભા રહે છે. એ વખતે એક મોટા ખાબોચિયામાં કશીક વસ્તુ જુએ છે. એ વાસ્તવમાં દરિયામાં તરતું એક જહાજ હોય છે. પંદર હજાર ફૂટ ઊંચો જીવ ઝૂકીને એ જહાજને પોતાની હથેળીમાં લે છે. એ જહાજમાં કેટલાક માણસો સફર કરી રહ્યા હોય છે. એમને સૂક્ષ્મ જંતુઓની જેમ હલનચલન કરતા જોઈને પંદર હજાર ફૂટ ઊંચો જીવ એના ગ્રહની ટેક્નોલોજીની મદદથી પોતાનો અવાજ નાનો કરીને એ જહાજમાં ફરી રહેલા જીવો એટલે કે માનવીઓ પૈકી એક નમૂનાને પૂછે છે કે 'ભાઈ, તું કોણ છે? ત્યારે એ જહાજમાં સવાર માનવી એને કહે છે કે 'માત્ર વિરાટ શરીરને કારણે પોતાને મોટો માનનારા મૂર્ખ જીવ, હું એક બૌદ્ધિક માનવી છું અને આ બ્રહ્માંડનાં રહસ્યોનો તાગ પામવાની કોશિશ કરી રહ્યો છું!'

આખી સૃષ્ટિ પોતાના થકી જ ચાલે છે એવા ભ્રમમાં જીવતા ઘણા રાજકીય નેતાઓ, સરકારી અધિકારીઓ, પત્રકારો, ફિલ્મ સ્ટાર્સ, શ્રીમંતો, અંડરવર્લ્ડના ગુંડાઓ કે અપર વર્લ્ડના વ્હાઈટ કોલર ક્રિમિનલ્સ પોતાના પાવર, મસલ પાવરનું કે પોતાની સંપત્તિનું ભદ્દી રીતે પ્રદર્શન કરતા જોવા મળે ત્યારે કે સોશિયલ મીડિયા પર ક્ષુલ્લક મુદ્દે વાંદરાઓની જેમ હૂપાહૂપ કરી રહેલા અલ્પમતિવાળા બેપગાળા જીવો, ખેપાની મનુષ્યો, કટ્ટર સરકાર સમર્થકોનો, વિપક્ષના ટેકેદારોનો કે સરકારના વિરોધ માટે દેશદ્રોહની હદ સુધી જવા તત્પર રહેતા ઘણા સો કોલ્ડ ઈન્ટેલેક્ચ્યુઅલ્સનો વાણીવિલાસ જોવા મળે ત્યારે વોલ્ટેર અને બર્ટ્રાન્ડ રસેલની આ વાર્તાઓ યાદ આવી જાય છે.

આજના આ 'સુખનો પાસવર્ડ' કોલમ-કથાનો સાર એ છે કે

'દરેક માણસે એ યાદ રાખીને જીવવું જોઈએ કે એક દિવસ એણે પણ અહીંથી કાયમ માટે વિદાય થવાનું છે...' ■

મિજાજ મસ્તી
સંજય છેલ
feedback@bombaysamachar.com

# વરસાદ આવ્યો રે... વહેલો વરસાદ-પહેલો વરસાદ

*ટાઇટલ્સ:*
*આકાશ છે ત્યાં સુધી વરસાદ છે. (છેલવાણી)*

એક કવિએ કહેલું: 'વરસાદની ફિંગરપ્રિંટ જોવી હોય તો હથેળીની છાજલી કરીને આકાશને તાકતા ખેડૂતનો ચહેરો જોઇ લેવો!'

જોકે, આપણાં ખેતીપ્રધાન દેશમાં યા તો અતિવૃષ્ટિને લીધે પૂર આવે અથવા તો સાવ દુકાળ પડે. આ બે જ શક્યતા હંમેશની હોય છે. આ વર્ષે વરસાદ ધાર્યા કરતાં વહેલો આવ્યો. છાપાળી ભાષામાં કહીએ તો 'મુંબઈમાં પડેલા વરસાદે સરકારી તંત્રની પોલ ખોલી નાખી છે...'

આપણે ત્યાં દરેક ચોમાસું જુગારની બાજીમાં ઉઘડતાં આખરી પત્તા જેવું અકળ હોય છે. બસ, ખાલી બે વાત નક્કી છે: રસ્તા પર પડતા ખાડા ને ગરીબોના ધોવાઇ જતાં ઘર ને જીવતર!

પણ અજાયબ દુનિયામાં વિચિત્ર વરસાદના અજીબ કિસ્સાઓ તમે વાંચશો તો તમારું ભેજું, જૂની છત્રીની જેમ કાગડો બનીને ઊડી જશે.

આપણે ત્યાં ૧૮૫૭માં અંગ્રજો સામે બળવો થયેલો એ જ વરસે કેલિફોર્નિયાના નાપા કાઉન્ટી વિસ્તારમાં, ૨૭ ઑગસ્ટે, અચાનક છાંટા પડવા શરૂ થયા ને એક ભરવાડના હોઠ પર પાણી પડયું જે એને સ્વાદમાં શરબત જેવું લાગ્યું. એણે હથેળીમાં પાણી ઝીલી લઈને પીધું. એ ચોંકી ગયો કે એ પાણી નહીં, પણ ખરેખર શરબત હતું! આવો જ અનુભવ ત્યાંના ભણેલાગણેલા લોકોને પણ થયો એટલે અફવા તો નહોતી જ. પછી તો આખા ઇલાકામાં લોકોએ વરસાદી શરબતનો ફ્રીમાં આસ્વાદ માણ્યો.



પુરાણોમાંયે કથાઓ છે કે ભગવાને ભૂખ્યા-તરસ્યા માણસ માટે આકાશમાંથી ભોજન મોકલ્યું કે અપંગ માટે વાહન મોકલ્યું હોય. જેમ કે- ભૂખ્યા-તરસ્યા ઉત્તેજકને ઈંદ્રદેવે અન્ન ને પાણી આપ્યાં હતાં. બાઈબલમાં પણ છે કે દેવતાઓએ ઈશુ માટે 'દેવભોગ' મોકલેલો... આવી કથાઓમાં શ્રદ્ધાનો શ્રાવણ વરસતો હોય છે એની વે, તો પેલા નાપા કાઉન્ટીમાં દિવસો સુધી લોકોએ વરસાદનું સંઘરેલું પાણી શરબત તરીકે વાપર્યું. ત્યાનાં વૈજ્ઞાનિકોએ એ પાણી સૂકવીને તેમાં ઓગળેલું 'મોરસ' નામનું તત્ત્વ અલગ પાડી રસાયણિક પૃથક્કરણ કર્યું પણ વરસાદમાં મોરસ કયાંથી આવ્યું તેનો જવાબ હજુ મળ્યો નથી!

આપણે ત્યાં સુદર્શન ફાખિર જેવા શાયરો કહેતા હોય છે કે-'હમ તો સમઝે થે કિ બરસાત મેં બરસેગી શરાબ, આઇ બરસાત તો બરસાતને દિલ તોડ દિયા' પણ અહીં તો ઉપરવાળાએ શરાબની બદલે શરબત વરસાવ્યું!

*ઇન્ટરવલ:*

*કિતની શર્મિલી લજીલી હૈ હવા બરસાત કી,*
*મિલતી હૈ ઉન કી અદા સે હર અદા બરસાત કી.*
*(નઝીર બનારસી)*

અરે, શરબતી બારિશ છોડો આખેઆખા પ્રાણીઓ વરસાદમાં વરસ્યાં હોય એવા અતરંગી કિસ્સાઓ પણ છે. ૨૯ મે ૧૯૯૧ના દિવસે ઈંગ્લેન્ડના વરસેન્ટર શાયર એરિયામાં ભયંકર તોફાન સાથે ઝીંગા માછલી અને કરચલાં આકાશમાંથી વરસ્યા હતા! પછી તો લોકો, તરત જ ગાડીઓમાં, થેલામાં માછલાં ને કરચલાં ભરી ભરીને ઘેર લઇ આવ્યા. કેટલાંક તો બાજુના ગામની બજારમાં વેંચી પણ આવ્યા!

(વેલ, આપણે ત્યાં તો વરસાદ સાથે ગરમાગરમ ભજિયા વરસે તો માનીએ કે ચમત્કાર થયો કહેવાય!)

અરે, માછલી, દેડકાં, છીપલાં તેમ જ અન્ય પ્રાણીઓના વરસાદની ઘટનાઓ પણ બની છે. 'સિંગાપોર ટાઇમ્સ'માં એક સમાચાર હતા કે ૧૬ ફેબ્રુઆરી ૧૯૬૧ના દિવસે ત્યાંના શહેરમાં ભારે વરસાદની સાથે દરિયામાં તોફાન આવેલું. વરસાદ બંધ થયો ને રસ્તાનું પાણી ઓસરી ગયું ત્યારે ઠેરઠેર ઢગલાબંધ માછલીઓ જોવા મળી! એ ઘટના વિશે લખનાર પત્રકારના મકાનના પાછલા ભાગમાં પણ માછલીઓનો ઢગલો ખડકાઈ ગયો હતો. મકાન ચારે બાજુએથી દીવાલોથી ઘેરાયેલું હતું જેથી એ તો સાબિત થતું હતું કે માછલીઓ દરિયાઇ પાણીમાંથી આવી નથી પણ વરસાદથી જ વરસી છે!.શાકાહારી લોકો માટે આવો માછલિયો વરસાદ શ્રાપ ગણાય,પણ માંસાહારના રસિયાઓ માટે આશીર્વાદ !

માછલીઓના વરસાદમાં પાછી કમાલની વાત એ છે કે જમીન પર પડતાં પહેલાં પકડી લેવામાં આવે તોયે જીવતી રહેતી નહોતી. જોકે, આમ તો જીવતી માછલીઓના વરસાદની એક ઘટના પણ છે, હોં! ૧૧ ફેબ્રુઆરી ૧૮૫૯માં વેલ્સની એશ પહાડીઓમાં જોન લેવિસ નામનો ખેડૂત કામ કરતો હતો. અચાનક એની પીઠ પર કંઈક અથડાયું. આજુબાજુ જોતાં એ નવાઈ પામ્યો કે આખું ખેતર નાની નાની માછલીઓથી ભરાઈ ગયું હતું અને આકાશમાંથી માછલીઓનો વરસાદ ચાલુ હતો. એણે ટોપી ઉતારી આકાશમાંથી વરસતી માછલીઓ એમાં ઝીલી લીધી એમાં નવાઇ તો એ વાતની કે બધી માછલીઓ જીવતી હતી ને ઊછળકૂદ કરતી હતી. એ બધી માછલીઓ દરિયાઇ હશે એમ માનીને લેવિસે અમુકને મીઠાવાળા પાણીમાં નાખી પણ તરત જ બધી મરી ગઈ! બાકીની માછલીઓ સાદા પાણીમાં નાખી જે બચી ગઇ! લંડનના 'ટાઈમ્સ'માં છપાયેલ આ ઘટના પાછળનું રહસ્ય હજી સાયન્સની સમજની બહાર છે!

વાહ રે ઇંદ્ર દેવ, ખરી છે તારી માયા, પણ ક્યારેક સોનાના સિક્કા કે ચાંદીની નોટ વરસાવ અમારા દેશમાં તો દરિદ્રનારાયણનું આયખું સુધરી જાય!

એકવાર ફ્રાન્સના કલેરમોન્ટમાં લોહી જેવો લાલ વરસાદ થયો. કોઇનું કહેવું હતું કે સહરાના રણમાંથી લાલ પથ્થરોના હલકા કણો હવામાં ઊડીને વરાળ સાથે ભળી જઈ લાલ રંગનો વરસાદ બનીને વરસ્યો હશે, પણ વિજ્ઞાન પાસે આનો કોઇ નક્કર જવાબ નથી. કદાચ કુદરત લોહીનાં આંસુએ વરસી હશે- એવો કોઇ પોએટિક સંદેશ એમાં હોઇ શકે?

બાકી, આપણે ત્યાં તો મુંબઇ-અમદાવાદ જેવાં શહેરોમાં ઉપરવાળો, સારા રસ્તા બનાવનારા કોંટ્રાક્ટરો ધરતી પર વરસાવે તોયે ઘણું!

*એન્ડ ટાઇટલ્સ:*

*આદમ: વરસાદની રોમેંટિક મોસમમાં તું વધારે સુંદર લાગે છે...*

*ઈવ: મને કહે છે કે પેલી પ્લેટના ભજિયાંને?* ■

આજે આટલું જ
શોભિત દેસાઈ
feedback@
bombaysamachar.com

# ક્રિકેટ: રમત કે અબજોનો જુગાર?!




૧૯૯૧માં જ્યારે રૂપિયો કન્વર્ટિબલ કરીને નરસિંહ-મનમોહને બંધિયાર ભારત ખોલી નાખ્યું એની અનેક સારી અસરો જે એ પછીની દરેક સરકારોએ ભોગવી, એની સાથે એની એક બહુ જ બેશરમ અને બેરહેમ આડઅસર એટલે ગરીબ વધુ ગરીબ બનતો જ ગયો... બનતો જ ગયો અને અમીર વધુ અમીર બનતો જ ગયો, બનતો જ ગયો. Haves અને Have nots વચ્ચેનું અંતર વધતું જ ગયું, વધતું જ ગયું... શીર્ષક વાંચ્યા બાદ હજી મુદ્દો પકડાતો નથી ને?!

***એવું કંઈક અગમ્ય અચાનક અળવીતરું ખોવાય રે...***
***દરિયા મધ્યે સોય પડી, એને નદી શોધવા જાય રે...***

થયું એવું, બંધિયાર ભારત ખુલ્લું કરવાથી બધી લગામો ઊડી ગઈ. એમાં કેટલીક એવી હતી કે જે જરૂરી હતી. દા.ત. મીડિયા પરની લગામો. વધારે ઊંડા ઊતરવાને બદલે મૂળ વાત પર આવું તો IPL દ્વારા આખા જગતને પછાડીને ભારતી સર્વોપરિતા હાસિલ કરી જ કરી, પણ એની સાથે છેલ્લાં દસ વર્ષથી બહુ મોટા પાયા પર જુગાર પણ પ્રોત્સાહન પામ્યો. ક્રિકેટની રમત અચાનક કેસીનોમાં પરિવર્તન પામી. My 11 Circle અથવા અને Pokerbazi.comની લગભગ દરેક ઓવર પછી આવતી જાહેરાત પહેલાં કે પછી આવતી સૂચના કે તમે આ આદતનાં ગુલામ બનો એવા સંયોગો અને સંજોગો પૂરેપૂરા, એ તો આ જુગાર કેટલા ગરીબોની આછીપાતળી કમાણીનો ભોગ લે છે એનો એક સોઆંઉશ અંદાજ પણ ન આપી શકે. ઊલટાની આવી ભડકાઉ સૂચના તમને વધુ ખાલીખમ કરવાના ઈરાદાથી જ ઉમેરાઈ હોય તો નવાઈ નહીં. એક તો આવી સરિયામ ખુલ્લેઆમ જુગારની હરામખોરી ને એમાં પાછું એની જાહેરાતની ક્વોલિટી તો તમે તોબા પણ ન પોકારી શકો એટલી ખરાબ. આજા મેરે આંગનમેં આજા ગીત ખરાબ-ગવાય ખરાબ... એના પર મુજરો કરનારા નાચે ખરાબ. જાણે ખરાબનો મહાઉત્સવ. અને એ ઓવરે ઓવરે 'નિરખ'વાનો...પણ બધા જ બધું ચલાવી લે... કરોડો દરેકના ભાગે (અને રમનાર જુગારીના ભોગે) આવે છે તે? એનું કંઈ નહીં? માત્ર મારા જેવા કોઈકના નિરીક્ષણો જાય જ્યાં જવું હોય ત્યાં... (મનોજ ખંડેરિયાની એક ગઝલના રદીફનું, પ્રાસનું, સ્મરણ થાય છે, 'કોઈને કંઈ પડી છે જ ક્યાં?!') આમિર ખાન, રણવીર કપૂર, રોહિત શર્મા, કે એલ રાહુલ ઈત્યાદિને લઈને કઈ જુગાર કંપનીની એડ બનાવાઈ છે? જેની કિંમત સોએક કરોડ રૂપિયા નહીં હોય? ને તમે શું માનો છો? આ બધા ધર્માદો કરવા આવ્યા છે? ૧૦૦૦ કરોડની જુગારની આવક ઓછામાં ઓછી, નહીં ઊભી કરે એમાંથી?

મારા દોસ્ત વાચક! તારી ગણતરીઓને ઘાલ ગજવે... હવે આ આંકડા જ હકીકત છે. તારી લાખોની ગણતરીઓને ય ઘાલ ગજવે... દુઃખ તો એક જ વાતનું કે એક જમાનામાં તું જેને દૂષણ ગણતો અને જેને 'મહાભારત'માં પત્ની દાવ પર લગાડી હારી જવા સુધીની લાલબત્તી ધરવામાં આવી હતી એ જુગારની આ માયા છે, એ સટ્ટાની બોલબાલા છે અને એ પોષાય છે શેના દ્વારા? તારા મ્હોંના પાન ક્રિકેટ દ્વારા... આકર્ષક ગુજરાતીમાં હજી બીજી ૧૦-૧૨ પાના ભરીને તને વાત ગળે ઉતારું? કે તું ભવિષ્યમાં કદાચ ક્રિકેટ જોવાનું જ છોડી દે પણ તું આટલો સમજદાર... તું આટલામાં ના સમજે?!

બીજો એક બહુ મોટો ધંધો ગોબાચારીનો ચાલી રહ્યો છે તને શૅરબજાર તરફ વાળવાનો. IPL જેવી અબજોની ટૂર્નામેન્ટના બીજા મહત્ત્વના સ્પોન્સર્સ છે મ્યુચ્યુઅલ ફંડ્સ. પ્રજાના દૂધે ધોયેલા ખર્વ નિખર્વ રૂપિયાનું પોતાની OF COURSE ગણતરીબાજ પણ મૂન્સફી મુજબનું રોકાણ કરી અને અધધધધ પૈસા બનાવતા આ મ્યુચ્યુઅલ ફંડો રોકાણકારના નસીબમાં તો માંડ દસ ટકાનું (ઘણાં તો ઘણી વાર બે ટકાનું માંડ) રિટર્ન મુકતા હશે. તું તરત પૂછીશઃ તો બાકીના અબજો જાય છે ક્યાં? એ અબજો જાય છે મ્યુચ્યુઅલ ફંડોના સંચાલકોના નફામાં, એમના એક્ઝિક્યુટીવ્સના Pay Package, Bonus, foreign Vacations અને એમની Officesનાં Real Estate investments કે Rentમાં. લગભગ તો એમની પસંદગી Rentalની જ હોય છે કે જેથી ઉથાપન સત્ત્વરે થઈ શકે. તું તારે જલ્સા કર? તને બૅન્ક ડિપોઝિટના ૭% વ્યાજથી ૩% તો વધારે મળે છે ને! લહેર કર, યાર!

મને અત્યારે યાદ નથી આવતું કે આ કઈ હરામખોર સરકારના કયા નાણામંત્રીએ બૅન્ક ડિપોઝિટ ઉપરનું ૧૦% વ્યાજ ઘટાડીને આ બેરહમ વ્યવસ્થાને જનમ આપ્યો... પણ બહેન નિર્મળા જો બૅન્ક ડિપોઝિટ પર વ્યાજ વધારવાનું ય સત્કર્મ કરે ને તો એનું આગલું બધું 'ધોવાઈ' જાય... મ્યુચ્યુઅલ ફંડોનો આ ઊભરો શમી જાય અને Retired Citizens of indiaને બહુ મોટી હૈયા ધારણ પ્રાપ્ત થાય.

મારા દોસ્ત વાચક! તું જરૂર જા શેરબજારમાં... પણ કાં તો તું પોતે એનો નિપુણ બન ને કાં તો તું એવો સલાહકાર શોધ કે જે તારી કમાણીના ૫ કે ૭% લઈને તારા નામે Invest કરે અને તને સતત જણાવતો રહે ક્યાં? શું? અને કેટલું?

સમજ્યો તું મારા દોસ્ત?? કે નહીં? હું આટલો પુંસક અને ખુલ્લો લગભગ તો નથી બનતો...

***ઈસ સિરે સે ઉસ સિરે તક સબ શરીક-એ-જુર્મ હૈ***
***આદમી યા તો ઝમાનત પર રિહા હૈ યા ફરાર.***

દુષ્યન્તકુમારનો આ શેર એટલે ભારતનું સમગ્ર નાણા બજાર. આ છેડાથી લઈને પેલા છેડા સુધી બધા ગુન્હામાં એકસરખા સામેલ છે. કાં તો જામીન પર છૂટેલા છે અથવા ભાગી ગયેલા છે.

આજે આટલું જ. ■

ફોકસ
એસ.ચૌધરી
feedback@
bombaysamachar.com

# તૂટેલાં સંબંધના મ્યુઝિયમ વિશે સાંભળ્યું છે?





દુનિયા વિવિધ અજાયબીઓથી ભરેલી છે. જેને સાંભળીને-જોઈને આશ્ચર્ય જરૂર થાય છે. આવી જ એક અજાયબીથી અમે તમારો પરિચય કરાવીશું. એના માટે આપણને જવું પડશે ક્રોએશિયાની રાજધાની જગરેબ. વાત એમ છે ફિલ્મમેકર ઓલિંકા વિસ્તિકા અને તેના આર્ટિસ્ટ પાર્ટનર ડ્રેજન ગ્રુબિચિક વચ્ચે ચાર વર્ષથી પ્રેમ સંબંધ હતો. જોકે આ સંબંધ પર ચાર વર્ષમાં જ પૂર્ણવિરામ લાગી ગયું.

ચાર વર્ષ દરમિયાન બન્નેએ એકમેકને અનેક ભેટ-સોગાદો આપી હતી. હવે એનું શું કરવું? એની તેમને કાંઈ સમજ પડી નહીં. તેમને સલાહ આપવામાં આવી કે જે કાંઈ થયું એને ભૂલીને આગળ વધવા જણાવ્યું.

આ બધાની અંદર તેમને એક એવો વિચાર આવ્યો કે આ બધી ગિફ્ટ્સને એક મ્યૂઝિયમમાં રાખવામાં આવે. બસ, તેમના આ નેક ખયાલથી 'મ્યુઝિયમ ઑફ બ્રોકન રિલેશનશિપ્સ' એટલે કે તૂટેલા સંબંધોનું મ્યુઝિયમ અસ્તિત્વમાં આવ્યું.

આ મ્યુઝિયમનો ઉદ્દેશ માત્ર એટલો જ છે કે બ્રેકઅપની સ્ટોરીઝ અને એની સાથે જોડાયેલી વસ્તુઓને એકઠી કરવાનો છે. આ મ્યુઝિયમની સ્થાપના બાદ એમાં તૂટેલા સંબંધોની સ્ટોરીઝ અને પ્રતીકો વધતા ગયા છે. દરેક વસ્તુઓને અહીં ખૂબ સરસ રીતે ગોઠવવામાં આવી છે. લોકોની સ્ટોરીઝ પણ દિલને સ્પર્શી જાય છે. અહીં 'લવ બ્રેકઅપ્સ' લખેલી ટી-શર્ટસ પણ વેચાય છે. આવા અનોખા મ્યુઝિયમની મુલાકાત તો એક વખત લેવા જેવી છે.

૧૮ મેએ આંતરરાષ્ટ્રીય મ્યુઝિયમ દિવસ સેલિબ્રેટ કરવામાં આવ્યો હતો. એમાં વિશ્વભરના મ્યુઝિયમને એકઠા કરવાનો ધ્યેય છે. આ વર્ષની થીમ સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ છે. મ્યુઝિયમ સાંસ્કૃતિક હબના રૂપમાં શહેરના વિકાસમાં પણ યોગદાન આપે છે. એમાં આપણા વારસાનું પણ જતન થાય છે.

અંદમાનના સેલ્યુલર જેલના મ્યુઝિયમથી આપણને જાણ થશે કે આપણાં સ્વતંત્રતા સેનાનીઓએ દેશને આઝાદ કરાવવા માટે કેટલી યાતના ભોગવી હતી.

તો બીજી તરફ પંજાબના વિભાજન મ્યુઝિયમમાં જશો તો ખ્યાલ આવશે કે ૧૯૪૭માં ભારતીય ઉપમહાદ્વીપનો માત્ર ભૌગોલિક જ નહીં, પરંતુ સંબંધો વચ્ચે પણ સીમારૂપી દીવાલ ઊભી થઈ ગઈ. ■

ટેક વ્યૂહ
વિરલ રાઠોડ
feedback@
bombaysamachar.com

# આટલું કરો તો તમારો મોબાઈલ પર્ફોર્મ કરશે રોકેટ સ્પીડથી!




રોટી-કપડાં-મકાન બાદ જે જીવન જરૂરી ચીજવસ્તુઓ છે એમાં હવે મોબાઈલે સ્થાન લઈ લીધું છે. મોબાઈલના ઉપયોગ સામે ઘણા એવા મુદ્દાસર વાત કરી શકાય. તેનો ચિક્કાર ઉપયોગ આપણા સમયને બરબાદ કરી નાખે એ વાતમાં પણ કોઈ બેમત નથી. મોબાઈલ ફોનની વર્ચ્યુઅલ દુનિયામાં હકીકતમાં શું જરૂરી છે એ ઘણીવાર ભૂલાઈ જાય છે. સતત એનો ઉપયોગ આંખને તો નુકસાન કરે જ છે, પણ ઘણીવાર એ જોઈતી સ્પીડથી કામ ન કરે વ્યક્તિ ખુદ હેંગ થઈને હેરાન પરેશાન થઈ જાય છે... સ્લો સ્પીડનો પ્રોબ્લેમ હવે સમયાંતરે દરેક મોબાઈલ યુઝર્સને સતાવે છે.

મોબાઈલ કેટલો ફાસ્ટ કે સ્લો છે એ જાણવા માટે દરેકે અઠવાડિયામાં એકવાર મોબાઈલ સ્વિચઓફ કરી ઓન કરવો જોઈએ. ફોન શરૂ થવામાં વધારે પડતો સમય લાગે ત્યારે સમજવું કે ફોનની સિસ્ટમ સ્લો ચાલી રહી છે. હવે મોબાઈલમાં સામાન્ય ફેરફાર કરીને ફોનની પ્રોસેસ સ્પીડ વધારી શકાય છે. સૌ પ્રથમ સેટિંગમાં જઈ ડેવલપર્સ ઓપ્શનમાં જાવ. પછી એમાં વિન્ડોઝ એનિમેશન સ્કેલ પર જાવ. પછી એનિમેશન સ્કેલને પોઈન્ટ ફાઈવ કરી દો. પછી ટ્રાન્ઝેક્શન એનિમેશન સ્કેલ એને પણ પોઈન્ટ ફાઈવ કરી દો. આનો ફાયદો એ થશે કે, સ્ક્રીન પર ગમે ત્યાં ટચ કરશો તો એપ્લિકેશન કે મેનુ ઘડીના છઠ્ઠાભાગમાં રીએક્ટ કરશે- પ્રતિસાદ આપશે.

બીજી એક ટ્રિક એવી છે કે, દિવસમાં ઘણી એવી એપ્લિકેશનમાંથી નોટિફિકેશન આવતા હોય છે, જેને જોયા વગર જ આપણે સ્કિપ કરી દઈએ છીએ. આવી એપ્લિકેશનની લાઈવ નોટિફિકેશન બંધ કરી દો. સેટિંગ્સમાં જઈ નોટિફિકેશનમાં જઈ જે તે એપ્લિકેશન સામે નોટિફિકેશનનો વિકલ્પ બંધ કરી દેવાથી એ એપ્લિકેશનની નોટિફિકેશન નહીં આવે. એના કારણે બીજા કામમાં એ સ્પીડ આવશે. સામાન્ય રીતે કોઈ પણ મોબાઈલમાં ત્રણથી ચાર વખત સિસ્ટમ અપડેટના એલર્ટ આવે છે. એ જો ન કરવામાં આવે તો ફોનમાં કેટલાક ફીચર વ્યવસ્થિત રીતે કામ કરતા નથી. આવા સમયે આખી સિસ્ટમ અપડેટ ન કરવી હોય તો જે તે એપ્લિકેશનને જ અપડેટ કરી શકાય છે. આખી સિસ્ટમ અપડેટ થતાં સમય જાય છે અને ઘણીવાર ફોન રીસ્ટાર્ટ થતા પણ ઘણો સમય લાગે છે.

મોબાઈલમાંથી ફોટો કે વીડિયો અપલોડ કરવાનો હોય એ સમયે પણ ઘણીવાર સ્પીડ ન આવતા કંટાળો આવે છે. આવા સમયે ફિલ્ટર ટિપ્સ કામ આવે છે. જે ફોટો કે વીડિયો અપલોડ કરવાના છે તેને અલગ કરી અથવા અલગથી સેવ કરી દો પછી એ બધા જ એક સાથે જે તે પ્લેટફોર્મ પર શેર કરવાના બદલે એક એક ફાઈલ્સ અપલોડ કરો. આનાથી ફોટો ઝડપથી અપલોડ થશે અને વીડિયોમાં ૩૦ સેકન્ડથી ઓછો સમય હશે તો પ્લે થવામાં પણ મુશ્કેલી નહીં પડે. આમ કરવાથી મલ્ટીમીડિયામાં પણ ફોન સારી રીતે કામ આપશે. એક દિવસમાં વારંવાર ફોન સ્વિચઓફ કે સ્વિચઓન કરવાથી સ્પીડમાં ઘણો ફેર પડે છે. એપ્લિકેશનનો લોડ ઓછો હશે એટલો ફોન સારો, સ્પીડમાં અને લાંબા સમય સુધી ચાલશે. વધારે પડતું સર્ફિંગ ફોનમાંથી થતું હોય તો જે તે બ્રાઉઝરની હિસ્ટ્રી ફાઈલ્સ ડિલિટ કરી દો, જેથી ઈન્ટરનેટ એક્સેસ કરતી વખતે પણ સ્પીડ આવશે.

આ ઉપરાંત નક્કામી ડાઉનલોડ સામગ્રી પણ કાઢી નાખવાથી ફાઈલ ટ્રાંસફર સ્પીડમાં વધારો થાય છે. જ્યારે ઈન્ટરનેટ વ્યવસ્થિત ન આવતું હોય કે સ્લો હોય એ સમયે વારંવાર કોઈ એપ્લિકેશનમાં એક્સેસ કરવાથી ફોનની સ્પીડને માઠી અસર થાય છે. હવે ધારો કે સોશિયલ મીડિયામાં ફોટો કે વીડિયો શેર કરવાના છે એ સમયે બાકીની એપ્લિકેશન રીસેન્ટ એપ્લિકેશન વ્યૂમાંથી કાઢી નાખો. જેટલી એપ્સ ખુલ્લી હશે એટલો સ્પીડ રેટ ઘટશે. રેમ મેમરી પર લોડ વધશે. માત્ર એ જ એપ્લિકેશન ખુલ્લી રાખો જેમાં સતત કંઈક કરવાનું હોય છે.

ફોનને લોક કરીને મૂકવાની ટેવ હોય તો રીસેન્ટ એપ્લિકેશનનું મેનું ક્લિયર કરવાથી ફાયદો થાય છે. આઈફોન હોય કે એન્ડ્રોઈડ રેમ મેમરી પર લોડ જેટલો ઓછો એટલી સ્પીડ વધારે. અંગ્રેજી સિવાયની કોઈ ભાષામાં વાર્તાલાપ કરવાનો હોય એ સમયે ઘણીવાર અક્ષરો ટાઈપ કર્યાના થોડા સમય બાદ દેખાય છે. આવું થાય ત્યારે જે તે એપ્લિકેશન બંધ કરીને ફરી શરૂ કરવાથી ફાયદો થાય છે. મુવી કે ઓનલાઈન સ્ટ્રિમિંગ એપ્લિકેશનને લાંબા સમય સુધી જોવા ચાલુ રાખવાની હોય ત્યારે બાકીની એપ્લિકેશન રીસેન્ટ એપમાંથી ડિલિટ કરી દો. ફોનને લોડ ઓછો લાગશે અને સ્પીડમાં પણ ફાયદો થશે. ઘણા ફોનમાં હવે સ્પીલ્ટ વિકલ્પ આવે છે. એટલે કે, કોઈ પણ એપ્લિકેશન ચાલું હોય ત્યારે અડધી સ્ક્રિન પર એ બીજી એપ્લિકેશન દેખાઈ. આમ કરવાથી પછી એપ્લિકેશન ખુલ્લી રહી જાય છે, જેને બંધ કરતા સ્પીડ વધે છે. ■

**આઉટ ઓફ બોક્સ**

***સ્કાયમેટ એ પ્રથમ ખાનગી વેધર વેબસાઈટ છે. દેશની પ્રથમ વેધર એપ્લિકેશન ભારત સરકારના IMD વિભાગે તૈયાર કરી હતી, જે સંપૂર્ણપણે સેટેલાઈટ કંટ્રોલિંગ ધરાવે છે.***

વિશેષ
વીણા ગૌતમ
feedback@
bombaysamachar.com

# ખેડૂતોનો કમાઉ દીકરો સફરજન





ભારતમાં સફરજન એ સર્વ શ્રેષ્ઠ ફળોમાંનું ફળ છે. આજકાલ આ દરેક ઋતુમાં મળે છે અને આ ફળ ખાવું પણ ગમે છે પરંતુ એ વાત અલગ છે કે હર કોઈ ખાઈ નથી શકતું. હેલ્થની દ્રષ્ટિએ જોઈએ તો સફરજન એ ખૂબ જ મહત્ત્વ ધરાવે છે. ડૉકટરો તો એમ કહે છે કે , રોજનું એક સફરજન ખાવું જોઈએ. એમ કહેવામાં આવે છે કે , જે રોજ એક સફરજન ખાય તેણે કોઈ દિવસ ડૉકટર પાસે જવાની જરૂર પડતી નથી. ઈનફેક્ટ સફરજન એટલું મહત્ત્વનું ફળ છે કે , દરેક જગ્યાએ સફરજનની માંગ ખૂબ જ છે. આ જ કારણસર મોટાભાગે સફરજન આશરે ૧૦૦ રૂપિયા આસપાસ મળે છે. આર્થિક દ્રષ્ટિએ સફરજનનું ઝાડ ખેડૂતો માટે ખૂબ જ મહત્વનું છે. ભારતમાં સફરજનના ઝાડ મોટાભાગે પર્વતીય સ્થળો પર કે જ્યાં ઠંડુ વાતાવરણ હોય ત્યાં મળી આવે છે. હવામાનમાં ફેરફાર અને કૃષિ ક્ષેત્રમાં થયેલી પ્રગતિના કારણે હવે સફરજન પંજાબ, હરિયાણા અને મધ્ય પ્રદેશ જેવા મેદાન પ્રદેશોમાં પણ ખેડૂત દ્વારા ઉગાડવામાં આવી રહ્યું છે આથી તેમની આર્થિક સ્થિતિ બદલાઈ રહી છે.

## ભારતમાં સફરજનની ખેતી ક્યાં થાય છે?

વર્ષોથી સફરજનનું ઉત્પાદન હિમાચલ પ્રદેશ , જમ્મુ કાશ્મીર , ઉત્તરાખંડ , અરુણાચલ પ્રદેશ , નાગાલેન્ડ અને સિક્કિમ જેવા ઊંચાઈવાળાં ક્ષેત્રોમાં થતું આવ્યું છે. પરંતુ ઉપર જણાવ્યા મુજબ કૃષિ ક્ષેત્રમાં થયેલી પ્રગતિના કારણે હવે પંજાબ, હરિયાણા અને મધ્ય પ્રદેશ જેવા મેદાન પ્રદેશોમાં પણ ખેડૂત દ્વારા અલગ અલગ વેરાઈટીના સફરજન ઉગાડવામાં આવી રહ્યા છે. પરંપરાગત રીતે હિમાચલ પ્રદેશના સિમલા, કિન્નોર, કુલ્લુ, મંડી અને ચંબા જેવા રાજ્યો સફરજનના ઉત્પાદન માટે જાણીતા છે. જેમકે જમ્મુ અને કાશ્મીરના શોપિયા, બારામુલા, પુલવામા, અને અનંતનાગ જેવાં રાજ્યો સફરજનના ઉત્પાદનમાં અવ્વલ છે તો ઉત્તરાખંડમાં આવેલા અલ્મોડા, નૈનીતાલ, ચમોલી અને ઉત્તરકાશી જેવા જિલ્લાઓમાં પણ સફરજનની ખેતી થાય છે.

## ખેડૂતો માટે સફરજન શું કામ મહત્ત્વપૂર્ણ છે.

સફરજનની ખેતી ખેડૂતો માટે માત્ર આર્થિક દ્રષ્ટિએ જ લાભદાયક નથી પરંતુ આનાથી જોડાયેલા ઘણા સામાજિક પરિબળો પર પણ આધાર રાખે છે જેમકે,

– સફરજન એક નકદી પાક છે આનું વેચાણ મૂલ્ય ખૂબ જ વધારે હોય છે. ખાસ કરીને સારી ક્વોલિટીના સફરજનનું. તેથી જ સફરજનના પાકથી સારી એવી કમાણી થાય છે.

– સફરજનનું ઝાડ માત્ર ખેડૂત માટે જ આર્થિક સહાયતા નથી આપતું પરંતુ ખેત મજૂરો માટે પણ એક આર્થિક સહાય ઊભી કરે છે. એમ કહેવાય કે, એક સફરજનનું ઝાડ પાંચ લોકોને રોજગાર પુરો પાડી શકે છે.

– ભારતના સફરજન દુનિયામાં ઘણી જગ્યાએ એક્સપોર્ટ કરવામાં આવે છે જેનાથી સારી એવી વિદેશી નકદ પ્રાપ્ત થાય છે, કે જેની દેશની આર્થિક પ્રગતિમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા છે.

## સફરજનના ઝાડથી આશરે કેટલી આવક

સફરજનના એક ઝાડમાંથી એક ખેડૂતને દર વર્ષે ૧૦૦ થી ૨૦૦ કિલ્લો જેટલા ફળ મળે છે . એક હેકટરમાં લગડેલો સફરજનનો બગીચો ૫ થી ૭ વર્ષમાં ફળની પેદાશ ચાલુ કરી દે છે. એક હેકટર સફરજનના બગીચાની દર વર્ષે ૧૦ થી ૧૫ લાખ રૂપિયાની કમાણી કરવા માટે ખેડૂતે દર વર્ષે ૫ થી ૭ લાખ રૂપિયોનો ખર્ચો કરવો પડે છે કે જે કોઈપણ હાલમાં ફાયદો અપાવે. આમ જોઈએ તો સફરજનના એક હેક્ટરનો બગીચો રાખવાવાળો હર ખેડૂત વર્ષના અંતમાં ૧૦ થી ૧૫ લાખનો ફાયદો મેળવે છે.

## આવાહનનો સામનો કરવો પડે -

સફરજનના ઝાડથી આવક તો ખૂબ જ સારી રીતે થાય છે, પરંતુ તેની સાથે અમુક આવાહનનો સામનો પણ કરવો પડે છે જેમકે,

– ગ્લોબલવોર્મિંગને કારણે સફરજનના પાકમાં ઘણી મુશ્કેલીઓ આવે છે. તાપમાન વધવાને કારણે સફરજનના છોડમાં જોઈએ તેવા ફૂલ નથી આવતા અને ઘણી વખત તાપમાન વધારે હોવાને કારણે આવેલા ફૂલ પણ કરમાઈ જાય છે. જેને કારણે ફળોની ક્વોલિટી પર અસર પડે છે.

– વરસાદથી પણ સફરજનના પાકને નુકસાન થાય છે પરંતુ આનાથી પણ મોટું સંકટ એટલે દલાલોની વધતી જતી દાદાગીરી . ઘણી વખત દલાલો એક થઈ જાય અને ખેડૂતોને ઓછા ભાવમાં પાક વેચવા પર મજબૂર કરે છે.

– સફરજનના કારોબારમાં સૌથી મોટું સંકટ એટલે સફરજનનો સંગ્રહ કરવો અને લિમિટેડ કોલ્ડ સ્ટોરેજ.

## કેવી રીતે મળશે ઉત્તમ પાક

– ખેડૂત સંગઠનોએ મળીને સફરજનનું વિતરણ સંભાળવું જોઈએ, જેથી દલાલો બ્લેકમેઈલ ન કરી શકે. આની સાથે સરકાર દ્વારા આપવા જેવી સફરજનની ખેતીથી લઈને બીજી જાતની સબસિડી અને બીજી યોજનાઓનો પણ ફાયદો લેવો જોઈએ.

– આ બધાં જ મામલે ખેડૂત જો સાવચેતી રાખે તો દરેક ખેડૂતને થતી આર્થિક શ્થિતિને સુધારી શકે. ■

ઈકો-સ્પેશિયલ

જયેશ ચિતલિયા
feedback@bombaysamachar.com

# ઈન્વેસ્ટમેન્ટ માટે ફાઈનાન્સિયલ પ્લાનર મહત્ત્વના, પણ ઈન્ફ્લ્યુએન્સર્સ? જરા, બચકે રહેના !

## ફાઈનાન્સિયલ ઈન્ફ્લ્યુએન્સર્સના પ્રભાવમાં આવી જવાથી નફા કરતાં નુકસાન વધુ થઈ શકે છે... શા માટે અને કઈ રીતે એ સમજવું જરૂરી છે




રોકાણને લઈને તમે કોના પર વધુ વિશ્વાસ રાખો છો? પોતાના પર કે તમારા જે-તે સલાહકાર પર?

પહેલી વાત તો એ કે રોકાણ એ એવી મહત્ત્વની અને સંવેદનશીલ બાબત છે, જેમાં સલાહકાર સાચો, હોશિયાર અને કાબેલ હોવો જોઈએ. બીજી વાત, સલાહ માટે ફાઈનાન્સિયલ પ્લાનર હોવો જોઈએ. રોકાણ એટલે માત્ર શૅરબજાર જ નહીં, બલકે જીવનનું આર્થિક આયોજન, જેમાં તમારા પરિવારનો પણ સમાવેશ થઈ જાય અને તમારું ભાવિ પણ...

આજકાલ સોશ્યલ મીડિયાના માધ્યમથી 'ઈનફ્લુએન્સર્સ'ના ટોળાં નીકળી પડયા છે, જેમાં સાચા કેટલાં એ સવાલ છે.

બાકી તમારી વિવેકબુધ્ધિ એ જ ખરો ઉપાય છે. સોશ્યલ મીડિયા ઈન્ફલુએન્સર-પ્રભાવકોની સલાહને અનુસરીને અનેક સીધા-સાદા બચતકારો-રોકાણકારોએ મહામુલી મુડી ગુમાવી હોવાના કિસ્સા નિયમિત ધોરણે વધતા જાય છે. તેમ આમ છતાં આ વિષયમાં લોકોમાં હજી પણ જાગ્રતિનો અભાવ રહ્યો છે. આવા પ્રભાવકો ઘણી જાહેર કરવી જરૂરી હોય એવી બાબતોની પણ જાહેરાત કરતા નથી, કેમ કે એમનો મૂળ ઈરાદો તો રોકાણકારોને બજારમાં ઉતારી દઈ પોતે કમાઈ લેવાનો હોય છે... એ પછી રોકાણકારોને જે થવાનું હોય તે થાય. અલબાત, આમાં અપવાદ રૂપ બહુ જુજ હોય છે. 'સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા' (સેબી)માં નોંધાયેલા-રજિસ્ટર્ડ ન હોય તેવા સલાહકારો વિશે વારંવાર ચેતવણીઓ આપવામાં આવે છે. રોકાણકારોને સલાહ આપવામાં આવે છે કે રોકાણના નિર્ણયો લેતા પહેલા સાવચેત રહે અને આવા અનરજિસ્ટર્ડ સલાહકારો કે પ્રભાવકોના ઓળખપત્રોની ચકાસણી કરે.

### ભાવ- મેનિપ્યુલેશનના કિસ્સા

તાજેતરનો એક એન્જિનિયરીંગ કંપનીનો કિસ્સો આવો આંધળો વિશ્વાસ કરનારાઓની આંખો ખોલે છે. આ કંપનીના શૅરમાં પાંચ-છ વર્ષમાં આવેલો ૬૦૦૦ ટકાથી પણ વધુનો ઉછાળો અને પાછળથી ભોપાળું બહાર પડતાં અને 'સેબી' સહીતના સત્તાવાળાઓનો તપાસનો સકંજો કસાતા ચારેક મહિનામાં શેર ઘટીને રૂ. ૫૧.૨૫ ની નીચી સપાટીએ પહોંચી હાલ રૂ. ૬૫ આસપાસ ક્વોટ થાય છે. જૂન ૨૦૨૪ના 'સેબી' ના રિપોર્ટ પ્રમાણે કંપનીના પૂણે પ્લાંટમાં ઇવી (ઈલેકટ્રિક વ્હિકલ્સ)નું ઉત્પાદન જ થતું ન હતુ અને કંપનીએ કરેલા પ્રીઓર્ડર્સના દાવાઓ નોન બાઇન્ડિંગ એમઓયુના આધારે હતા. આ શૅરને ચગાવવામાં આદિત્ય જોશી અને પ્રશાંત મિશ્રા નામના ઈનફલુએન્સર્સના નામ બહાર આવ્યા છે અને એમની કંપનીના પ્રમોટર્સ સાથેની સાંઠગાંઠ પણ સત્તાવાળાની નજરમાં આવી ગઇ છે. ક્યાં તો ફાઈનાન્સિયલ ઇન્ફલુએન્સર્સ ખરી હકીકતો જાણ્યા વગર અમુક શૅરના ભાવો મેનિપ્યુલેટ કરવામાં ફાળો આપતાં હોય છે અને ઘણીવાર જાણી જોઇને ઓપરેટરો અન પ્રમોટરો તરફથી મળેલા લાભોની હકીકત છુપાવીને શેરોના ભાવ વધવાની સલાહ આપીને રોકાણકારોને છેતરતાં હોય છે. આ એન્જિનિયરિંગ કંપનીમાં ભલે તમે ફસાયા ન હો, પણ આ કિસ્સાથી તમારી આંખ તો ખૂલી જવી જોઇએ અને 'સેબી' રજિસ્ટર્ડ ન હોય કે રજિસ્ટર્ડ હોવા છતાં નોંધણીની શરતોનું કડક પાલન ન કરતાં હોય એવા સલાહકારોથી બચીને રહેવામાં જ ડહાપણ છે.

ઘણાં ઇન્ફલુએન્સર્સને ભ્રામક વાતો ફેલાવી ખોટી ટીપ ફરતી કરી પંપ એન્ડ ડંપના ઓપરેટરો/પ્રમોટરોના હેતુમાં મદદ કરવા બદલ ચિક્કાર પૈસા મળતા હોય છે. એમને આવી ફી ચૂકવી ઓપરેટરો/પ્રમોટરો પબ્લિકના ગળામાં માલ પહેરાવી નિકળી જતાં હોય છે અને રોકાણકારો ફસાઇને એવા શેરોને ઘર જમાઇ બનાવી દેતાં હોય છે.

### યુવા વર્ગ જલદી દોરવાઈ જાય છે

માર્ચ ૨૦૨૫ના એક જાણીતી ઇન્સ્ટીટ્યૂટના અહેવાલ પ્રમાણે ૫૯ ટકા ઇન્ફલુએન્સર્સ કોઇને કોઇ બ્રાન્ડ સાથે

સંકળાયેલા હતા, પણ એ વાત એમણે છૂપાવી હતી. નવલોહિયા જેવો વર્ગ, નવી નવી નોકરી લાગી હોય અને તાનમાં આવી જઇને ઘણી વાર બે-પાંચ લાખ રૂપિયા આવા પ્રભાવકોની જાળમાં આવીને રોકી દેતા હોય છે અને પાછળથી રાતા પાણીએ રોતા હોય છે. ઘણાં અનરજિસ્ટર્ડ સલાહકારો પોતે 'સેબી' રજિસ્ટર્ડ નથી એવું સ્પષ્ટ જણાવતાં હોવા છતાં લોકો એમનામાં વિશ્વાસ મૂકી રોકાણ કરીને ફસાઈ છે.

ઘણી વાર ટિપ્સ ફેરવવા શિક્ષણ માટેનું છોગું લગાડીને અપાતી માહિતીનો અર્થ સમજ્યા વગર જ રોકાણ કરીને નુક્સાન ભોગવ્યા પછી જ લોકોને ખબર પડે છે કે આ શિક્ષણ ક્યો પાઠ ભણાવવા માટે હતું.

એક યુવાને પિતાના પ્રોવિડંટ ફંડ અને બચતની રકમ એક ઇન્સ્ટાગ્રામ ચેનલ પર મળતી ટિપ્સ પર ભરોસો કરીને ગુમાવી દીધી. આવી ચેનલો શરૂઆતમાં નાના ફાયદા કરાવી અંતે તો મોટું નુકસાન જ કરાવતી હોવાના અનેક કિસ્સાઓ બનતા રહે છે, પરંતુ બહાર આવતાં નથી, કેમ કે શૅરબજારમાં કમાય એ છાપરે ચડીને જાહેરાત કરે, પણ ગુમાવે એ મૂંગે મોઢે સહન કરી કમાવાના બીજા મોકાની રાહ જોતાં હોય છે.

### મોટા નામના ઉપયોગ દ્વારા છેતરપિંડી

તાજેતરમાં તમે જોયું-સાંભળ્યું હશે કે સ્ટોક એકસચેંજના વડા, મોટી-જાણીતી કંપનીઓના ચેરમેનના નામે કે પછી વિખ્યાત એકસપર્ટના નામે ફેક (બનાવટી) વીડિયો ક્લિપ બનાવી વાયરલ કરાતા રહે છે, જેમાં આ ટોચના નામાંકિત લોકોને અમુક તમુક શેર્સની ભલામણ કરતા બતાવાય છે. વગદાર વ્યક્તિઓ, મોટા ઇન્વેસ્ટરોના ફેક પ્રોફાઇલ બનાવી છેતરવાનો ધંધો શરૂ થયો હોવાથી 'સેબી' સાવચેત રહેવાની સલાહ સતત આપતું રહે છે.

ટૂંકમાં, નાણાકીય નુક્સાનથી બચવા યુ ટ્યૂબ, ઇન્સ્ટાગ્રામ, મીમ્સ અને રીલ્સના પ્રભાવમાં આવ્યા વગર જાતે જ પૂરી માહિતી એકત્રિત કરી સમજી વિચારીને રોકાણના નિર્ણયો લેવા જોઇએ...

આ સત્ય નહીં સમજો તો લોભિયા લુંટાતા રહેશે અને ધુતારા કમાયા કરશે. ■

હેં... ખરેખર?!

પ્રફુલ શાહ
feedback@bombaysamachar.com

# માતાહારીને ફાયરિંગ સ્કવોડે વીંધી નાખી, મસ્તક થયું ગાયબ...



વેદના, તકલીફ અને જોખમભર્યા જીવન બાદ સૌએ માતાહારીથી ઓળખી એ ઝેલ્લે ઉર્ફે માર્ગારિટા ગેરત્રુઇડ મેકલોઇડની ઉંમર, જવાની અને જોશ અસ્તાચલ ભણી હતા, પણ નસીબ જોરમાં હતા. યુવાન રશિયન કેપ્ટન વાદિમ માસ્લોવ સાથે પ્રેમમાં પડ્યા બાદ એના સંપર્ક ઉચ્ચ વર્ગમાં થવા માંડ્યા હતા.

યુરોપના ધનવાનો, ઉદ્યોગપતિઓ, ધનપતિઓ, રાજકારણીઓ અને ઉચ્ચ લશ્કરી અધિકારીઓ સાથે માતાહારીની ઊઠ બેસ શરૂ થઇ. એ લોકોની મહેફિલમાં મહત્ત્વ મળવા માંડ્યું હતું. પહેલું વિશ્વ યુદ્ધ શરૂ થવા અગાઉ એ ડાન્સર અને સ્ટ્રીપર તરીકે લોકપ્રિય થઇ ચૂકી હતી. જોકે તે પોતાને એકઝોટિક ડાન્સર ગણાવતી હતી. એના શૉમાં કેટલાંય દેશના સેનાધિપતિઓ, રાજાઓ અને રાજકુમારો આવતા હતા.

માતાહારીના લેટેસ્ટ આશિક વાદિમ માસ્લોવને ૧૯૧૬ના શિયાળામાં પોતાની સેના સાથે વેસ્ટર્ન ફ્રન્ટ પર જવાનું થયું. એ સ્થળ એટલે પહેલા વિશ્વ યુદ્ધની મુખ્ય રણભૂમિ જે જર્મનીના કબજામાં હતી. ફ્રાંસ અને બેલ્જિયમના ઔદ્યોગિક વિસ્તારોમાં પ્રસરેલા વેસ્ટર્ન ફ્રન્ટમાં પહેલું વિશ્વ યુદ્ધ નિર્ણાયક બન્યું હતું. અહીં ૪૬ હજાર સૈનિકોના જીવ ગયા હતા અને અસંખ્ય ઘાયલ થયા હતા. ઇજાગ્રસ્તોમાં સામેલ હતો વાદિમ માસ્લોવ. તે ડાબી આંખ ગુમાવી બેઠો હતો. આથી માતાહારીએ લશ્કરી મોરચા નજીકની હૉસ્પિટલમાં સારવાર મેળવતા વાદિમને મળવા જવાની મંજૂરી માગી.

અહીંથી માતાહારીના જીવનમાં નવો અણધાર્યો વળાંક આવ્યો. અહીં ફ્રાન્સની ગુપ્તચર સંસ્થા ડેઇકિસમ બ્યુરો (Deuxieme Bureau) તરફથી શરત મુકાઇ કે તું ફ્રાંસવતી જાસૂસી કરવા તૈયાર થાય તો જ માસ્લોવને મળવા દઇએ. ગુપ્તચર સંસ્થા બધા સામે આવી શરત ન મૂકે, પરંતુ તેમની પાસે માહિતી હતી કે ઝેલ્લે એટલે કે માતાહારી વેસ્ટર્ન ફ્રન્ટના સિનિયર જનરલ અને ક્રાઉન પ્રિન્સ વિલ્હેમ સમક્ષ ડાન્સ કર્યો હતો. બ્યુરોનું માનવું હતું કે આ મહિલા પોતાની રીતે વિલ્હેમને રિઝવીને ગુપ્ત લશ્કરી માહિતી કઢાવી શકે. હકીકતમાં ક્રાઉન પ્રિન્સ વિલ્હેમને જર્મન મીડિયાએ યોદ્ધો ચિતરાવ્યો હતો. હકીકતમાં એ મોટો ઐય્યાશ હતો. જે પાર્ટીબાજી, દારૂની મહેફિલ અને મહિલાઓમાં રચ્યોપચ્યો રહેતો હતો.

આ બધાથી અજાણ ફ્રાંસની ગુપ્તચર સંસ્થાએ ઝેલ્લે-માતાહારીને વિલ્હેમ પાસેથી ગુપ્ત માહિતી ઓકાવવા માટે દશ લાખ ફ્રાન્ક (ફ્રાંસનુ ચલણ)ની ઓફર કરી. ઝેલ્લે માની ગઇ. હવે સવાલ એ હતો કે વિલ્હેમ સુધી પહોંચવું ક્ઇ રીતે? એને યાદ આવ્યો જયોર્જીસ લેડુકસ, જે વિલ્હેમ સુધી લઇ જઇ શકે એમ હતો. એટલે ૧૯૧૬ના નવેમ્બરમાં તે સ્પેનથી નીકળી, ત્યારે બ્રિટનના ફાલમાઉથ બંદરે તેની ધરપકડ થઇ. તેને લંડન જઇને પૂછપરછ કરાઇ. અહીં પોતે ફ્રાંસની ગુપ્તચર સંસ્થા માટે જાસૂસી કરતી હોવાની માતાહારીએ કબૂલાત કર્યાનો બ્રિટને દાવો કર્યો હતો.

આ ચુંગાલમાંથી નીકળીને માતાહારી ૧૯૧૭ના જાન્યુઆરીમાં માડ્રીડ પહોંચી. અહીં છે તે જર્મન લશ્કરી મેજર આર્નોલ્ડ કેલ્લેને મળીને પ્રિન્સ વિલ્હેમ સાથે મુલાકાત ગોઠવવાની તજવીજમાં લાગી ગઇ. અહીં ઝેલ્લે રમત રમી ગઇ. તેણે ફ્રાંસની કેટલીક ગુપ્ત લશ્કરી માહિતી જર્મનીને આપી દીધી. જોકે આ પગલું જર્મનીનો વિશ્વાસ જીતવા લીધું હતું કે પૈસાની લાલચમાં એ કયારેય સ્પષ્ટ ન થયું. ૧૯૧૭ના જાન્યુઆરીમાં મેજર કેલ્લે બર્લિનને રેડિયો પર મેસેજ ટ્રાન્સમિટ કર્યો કે એજન્ટ H-21ની મદદરૂપ પ્રવૃતિનું વર્ણન કર્યું, પરંતુ ફ્રાંસની ગુપ્તચર સંસ્થાએ આ રેડિયો મેસેજ ઇન્ટર સેપ્ટ કર્યો એટલે કે આંતરી લીધો. આ સાથે સ્પષ્ટ થઇ ગયું કે H-21 એટલે માતાહારી જ.

આનાથી જર્મન લશ્કરની ગુપ્તચર પાંખના વડા જનરલ વોલ્ટર નિકોલાઇ ખૂબ ક્રોધે ભરાયા કે માતાહારીએ પોતાને કોઇ ઉપયોગી માહિતી આપવાને બદલે ઉલ્ટું જ કર્યું. આનાથી ક્રોધે ભરાઇને તેમણે માતાહારીને જર્મન જાસૂસ તરીકે ફ્રાંસમાં ઉઘાડી પાડી દીધી. ૧૯૧૬ના ડિસેમ્બરમાં ફ્રાંસે એક વ્યૂહનાં ભાગરૂપે માતાહારીને છ બેલ્જિયમ એજન્ટના નામ જાણી લેવા દીધા. આમાંથી પાંચ પર બનાવટી ખોટી માહિતી આપવાના આરોપ હતા. પાંચ જર્મની માટે જાસૂસી કરતા હતા. છઠ્ઠો જાસૂસ ડબલ એજન્ટ હતો જે જર્મની અને ફ્રાંસ બન્ને માટે કાર્યરત હતો. માતાહારીના પેરિસ છોડી ગયા બાદ ફ્રાંસે ડબલ એજન્ટને પતાવી નાખ્યો. આનાથી ફ્રાંસને ખાતરી થઇ ગઇ કે આ છ એ છના નામ માતાહારીએ જ આપ્યા હોવા જોઇએ.

૧૯૧૭ની ૧૩મી ફેબ્રુઆરીએ પેરિસની હોટેલ રૂમમાંથી માતાહારીની ધરપકડ થઇ. ૨૪મી જુલાઇએ એના પર જર્મન જાસૂસ હોવાનો ખટલો ચલાવાયો અને એમાં ઓછામાં ઓછા ૫૦ હજાર સૈનિકોના મોત માટે એ જવાબદાર હોવાનો આરોપ મુકાયો. ફ્રાંસ અને બ્રિટન દઢપણે માનતા હતા કે માતાહારીએ જર્મની માટે જાસૂસી કરી હતી પણ કોઇ પુરાવા આપી ન શક્યા.

આ માતાહારીના મામલામાં ખૂબ આરોપ-પ્રત્યારોપ થયા. સાચા-ખોટા દાવા થયા. જાસૂસોની પેચીદી દુનિયામાં પોતાની સગવડ,જરૂરિયાત મુજબ જાસૂસોને નીમાતા, બચાવાતા અને મરાવતા હોય છે. ક્યારેક ઉચ્ચધિકારીઓના હોદ્દાને આગળ કરાય તો ક્યારેક દેશની આબરૂ મહત્ત્વની બની જાય. અત્યંત નાટ્યાત્મક ઘટનાક્રમનો અંત આવ્યો ૧૯૧૭ની ૧૫મી ઓકટોબરની પરોઢે. પરોઢના અંધારામાં ૧૨ ફ્રેન્ચ સૈનિકોની ફાયરિંગ સ્કવૉડે માતાહારીને વીંધી નાખી. આ સજા-એ-મોતનો અમલ માતાહારી જોઇ ન શકી કારણકે તેની આંખો પર કાળી પટ્ટી બંધાયેલી હતી.

કોઇ કુટુંબી માતાહારીનું શબ મેળવવા આગળ નહોતું આવ્યું. એટલે શરીરનો તબીબી વિદ્યાર્થીઓ માટે એનો ઉપયોગ કરાયો હતો. માતાહારીનું મસ્તક એમ્બેલિંગ કરીને પેરિસના મ્યુઝિયમ ઑફ એનેટોમીમાં સાચવી રખાયું હતું, પરંતુ ઇ.સ. ૨૦૦૦ની સાલમાં ખબર પડી કે મસ્તક ગાયબ થઇ ચૂકયું હતું.

માતાહારી કોર્ટમાં એક જ રટણ કરતી રહી કે હું માત્ર ડાન્સર છું. એના સિવાય કંઇ નથી. તે યુદ્ધ અને જાસૂસીના ગંદા રાજકારણનું પ્યાદું બની ગઇ કે ખરેખર જાસૂસ હતી? પરંતુ કાલ્પનિક જેમ્સ બૉન્ડની જેમ માતાહારી સૌથી ગ્લેમરસ, માદક અને યુવાન મહિલા જાસૂસ તરીકે અમર થઇ ગઇ. પણ જીવન જોખમમાં મૂકીને અને ક્રૂરતમ્ મોત મેળવીને કોઇક એને ડબલ જાસૂસ કહે છે, તો અમુક ઇતિહાસકારો બલિનો બકરો ગણાવે છે માતાહારીને. ■

વિશેષ પ્લસ

ખુશ્બુ મુલાણી ઠક્કર
feedback@bombaysamachar.com

# વરસાદ એટલે...

*'અહીં આપણે બે અને વરસાદ ભીંજવે*
*મને ભીંજવે તું તને વરસાદ ભીંજવે'*

વરસાદ આવે એટલે કવિ રમેશ પારેખની આ પંક્તિ યાદ ના આવે એવું બને જ નહી.

વરસાદ કોને ન ગમેં?

વરસાદ સાથે આપણી કોઈ ને કોઈ યાદ જોડાયેલી હોય છે. એ પછી ભૂતકાળની હોય કે પછી વર્તમાનની...ઘણા લોકો વરસાદની રાહ જોતા હોય કે વરસાદ આવે તો ક્યાંક ફરવા જઈએ. સ્થાન પણ નક્કી જ હોય છે. માત્ર એક ફોન કોલ અને ગાડી સાથે તૈયાર. કોઈકને વરસાદમાં ભીંજાવા જવું છે તો કોઈકને ચા અને ભજીયા ખાવા જવું છે. કોઈક એક ચોક્કસ વ્યક્તિ સાથે, અથવા તેની યાદો સાથે, કે પોતાની સાથે , કે મિત્રોના ટોળા સાથે. બસ જવું છે. વરસાદમાં ભીંજાવા.

જેમ સિક્કાની બે બાજુ હોય તેમ દરેક પરિસ્થિતિની બે બાજુ હોય. વરસાદની બીજી સાઈડ જોઈએ તો મુંબઈ તરબતોળ, ટ્રાફિક જામ, ટ્રેનો બંધ, સ્કૂલ કોલેજ બંધ, રોગચાળો, કાર પાણીમાં ફસાઈ જાય એવી મુશ્કેલીઓ. મુંબઈ સમાચારે અમુક ગુજરાતી નાટક અને ફિલ્મ જગતના કલાકારો સાથે વાત કરી કે તેમને વરસાદનો અનુભવ કેવો થાય છે. જે પડદા પર ગ્લેમરસ રોલ કરે છે તે એક સામાન્ય વ્યક્તિ જ છે. તેમને પણ આપણી જેમ જ રોજ બરોજની લાઈફમાં જે નાના મોટા પ્રોબ્લેમ્સ આવે છે તે તેમને પણ ફેસ કરવા જ પડે છે. ચાલો જાણીએ તેમના અનુભવો વિશે .

'બા બહુ ઔર બેબી'ની પ્રવીણા કે પછી 'એક મહેલ હો સપનો કા'ની ભારતી એટલે કે વૈશાલી ઠક્કર વરસાદને લઈને પોતાના અનુભવો શેર કરતા કહે છે કે,

*વરસાદ એટલે, ભીની માટીની ખુશ્બુ*
*વરસાદ એટલે, મારો જન્મદિવસ*
*વરસાદ એટલે, બાળપણમાં રેઇનકોટ પહેરીને વરસાદમાં ભીના થવાની મજા*


વૈશાલી ઠક્કર

વૈશાલી આગળ જણાવતા કહે છે કે, 'હું માટુંગા રહું છું અને વરસાદ આવે એટલે, ફાઇવ ગાર્ડનની બટર મકાઈ તો ખાવી જ પડે. વરસાદ આવે એટલે ૧ કે ૨ વખત તો ભીંજાવાનું જ. વરસાદ આવે એટલે એક છત્રી તો ખરીદવી જ પડે પછી ભલેને ઘરમાં ઘણી છત્રીઓ હોય. મને છત્રી ખરીદવાનો શોખ છે અને દરેક છત્રી સાથે તે સમયના વરસાદની યાદો.'

વરસાદમાં શું કરવું ગમે તે જણાવતા વૈશાલી કહે છે કે, મને વરસાદમાં ૨ કે ૩ મિત્રો કે જે લાઈક માઇન્ડેડ હોય તેમની સાથે લોનાવાલા જવું ગમે કે જે મુંબઈની ભાગદોડવાળી લાઇફથી એક દમ કટ ઓફ કરી નાખે. લોનાવાલા ફૂડ કોર્ટ સુધી જઈ ત્યાંના મસ્ત મજાના વડા પાંઉ કે બન મસ્કા ખાવાના. લોનાવાલાની ડ્રાઇવ પર માત્ર સારું મ્યુઝિક એન્જોય કરવું કે પછી કોઈ સરસ ટોપિક પર વાતો કરવાની. લોનાવલા ઇઝ જસ્ટ ટુ એન્જોય વેધર.

વરસાદમાં શું ખાવું ગમે તે જણાવતા વૈશાલી કહે છે કે, અમે જયારે શૂટિંગમાં હોઈએ ત્યારે જો કોઈ પણ વ્યક્તિ બોલે કે ભજીયા કે વડા પાંઉ ખાવા છે તો ડાએટ છોડીને એક જ મીનિટમાં ફ્લિપ મારી શકાય. જો ઘરમાં હોઈએ તો કાંદાના ભજિયા અને ચા તો મેન્ડેટરી છે. અને જો માટુંગાના ફેવરિટ રસમ વડા હોય તો તેની સાથે ફિલ્ટર કોફી જરૂરી છે. અને સૌથી ઉત્તમ ઘરે બનાવેલી ખીચડી અને મમ્મીના હાથે બનેલા લસણવાળા ગુંદા એક પરફેક્ટ કોમ્બિનેશન છે.

અમુક યાદ જે વરસાદ સાથે જોડાયેલી હોય છે જે ક્યારેય ભુલાતી નથી અને વર્ષો પછી પણ જો યાદ આવે તો એમ થાય ચાલ ને પાછું જીવી લઈએ તે ક્ષણને. વૈશાલી યાદ વાગોળતા કહે છે કે, 'મારા પપ્પા ખૂબ જ રમુજી સ્વભાવના હતા . એક વાર ખૂબ જ વરસાદ પડતો હતો અને તેઓએ કહ્યું ચાલો આપણે અગાસી પર નહાવા જઈએ. અમે કીધું કે પપ્પા અમે તો નાહી લીધું છે, તો પણ અમને અગાસી પર લઇ ગયા. અને તેઓ સાબુ શરીરે લગાડીને નાહ્યા અને અમને કીધું કે બસ હવે ૪ મહિના આપણે આવી રીતે જ નાહવાનું છે. અમે તો દંગ જ રહી ગયા કે પપ્પા આ શું કહે છે. આ છે મીઠી યાદ જે હંમેશાં યાદ કરું છે .

અને હવેનો વરસાદ એટલે,સ્ટુડીઓમાં ચિક્કાર પાણી હોય તો પણ શૂટિંગ તો કરવું જ પડે ઘણી વખત તો અમે સ્ટૂલ પર ઊભા રહીને શોટ આપતા હોઈએ. અને ક્યારેક વીડીયો કોલ કરીને ક્હેવું પડે કે જુઓ અમારા ઘર પાસે કમર સુધીં પાણી ભરાયા છે .

ઘણા વર્ષો પહેલાનો વરસાદનો અનુભવ શેર કરતા વૈશાલી કહે છે કે,જયારે ૨૬ જુલાઈનો વરસાદ પડ્યો ત્યારે મારી પાસે મારુતિ ૮૦૦ કાર હતી. તે કાર મને ખૂબ જ તકલીફ આપતી એટલે કે, રસ્તામાં વચ્ચે ઊભી રહી જાય , કાં તો ધક્કા મારવા પડે એક સ્ટાર્ટમાં ક્યારેય ચાલુ ન થાય. મારા મિત્રો હંમેશાં મને કહે કે, તું આ કારને વેચી કેમ નથી નાખતી, પરંતુ ક્યારેય મુહૂર્ત નહોતું નીકળતું. તે દિવસના વરસાદમાં મેં મારી કારને એક ખૂણામાં પાર્ક કરી હતી . બીજા બધાને ચિંતા હતી કે કારનું શું થશે અને મને જરા પણ ચિંતા નહોતી કે મારી કારનું શું થશે. પણ વરસાદ પત્યા પછી મેં જયારે તેને ચાલુ કરી ત્યારે તે કાર એક જ સ્ટાર્ટમાં ચાલુ થઇ ગઈ.

આખરે વરસાદ એટલે સારી અને ન ભુલાય તેવી યાદો.

ગુજરાતી રંગભૂમિના આપણાં જાણીતાં અને લોકપ્રિય અદાકારા અપરા મહેતાના વરસાદ વિશે મિક્સ અનુભવો છે .


અપરા મહેતા

*વરસાદ એટલે અરરરર ,*
*વરસાદ એટલે તકલીફ ,*
*વરસાદ એટલે ઓહ માય ગોડ.*

'વરસાદ હવે પહેલા જેવો નથી રહ્યો' એમ જણાવતા અપરાબહેન કહે છે કે, 'પહેલા જે વરસાદ પડતો એમાં મુંબઈ ડૂબતું નહોતું, પરંતુ હવેના વરસાદમાં મુંબઈ ૪ થી ૫ વખત ડૂબી જ જાય છે અને હું જે પ્રોફેશનમાં કામ કરું છું તેમાં અમારે રોજ હાજરી આપવી જ પડે. કઈ બહાના ન ચાલે. મારું ઘર સાન્તાક્રુઝમાં છે અને મારે કામ માટે ફિલ્મ સિટી , નાયગાંવ વગેરે જેવી જગ્યા એ જવાનું હોય. જે ૧થી દોઢ કલાકનો રસ્તો હોય તે વરસાદના હિસાબે ૨ થી ૩ કલાકનો થઇ જાય. રસ્તા પર પાણી ભરાય જાય, ગાડી ખરાબ થઇ જાય, તમે ઘરેથી સમયસર કામ માટે નીકળ્યા છો પણ સમયસર ઘરે પાછા ફરશો કે નહિ તેની ગેરેન્ટી નથી. આટલી બધી તકલીફોમાં વરસાદનો રોમાન્સ ક્યાંક ખોવાઈ ગયો છે.'

અપરા બહેન આગળ ઉમેરતા કહે છે કે, 'મારા વ્યવસાયને કારણે મારે રોજ જ ટ્રાવેલ કરવાનું હોય. પણ જો મને કોઈ પૂછે કે વરસાદ પડે છે તો લોનાવાલા જવું છે કે ઘરે રહેવું છે તો હું ઘરે રહેવાનું પસંદ કરીશ. મને વરસાદ ગમે છે જયારે મારે કયાંય બહાર જવાનું હોય જ નહિં માત્ર બારીમાં બેઠા બેઠા વરસાદને માણવાનો હોય. ટ્રાફિકમાં ફસાઈ જવા કરતાં, કોઈ ફેમિલી મેમ્બર વરસાદમાં અટકાણું તો નથીને એ ચિંતા વગર સાથે બેસીને ઘરમાં જ કંઈક ગરમાગરમ વસ્તુ બનાવીને વરસાદને માણીયે...'

એક ન ભૂલી શકાય એવી ૨૬જુલાઈના વરસાદની વાત યાદ કરતા અપરા બહેન કહે છે કે, 'અમારું 'સાસ ભી કભી બહુ થી' સીરિયલનું શૂટિંગ ચાલી રહ્યું હતું. એ દિવસે અમે બધાજ કલાકારો શૂટિંગમાં હતાં. અચાનક મારા ડ્રાઈવરે આવીને કહ્યું કે મેડમ મેં કાર ફૂટપાથ પર પાર્ક કરી છે. હજી હું વિચારું કે ફૂટપાથ પર કાર કેમ પાર્ક કરી હશે ત્યાં તો પાણી સ્ટુડીયોમાં અંદર આવી ગયું. એકબાજુ બધા જ ભાગવા માંડ્યા, લાઈટો બંધ કરી અને બીજી બાજુ પ્રોડ્યુસર કહે છે કે એટલું કામ પતાવીને જાઓ. અમે ગોરેગાંવ વેસ્ટમાં શૂટિંગ કરતા હતા, મારું ઘર સાંતાક્રુઝ. વરસાદ અને ટ્રાફિકના કારણે અમે બધાએ કાંદિવલી હાઇવે પકડીને ઘરે પહોંચવાનું વિચાર્યું. જે હાઇવે પર અમે ૪ વાગે પહોંચવાના હતાં તે અમે ૧૨ વાગે પહોંચ્યાં. એક બીજાને સતત ફોન ચાલુ. આખી રાત હાઇવે પર હતા. સવારના ૬ વાગે પહેલા સૂર્ય કિરણની સાથે જયારે મારી કાર બ્રિજ પર ગઈ તો આજુબાજુનું દ્રશ્ય જોઈ મને એક જ વિચાર આવ્યો કે, આ કેવો વરસાદ, આ પાણી ક્યાંથી આવ્યું? ગાડીઓ ઊંધી વળેલી કે કોઈ કાદવમાં ખૂંચી ગયેલી, મેનહોલમાં માણસો ઘરકાઈ ગયા. જયારે મારી કાર એરપોર્ટ પાસે પહોંચી ત્યારે મારો ડ્રાયવર કહે છે કે 'મેડમ, જો એક કપ ચા મળી જાય ને તો ગમે તેટલા કલાક ગાડી ચલાવી શકું. ત્યાં કોર્નર પર એક ચા વાળો હતો તેને ૫૦૦ રૂપિયા આપી ચા બનાવડાવી અને જે જે લોકો પાણી ભરાયેલા રસ્તા પર ચાલતા હતા તેમને ચા પીવડાવી. ત્યાંથી હું મારા ઘરે ચાલીને ગઈ . જે રસ્તો ૧૫થી ૨૦ મિનિટનો હતો તેમાં મને ઘરે પહોંચતા અઢી કલાક લાગ્યા. હું ૧૭ કલાકે ઘરે પાછી ફરી ત્યારે મને અમારી સોસાયટી વાળાઓએ તાળીઓ પાડીને બિરદાવી. આખી કોરી હતી. પણ ઉપર જોવામાં સોસાયટીના ગેટ પર જ પડી ગઈ અને ભીની થઇ. આખરે વરસાદે મને પણ ભીંજવી નાખી. એમાં પાછો પ્રોડ્યુસરનો ફોન આવ્યો મેડમ ૨ કલાકનું શૂટિંગ કરવા આવશો ?

બોટમ લાઈન એ છે કે, મુંબઈના સ્પિરિટને બિરદાવવો પડે. જે પરિસ્થિતિ છે તેમાંથી રસ્તો કાઢી જ લે છે અને સમયસર હાજર થઇ જાય છે . ■

ઝબાન સંભાલ કે

હેન્રી શાસ્ત્રી
feedback@bombaysamachar.com

# છ કાને વાત વંઠી જાય

આજે પહેલી જૂન. ગ્રેગેરીયન કેલેન્ડર અનુસાર છઠ્ઠો મહિનો બેઠો. હિન્દુ કેલેન્ડર અનુસાર આજે જેઠ સુદ છઠ છે જે સ્કંદ ષષ્ઠી કે અરણ્ય ષષ્ઠી તરીકે ઓ ળખાય છે. છનો અંક ભાષામાં પણ સરસ રીતે વણાઈ ગયો છે. **છઠ્ઠીના લેખ** બાળકના જન્મ પછી છઠ્ઠે દિવસે વિધાતા આવી તેના જીવન દરમિયાન જે સારું માઠું થવાનું હોય તેનો આંક માંડે એવી માન્યતા છે. **છઠ્ઠીના લેખ મટવાના નહીં** એટલે વિધાતાએ લખ્યું હોય એ પ્રમાણે થયા વિના રહે નહીં એવી માન્યતા છે. આંખ, કાન, નાક, ત્વચા ને જીભ એ પાંચ ઈન્દ્રિય છે જેનાથી બધા અનુભવ થાય છે. **છઠ્ઠી ઈન્દ્રિય** એટલે અંતઃસ્ફુરણા થવી જેને આધારે અનુભૂતિ થાય છે કે અનુમાન વ્યક્ત કરવામાં આવે છે.




**છઠ્ઠીનું દૂધ - ધાવણ કાઢી નાખવું** એટલે ખૂબ મારપીટ કરવી. બહુ કષ્ટ આપવું, બહુ હેરાન કરવું. **છ રિપુ એટલે કે દુશ્મન છે** કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર. **છ રસમાં** કડવો, તીખો, તૂરો, ખાટો, ખારો અને મીઠો સમાવેશ ધરાવે છે. **છ ઋતુ છે** વસંત, ગ્રીષ્મ, વર્ષા, શરદ, હેમંત અને શિશિર. **છ કાને વાત વંઠે** એટલે ત્રીજો માણસ સાંભળી જાય એ પછી વાત છાની રહી શકે નહીં. **છ પાંચ ગણી જવા** એટલે પોબારા ગણી જવા, પલાયન કરી જવું, રફુચક્કર થવું. હિન્દીમાં નૌ દો ગ્યારહ હોના કહેવત જેવો જ ભાવાર્થ છે. ખટ એટલે પણ છ. **ખટ કરમ** એટલે અધ્યયન, અધ્યાપન, યજન (યજ્ઞ કરવો), યાજન (યજ્ઞ કરાવવો), દાન અને પ્રતિગ્રહ (દાનનો અસ્વીકાર) એ બ્રાહ્મણનાં છ કર્મ. **ખટ દર્શન અથવા ખટ શાસ્ત્ર** એટલે હિંદુઓના તત્ત્વજ્ઞાન સંબંધી જુદા જુદા છ મતઃ સાંખ્ય, યોગ, ન્યાય, વૈશેષિક, મીમાંસા અને વેદાંત. **ખટઘડી** એટલે છઠ્ઠી ઘડી. નરસિંહ મહેતા લખી ગયા છે, ચેતવી ગયા છે કે રાત રહે જાહરે પાછલી **ખટઘડી**, સાધુ પુરુષને સુઈ ન રહેવું. તિથિનું મહત્ત્વ અને જ્યારે જે બનવાનું હોય એ બનીને જ રહે એ દર્શાવતી માર્મિક કહેવત બહુ જ જાણીતી છે કે **છઠની સાતમ અને સાતમની છઠ કોઈથી ન થાય.** આ જ ભાવ પાંચમની છઠ ન થાય કહેવત તરીકે પણ પ્રચલિત છે.

ENગ્લિશ વિંGLISH

## SIX IN IDIOMS

આજની જનરેશન માટે અઠવાડિયાનો છઠ્ઠો દિવસ આનંદદાયક અને રાહત આપનારો હોય છે. સોમથી શુક્ર પાંચ દિવસ શરીરતોડ અને દિમાગતોડ કામ કર્યા પછી આવતો શનિવાર એટલે મોડા ઉઠવાનો, શોપિંગ કરવાનો અને રાત્રે પાર્ટી કરવાનો દિવસ. અંગ્રેજીમાં છ માટે સિક્સ શબ્દ છે. કહેવત - રૂઢિપ્રયોગમાં પણ એની પ્રભાવી હાજરી જોવા મળે છે. Six Ways to Sunday: Thoroughly, completely, in every way imaginable. કોઈ પણ બાબતને સમગ્રપણે, ઉપરનીચે - ધરમૂળથી ચકાસવી એ એનો ભાવાર્થ છે. I checked the document six ways to Sunday to ensure there were no errors. ડોક્યુમેન્ટ્સને મેં એકદમ ઝીણવટથી ચકાસ્યા જેથી એમાં કોઈ ભૂલ ન રહી જાય. Six of one, Half a dozen: The two alternatives are equivalent or indifferent; it doesn't matter which one we choose. સમક્ષ રહેલા બે પર્યાય સરખા હોય અને બેમાંથી કોઈની પણ પસંદગી કરવાથી ફરક ન પડે એ દર્શાવવા આ કહેવત વપરાય છે.

Knocked for a Six: Defeated, outwitted, outfoxed, beaten - સંપૂર્ણપણે પરાજિત, માત ખાવી એ અર્થ અભિપ્રેત છે. Indian team knocked the opposition team for a six. ભારતીય ટીમે પ્રતિસ્પર્ધીને ધૂળધાણી કરી નાખી. Six Shooter means Revolver. રિવોલ્વરના ગોળ ગોળ ફરતા સિલિન્ડરમાં છ કાર્ટરીજ રાખી



શકાય છે અને છ વાર ગોળીબાર કર્યા પછી જ ફરી એમાં નવી કાર્ટરીજ ભરવી પડે છે. એટલે એ સિક્સ શૂટર તરીકે ઓળખાય છે. 'શોલે'નો ડાયલોગ યાદ કરો જ્યારે ગબ્બર સિંહ એના સાગરીત પાસેથી રિવોલ્વર લઈ 'કિતની ગોલી હૈ ઈસમેં?' સવાલ કરે છે જેનો જવાબ 'છે ગોલી સરદાર' એવો મળે છે. પછી ડાકુ નાળચામાં રહેલી છમાંથી ત્રણ હવામાં ગોળીબાર કરે છે. Six feet under: Buried six feet underground, not alive, dead. અન્ય ધર્મમાં દેહાવસાન પછી કરવામાં આવતી અંતિમ ક્રિયામાં મૃતદેહ દાટવાનો રિવાજ છે. ખ્રિસ્તીઓમાં કબરની ઊંડાઈ છ ફૂટની હોય છે જે કોફીન અથવા શબપેટીની છ ફૂટની લંબાઈને સમકક્ષ હોય છે. એના પરથી આ રૂઢિપ્રયોગ અસ્તિત્વમાં આવ્યો છે.

राष्ट्र भाषा

## अंताक्षरी में छ के गाने

અંતાક્ષરી - અંતકડી એક એવી રમત છે જેમાં પરિવારનો દરેક સભ્ય હોંશે હોંશે ભાગ લે છે. અંતકડીમાં સામા પક્ષે ગાયેલી ગીતની પંક્તિનો અંત્ય અક્ષર, છેલ્લા અક્ષર પરથી ગીત ગાવાનું હોય છે. **छ से सुरु होनेवाले गाना गाने की नौबत बहुत कम आती है. आज हम छ अक्षर से सुरु होनेवाले कुछ गीत की पंक्तिया पर गौर फरमाते है.** અંતકડીમાં છ અક્ષરથી શરૂ થતું ગીત ગાવાનો વારો ક્યારેક જ આવે છે. વિવિધ ભાવના અને બે સુપરસ્ટારના ગીતની પંક્તિના ઉદાહરણ જોઈએ. સૌથી પહેલું યાદ આવે **छलिया मेरा नाम, छलना मेरा काम, हिन्दु-मुस्लिम, सिख-ईसाई सबको मेरा सलाम.** (છલિયા - મુકેશ). રાજ કપૂરે ગીતને યાદગાર બનાવ્યું છે. બીજું છે રોમેન્ટિક યુગલ ગીત **छेडो ना मेरी जुल्फे सब लोग कया कहेंगे, सब लोग क्या कहेंगे.** (ગંગા કી લહરેં - લતાદીદી અને કિશોર કુમાર)માં પડદા પર કુમકુમ અને કિશોર કુમાર છે પણ ગીત સાંભળતી વખતે અને જોતી વખતે કિશોરદા વધુ સ્મરણમાં રહી જાય છે. **छुप गए सारे नजारें ओई क्या बात हो गई, तूने काजल लगाया दिन में रात हो गई.** (દો રાસ્તે - લતા મંગેશકર અને મોહમ્મદ રફી) સુપરસ્ટાર રાજેશ ખન્નાના એવરેસ્ટ આરોહણનું શરૂઆતનું પગથિયું. સુપરહિટ સોંગ. એંગ્રી મેન અમિતાભ બચ્ચનનું **छू कर मेरे मन को तूने किया क्या इशारा, बदला ये मौसम लगे प्यारा जग सारा.** (યારાના - કિશોરકુમાર) ગીત હૃદયને મુલાયમ બનાવી પ્રેમિકા માટે જાજમ પાથરે છે. જીવનની ફિલસૂફી દર્શાવતું **छोटी सी ये दुनिया पेहचाने रास्ते हैं तुम कहीं तो मिलोगे कभी तो मिलोगे तो पूछेंगे हाल.** (રંગોલી - કિશોરકુમાર) ગીત જોયા પછી નટખટ - ટીખળી કિશોરકુમાર પડદા પર અને ગાયકીમાં સુધ્ધાં તત્ત્વજ્ઞાની પણ હતો એ સમજાય છે.

सग्गी बहिण

## म्हणीमध्ये सहा

ગુજરાતીમાં આપણે પાંચ પછી આવતી સંખ્યા માટે એકાક્ષરી શબ્દ છ વાપરીએ છીએ અને ક્રિકેટની રમતમાં ઓવર બાઉન્ડરી માટે છગ્ગો ફટકાર્યો એમ લખીએ છીએ. **मराठी पाच नंतर सहा ही संख्या येते आणि सीमेपार चेंडु टोलवला तर षटकार मारला असं म्हणतात. भाषेत सहा कसा रुजलेला आहे हे पाहुया.** ભાષામાં સહા શબ્દ કેવી રીતે વણાઈ ગયો છે એ જાણીએ. પહેલી કહેવત છે **सहाचा बारा वाजणे. याचा अर्थ परिस्थिति पूर्णपणे बदलणे किंवा खूप नुकसान होणे.** પરિસ્થિતિ ધરમૂળથી બદલાઈ ગઈ હોય અથવા તીવ્ર નુકસાન થયું હોય ત્યારે આ કહેવત વપરાય છે. **चुकीच्या निर्णयामुळे त्याची प्रतिष्ठा सहाचा बारा वाजल्याप्रमाणे झाली.** ખોટો નિર્ણય લેવાને કારણે પ્રતિષ્ઠાને હાનિ પહોંચી. **सहा महिने गेले, दिवस राहिले (पंधरा)** કહેવત કામ અને સમયના સંદર્ભમાં વપરાય છે. **याचा अर्थ कामाला थोडाव अवधी शिल्लक आहे.** કોઈ લાંબી અવધિનું કામ હોય અને એ પૂરું થવા આવ્યું હોય એ એનો ભાવાર્થ છે. **सहा-सात दिवसात याचा अर्थ काही दिवसात किंवा लवकरच.** આગલી કહેવત જેવો જ આનો ભાવાર્થ છે. ટૂંક સમયમાં - જલદી એ એનો ભાવાર્થ છે. **गेली अढी च वर्षापासून हे ब्रिज बांधण्याच काम चालु आहे, सहा-सात दिवसात वाहने फिरणे सुरु होईल.** છેલ્લા અઢી વર્ષથી આ બ્રિજનું બાંધકામ ચાલી રહ્યું છે. બસ, છ - સાત દિવસમાં વાહનોની આવનજાવન શરૂ થઈ જશે. **षड्दर्शनः भारतीय दर्शनांमधील सहा मुख्य विचारप्रणाली (सांख्य, योग, न्याय, वैशिषेक, मीमांसा, आणि वेदांत).षट्कर्मः षट्कर्म म्हणजे सहा प्रकारची धार्मिक कृत्ये हिंदु धर्मात, सांगितली आहेत. षट्पदः सहा पायांचे प्राणी, जसे की कीटक.** ■

ઊડતી વાત

ભરત વૈષ્ણવ
feedback@bombaysamachar.com

# જલ્દી બોલો, માત્ર ૧૫૦ રૂપિયામાં હવાઇ મુસાફરી કરવી છે?!



'રાજુ ઘરે છે?'

રાજુના ઘરે જઇ મેં બૂમ પાડી. રોજ રાજુ મારે ઘરે બેસણા કરે. આઇ મિન, મીટિંગ કરે.!

'આવો.. આવો ગિરધરલાલ, અમારા ઘરે તમારા પાવન પગલા ક્યાંથી?' રાજુ રદીએ સાદર અમારું સ્વાગત કર્યું.

'રાજુ, તું કદી પ્લેનમાં બેઠો છે? તેં કદી હવાઇ મુસાફરી કરી છે?' મેં રાજુને પૂછ્યું.

'ગિરધરલાલ, હું વિનોબા ટ્રાવેલ્સનો કાયમી પેસેન્જર છું. બહુ બહુ તો જેન્ટસ સાઇકલ. ક્યારેક મોપેડ જેવું હાફ ફોરવ્હીલર મળે એટલે ભયોભયો.... અમે રે પેસેન્જર બારમાસી છકડાના' રાજુએ બેસૂરા મહિષીકુમારના અવાજે ગીત લલકાર્યું .

'રાજુ,. પ્લેનમાં બેસવાની ઇચ્છા ખરી?' અમે રાજુની દુખતી નસ પર હાથ મૂક્યો.

'ગિરધરલાલ, ઇચ્છા તો અનંત હોય. ઇચ્છા વગરનો કોઇ માણસ હોય ખરો? મારે તો રદીના ભાવે તાજમહેલ કે કુતુબમિનાર ખરીદવાની ઈચ્છા હોય. નેશનલ ક્રશ તૃપ્તિ ડિમરી જોડે મારા પ્રેમનું ડમરુ વગાડવું હોય...... પરંતુ વો દિન કહાં કે રાજુ રદી કી કિસ્મત મેં ફલાઇટ મેં જર્ની?' રાજુએ સીધી વાત ન કરી, પરંતુ બકવાસ વેર્યો..

'રાજુ, તારી પાસે દોઢસો રૂપિયા છે?' મે રાજુને પૂછ્યું.

'કેમ તમારે શાકપાંદડું ખરીદ કરવા માટે રૂપિયા ઉછીના જોઇએ છે?' રાજુ રદીએ સામે બેવકૂફીભર્યો સવાલ પૂછી જ નાખ્યો.

'રાજુ, હું પાનમસાલો ખાવા, સિગારેટ ફૂંકવા કે દારૂ ઢીંચવા તારી પાસે રૂપિયા માગતો નથી.' મેં સફાઇ આપી.

'ગિરધરલાલ, તમે સરકારવાળી કરી. વિકાસના નામે ટેકસના રૂપિયા ઉઘરાવે અને ઉદ્યોગપતિમિત્રોના ૧૬ લાખ કરોડના દેવા માફ કરી દે. ગરીબ ગાય જેવી જનતાને દોહીને વરૂને દૂધ પિવડાવી દે!' રાજુએ સણસણતો આરોપ મૂક્યો.

'રાજુ, હું ખરેખર તારા લાભ માટે દોઢસો રૂપિયા માગું છું. આ રૂપિયાથી ન તો મારો મહેલ બનશે કે ન તો તારું ઝૂંપડું તૂટી જશે.' મેં રાજુને હૈયાધારણ આપી.

'ગિરધરલાલ, તમે મને પ્લેનમાં બેસાડવાનું કંઈક કહેતા હતા.' રાજુએ મૂળ મુદ્દાનો સવાલ કરીને ઉમેર્યું :

'પ્લેનના ભાડા રાજકુમારીની જેમ દિવસે ન વધે એટલા રાતે અને રાતે ન વધે એટલા દિવસે વધતા હોય છે. પ્લેનના ભાડા વધવા માટે કાયમ શુકલ પક્ષ એટલે અજવાળિયું હોય છે. ક્યારેય વદ પક્ષ એટલે અંધારિયું હોતું નથી.' રાજુએ સચોટ તારણ કાઢ્યું.

'રાજુ, આપણા વિદ્યાર્થી ભણવાના નામે ડૉલર કમાવા માટે વિદેશ જતા હોય એ સિઝનમાં વિમાનના ભાડા સાતમા આસમાને પહોંચે છે. હમણાં મહાકુંભમાં પ્રયાગરાજ માત્ર જવાનું વિમાની ભાડું એક લાખ રૂપિયા પહોંચેલું છતાં વિમાનની ટિકિટો મળતી ન હતી. દિવાળી જેવા તહેવારમાં તો એર લાઇન્સ પ્લેનના ભાડા બમણા ત્રણ ગણા કરી નાખે છે. એટલા રૂપિયામાં ચારધામની લકઝુરિયસ જાત્રા થઇ જાય.' મેં રાજુના તારણને સમર્થન આપ્યું.

'ગિરધરલાલ, ગયા ભવમાં પુણ્ય કર્યા હોય તે પ્લેનમાં મુસાફરી કરી શકે. બાકીના લોકો તો જમીન પર ઊભા રહી જિરાફ જેમ મોં ઊંચું કરી વિમાનને ઊડતું જોયા કરે : 'એક દિન આયેગા.... અચ્છા દિન આયેગા... મૈં ભી પ્લેન મેં બેઠુંગા !' એવા મનોરથ સેવ્યા કરે!' રાજુએ વાસ્તવિકતા રજૂ કરી.

'રાજુ, અમદાવાદ અને ગાંધીનગર વચ્ચેનું રિક્ષાભાડું કે ટેકસી ભાડું કેટલા રૂપિયા થાય?' મેં સવાલ બદલ્યો.

'ગિરધરલાલ, અમદાવાદ -ગાંધીનગર જવા માટે ૪૫૦ થી ૬૦૦ રૂપિયા થાય. ઓટો રિક્ષાથી અમદાવાદ -ગાંધીનગર જવા માટે ૩૦૦ રૂપિયા ચુકવવા પડે. લોકલ શહેરમાં એક જગ્યાએથી જવા માટે રિક્ષાના ૨૦૦ રૂપિયા ચૂકવવા પડે' રાજુએ ભાડાપત્રક જણાવ્યું.

'રાજુ, દસ મિનિટની હેલિકૉપ્ટર મારફત સીટી જોય રાઇડ કરવા માટે એર લાઇન્સ કંપની ૧૫૦૦ કે ૨૦૦૦ રૂપિયા ચાર્જ કરે છે.

... બાય ધ વે, રાજુ, હું કહું કે તું ૧૫૦ રૂપિયામાં હવાઇ મુસાફરી કરી શકે તો તને કેવું લાગે ?' મેં ગૂગલી ફેંકી.

'ગિરધરલાલ, ગધેડાને તાવ આવે એવી તમે વાત કહેતા હો એવું લાગે. બાય ધી વે, તમને તાવબાવ આવ્યો છે કે શું?' આમ કહી રાજુએ મારા કપાળે હાથ મૂક્યો.

'રાજુ, હવે તારા જેવી ખાખરાની ખિસકોલીને હવાઇ મુસાફરીની સાકર માત્ર ૧૫૦ રૂપિયામાં ઝાપટવા મળશે.' આટલા રૂપિયામાં હોટલમાં સૂપ પણ મળતો નથી.' મેં રાજુ આગળ સસ્તી હવાઇ મુસાફરીનું ગાજર લટકાવ્યું.

'ગિરધરલાલ, ખરેખર મારું સપનું સાકાર થશે.? મને અમદાવાદથી કયાં લઇ જશો? અમદાવાદ શહેરનું હવાઇ દર્શન કરાવશો?' રાજુએ સવાલોની ઝડી વરસાવી.

'રાજુ, અમદાવાદથી હવાઇ મુસાફરી શરૂ નહીં થાય. સીટી દર્શન કરવાનું નહીં, પરંતુ, બાકાયદા હવાઇ મુસાફરી કરવા મળશે એ પણ પૂરા ૧૪૭ કિલોમીટરની. પૂરી ૨૫ મિનિટની હવાઇ મુસાફરી કરવા મળશે.' મેં રાજુની ઉતેજના વધારી.

'ગિરધરલાલ, હવે તમે સસ્પેન્સ ફિલ્મની જેમ રહસ્ય ઘૂંટો નહીં. તમે બતાવો કે ૧૫૦ રૂપિયા લઇ મારે ક્યાં જવાનું છે?' રાજુની ઉત્કંઠા ચરમ પરમસીમાએ પહોંચી હતી. રાજુનું મોં વિમાનના ઇમરજન્સી ગેટ જેમ સાનંદાશ્ચર્યમાં ખુલી ગયું.

'રાજુ, તારે બોરિયા બિસ્તર પેક કરી આસામના તેજપુર પહોંચી જવાનું. તને તેજપુરથી લીલાબારી સુધી હવાઇ મુસાફરી કરવા મળશે.'

મેં રાજુને હવાઇ મુસાફરીની વિગતો આપી. મને એમ કે રાજુનો ચહેરો પોષી પૂનમની જેમ ખીલી ઊઠશે. પરંતુ રાજુના ચહેરા પર હવાઇ ઊડવા લાગી!

'ગિરધરલાલ, મારે તેજપુર જવા માટે કેટલા રૂપિયા ખર્ચ કરવાના? લંકામાં સોનું સસ્તું મળે તેવી વાત થઇ! આ તો ઘાટ કરતાં ઘડામણ મોંઘું પડે. આ ચીભડું બાર હાથનું છે, પરંતુ તેનું બી તેર સો હાથનું છે એનું શું?' રાજુ લગભગ રડમસ થઇ ગયો.

'રાજુ, એ તારો સવાલ છે!' એમ કહી મેં ચાલતી પકડી.

રાજુનું મોં રન- વે ની જેમ ખુલ્લુંને ખુલ્લું રહી ગયું! ■

વલો કચ્છ

ડૉ. પૂર્વી ગોસ્વામી
feedback@bombaysamachar.com


# ભૂતથી ભાવિ માટે સક્રિય સંવાદના સ્વરૂપઃ હસ્તપ્રત ને લિપિ

ભારતના પશ્ચિમી કાંઠે સ્થિત આ કચ્છ, માત્ર ભૂગોળની દૃષ્ટિએ વિશાળ પ્રદેશ નથી, પરંતુ એ ભારતની સંસ્કૃતિ, સાહિત્ય અને ઈતિહાસના દૃષ્ટિકોણથી પણ એક સૂર્યમુખી પત્ર તરીકે મહત્ત્વનું બને જો તેના તમામ પાનાઓ ખુલ્લા પડે. એવું છે કે હજુ સુધી આ અલાયદા પ્રદેશની અનેક અજાયબ બાબતો ધરબાયેલી પડી છે. અહીંની લિપી અને હસ્તપ્રતની પરંપરા એ માત્ર અભિવ્યક્તિનાં સાધન નહીં પરંતુ સંસ્કૃતિના પાયા તરીકે પણ સ્થાપિત થાય છે. સંસ્કૃતિનું અભિન્ન અંગ એવી વિવિધ કળા અને પાત્રોના વિસરાતા વારસા પર છેલ્લા પાંચ વર્ષથી મન પરોવ્યું છે એટલે સમજી શકાય કે આજે કાગળ અને કલમનો યુગ પછાડીને પ્રવાહ બદલતી ડિજિટલ ધારામાં હસ્તપ્રતોના સંગ્રહ અને લિપિઓના પઠનને લગતી પ્રવૃત્તિઓ, તેના અભ્યાસ અને સંશોધન એ સાહસી કૃત્ય કહેવાય!

હસ્તપ્રત એટલે કે માનવ હસ્તે લખાયેલ ગ્રંથ. આજના યુગમાં જ્યારે પ્રિન્ટેડ પુસ્તક એકદમ સામાન્ય લાગતું હોય, ત્યારે હસ્તપ્રત એ પુરાણા સમયનું મુખ્ય સાધન હતું. દરેક હસ્તપ્રત એ સમયના લેખકનું વ્યાખ્યાયીત ચિંતન અને લેખનકૌશલ્ય દર્શાવતું માધ્યમ હતું. દલપતભાઈ દાણીધારિયાના અનુસાર, લિપિ એ હસ્તપ્રતના અભ્યાસમાં મહત્ત્વપૂર્ણ પાસું છે. ધોળાવિરાના ખંડહરો અને મહોરોમાં મળી આવતી લિપિઓ અને ચિહ્નો દર્શાવે છે કે પ્રાચીન ઈતિહાસમાં લખાણો માત્ર ભાષાના પ્રસાર માધ્યમ નહોતાં, પરંતુ આર્થિક, ધાર્મિક, સામાજિક અને રાજકીય વ્યવસ્થાઓનો આધાર હશે.

ધોળાવીરાના ઉત્ખનન દરમિયાન મળી આવેલી મોહરો, ખાસ કરીને એકશૃંગી મૃગવાળી મોહરો એ સિંધુ સંસ્કૃતિના ધર્મ, અર્થતંત્ર અને વાણિજ્ય સંબંધિત અનેક પરતો ઉઘાડે છે. આ મોહરો પર "કાવ નિભિ ક્તુ" (ઋગ્વેદ મંડળ ૧૦, સૂક્ત ૩૯ થી ૪૧) જેવા સંસ્કૃત-પ્રેરિત શબ્દો દર્શાવે છે કે આ મોહરો માત્ર છાપ મારવા માટે નહોતી પણ ધાર્મિક યજ્ઞો, ઋષિઓના સ્મરણ અને રાજ્યસભામાં વપરાતી સંકેતાત્મક ભાત હતી.

કચ્છ એ જ્ઞાન અર્જિત કરવા અધ્યયન તેમજ લેખન સર્જનનો મુખ્ય મલક તરીકે ભારતભરમાં નામના મેળવી શક્યું હશે એવું વ્રજભાષા પાઠશાળાના ઇતિહાસ પરથી કહી શકાય. પ્રદેશના ઇતિહાસમાં મહારાઓ લખપતજી એ માત્ર શાસક નહીં, પરંતુ કલાના સાર્થક ઉપાસક અને વિદ્વતાશ્રયી રાજા તરીકે પણ ઓળખાય છે. સંવત ૧૮૦૮માં તેમણે ભુજમાં 'વ્રજભાષા પાઠશાળા'ની



સંવત ૧૩૩૦ નો અર્જુન દેવ અણહિલવાળ પાટનવાળાનો દાન શિલાલેખ કંથકોટ



સંવત ૧૫૫૫ નું ઘાતુની મૂર્તિ પાછળનું લખાણ આશાપુરા મંદિર ભુજ

સ્થાપના કરી તેમાં તે સમયે કાવ્યો, નાટકો, સંગીત અને શાસ્ત્રોની વિદ્યા હાંસલ કરવા ભારતભરના પ્રબુદ્ધોને રાજ્યાશ્રય આપી પ્રોત્સાહિત કરવામાં આવતું હતું. આ સાહસને સમકાલીન નિર્માણ પામેલ સરસ્વતી માતાજીનું મંદિર છે, જે મહારાઓશ્રી લખપતજીએ સંવત ૧૭૯૬માં ભુજના પ્રાગ મહેલ સંકુલમાં સ્થાપિત કરાવ્યું હતું. મંદિરની તકતી પરથી જાણવા મળે છે કે મહારાઓશ્રી મહાવિદ્વાન, સંગીત સમ્રાટ, તથા શાસ્ત્રીય કળાના પારખું તથા મા સરસ્વતીના ઉપાસક હશે. તેઓ દરરોજ પ્રાતઃકાલે સરસ્વતીમાના દર્શન કરી શકે તે માટે મંદિર ઉતરાદી મુખે બનાવડાવ્યું, જેથી રાજમહેલના ઝરૂખેથી માતાજીના દર્શન શક્ય બને. શિલાલેખો શાસકોના દાવાઓ, હુકમો અને કાર્ય પ્રણાલીઓના પુરાવા તરીકે રજૂ થાય છે તેમાં હજુ એક તામ્રપત્ર યાદ આવે છે. રાવ લખપતજીએ વેપાર કરનારાઓને તથા દરિયો ખેડનારાઓને રાજયના રખોપા રહેશે તેવું વચન તાંબાના પત્રે લખી આપ્યું હતું. જે ભુજની શાક માર્કેટમાં આજે પણ જડિત યાદ તરીકે કાયમ છે.

અંજારનો સંવત ૧૯૧૬ નો શિલાલેખ, જેમાં મહારાજ દેશલજી અને તેમના પુત્ર રવાજીની દીર્ઘાયુ કામના સાથે ભૂકંપથી પડેલ કોઠાની પુનઃસ્થાપનાની વિગતો દર્શાવેલી છે, તો બીજો એક કંથકોટનો અણહિલવાડ પાટણના અર્જુનદેવનો શિલાલેખ કે પછી ભુજ આશાપુરા માતાજીના મંદિરની ધાતુની મૂર્તિ પાછળની સંવત ૧૫૫૫નું લખાણ. આ બધા માત્ર ભાષા અને લિપિ માટે જ નહિ પરંતુ પુરાતત્ત્વના અધ્યયન માટે ઉપયોગી છે.

જાન્યુઆરી ૨૦૨૫ના ત્રિદિવસીય કાર્યશાળા વિવિધ સંસ્થાઓના સહયોગથી યોજાઈ હતી જેમાં કચ્છમાં મળેલી લિપિઓ, હસ્તપ્રતો અને મોહરો પર વિસ્તૃત ચર્ચા અને પ્રદર્શની યોજાઈ હતી. આ પ્રકારના સંશોધનો માત્ર એક શૈક્ષણિક પ્રવૃત્તિ નહીં, પરંતુ વારસાનું સંરક્ષણ છે. આજના યુગમાં જ્યારે આદિપ્રમાણો ધૂંધળા પડવાના છે, ત્યારે આવા કાર્યક્રમો હસ્તપ્રતોને જીવંત અને દ્રષ્ટિગમ્ય બનાવશે અને મારા જેવા નલોહિયાઓ માટે ભાવિ ભાથુ સાબિત થશે. આયોજકો અને દસ્તાવેજીકરણ માટે જહેમત ઉઠાવવામાં સક્રિય દલપતભાઈ દાણીધારીયાને અભિનંદીએ. અને તેમની યાચના અનુસાર કચ્છની ધરતીને મળેલી ક્યાંક અવાચ્ય ભેટો તેમજ હસ્તપ્રત અને લિપિ ઈતિહાસને જીવંત રાખતા પુરાવાઓને સાચવવાની અને આગળ વધારવાની જવાબદારી નિભાવીએ. ■

## મુંબઈ સમાચાર ક્લાસિફાઇડ ધમાકા

આપના ઉત્તમ પ્રતિસાદને ધ્યાનમાં લઈ હવે 30મી સપ્ટેમ્બર, ૨૦૨૫ સુધી વિશેષ સ્કીમમાં ક્લાસિફાઇડ જાહેરાત નોંધાવો અને

**વધારાની એક જાહેરાત મફત મેળવો**

તેમજ ઉપરોક્ત મુદત દરમ્યાન બધી જ ક્લાસિફાઇડ ડિસ્પ્લે જાહેરાતો (કલર અથવા B/W) સ્કીમનાં સ્પેશિયલ ભાવ

**રૂ. ૧૦૦/- પ્રતિ સ્કે. સે.મી.** માં મેળવો

* ક્લાસિફાઇડ અને ક્લાસિફાઇડ ડિસ્પ્લે પર વધારાની મફત જાહેરાતની આ ઓફર લાગુ કરાશે.
* વધારાની મફત જાહેરાત કોઇપણ દિવસે છપાવી શકાશે.
* અન્ય બધા જ ભાવ અને નિયમો યથાવત રહેશે.

૧લી મે, ૨૦૧૩થી અમલમાં

**ક્લાસિફાઈડ રેટ કાર્ડ**

ડેઈલી અને વીકલી

**ખાસ નોંધઃ** તમામ જાહેરખબરો નીચે દર્શાવેલ ભાવ અને શરતો પર સ્વીકારાશે

| | | |
|---|---|---|
| ગુજરાતી અને અંગ્રેજીમાં | રૂા. ૧૫૦ મિનિમમ (મિનિમમ ૧૦ શબ્દ) (મેક્સીમમ ૧૦૦ શબ્દ) | રૂા. ૧૫.૦૦ શબ્દ દીઠ |
| સંપૂર્ણ બોલ્ડ | રૂા. ૨૦૦ મિનિમમ | રૂા. ૨૦.૦૦ શબ્દ દીઠ |
| સબ હેડિંગ (બોલ્ડ) | (મેક્સીમમ ૪ શબ્દ) | રૂા. ૨૦.૦૦ શબ્દ દીઠ |
| ક્લાસિફાઈડ ડિસ્પ્લે B/W | (મિનિમમ ૨૧ સ્કે. સે.મી.) | રૂા. ૨૦૦.૦૦ દર સ્કે. સે. મી. |
| ક્લાસિફાઈડ ડિસ્પ્લે Colour | (મિનિમમ ૨૧ સ્કે. સે.મી.) | રૂા. ૩૦૦.૦૦ દર સ્કે. સે.મી. |

ક્લાસિક બોનાન્ઝા સ્કીમ ક્લાસિફાઈડ અને ક્લાસિફાઈડ ડિસ્પ્લે માટે

૧લી મે, ૨૦૨૫ થી ૩૦મી એપ્રિલ, ૨૦૨૬ સુધી

**સ્કીમ***

| ચુકવણી થયેલ જા.ખ. | સમય મર્યાદા |
|---|---|
| ૪ | ૩૦ દિવસ |
| ૭ | ૪૫ દિવસ |
| ૧૫ | ૭૫ દિવસ |
| ૨૩ | ૯૦ દિવસ |
| ૩૯ | ૧૬૫ દિવસ |
| ૫૭ | ૨૦૦ દિવસ |
| ૮૩ | ૨૩૦ દિવસ |
| ૧૨૨ | ૨૮૦ દિવસ |
| ૧૮૦ | ૩૮૫ દિવસ |
| ૩૭૦ | ૪૭૫ દિવસ |

* શરતો લાગુ


# સોનામાં લગ્નસરાની માગ ઓસરતા જ્વેલરોની નવી ખરીદીને બ્રેક, વૈશ્વિક ભાવની સરખામણીમાં ઔંસદીઠ ૩૧ ડૉલર ડિસ્કાઉન્ટ ઓફર કરતા ડિલરો

**કોમોડિટી**

**રમેશ ગોહિલ**

અમેરિકી ટ્રેડ કોર્ટે ગત બુધવારે પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પનાં રેસિપ્રોકલ ટૅરિફને સત્તાના અતિરિક્ત ઉપયોગ તરીકે લેખાવીને સ્થાગિત કર્યાના અહેવાલો સાથે બજારમાં ટ્રેડ વૉરની ચિંતા હળવી બની હતી. જોકે, અમેરિકી વહીવટીતંત્રએ આ ચુકાદાને અપીલ કોર્ટમાં પડકાર્યો હતો અને ગુરુવારે અપીલ કોર્ટે કામચલાઉ ધોરણે ટૅરિફને માન્યતા આપતા ટ્રેડ વૉરની હળવી થયેલી ચિંતા ક્ષણભંગુર નિવડતા ગત સપ્તાહે વૈશ્વિક સોનાના ભાવ બેતરફી વધઘટે અથડાઈ ગયા હતા.

વધુમાં ગત સપ્તાહના અંતે અમેરિકાના એપ્રિલ મહિનાના ફુગાવા અથવા તો પર્સનલ કન્ઝમ્પશન એક્સપેન્ડિચરમાં બજારની ૨.૨ ટકાની વૃદ્ધિના અંદાજ સામે ૨.૧ ટકાની વૃદ્ધિ જોવા મળી હોવાથી ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમૅક્સ વિભાગ પર હાજરમાં સોનાના ભાવ દબાણ હેઠળ રહ્યા હતા અને ભાવમાં સાપ્તાહિક ધોરણે ૧.૯ ટકા જેટલો ઘટાડો નોંધાયો હતો.

વધુમાં સ્થાનિક ઝવેરી બજારમાં પણ ગત સપ્તાહ દરમિયાન વૈશ્વિક બજાર પાછળ સોનાના ભાવમાં બેતરફી વધઘટના અંતે નરમાઈનું વલણ રહ્યું હતું. જોકે, સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં ઘટાડાતરફી વલણ રહ્યું હોવાથી સોનાની આયાત પડતરો વધવાને કારણે વૈશ્વિક ભાવની સરખામણીમાં ભાવઘટાડો મર્યાદિત રહ્યો હતો. ઈન્ડિયા બુલિયન ઍન્ડ જ્વેલર્સ એસોસિયેશનની આંકડાકીય માહિતી અનુસાર ગત સપ્તાહના આરંભે હાજરમાં ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના વેરારહિત ધોરણે ભાવ આગલા સપ્તાહના અંત અથવા તો ગત ૨૩મી મેના ૧૦ ગ્રામદીઠ રૂ. ૯૫,૪૭૧ના બંધ સામે સાધારણ નરમાઈ સાથે ૯૫,૩૮૨ના મથાળે ખૂલ્યા બાદ સપ્તાહ દરમિયાન નીચામાં રૂ. ૯૪,૮૩૦ અને ઉપરમાં રૂ. ૯૫,૮૧૩ની રેન્જમાં અથડાઈને અંતે ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૧૬ના સાધારણ ઘટાડા સાથે રૂ. ૯૫,૩૫૫ના મથાળે બંધ રહ્યા હતા. એકંદરે સ્થાનિકમાં લગ્નસરાની મોસમ પૂર્ણ થવાના આરે અને ચોમાસાનો આરંભ થતાં હવે જ્યાં સુધી તહેવારોની મોસમ શરૂ ન થાય ત્યાં સુધી માગ સુસ્ત રહેવાની શક્યતાને ધ્યાનમાં લેતાં જ્વેલરોએ નવી ખરીદીને બ્રેક મારી હોવાથી સ્થાનિકમાં ડીલરો સોનાના ભાવ વૈશ્વિક ભાવની સરખામણીમાં ઔંસદીઠ ૩૧ ડૉલર આસપાસના ડિસ્કાઉન્ટમાં ઑફર કરી રહ્યા હોવાનું મુંબઈ સ્થિત એક ખાનગી બૅન્કનાં ડીલરે જણાવ્યું હતું. વધુમાં ગત સપ્તાહ દરમિયાન એકંદરે સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૯૫,૦૦૦ આસપાસની સપાટીએ જ જળવાઈ રહ્યા હોવાથી રિટેલ સ્તરની માગ નિરસ રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

જોકે, સોનાના વૈશ્વિક અગ્રણી વપરાશકાર દેશ ચીન ખાતે ગત સપ્તાહે માગ ખપપૂરતી મર્યાદિત રહેતાં ડીલરો સોનાના ભાવ પર ઔંસદીઠ ૧૫ ડૉલર પ્રીમિયમમાં ઓફર કરી રહ્યા હતા, જ્યારે આ પૂર્વેના સપ્તાહે ઔંસદીઠ ૧૬થી ૩૦ ડૉલર આસપાસનાં પ્રીમિયમમાં ઓફર કરી રહ્યા હતા. વધુમાં ગત એપ્રિલ મહિનામાં ચીનની હૉંગકૉંગ મારફતે આયાત ત્રણ ગણી વધીને એક વર્ષની ઊંચી સપાટીએ રહી હોવાનું હૉંગકૉંગ સેન્સસ ઍન્ડ સ્ટેટસ્ટિકક્સ ડિપાર્ટમેન્ટની આંકડાકીય માહિતી પરથી જાણવા મળ્યું છે. આમ ચીન ખાતે પુરવઠામાં વધારો થવાને કારણે પણ પ્રીમિયમમાં ઘટાડો જોવા મળ્યો હોવાનું વિશ્લેષકોએ જણાવ્યું હતું.

ગત સપ્તાહના અંતે અમેરિકાના પર્સનલ કન્ઝમ્પશન એક્સપેન્ડિચર ડેટાની જાહેરાત થવાની હોવાથી સપ્તાહ દરમિયાન રોકાણકારોએ સાવચેતીનો અભિગમ અપનાવતા વૈશ્વિક સોનાના ભાવ દબાણ હેઠળ રહ્યા હતા. જોકે, ગત એપ્રિલ મહિનામાં અમેરિકામાં ફુગાવામાં બજારની ૨.૨ ટકાની વૃદ્ધિના અંદાજ સામે ૨.૧ ટકાનો વધારો થયો હોવાથી ફેડરલ રિઝર્વ આગામી સપ્ટેમ્બર મહિનામાં વ્યાજદરમાં કાપ મૂકે તેવી ધારણા બજાર વર્તુળો મૂકી રહ્યા છે. ગત ગુરુવારે અમેરિકી અપીલ કોર્ટે પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પનાં રેસિપ્રોકલ ટૅરિફને માન્યતા આપતા પુનઃ ટ્રેડ વૉરની ભીતિ સપાટી પર આવતા સોનાના વૈશ્વિક ભાવમાં ઘટ્યા મથાળેથી એક ટકાનો ઉછાળો આવ્યો હતો. વધુમાં ગત સપ્તાહે સાન ફ્રાન્સિસ્કો ફેડનાં પ્રમુખ મેરી ડેલેએ આ વર્ષમાં સપ્ટેમ્બર પશ્ચાત્ બે વખત વ્યાજદરમાં કપાતની શક્યતા વ્યક્ત કરતા જણાવ્યું હતું કે જ્યાં સુધી ફુગાવો ફેડરલ રિઝર્વની લક્ષ્યાંકિત બે ટકા આસપાસની સપાટી સુધી ન આવે ત્યાં સુધી હાલના વ્યાજદર જળવાયેલા રહેશે.

નોંધનીય બાબત એ છે કે ફેડરલ રિઝર્વે વર્ષ ૨૦૨૫ના પહેલા ત્રિમાસિકગાળામાં જીડીપી વૃદ્ધિદરમાં અગાઉ ૦.૩ ટકાનો ઘટાડો થવાનો અંદાજ મૂક્યો હતો તેમાં સુધારો કરીને ૦.૨ ટકાનો ઘટાડો કરવામાં આવ્યો હતો. જોકે, સાપ્તાહિક ધોરણે બેરોજગારી ભથ્થું મેળવવા માટેની અરજીની સંખ્યા ૧૪,૦૦૦ વધીને ૨,૪૦,૦૦૦ની સપાટીએ રહી હતી, જ્યારે અંદાજ ૨,૩૦,૦૦૦નો મૂકવામાં આવ્યો હોવાનું એસએમસી ઈન્વેસ્ટમેન્ટ્સ ઍન્ડ એડ્વાઈઝર્સના વિશ્લેષકે જણાવતાં ઉમેર્યું હતું કે અમારા મતે આગામી સપ્તાહ દરમિયાન વૈશ્વિક સોનામાં ઔંસદીઠ ૩૨૭૦ ડૉલરની સપાટી મહત્ત્વની ટેકાની અને ૩૩૬૫ ડૉલરની સપાટી મહત્ત્વની પ્રતિકારક સપાટી પુરવાર થાય તેમ જણાય છે, જ્યારે સ્થાનિકમાં સોનાના ઓનલાઈન વાયદામાં ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૯૨,૮૦૦થી ૯૬,૦૦૦ની રેન્જમાં રહે તેવી શક્યતા તેમણે વ્યક્ત કરી હતી.

દરમિયાન ગત શુક્રવારે નેશનલ સ્ટેટેસ્ટિક ઑફિસ (એનએસઓ) દ્વારા જાહેર કરવામાં આવેલી આંકડાકીય માહિતી અનુસાર ગત નાણાકીય વર્ષનાં ચોથા ત્રિમાસિકગાળામાં દેશનો જીડીપી વૃદ્ધિદર આગલાં નાણાકીય વર્ષના સમાનગાળાના ૮.૪ ટકા સામે ઘટીને ૭.૪ ટકાના સ્તરે રહેતાં વર્ષ દરમિયાનનો જીડીપી વૃદ્ધિદર આગલા વર્ષના ૯.૨ ટકા સામે ૬.૫ ટકાના સ્તરે રહ્યો છે. જોકે, એનએસઓએ પણ તેનાં દ્વીતિય આગોતરા અંદાજમાં પણ વર્ષ દરમિયાન ૬.૫ ટકા વૃદ્ધિદર રહેવાનો અંદાજ મૂક્યો હોવાથી રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયા આગામી નાણાનીતિની સમીક્ષાની બેઠકમાં વ્યાજદરમાં કાપ મૂકે તેવો આશાવાદ સપાટી પર આવ્યો છે. વધુમાં ગત સપ્તાહે રિઝર્વ બૅન્ક જાહેર કરેલા વાર્ષિક અહેવાલમાં જણાવ્યું હતું કે ગત નાણાકીય વર્ષ ૨૦૨૫ના અંતે દેશની સોનાની અનામત વધીને ૮૭૯.૫૯ ટનની સપાટીએ રહી છે.

હાલમાં વૈશ્વિક સ્તરે સોનામાં સલામતી માટેની માગ ઓછી રહેતાં વૈશ્વિક ભાવમાં કોન્સોલિડેશન જોવા મળી રહ્યું છે, પરંતુ અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પનાં નીતિવિષયક નિર્ણયોને ધ્યાનમાં લેતા છૂટીછવાઈ સલામતી માટેની માગનો ટેકો મળી રહ્યો હોવાનું વિશ્લેષકો જણાવી રહ્યા છે. ■

# વિદેશી હૂંડિયામણની અનામતમાં ૬.૯૯૨ અબજ ડૉલરનો વધારો

મુંબઈઃ ગત તા. ૨૩મી મેના રોજ પૂરા થયેલા સપ્તાહે દેશની વિદેશી હૂંડિયામણની અનામત ૬.૯૯૨ અબજ ડૉલર વધીને ૬૯૨.૭૨૧ અબજ ડૉલરની સપાટીએ રહી હોવાનું રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાએ સાપ્તાહિક આંકડાકીય માહિતીમાં જણાવ્યું છે.

નોંધનીય બાબત એ છે કે આ પૂર્વેના સપ્તાહે અનામત ૪.૮૮૮ અબજ ડૉલરના ઘટાડા સાથે ૬૮૫.૭૨૯ અબજ ડૉલરના સ્તરે રહી હતી. જોકે, ગત સપ્ટેમ્બર, ૨૦૨૪માં દેશની કુલ વિદેશી હૂંડિયામણની અનામત ૭૦૪.૮૮૫ અબજ ડૉલરની સર્વોચ્ચ સપાટીએ પહોંચી હતી. જોકે, ત્યાર બાદ વૈશ્વિક પરિબળોને ધ્યાનમાં લેતા સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં થઈ રહેલા ધોવાણને ખાળવા માટે રિઝર્વ બૅન્ક દ્વારા સમયાંતરે ડૉલરમાં વેચવાલી જળવાઈ રહેતાં અનામતમાં ક્રમશ ઘટાડાતરફી વલણ જોવા મળ્યું હતું.

દરમિયાન સમીક્ષા હેઠળના સપ્તાહમાં દેશની કુલ વિદેશી હૂંડિયામણની અનામતમાં બહોળો હિસ્સો ધરાવતી વિદેશી ચલણી અસ્કયામતો ૪૫.૧૬ લાખ ડૉલર વધીને ૫૮૬.૧૬૭ અબજ ડૉલરના સ્તરે રહી હતી. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે વિદેશી ચલણી અસ્કયામતોમાં સપ્તાહ દરમિયાન ડૉલર સિવાયના યુરો, પાઉન્ડ અને યેન જેવાં મુખ્ય ચલણો સામે રૂપિયામાં થયેલી વધઘટને પણ ધ્યાનમાં લેવામાં આવતી હોય છે.

વધુમાં સપ્તાહ દરમિયાન સોનાની અનામત ૨.૩૬૬ અબજ ડૉલર વધીને ૮૩.૫૮૨ અબજ ડૉલરના સ્તરે, ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેના સ્પેશિયલ ડ્રોઈંગ રાઈટ્સ ૮.૧ કરોડ ડૉલર વધીને ૧૮.૫૭૧ અબજ ડૉલર અને ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેની અનામત પણ ૩ કરોડ ડૉલર વધીને ૪.૪૦૧ અબજ ડૉલરની સપાટીએ રહી હોવાનું રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાએ આંકડાકીય માહિતીમાં ઉમેર્યું હતું. ■

# સરકારે પીળા વટાણાની ડ્યૂટીમુક્ત આયાત ૩૧ માર્ચ ૨૦૨૬ સુધી લંબાવી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ કેન્દ્રીય નાણાં મંત્રાલયે ગઈકાલે એક નોટિફિકેશન બહાર પાડીને પીળા વટાણાની ડ્યૂટીમુક્ત આયાત આગામી ૩૧મી માર્ચ ૨૦૨૬ સુધી લંબાવી છે અને સરકારના આ નિર્ણયને બજાર વર્તુળોએ આવકાર આપ્યો છે.

કઠોળની ડ્યૂટીમુક્ત આયાતની જાહેરાત કરીને સરકાર કઠોળના ભાવ ન વધે તે માટે સજાગ અને કૃતનિશ્ચયી હોવાનો અણસાર આપ્યો હોવાનું સ્થાનિક બજારનાં અગ્રણી વિશ્લેષક દેવેન્દ્ર અમૃતલાલ વોરાએ જણાવતાં ઉમેર્યું હતું કે સરકારે પીળા વટાણાની ડ્યુટીમુક્ત આયાત ૩૧ માર્ચ ૨૦૨૬ સુધી લંબાવીને જનતાને સસ્તુ કઠોળ મળે તેવી વ્યવસ્થા કરી છે. જોકે, અનેક સંગઠનોએ કેન્દ્ર સરકારના કૃષિ, વાણિજ્ય, ઉપભોક્તા તથા નાણાં મંત્રાલય તેમજ પીએમઓ ઓફિસ સુધી ડ્યુટી લગાડવા અરજીઓ કરવાની સાથે પ્રસાર માધ્યમોમાં ડ્યૂટી માટે જોરદાર રજૂઆતો કરી હતી પણ સરકારે કોઈની પણ વાત ધ્યાનમાં ન લેતા સરકાર મોંઘવારી બાબતે સાવચેત છે તેમજ કોઈ પણ દબાણ હેઠળ નિર્ણય નહીં કરે તેવો સ્પષ્ટ સંકેત દેશી-વિદેશી કંપનીઓને આપી દીધો હોવાનું તેમણે ઉમેર્યું હતું.

નોંધનીય બાબત એ છે કે ગત સાલ અલ નિનોની અસર હેઠળ દેશમાં તુવેર, ચણા, મગ, અડદ અને મસૂરના ઉત્પાદન ઉપર માઠી અસર પડતાં ભાવમાં નોંધપાત્ર વધારો થયો હતો. તેમ જ ૭૫ લાખ ટનથી વધુ દાળ-કઠોળની આયાત યુરોપીયન યુનિયનના દેશો, રશિયન દેશો, કેનેડા, ઓસ્ટ્રેલિયા તેમજ આફ્રિકાના ૫૪ દેશોમાંથી થઈ હતી.

ગત સાલ સ્થાનિકમાં મગનું ઉત્પાદન વધતાં ખેડૂતોના હિત જળવાઈ રહે તે માટે આયાત પર સંપૂર્ણ પ્રતિબંધ મૂક્યો હતો, જ્યારે માર્ચમાં ચણા-મસૂર ઉપર ૧૧ ટકા ડ્યુટી સાથે આયાતની છૂટ આપી હતી. જોકે તે અગાઉ મોટી બહુરાષ્ટ્રીય કંપનીઓએ ચણા અને વટાણાની કંડલા, મુંદ્રા, હજીરા, હલદિયા (કોલકતા), નવી મુંબઈ બંદરો ઉપર લાખો ટનની આયાત કરી હતી જેને કારણે દરેક દાળ કઠોળના ભાવો ગગડી ગયા હતા. માર્ચ મહિનામાં નોટિફિકેશનની મુદત પૂરી થતાં સરકાર ડ્યૂટીમાં મોટો વધારો કરશે, એવાં વેપાર-ઉદ્યોગમાં ગપગોળાની અફવા ફેલાઈ હતી, પરંતુ સરકારે વટાણાની ડ્યૂટીમુક્ત આયાત ૩૧મી મે સુધી લંબાવી હતી જે ગઈકાલે પુનઃ માર્ચ, ૨૦૨૬ સુધી લંબાવવામાં આવતા બજાર આશ્ચર્યમાં મુકાઈ ગઈ હોવાનું તેમણે જણાવતા ઉમેર્યું હતું કે સરકાર તેના પોર્ટલનાં આંકડાઓ પર ચાંપતી નજર રાખી રહી હોવાથી ઘણાં ખાનગી ખેલાડીઓએ ચણા-વટાણાનો સ્ટોક ન રાખ્યો હોવાનું સરકારને ધ્યાનમાં આવી ગયું હોવાને કારણે પણ સરકારે આ નિર્ણય લીધો હોઈ શકે.

જોકે સરકારે ભવિષ્ય માટે લાંબા સમયગાળાની આયાત-નિકાસ નીતિઓ વેપારી તથા આયાત-નિકાસનાં સંગઠનો તેમજ ખેડૂતોના યુનિયનોના પ્રતિનિધિઓ તેમજ કૃષિ તથા વાણિજ્ય મંત્રાલયોની સમન્વય કમિટી બનાવીને યુરોપીયન યુનિયન તેમજ રશિયાની જેમ બનાવવી જોઈએ જેથી આવનારા સમયમાં વિવિધ દેશોમાંથી તુવેર,ચણા, વટાણા, મસૂર, અડદની વધુ પડતી આયાત ના થાય અને ભારત ડમ્પીંગ ગ્રાઉન્ડ ના બને તેનું ધ્યાન રાખવું જરૂરી છે. ■

# ખાંડમાં મિશ્ર વલણ



નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્મોલ ગ્રેડની ખાંડમાં સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૭૬૦થી ૩૮૦૦માં ટકેલા ધોરણે થયાના અહેવાલ છતાં આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં સ્ટોકિસ્ટોની લે-વેચ, રિટેલ સ્તરની માગ તેમ જ માલની ગુણવત્તાને ધ્યાનમાં લેતા હાજરમાં મિશ્રણ વલણ જોવા મળ્યું હતું, જેમાં સ્મોલ ગ્રેડની ખાંડમાં ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૪નો સુધારો આવ્યો હતો, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડના ભાવમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૨૬નો ઘટાડો આવ્યો હતો. તે જ પ્રમણે આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની માગ છૂટીછવાઈ રહેતાં ભાવમાં મિશ્ર વલણ જોવા મળ્યું હતું જેમાં સ્મોલ ગ્રેડની ખાંડમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦નો ઘટાડો અને મિડિયમ ગ્રેડની ખાંડમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦નો સુધારો આવ્યો હતો.

આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રક્ની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ ખપપૂરતી રહેતાં ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. જોકે, આજે સ્મોલ ગ્રેડની ખાંડમાં રિટેલ સ્તરની પ્રબળ માગ ઉપરાંત અમુક માલની ગુણવત્તા સારી આવી હોવાથી તેનાં વેપાર ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૪ના સુધારા સાથે રૂ. ૩૯૨૨થી ૩૯૮૬માં થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ અને મર્યાદિત માગ રહેતાં તેના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૨૬ના ઘટાડા સાથે રૂ. ૩૯૭૬થી ૪૦૮૬માં થયાના અહેવાલ હતા. વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની એકંદરે લેવાલી નિરસ રહેતાં માગ અનુસાર મિશ્ર વલણ જોવા મળ્યું હતું. જેમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૩૮૩૦થી ૩૮૭૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ વધીને રૂ. ૩૯૦૦થી ૩૯૪૦માં થયા હતા.

# ક્રૂડ ખાદ્યતેલની ડ્યૂટી ઘટાડાના નિર્ણયને ઉદ્યોગનો આવકાર

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ગઈકાલે મોડી સાંજે સરકારે તમામ આયાતી ક્રૂડ ખાદ્યતેલ પરની કસ્ટમ ડ્યૂટી જે ૨૭.૫ ટકા હતી તે ઘટાડીને ૧૬.૫ ટકા કરી હતી. તેમ જ આયાતી તેલની ટૅરિફ વૅલ્યૂમાં પણ ફેરફાર કરવામાં આવ્યા હતા. જોકે, આજે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી તેમ જ સેલરિસેલ ધોરણે કામકાજો નિરસ રહ્યા હોવાથી દેશી-આયાતી તેલના ભાવમાં સાંકડી વધઘટે ટકેલું વલણ રહ્યું હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

દરમિયાન સરકારે ક્રૂડતેલની ડ્યૂટીમાં કરેલા ઘટાડાને આવકારતા સ્થાનિક ખાદ્યતેલ ઉદ્યોગના સંગઠન સોલ્વન્ટ એક્સ્ટ્રેક્ટર્સ એસોસિયેશનનાં પ્રમુખ સંજીવ અસ્થાનાએ જણાવ્યું હતું કે સરકારના આ નિર્ણયથી રિફાઈન્ડ તેલ અથવા તો ફિનિશ્ડ ઉત્પાદનો આયાત ઘટશે અને સ્થાનિક રિફાઈનરોનાં હિતની જાળવણી થશે. વધુમાં તેમણે ઉમેર્યું હતું કે રિફાઈન્ડ અને ક્રૂડતેલ વચ્ચેનો ડ્યૂટી તફાવત જે ૮.૨૫ ટકા હતો તે વધીને ૧૯.૨૫ ટકા થતાં રિફાઈન્ડ પામતેલની આયાત ઘટશે અને ક્રૂડ પામતેલની આયાત વધશે અને સ્થાનિક રિફાઈનરોને ટેકો મળશે. આથી એકંદરે આયાત વૉલ્યૂમને કોઈ અસર નહીં થાય તેમ જ ભાવ પર પણ કોઈ અસર જોવા નહીં મળે.

સૂત્રોના જણાવ્યાનુસાર ગઈકાલે સરકારે ક્રૂડ પામતેલની ટૅરિફ વૅલ્યૂ જે ટનદીઠ ૯૮૭ ડૉલર હતી તે ઘટાડીને ૯૬૫ ડૉલર કરતાં અસરકારક જકાત ટનદીઠ રૂ. ૯૬૯.૪૦ ઘટીને રૂ. ૧૩,૭૫૭, આરબીડી પામોલિનની ટૅરિફ વૅલ્યૂ જે ટનદીઠ ૧૦૨૨ ડૉલર હતી તે વધારીને ૧૦૨૬ ડૉલર કરતાં અસરકારક જકાત ટનદીઠ રૂ. ૧૨૪ વધીને રૂ. ૩૧,૬૯૧ અને સોયા ડિગમ પરની ટૅરિફ વૅલ્યૂ જે ટનદીઠ ૧૦૯૨ ડૉલર હતી તે ઘટાડીને ૧૦૭૦ ડૉલર કરતાં અસરકારક જકાત ટનદીઠ રૂ. ૯૮૫૬ ઘટીને રૂ. ૧૫,૫૬૭ની સપાટીએ રહી હતી.

વધુમાં ગત મે મહિનામાં મલયેશિયાની પામતેલની નિકાસ આગલા એપ્રિલ મહિનાના ૧૧,૨૦,૭૪૭ ટન સામે ૧૭.૯ ટકા વધીને ૧૩,૨૦,૯૧૪ ટનની સપાટીએ રહી હોવાનું કાર્ગો સર્વેયર ઈન્ટરટેક સર્વિસીસે પ્રાથમિક આંકડાકીય માહિતીમાં જણાવ્યું હતું.

આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે વિવિધ આયાતી તેલના ૧૦ કિલોદીઠ ભાવમાં ગોકુલ એગ્રોના સોયા રિફાઈન્ડના રૂ. ૧૧૫૫ અને સન રિફાઈન્ડના રૂ. ૧૩૩૦, રિલાયન્સ કન્ઝ્યુમરના સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૦૦, ઓલામ એગ્રીના આરબીડી પામોલિનના રૂ. ૧૧૭૫ અને જી-વનના આરબીડી પામોલિન અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૦૧ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપારનો અભાવ હતો.

વધુમાં આજે ગુજરાતમાં ગોંડલ મથકે મગફળીની ૯૦૦૦ ગૂણીની આવક આવક સામે મંડીમાં વેપાર મણદીઠ રૂ. ૧૦૦૦થી ૧૦૮૦માં થયા હતા, જ્યારે રાજકોટની મંડીમાં ગઈકાલની શેષ ૧૭,૦૦૦ ગૂણીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૧૦૦૦થી ૧૦૭૫માં ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા.

આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૧૭૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૩૦, સન રિફાઈન્ડના રૂ. ૧૩૭૫, સિંગતેલના રૂ. ૧૩૮૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૨૯૦ અને સરસવના રૂ. ૧૪૩૦ના મથાળે ટકેલા રહ્યા હતા,

આજે મધ્ય પ્રદેશની મંડીઓમાં અંદાજે ૮૦,૦૦૦ ગૂણી સોયા સીડની આવકો થઈ હતી, જ્યારે દેશમાં સરસવની અંદાજે ૪.૫૦ લાખ ગૂણીની આવક થઈ હોવાના અહેવાલ હતા. તેમ જ જયપુરની મંડીમાં સરસવના વેપાર ક્વિન્ટલે રૂ. ૬૬૨૫થી ૬૬૫૦ આસપાસના મથાળે થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# ટીનમાં સ્ટોકિસ્ટોની અવિરત વેચવાલી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં આજે સપ્તાહના અંતે સતત પાંચમાં સત્રમાં ખાસ કરીને ટીનમાં સ્ટોકિસ્ટોની અવિરત વેચવાલીનું દબાણ જળવાઈ રહેતાં ભાવમાં વધુ કિલોદીઠ રૂ. ૩૦નો ઘટાડો આવ્યો હતો. આ સિવાય અન્ય ધાતુઓમાં કોપર અને બ્રાસની અમુક વેરાઈટીઓ અને ઝિન્ક સ્લેબમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલી અને વપરાશકાર ઉદ્યોગની માગ નિરસ રહેતાં ભાવમાં કિલોદીઠ રૂ. એકથી બેનો ઘટાડો આવ્યો હતો. તેમ જ અન્ય ધાતુઓમાં ટકેલું વલણ જોવા મળ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સતત પાંચમાં સત્રમાં સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ અને સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં ભાવ વધુ કિલોદીઠ રૂ. ૩૦ના ઘટાડા સાથે રૂ. ૨૭૧૦ના મથાળે રહ્યા હતા. નોંધનીય બાબત એ છે કે છેલ્લાં પાંચ સત્રમાં ટીનના ભાવમાં કિલોદીઠ રૂ. ૧૪૩નો ઘટાડો આવી ગયો છે.

વધુમાં આજે અન્ય ધાતુઓ જેમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલી તેમ જ ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરો નવી લેવાલીથી દૂર રહેતાં ભાવમાં ઘટાડાતરફી વલણ જોવા મળ્યું હતું તેમાં કોપર વાયરબાર અને ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. બે ઘટીને અનુક્રમે રૂ. ૮૮૫ અને રૂ. ૨૫૪ના મથાળે અને કોપર સ્ક્રેપ હેવી, કોપર આર્મિચર અને બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. એકના ઘટાડા સાથે અનુક્રમે કિલોદીઠ રૂ. ૮૨૮, રૂ. ૮૧૫ અને રૂ. ૫૪૮ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે પાંખાં કામકાજો વચ્ચે કોપર કેબલ સ્ક્રેપ, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ બ્રાસ શીટ કટિંગ્સ, એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ, લીડ ઈન્ગોટ્સ અને નિકલમાં છૂટીછવાઈ માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# જાન્યુઆરીથી માર્ચ ત્રિમાસિકગાળામાં સીધા વિદેશી રોકાણના આંતરપ્રવાહમાં ૨૪.૫૦ ટકાનો ઘટાડો

નવી દિલ્હીઃ ગત નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ના ચોથા ત્રિમાસિકગાળામાં અર્થાત્ ગત જાન્યુઆરીથી માર્ચ દરમિયાન દેશમાં સીધા વિદેશી રોકાણ (ફોરેન ડાયરેક્ટ ઈન્વેસ્ટમેન્ટ -એફડીઆઈ)નો આંતરપ્રવાહ આગલા વર્ષના સમાનગાળાની તુલનામાં ૨૪.૫૦ ટકા ઘટીને ૯.૩૪ અબજ ડૉલરની સપાટીએ રહ્યો હતો, જ્યારે ગત સંપૂર્ણ નાણાકીય વર્ષનો કુલ આંતરપ્રવાહ આગલા નાણાકીય વર્ષની તુલનામાં ૧૩ ટકા વધીને ૫૦ અબજ ડૉલરના સ્તરે રહ્યો હતો.

નોંધનીય બાબત એ છે કે નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં સીધા વિદેશી રોકાણનો આંતરપ્રવાહ ૪૪.૪૨ અબજ ડૉલરના સ્તરે અને જાન્યુઆરીથી માર્ચ, ૨૦૨૪ના ત્રિમાસિકગાળાનો આંતરપ્રવાહ ૧૨.૩૮ અબજ ડૉલરની સપાટીએ રહ્યો હતો.

ગત નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫નાં ત્રીજા અથવા તો ઑક્ટોબરથી ડિસેમ્બર સુધીનાં ત્રિમાસિકગાળામાં ખાસ કરીને વૈશ્વિક આર્થિક અનિશ્ચિતતાને કારણે સીધા વિદેશી રોકાણનો આંતરપ્રવાહ આગલા નાણાકીય વર્ષના સમાનગાળાની તુલનામાં ૫.૬ ટકા ઘટીને ૧૦.૯ અબજ ડૉલરની સપાટીએ રહ્યો હતો.

નોંધનીય બાબત એ છે કે ગત સાલ થયેલા કુલ સીધા વિદેશી રોકાણમાં ઈક્વિટીમાં આંતરપ્રવાહ, વળતરના પુનઃ રોકાણ અને અન્ય મૂડીગત રોકાણ ૧૪ ટકા વધીને ૮૧.૦૪ અબજ ડૉલરના સ્તરે રહ્યું હતું, જે ત્રણ વર્ષની ઊંચી સપાટીએ તેમ જ આગલા વર્ષમાં ૭૧.૩ અબજ ડૉલરના સ્તરે રહ્યું હતું.

નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં સૌથી વધુ રોકાણ કરનાર દેશ તરીકે સિંગાપુરથી ૧૪.૯૪ અબજ ડૉલરનું રહ્યું હતું. ત્યાર બાદ અનુક્રમે મોરેશિયસથી ૮.૩૪ અબજ ડૉલર, અમેરિકાથી ૫.૪૫ અબજ ડૉલર, નેધરલેન્ડથી ૪.૬૨ અબજ ડૉલર, યુએઈથી ૩.૧૨ અબજ ડૉલર, જાપાનથી ૨.૪૭ અબજ ડૉલર, સાયપ્રસથી ૧.૨ અબજ ડૉલર, યુકેથી ૭૮.૫ કરોડ ડૉલર, જર્મનીથી ૪૬.૯ કરોડ ડૉલર અને કેમેન આયલેન્ડથી ૩૭.૧ કરોડ ડૉલરના રોકાણ આકર્ષાયા હતા. જોકે, આંકડાકીય માહિતી જોતા જણાય છે કે આગલા વર્ષની સરખામણીમાં ગત સાલ નેધરલેન્ડ, જાપાન, યુકે અને જર્મનીનાં સીધા વિદેશી રોકાણના આંતરપ્રવાહમાં ઘટાડો થયો છે. તેમ જ ટકાવારીની દૃષ્ટિએ જોઈએ તો ગત સાલના કુલ આંતરપ્રવાહમાં સિંગાપુરનો હિસ્સો ૩૦ ટકા, મોરેશિયસનો હિસ્સો ૧૭ ટકા અને યુએસનો હિસ્સો ૧૧ ટકા રહ્યો છે.

વધુમાં સેક્ટર અનુસાર મુખ્યત્વે સર્વિસીસ, ટ્રેડિંગ, ટેલિકોમ્યુનિકેશન્સ, ઑટોમોબાઈલ, કન્સ્ટ્રક્શન ડેવલોપમેન્ટ, બિનપરંપરાગત એનર્જી અને રસાયણ જેવાં ક્ષેત્રોમાં આંતરપ્રવાહ વધ્યો છે, જ્યારે કોમ્પ્યુટર સોફ્ટવૅર અને હાર્ડવૅર, માળખાકીય અને ફાર્માસ્યુટિકલ ક્ષેત્રમાં આંતરપ્રવાહ ઘટ્યો છે. પ્રાપ્ત આંકડાકીય માહિતી અનુસાર સર્વિસીસ ક્ષેત્રે આંતરપ્રવાહ વધીને ૯.૩૪ અબજ ડૉલર (૬.૬૪ અબજ ડૉલર, બિનપરંપરાગત એનર્જી ક્ષેત્રે આંતરપ્રવાહ વધીને ચાર અબજ ડૉલર (૩.૭૬ અબજ ડૉલર)ના સ્તરે રહ્યો હતો.

ગત સાલ સીધા વિદેશી રોકાણ આકર્ષનાર રાજ્યોમાં સૌથી વધુ ૧૯.૬ અબજ ડૉલરનું રોકાણ મહારાષ્ટ્રમાં આકર્ષાયું હતું. ત્યાર બાદ અનુક્રમે કર્ણાટકમાં ૬.૬૧ અબજ ડૉલર, દિલ્હીમાં છ અબજ ડૉલર, ગુજરાતમાં ૫.૭ અબજ ડૉલર, તમિળનાડુમાં ૩.૬૮ અબજ ડૉલર, હરિયાણામાં ૩.૧૪ અબજ ડૉલર અને તેલંગણામાં ૨.૯૯ અબજ ડૉલરના રોકાણ આકર્ષાયા હતા. ■

# સુરેન્દ્રનગરમાં મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે ₹ ૬૯૬.૨૫ કરોડના ૧૨ વિકાસનાં કામોનું ઈ-લોકાર્પણ કર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરેન્દ્રનગરમાં મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે શનિવારે પાણી અને સિંચાઈ યોજના વિકાસ કાર્યોનું ઈ-લોકાર્પણ તથા ઈ-ખાતુમુહૂર્ત કર્યું હતું.

શનિવારે કુલ રૂ. ૬૯૬ કરોડના વિકાસ કામોનાં ઈ-લોકાર્પણ અને ઈ-ખાતમુહૂર્તમાંથી રૂ. ૬૬૪ કરોડના કામો તો સુરેન્દ્રનગર જિલ્લામાં પાણી અને સિંચાઈના પાણીની સુવિધા માટેનાં છે.

મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે આનંદ ભુવન, સુરેન્દ્રનગર ખાતે યોજાયેલી જનસભાને સંબોધતા જણાવ્યું હતું કે, એક સમયે સુરેન્દ્રનગર ઝાલાવાડ અને સૌરાષ્ટ્ર પંથક પાણીની મોટી સમસ્યાનો સામનો કરી રહ્યો હતો. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ અપૂરતા પાણીવાળા વિસ્તારોને પાણીદાર બનાવવાનો સંકલ્પ કરીને સૌની યોજના, સુજલામ સુફલામ યોજના અને કેનાલ નેટવર્ક દ્વારા છેવાડાના વિસ્તારો સુધી પાણી પહોંચાડ્યું છે. ગામેગામ પાણી પહોંચાડવાની વડા પ્રધાનની નેમને ગુજરાત સરકાર સતત આગળ વધારી રહી હોવાનું જણાવતા તેમણે કહ્યું હતું.

મુખ્ય પ્રધાને કહ્યું હતું કે, સૌની યોજના વડા પ્રધાનના વિઝનનું ઉત્તમ ઉદાહરણ છે. એક તરફ નર્મદાનું લાખો લિટર પાણી દરિયામાં વહી જતું હતું. બીજી બાજું આખું સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાત પાણી માટે વલખા મારતું હતું. ત્યારે નરેન્દ્રભાઈએ સૌરાષ્ટ્ર-કચ્છના ગામે ગામ સુધી પાણી પહોંચાડવાનો સંકલ્પ કર્યો હતો.અને નર્મદાના વધારાના પાણીથી સૌરાષ્ટ્રનાં જળાશયો ભરીને સિંચાઈ વ્યવસ્થા વધુ મજબૂત કરવા અને પીવાનું પાણી પહોંચાડવાનું નક્કર આયોજન પાર પાડ્યું છે.

આ અવસરે રાજ્યના જળસંપત્તિ, પાણી પૂરવઠા પ્રધાન કુંવરજીભાઈ બાવળીયાએ કહ્યું હતું કે, અગાઉ ધોળીધજા ડેમમાં નર્મદાના નીર પહોંચ્યા હતા એ દિવસ ઐતિહાસિક હતો. સુરેન્દ્રનગર જિલ્લાના પાણીવિહોણાં ૧૦૦ જેટલા ગામોમાં પાણી પહોંચાડવાની યોજનાનું ભૂમિપૂજન થયું છે. જેનાથી આ ગામોને સિંચાઈ માટે પાણી મળશે. મુખ્ય પ્રધાનના હસ્તે થયેલી ત્રણ મહત્ત્વની યોજનાના ભૂમિપૂજનની વિગતો આપતા પ્રધાને કહ્યું હતું કે, આ યોજનાઓ અંતર્ગત સુરેન્દ્રનગર-મોરબી જિલ્લાની સિંચાઈ યોજના વધુ મજબૂત બને તે માટે પાઈપથી પાણી આપવાનું આયોજન હાથ ધરાયું છે. સુરેન્દ્રનગર જિલ્લાના ધ્રાંગધ્રા, વઢવાણ અને મુળી તાલુકાનાં ૪૫ ગામોને રૂ. ૨૯૩.૨૫ કરોડના ખર્ચે ૨૩૫ કિલોમીટર લાંબી પાઈપ લાઈન નાખીને પાણી પહોંચાડવામાં આવશે. ઉપરાંત સાયલા, મુળી, વઢવાણ તાલુકાનાં ૪૪ ગામોમાં રૂ. ૨૧૮.૧૯ કરોડના ખર્ચે પાઈપલાઈન નાખીને પાણી પહોંચાડાશે.

આ સિવાય સરવડા પમ્પિંગ સ્ટેશન બનાવીને, બ્રાહ્મણી-૧માંથી પાણી ઉપાડીને ૬૯ કિ.મી. લાંબી પાઈપલાઈન મારફત મોરબી જિલ્લાના હળવદ તાલુકાનાં ૧૧ ગામોના તળાવો ભરવામાં આવશે. જેનાથી ૪૩૩ હેક્ટર જમીનને સિંચાઈનો લાભ મળશે. આ યોજના પાછળ રૂ. ૪૦.૮૮ કરોડનો ખર્ચ થવાનો છે. રૂ.૫૫૨ કરોડના ખર્ચે ૧૦૦ કરતા વધુ ગામોમાં સિંચાઈનો લાભ મળશે અને પીવાના પાણીની સમસ્યા હલ થશે. મુખ્ય પ્રધાને પોતાના સુરેન્દ્રનગર પ્રવાસ દરમિયાન લીમડી ગામ ખાતે નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા વિભાગના રૂ. ૨૧૮ કરોડના ખર્ચે ૪૪ ગામોને સિંચાઈનું પાણી પૂરી પાડવાના કાર્યનું ખાતમુહૂર્ત કર્યું હતું. જ્યાં તકતી અનાવરણ પ્રસંગે મુખ્ય પ્રધાને શાસ્ત્રોક્ત વિધિથી કળશ પૂજન કર્યું હતું.

આ અવસરે જળસંપત્તિ વિભાગના સચિવ પી. સી. વ્યાસે શાબ્દિક સ્વાગત કરતા કાર્યક્રમની રૂપરેખા વર્ણવી હતી. જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામક આર. એમ. જાલંધરા દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી. આ તકે પ્રવાસન પ્રધાન મુળુભાઈ બેરા, રાજ્ય કક્ષા વન અને પર્યાવરણ પ્રધાન મુકેશભાઈ પટેલ, સાંસદ પ્રધાન ચંદુભાઈ શિહોરા, નાયબ મુખ્ય દંડક જગદીશભાઈ મકવાણા, જિલ્લા પંચાયત પ્રમુખ હરિકૃષ્ણભાઈ પટેલ, ધારાસભ્ય કિરીટસિંહ રાણા, શામજીભાઈ ચૌહાણ, પ્રકાશભાઈ વરમોરા, પરસોત્તમભાઈ પરમાર, પૂર્વ ધારાસભ્ય ધનજીભાઈ પટેલ સહિતના અગ્રણીઓ, પદાધિકારીઓ, જિલ્લા કલેક્ટર કે. એસ. યાજ્ઞિક, મ્યુનિસિપલ કમિશનર નવનાથ ગવ્હાણે, રેન્જ આઈ. જી. અશોકકુમાર યાદવ, નાયબ પોલીસ મહાનિરીક્ષક ડો. ગિરીશ પંડ્યા સહિતના વરિષ્ઠ અધિકારીઓ તેમજ મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. ■

# કડી વિધાનસભાની પેટા ચૂંટણીમાં આમ આદમી પાર્ટીના ઉમેદવાર ગોપાલ ઈટાલિયાએ ફોર્મ ભર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં કડી વિધાનસભાની પેટા ચૂંટણીમાં આમ આદમી પાર્ટીના ઉમેદવાર ગોપાલ ઈટાલિયાએ ફોર્મ ભર્યું હતું. ગોપાલ ઇટાલિયાએ ફોર્મ ભરતા પહેલા વિસાવદરમાં અરવિંદ કેજરીવાલ, પંજાબના મુખ્યપ્રધાન ભગવંત માનની હાજરીમાં વિશાળ જન આશીર્વાદ યાત્રા યોજી હતી. આપની જન આશીર્વાદ યાત્રામાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા. આ દરમિયાન અરવિંદ કેજરીવાલે વિસાવદરમાં સંબોધન કર્યું હતું.

કેજરીવાલે જણાવ્યું હતું કે, ૧૮ વર્ષથી તમે ભાજપને વિસાવદરમાં ઘૂસવા દીધું નથી. ગુજરાતમાં ભાજપની સરકાર છે પરંતુ વિસાવદરમાં ભાજપની સરકાર નથી. પહેલા તમે કોંગ્રેસને વોટ આપ્યો પછી અમને સ્પોર્ટ કર્યો. પણ ભાજપે બદમાસી કરી પહેલાં કોંગ્રેસના હર્ષદ રિબડિયાને ખરીદી લીધા અને પછી દુર્ગાભ્યપૂર્ણ અમારા ભૂપત ભાયાણીને પણ ખરીદી લીધા. હવે ફરી તમારે જવાબ આપવાનો છે.

અરવિંદ કેજરીવાલે ભાજપને ખુલ્લો પડકાર ફેંકતા કહ્યું હતું કે, ભાજપ કહે છે કે વિસાવદરના નાગરિકોની મરજી હોય તેને જીતાડે, અમે તેને ખરીદી લઇશું. તો આજે હું ભાજપને ચેલેન્જ કરવા આવ્યો છું કે આ વખતે અમે પણ અમારો હિરા જેવો સભ્ય ઊભો રાખ્યો છે. હું ભાજપને ચેલેન્જ કરું છું કે ગોપાલ ઇટાલિયાને ખરીદીને બતાવે, કેજરીવાલ રાજકારણ છોડી દેશે. ગોપાલ ઇટાલિયાને બહુમતીથી જીતાડી અને ભાજપને તમાચો લાગવો જોઇએ. ભાજપની જેમ કોંગ્રેસ પણ એક નંબરની ચાલાક છે. એ ભાજપની જ નોકરી કરે છે, કોંગ્રેસ ભાજપના જ ખીસ્સામાં બેઠી છે. વર્ષ ૨૦૨૨ની ચૂંટણીમાં કોંગ્રેસના પાંચ ધારાસભ્ય ભાજપમાં જોડાઇ ગયા, એમાં એક અમારો સિક્કો પણ ખોટો નીકળ્યો હતો જે ભાજપમાં જોડાઇ ગયો હતો.

આ ઉપરાંત કેજરીવાલે કહ્યું, અમારો ઉમેદવાર ગોપાલ ઇટાલિયા ભ્રષ્ટાચારીઓ સામે લડે છે. કોઇથી ડરતો નથી. મોટા મોટા ભ્રષ્ટાચારીઓની ઐસી તૈસી કરી નાખે છે. ગોપાલ ઇટાલિયા તમારા માટે કાયમી લડતો રહેશે. ગોપાલ વિસાવદર માટે જ નહીં આખા ગુજરાત માટે લડશે.

અરવિંદ કેજરીવાલે જણાવ્યું હતું કે, ગોપાલ ઇટાલિયાને તમારે ભારે બહુમતથી જીતાડવાના છે અને વિધાનસભામાં પહોંચડાવાના છે. ગોપાલ તમારા પ્રશ્નો માટે ભાજપને હંફાવી દેશે. વિધાનસભામાં જઇને ખેડૂતોના પ્રશ્નો ઉઠાવશે. હું તમારો ઉત્સાહ જોઇ રહ્યો છું તમે આટલી ગરમીમાં પણ ગોપાલને સપોર્ટ કરવા ઊભા છો.

ઉલ્લેખનીય છે કે, અરવિંદ કેજરીવાલના સંબોધનની શરૂઆત પહેલાં જનમેદનીમાંથી કોઇએ આઇ લવ યુ કહેતાં અરવિંદ કેજરીવાલે આઇ લવ યુ....ટુ...થ્રી.. ફોર કહ્યું, વાતાવરણને હળવું ફૂલ બનાવી દીધું હતું. અરવિંદ કેજરીવાલે વિસાવદરના સ્થાનિકોના પ્રેમને આવકાર્યો હતો અને આભાર વ્યક્ત કર્યો હતો. ■

# કચ્છના માંડવી શહેરના નિલયભાઈ અંજારિયાની સુપ્રિમ કોર્ટના જજ તરીકે વરણી



(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છના શહેર માંડવીના નિલયભાઈ અંજારિયાએ દેશની સર્વોચ્ચ અદાલતના ન્યાયમૂર્તિ તરીકે શપથ લીધા હતા. માંડવી, બૃહદ કચ્છ તેમજ ગુજરાતના ન્યાયતંત્રમાં આનંદ સાથે ગૌરવની લાગણી ફેલાઇ છે.

દેશની સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયમૂર્તિ બી.આર.ગવઈએ કોલેજિયમની ભલામણો પર રાષ્ટ્રપતિની મંજૂરીથી સુપ્રીમ કોર્ટમાં કર્ણાટક હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ અને મૂળ કચ્છના નિલયભાઈ વિપિનભાઈ અંજારિયાની સાથે ગુવાહાટી વડી અદાલતના મુખ્ય ન્યાયમૂર્તિ વિજય બિશ્નોઇ તેમ જ બોમ્બે હાઇકોર્ટના ન્યાયાધીશ અતુલ એસ.ચંદુરકરને પણ શપથ લેવડાવ્યા હતા. નિલયભાઈએ ૩૭ વર્ષની વયે ઉજ્જવળ કારકિર્દી બનાવી હતી. તેમના દાદા સુબોધભાઇ અને પિતા વિપીનભાઇ અંજારીયા પણ માંડવીની અદાલતમાં ધારાશાસ્ત્રી તરીકે સેવાઓ આપી હતી. નિલયભાઇ અમદાવાદની ઉપલી અદાલતમાં પ્રેક્ટિસ કરતા હતા ત્યાંથી તેમની નિમણૂક કર્ણાટક હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ તરીકે થઇ હતી અને હાલમાં તેઓ સર્વોચ્ચ અદાલતમાં પણ સેવા આપશે. નિલયભાઈની શપથવિધિ સમારોહમાં ભુજથી નવી દિલ્હી પહોંચેલા જાણીતા વરિષ્ઠ ધારાશાસ્ત્રી ભરતભાઈ ધોળકિયા અને મલ્હાર દર્શક બુચ સહિતના કચ્છના ધારાશાસ્ત્રીઓએ નવનિયુક્ત સુપ્રીમ કોર્ટના જજ નિલયભાઈ અંજારિયાનું કચ્છી પાઘડી અને શાલ ઓઢાડી સન્માન કર્યું હતું. ■

# અમરેલીના જિલ્લા પોલીસ વડા સંજય ખરાત પર દિલીપ સંઘાણીએ કર્યા ગંભીર આક્ષેપો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સૌરાષ્ટ્રના વરિષ્ઠ નેતા અને ઈફકોના ચેરમેન દિલીપ સંઘાણીએ અમરેલીના જિલ્લા પોલીસ વડા સંજય ખરાત પર ગંભીર આક્ષેપ કર્યા હતા. તેમણે એસપી પર બુટલેગરો પાસેથી પૈસા ખાવાનો આક્ષેપ કર્યો હતો. અમરેલીના પૂર્વ સાંસદ નારણ કાછડિયાએ પોલીસ વડા પર ગંભીર આક્ષેપો કર્યા હતા.

એસપીએ ભાજપ કાર્યાલય કેમ ચાલે છે તેની તપાસ અંગે પૂર્વ સાંસદ નારણ કાછડિયાએ કહ્યું કે, 'ભાજપ કાર્યાલય કાર્યકરોના બળે ચાલે છે. પોલીસની જેમ દારુ અને રેતીના હપ્તાથી ચાલતી નથી.' આ ઉપરાંત તેમણે કહ્યું હતું કે, પોલીસ દારૂ પીતા હોય તો તેની પાસેથી પૈસા લો અને બુટલેગરો પાસેથી પણ પૈસા લો છો આ બધું બંધ કરાવો.' દિલીપ સંઘાણી બાદ પૂર્વ સાંસદ નારણ કાછડીયાએ પણ અમરેલી એસપી પર ગંભીર આક્ષેપો કરતા જણાવ્યું હતું કે, પેલા તો ભારતીય જનતા પાર્ટી ચલાવવા માટે એસપીએ એવું કહ્યું કે, તમે ક્યાંથી ફંડ લાવો તેની મારે તપાસ કરવી પડશે. હું ખુલ્લેઆમ એસપીને કહું છું કે, પાર્ટી કાર્યાલય ચલાવવા ભારતીય જનતા પાર્ટીના કાર્યકર જાતે ચલાવે છે. તમારી જેમ દારૂ રેતીના હપ્તા લઈ આરામ કરીને નહિ. રેતી અને દારૂનો ધંધો પોલીસની એજન્સીઓ ચલાવે છે. તમે બુટલેગર પાસેથી દારૂના હપ્તા લ્યો છો. અને દારૂ પીનારને પણ પકડી તેની પાસેથી પૈસા લ્યો છો. મેં પણ આઈજી અને એસપીને રેતીના ફોટા મોકલ્યા છે, શેત્રુંજીના પુલ પાસે ડમ્પર ભરાય છે. મેં એસપીને ઓછામાં ઓછા ૩ વાર ફોનથી માહિતી આપેલ છે. છતાં આજે બંધ થયા નથી તો કોણ આ ડમ્પર ચલાવે છે. પોલીસ લોકભાગીદારીથી બધું કરે છે તેનાજ એજન્ટ છે.

પૂર્વ સાંસદ નારણ કાછડીયાએ એસપી પર કરેલા આક્ષેપો બાદ જણાવ્યું, દિલીપ સંઘાણીએ જે કઈ પણ કીધું એ બધું સાચું જ છે. અહીંયા બેફામ રેતી ચોરી અને દારૂનો ધંધો થાય છે. આ મુદ્દે અગાઉ પણ અમે મુખ્ય પ્રધાનને રજૂઆત કરી છે. અમારો સંઘાણીને પુરેપુરો ટેકો છે. ભાજપ કાર્યાલય ભાજપના કાર્યકર્તાના લોહીથી ચાલે છે, કોઈની મહેરબાનીથી નહીં. અમરેલીમાં ચાલતા રેતી અને દારૂના મુદ્દે કડક કાર્યવાહી કરવા મુખ્ય પ્રધાનને ફરી રજૂઆત કરીશું.

જિલ્લા પંચાયત સદસ્ય વિપુલ દુધાત સહિત ભાજપ આગેવાનો રેતી, દારૂના દુષણ અંગે ગુરુવારે પોલીસવડા લીલીયાની મુલાકાતે ગયા હતા ત્યારે રજૂઆત કરવા ગયા હતા. તે સમયે પોલીસવડાએ ભાજપ કાર્યાલય કંઇ રીતે ચાલે છે મને ખબર છે આ પ્રકારના ઉદ્ધત જવાબ આપ્યો હોવાના આક્ષેપ કરતાં ભાજપ આગેવાનો પોલીસ મથકની બહાર નીકળી ગયા હતા. ઉલ્લેખનીય છે કે, જિલ્લા-તાલુકા પંચાયતના સભ્યો અને લીલીયા તાલુકાના નેતાઓએ પોલીસ સામે મોરચો માંડ્યો છે અને અમરેલીમાં દારૂના ખુલ્લેઆમ અડ્ડા ચાલતા હોવાનો આરોપ લગાવતા જિલ્લા પોલીસ વડા ઉદ્ધતાઈપૂર્વક વર્તન કર્યું હોવાનો ભાજપના નેતા વિપુલ દૂધાતે આરોપ લગાવ્યો હતો. આ ઉપરાંત લીલીયા વેપારી મંડળ, ડાયમંડ એસો.ના પ્રમુખે બેફામ અડ્ડા ધમધમતા હોવાનો આરોપ લગાવ્યો હતો. ■

# વિસાવદર વિધાનસભાની પેટા ચૂંટણીની મતગણતરી જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીની કૃષિ ઈજનેરી મહાવિદ્યાલયમાં યોજાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વિસાવદર વિધાનસભાની પેટા ચૂંટણીની મતગણતરી જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીની કૃષિ મહાવિદ્યાલયમાં યોજવામાં આવશે. જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર અનિલકુમાર રાણાવાસિયાએ વિસાવદર વિધાનસભા પેટા ચૂંટણીના કાઉન્ટિંગ સેન્ટરની મુલાકાત કરી હતી. કૃષિ ઈજનેરી મહાવિદ્યાલયમાં વિસાવદર વિધાનસભા પેટા ચૂંટણીની મતગણતરી તા. ૨૫ જૂનના યોજવામાં આવશે.

જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરે ચૂંટણી પંચની નિયત માર્ગદર્શિકા મુજબ સ્ટ્રોંલગ રૂમ, કાઉન્ટિં ગ રૂમ, સીસીટીવી મોનિટરિંગ રૂમ સહિતની વ્યવસ્થા ગોઠવવા માટે જરૂરી માર્ગદર્શન અને સૂચનાઓ આપી હતી. જિલ્લા ચૂંટણી અધિકારીએ ખાસ મતગણતરી અને મતગણતરી એજન્ટરની અવર જવર માટે જરૂરી વ્યાવસ્થાં અને બેરીકેટિંગ કરવા માટે પણ સૂચના આપી હતી. આ તકે ઇન્ચાર્જ જિલ્લા પોલીસ વડા ભગીરથસિંહ જાડેજા, આચારસંહિતાના નોડલ ઓફિસર કે.વી.બાટી, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી ડી. જે. જાડેજા, માર્ગ અને મકાનના કાર્યપાલક ઈજનેર દિનેશ નાઘેરા સહિતના સંબંધિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ■

# જામનગરમાં તંત્ર દ્વારા મેગા ડિમોલિશનની કામગીરી હાથ ધરવામાં આવીઃ કોર્પોરેટર રચના નંદાણીયા સહિત પાંચ લોકોની અટકાયત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જામનગરમાં શનિવારે મેગા ડિમોલિશનની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. જામનગરના સ્વામિનારાયણ નગર અને મધુવન સોસાયટીમાં તંત્ર દ્વારા ડિમોલિશનની પ્રક્રિયા પોલીસ બંદોબસ્ત વચ્ચે કરવામાં આવી હતી. આ દરમિયાન ૧૦ જેસીબી અને ૬ ટ્રેક્ટર સહિત ૧ હિટાચી મશીનની મદદથી ગેરકાયદે બાંધકામ દૂર કરવામાં આવ્યું હતું. આ પ્રક્રિયા દરમિયાન કોર્પોરેટર રચના નંદાણીયા સહિત સ્થાનિકોએ ઉગ્ર વિરોધ કર્યો હતો.

દરમિયાન તંત્રની કામગીરીમાં અવરોધરૂપ બનતા ડિમોલિશનનો વિરોધ કરનાર નગરસેવક રચના નંદાણીયા સહિત ૫ જેટલા લોકોની આજે અટકાયત કરવામાં આવી. જામનગરમાં નદીના પટ્ટમાં ગેરકાયદે બાંધકામ દૂર કરવાની કામગીરી હાથ ધરાઈ હતી. જેને લઈને સ્થાનિકોએ માંગ કરી હતી કે ૧૦ જૂન સુધી આ વિસ્તારમાં ડિમોલિશન કામગીરી ના કરવામાં આવે. છતાં તંત્ર દ્વારા મે મહિનાના અંતિમ દિવસે દબાણ દૂર કરવાની કાર્યવાહી હાથ ધરતા સ્થાનિકો રોષે ભરાયા હતા. સ્થાનિકોએ આ મામલે કોર્પોરેટરને રજૂઆત કરતા તેમણે પણ તંત્ર સામે આ મામલે થોડો સમય માંગ્યો હતો. તંત્રની કામગીરી દરમિયાન વિરોધ કરી ડિમોલિશનની પ્રક્રિયામાં અવરોધરૂપ બનતા કોર્પોરેટર રચના નંદાણીયા સહિત પાંચ જેટલા લોકોની અટકાયત કરવામાં આવી હતી. આ મામલે તંત્ર દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, ચોમાસામાં આ વિસ્તારોમાં વરસાદીનો પાણીનો ભરાવો થતા તેના નિકાલ માટે દબાણ દૂર કરવામાં આવ્યું હતું. આમાં કેટલાક ગેરકાયદે દબાણો પણ અડચણરૂપ બનતા હોવાથી મનપાએ શનિવારે સવારે આ દબાણો દૂર કરવા ડિમોલિશનની કામગીરી શરૂ કરી હતી.

આ મામલે એક અધિકારીએ જણાવ્યું હતું કે, આ વિસ્તારના લોકોને થોડા સમય અગાઉ નોટિસ આપ્યા બાદ જ નદીના પટ્ટમાં થયેલા ૩૩૦ ગેરકાયદેસર બાંધકામો દૂર કરવા ડિમોલિશન કામગીરી શરૂ કરવામાં આવી હતી.

દબાણ દૂર કરી નદીના પટ્ટમાં ૩.૫ કિમી વિસ્તારમાં ૪,૫૧,૮૫૪ ચોરસમીટર જગ્યા ખુલ્લી કરવામાં આવશે. ■

# ભુજની પાલારા જેલમાં કાચા કામના કેદી પાસેથી એક્ટિવ સિમકાર્ડ સાથેનો મોબાઈલ ફોન મળી આવ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ભુજની પાલારા જેલમાં ખામી ભરેલી સુરક્ષાનાં કારણોસર અવારનવાર સમાચાર માધ્યમોમાં ચમકતી રહી છે. ભુજની પાલારા ખાસ જેલમાં શુક્રવારે મધરાત્રે હાથ ધરાયેલાં ગુપ્ત ઓપરેશન દરમિયાન જેલના બેરેક નંબર ૧૧૧૧માં રહેલા કાચા કામના બંદીવાન પાસેથી એક્ટિવ સિમકાર્ડ સાથેનો મોબાઈલ ફોન, ચાર્જર અને યુએસબી ચાર્જિંગ કેબલ મળી આવતાં ચકચાર મચી ગઈ હતી.

જેલની સ્થાનિક ઝડતી સ્કવોડના કાફલા દ્વારા ખાસ જેલની પુરુષ, મહિલા બેરેક અને હાઈ સિક્યોરીટી ઝોનમાં હાથ ધરાયેલી ઝડતી દરમિયાન બેરેક નં. ૧૧૧૧માં રહેલો કાચા કામનો કેદી દાદુ ઉર્ફે રફીક તાજમ હમદ જેડાની હિલચાલ શંકાસ્પદ જણાતા સ્કવોડે તેની તપાસ કરતા આ શખ્સ પાસેથી નોકિયા કંપનીનો કીપેડ મોબાઈલ ફોન બીએસએનએલના સિમકાર્ડ સાથે ચાલુ હાલતમાં મળી આવ્યો હતો.

આ હાઈ સિક્યોરિટી જેલની અંદર પ્રતિબંધિત ઉપકરણોનો કોણે અનધિકૃત ઉપયોગ કર્યો છે અને તેના દ્વારા જેલમાં બેઠાં બેઠાં કોઈ ગુનાહિત પ્રવૃત્તિને આચરવામાં આવી છે કે કેમ, આ ઉપકરણો ક્યારે આ જેલમાં ઘુસાડવામાં આવ્યાં તે સહિતના અનેક સવાલો સર્જાયાં છે.

જેલના જેલરે બંદીવાન વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૨૨૩ અને જેલ અધિનિયમ હેઠળ ભુજ બી ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ભુજની ભાગોળે આવેલી પાલારા જેલમાંથી સમયાંતરે મોબાઈલ ફોન સહિતની પ્રતિબંધિત ચીજ વસ્તુઓ મળતી જ રહે છે. ફરિયાદો નોંધાતી રહે છે પરંતુ પાછળથી તપાસનો નિષ્કર્ષ કદી જાહેર થતો નથી જે એક આશ્ચર્યની બાબત હોવાનું સુરક્ષાના જાણકારોએ જણાવ્યું હતું. ■

# અંજારના વરસામેડી સ્થિત વેલસ્પન કંપનીના કોટનનાં ગોદામમાં ભીષણ આગથી પ્રશાસનમાં દોડધામ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ પૂર્વ કચ્છના અંજાર શહેરના વરસામેડી ગામમાં આવેલી વેલસ્પન કંપનીના ગોદામમાં ભયાનક આગ ફાટી નીકળી હતી. આગની ઘટનાથી આસપાસના વિસ્તારોમાં ભયની લાગણી પ્રસરી હતી. કોટનના ગોદામમાં ફાટી નીકળેલી વિકરાળ આગને ઠારવા માટે અંદાજિત ૧૨ જેટલા ફાયર ફાઈટરોના ઉપયોગથી કાબૂમાં લીધી હતી. સદ્ભાગ્યે આગના બનાવમાં કોઇ જાનહાનિ ન થઇ હોવાનું બહાર આવતાં સૌએ રાહતનો શ્વાસ લીધો હતો.

બનાવ અંગે પ્રાપ્ત થતી માહિતી મુજબ, વરસામેડી ગામના સીમાડે આવેલી વેલસ્પન કંપનીના કોટનના ગોદામમાં ગત શુક્રવારે અગિયાર વાગ્યાના અરસામાં અચાનક ફાટી નીકળેલા દાવાનળે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. આ મહાકાય આગના ધુમાડા અંજાર સુધી નજરે પડયા હતા. મોટા ગોદામમાં કપાસની ગાંસડીઓ રાખવામાં આવી હતી, જેમાં આગે વિકરાળ રૂપ ધારણ કરતાં કંપનીના જવાબદારોના જીવ પડીકે બંધાયા હતા.

શરૂઆતમાં વેલસ્પન અને બાદમાં અંજાર પાલિકા, ભુજ નગરપાલિકા, ગાંધીધામ મહાનગરપાલિકા, સુઝલોન, દિન દયાલ પોર્ટ ઓથોરિટીના ૧૨ જેટલા અગ્નિશમન દળના ફાયર ફાઇટરો તાત્કાલિક બનાવ સ્થળે પહોંચ્યા હતા અને આગને કાબૂમાં લેવા માટે ચારે બાજુથી પાણીનો મારો ચલાવ્યો હતો. અંદાજે સાતેક કલાક સુધી સતત પાણીનો મારો ચલાવાયા બાદ આ વિકરાળ આગ કાબૂમાં આવી હતી.કોટનના જથ્થામાં આગ શા માટે ફાટી નીકળી તે જાણવા માટે ફોરેન્સિક નિષ્ણાતોની ટુકડી દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે. ■



# જામનગરના બે શખ્સોએ ૧૪ ઈન્વર્ટર ખરીદી વેપારી સાથે લાખો રૂપિયાની છેતરપિંડી કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જામનગરના એક વેપારીની દુકાને ગયા સપ્તાહમાં બે શખ્સે રૂ. ૨ લાખ ૪૫ હજારના કિંમતના ૧૪ સેટ ઈન્વર્ટર-બેટરી ખરીદ્યા પછી ચાર ચેક આપ્યા હતા. તે ચેક લઈ લીધા પછી વેપારીએ આ શખ્સોના બેંક ખાતામાં તપાસ કરાવતા બેલેન્સ ન હોવાનું જણાઈ આવ્યું હતું. ઠગાઈનો ભોગ બનેલા વેપારીએ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

જામનગરના કૃષ્ણનગર વિસ્તારની શેરી નં.૪માં રહેતા અને સત્યમ કોલોની પાસે અન્ડરબ્રિજ નજીક યોગી પ્રમુખ એન્ટરપ્રાઈઝ નામની બેટરી અને ઈન્વર્ટરનો વ્યવસાય કરતી પેઢી ચલાવતા ઉમંગ મનિષભાઈ ધામેલીયાએ સિટી સી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

વધુ માહિતી પ્રાપ્ત થતા એક સપ્તાહ પહેલા ઈમરાન ઓસમાણ બાદી અને રાયમલ હાજી ધુધા નામના બે શખ્સ વસ્તુ ખરીદવાના બહાને આવ્યા હતા. તેઓએ ઈન્વર્ટર તથા બેટરી ખરીદવા માટે વાતચીત કર્યા પછી ૧૪ સેટનો સોદો કર્યો હતો.

આ આસામીઓએ રૂ.૨ લાખ ૪૫ હજારની કિંમતના ઈન્વર્ટર તથા બેટરી ખરીદ્યા હતા. ત્યાર બાદ વેપારીને વિશ્વાસમાં લઈ બંને શખ્સોએ યુ સ્મોલ ફાયનાન્સના ચાર ચેક આપ્યા હતા. તે ચેક સ્વીકાર્યા પછી તે ખાતામાં રહેલી બેલેન્સ વિશે ઉમંગભાઈએ તપાસ કરાવતા આ શખ્સોના ખાતામાં પૈસા ન હોવાનું જણાઈ આવ્યું હતું. તેથી રૂ.૨ લાખ ૪૫ હજારના ૧૪ સેટ ઈન્વર્ટર-બેટરી મંગાવી લઈ પોતાની સાથે છેતરપિંડી કરનાર બંને શખ્સ સામે વેપારી ઉમંગભાઈએ ફરિયાદ નોંધાવી છે. આ બનાવ અંગે પોલીસે ગુન્હો નોંધી તપાસ હાથ ધરી છે. ■